# કુરાનિક કહાણીઓ

: મણકો પહેલો :

## સૃષ્ટિનું સર્જન

لَوْلَاكَ لَا خَلَقْتُ الْاَفْلَاكَ

(હે મુહમ્મદ !) મેં તને પેદા કર્યો ન હોત તો
સૃષ્ટિનું સર્જન કર્યું ન હોત !

: લેખક :

**અબૂ-ઝિયા**
ઉર્ફે
**અહમદ સુલેમાન પટેલ**
બી.એ. (ઓનર્સ) : બી.ટી., ડીપ.બી.એડ્.
**નિવૃત્ત શાસનાધિકારી,**
**મ્યુનિ. કોર્પોરેશન સ્કૂલ બોર્ડ : અમદાવાદ.**

**: પ્રકાશક :**

**એ. એસ. પટેલ એન્ડ કંપની**

૧૨૩૩, રાયખડ, ગાયકવાડની હવેલી પાસે,
**અમદાવાદ-૧**

કિંમત : રૂ. ૨૫-૦૦

# અનુક્રમ


| પ્રકરણ ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧. | સૌથી પહેલું શું ? | ૧ |
| ૨. | સૃષ્ટિનું સર્જન શા માટે ? | ૮ |
| ૩. | અર્શે ઈલાહી | ૧૩ |
| ૪. | લોહે મહફૂઝ | ૨૨ |
| ૫. | આકાશ અને પૃથ્વીની ઉત્પત્તિ | ૩૦ |
| ૬. | ફરિશ્તાઓ | ૪૬ |
| ૭. | જિન્નાતો | ૬૪ |
| | જિન્નાતો : તેમની શરીર રચના–ક્યારે અસ્તિત્વમાં આવ્યા ? | ૬૬ |
| | જિન્નાતો : તેમની રહેણીકરણી | ૮૫ |
| | જિન્નાતો : તેમનાં શયતાની કામો | ૯૮ |
| | જિન્નાતો : તેમનો ઇસ્લામ સ્વીકાર | ૧૧૦ |
| ૮. | શયતાન અને શયતાનો | ૧૨૨ |
| | જાન્ન અને શયતાન | ૧૨૨ |
| | શયતાનનું પૂર્વવત જીવન | ૧૨૪ |
| | અઝાઝીલ શયતાન બન્યો | ૧૩૧ |
| | શયતાનો ઇન્સાનો વચ્ચે યુદ્ધ | ૧૩૯ |
| | શયતાન અને શયતાનોથી બચવાના ઉપાયો | ૧૪૭ |
| ૯. | પૃથ્વી પર માનવ વસવાટ | ૧૫૩ |
| | માનવીનો ઉદ્ભવ કેવી રીતે થયો ? | ૧૫૩ |
| | જગતનાં પ્રથમ સ્ત્રી–પુરુષ | ૧૨૭ |
| | આદમ–હવ્વા ( અલૈ. )ની સ્વર્ગમાંથી હકાલપટ્ટી | ૧૬૯ |
| | પૃથ્વી પર માનવ જીવનનાં મંડાણ | ૧૮૮ |
| | મિસાકે અઝલ અર્થાત્ આદ્ય-કરાર | ૧૯૯ |
| | જગતનું પહેલું ખૂન | ૨૦૫ |
| | શું આદમ અલૈ. નબી નહોતા ? | ૨૧૨ |



પ્રથમ આવૃત્તિ ૧૯૭૫ : પ્રત ૧૦૦૦

બીજી આવૃત્તિ ૧૯૮૭ : પ્રત ૧૦૦૦

**પ્રકાશક :** એ. એસ. પટેલ
એ. એસ. પટેલ એન્ડ કંપની
૧૨૩૩, ગાયકવાડની હવેલી
પાસે, રાયખડ, અમદાવાદ–૧.

**મુદ્રક :** ભરતકુમાર ઈશ્વરભાઈ પટેલ
વિજય સેટીંગ વર્ક્સ
૧૮, અમદાવાદ ઔદ્યોગિક વસાહત,
ધોબીઘાટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ.

# પ્રસ્તાવના

بسم الله الرحمن الرحيم

પવિત્ર કુરાન વાસ્તવમાં આકાશી પુસ્તક કે આસમાની કિતાબ છે. એ ખરેખર ઈશ્વરદત્ત ગ્રંથ છે. અલ્લાહ તઆલાએ એને રસુલ્લુલાહ પર ઉતાર્યું છે. એટલે કે રબ્બુલ આલમીન અથવા જગતપતિ તરફથી આવેલું છે. એ બાબતનો પુરાવો નીચેની કુરાનિક આયતોમાંથી મળી રહે છે :

تَنْزِيلُ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ مِنْ رَّبِّ الْعٰلَمِيْنَ. وَاِنَّهٗ لَتَنْزِيْلُ رَبِّ الْعٰلَمِيْنَ.

( અ ) એમાં જરાય સંદેહ નથી કે આ કિતાબ ( કુરાન ) રબ્બુલ આલમીન એટલે કે જગતપતિ તરફથી આવેલું છે. ૩૨:૨

( બ ) આ પુસ્તક રબ્બુલ આલમીને ઉતારેલું છે. ૫૬ : ૮૦

تَنْزِيلًا مِّمَّنْ خَلَقَ الْاَرْضَ وَالسَّمٰوٰتِ الْعُلٰى.

( ક ) જેણે ઊંચાં ઊંચાં ગગનમંડળો સર્જ્યાં છે, તે સર્જનહારે આ પુસ્તક ( કુરાન ) ઊતાર્યું છે. ૨૦:૪૩

( ડ ) આ કિતાબ ( કુરાન )નું ઉતરાણ મહા સામર્થ્યવાન સમજદાર અને અલ્લાહ તરફથી થયેલું છે. ૩૯:૧૪૬:૧

تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ.

( ઇ ) આ કિતાબ એટલે ( કુરાન ) અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલું છે, અને તે મહા સામર્થ્યવાન અને ઘણું ભરનારો છે. ૪૦:૧.

تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ.

( ફ ) આ કિતાબ ( કુરાન ) મહાદયાળુ અને કૃપાળુ અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલ છે. ૪૧:૧

تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ.

અલ્લાહ તાલાએ માનવ જાતિના પથ પ્રદર્શન માટે કે હિદાયત માટે હજરત મુહમ્મદ સ.અ.વ. પર કુરઆન નિર્માણ કર્યું છે એનો પુરાવો પવિત્ર કુરાનની નીચેની આયતોમાંથી પણ મળી રહે છે.

( ૧ ) હે ( મુહમ્મદ ) નિઃસંદેશ તમે આ કુરાન એક સમજદાર અને સર્વજ્ઞ અલ્લાહ પાસેથી મેળવ્યું છે. ૨૭:૬

( ૨ ) સર્વ પ્રશંસા અલ્લાહના માટે જ છે. જેણે પોતાના બંદા ( મુહમ્મદ ) ઉપર આ કિતાબ ઉતારી છે. ૧૮:૧

( ૩ ) અને શું આ લોકો માટે નિશાની નથી કે અમે તમારી ( મુહમ્મદ ) ઉપર આ કિતાબ ઉતારી છે. ૨૯:૫૧

આ અંગે અલ્લાહ તઆલા જાતે ફરમાવે છે તે સર્વ મનુષ્યો માટે માર્ગદર્શક છે." ૨:૧૮૫

"ખરેખર કુરાન તે માર્ગ બતાવે છે જે સૌથી સીધો છે:" ૧૭:૯

"—( અય રસૂલ ! ) કહી દો કે હું તમારી પાસેથી કુરાન ( ના ઉપદેશ ) બદલ કશો પણ અવેજ માંગતો નથી. એ તો સારાએ જગતના મનુષ્યો માટે નસીહત છે." ૬:૯૧

આ અને બીજી કેટલીક[1] કુરાનિક આયતોથી પુરવાર થાય છે કે પવિત્ર કુરાન બોધપાઠનો ગ્રંથ છે. "તેમાં તે લોકો માટે માર્ગદર્શન છે જે લોકો અલ્લાહથી ડરતા રહે છે." ૨:૨ આ આયતોથી કહી શકાય કે પવિત્ર કુરાન ઈન્સાનોને બોધ આપે છે; એટલે તેનો મુખ્ય વિષય ઈન્સાન છે. તેનો મધ્યવર્તી વિચાર ( Central theme ) ઈન્સાનોને "સાચું આચરણ" કર્યું તે દેખાડવાનો છે.

અલ્લાહે ઈન્સાનને આ પૃથ્વી ઉપર પોતાનો ખલીફા અર્થાત્ નાયબ બનાવ્યો ત્યારે સમસ્ત માનવ–જાતિ પાસેથી "મિસાકે અઝલ" અર્થાત્ "આદ્ય કરાર" લેવામાં આવ્યો હતો. તે સમયે બધા ઈન્સાનોના આત્માઓને પૂછ્યું હતું કે, "શું હું તમારો રબ ( માલિક ) નથી ?" બધાએ જવાબમાં કહ્યું હતું કે, "હા, છો." ૭:૧૭૨ અર્થાત્ આ નિસબત કરતી વેળા અલ્લાહે તેમના કાન ખોલી નાખ્યા હતા કે, "તમારો તેમ જ સકળ સૃષ્ટિનો હું જ સર્જનહાર છું; હાકેમ છું. મારા મહાવિશાળ રાજ્યમાં ન તમે સંપૂર્ણ રીતે ખુદ–મુખત્યાર છો કે ન બીજા કોઈના તમે તાબેદાર કે ગુલામ છો. હું જ ઈલાહ છું એટલે કે હું એકલો જ પૂજનિક અથવા

---

૧. વધુ માટે જુઓ આયતો ૨:૯૭–૩:૧૩૭–૭:૨–૧૦:૫૭–૧૧:૧૨૦–૧૬:૬૪–૩૮:૧–૪૫:૨૦ અને ૬૫:૧૧ ૨૦:૯૯–૧૯:૯૭–૨૫:૧

બંદગીને લાયક છું. ઈશ્વરપણામાં મારો કોઈ પણ ભાગીદાર નથી, માટે તમારે ફક્ત મારી જ ઈબાદત-ઉપાસના-કરવી ઘટે, બીજા કોઈને પોતાની કે બીજાની આરાધના કે ભક્તિ કરાવવાનો અધિકાર નથી. અહીં તમને કેટલાક અખ્ત્યારો આપવામાં આવ્યા છે. એ અખત્યારોનો તમે કેવો ઉપયોગ કરો છો તે માટે તમને છૂટછાટ આપવામાં આવેલી છેઃ એટલે જ આલોકમાં, આ જીવનમાં તમારી પરીક્ષા રહેલી છે. તેનું પરિણામ પરલોકમાં જાહેર થશે."

"તમારા માટે સાચું આચરણ એ છે કે તમે મને જ તમારો પૂજનિક, ઈશ કે માબૂદ માનો અને મારી જ ઈબાદત કરો. જે બોધ કે નસીહત હું નબીઓ મારફત અપાવું તે પ્રમાણે દુનિયામાં આચરણ કરજો, આ અંગે પવિત્ર કુરાનની ૨ઃ૩૮-૩૯મી આયતોમાં ફરમાવવામાં આવેલું છે કે, "અમે (આદમ અને હવ્વાને) હુકમ કર્યો કે તમે અહીંથી નીચે ઊતરી જાઓ અને (જે નવા જીવનનો દરવાજો ખોલી નાખવામાં આવ્યો છે તેનો સ્વીકાર કરી લો; પરંતુ યાદ રાખો કે) જ્યારે તમારી પાસે કોઈ બોધ અથવા માર્ગદર્શન આવે ત્યારે (તે પ્રમાણે આચરણ કરજો) જે લોકો તે પ્રમાણે તેનું અનુસરણ કરશે તેમને ન કોઈ ડર રહેશે કે ન તેઓ દુઃખી થશે." એટલે આ જગતને તમારે પરીક્ષાનું ઘર સમજી લેવાનું છે. તમારો મુખ્ય હેતુ તો આ પરીક્ષામાં પરીક્ષક તરીકે હું ફેંસલો આપું તે અનુસાર તમારે ઉત્તીર્ણ થવાનું છે. તેનાથી વિરુદ્ધનું આચરણ ખોટું અને અવળે-માર્ગે લઈ જનારું છે. જો તમે "સાચું આચરણ" આચરશો તો તમને દુનિયામાં આરામ અને સુખ-શાંતિ મળશે અને મરણ પછી ફરીથી ઊઠીને મારી પાસે અવશ્ય પાછા ફરશો ત્યારે તમને શાંતિનું અમર સુખધામ સ્વર્ગ અથવા જન્નત મળશે. જો તમે ખોટું આચરણ આચરશો તો આ જગતમાં અશાંતિ અને દુઃખ ભોગવશો એટલું જ નહીં "આખેરત" એટલે કે પરલોકમાં અશાંતિ અને મહા કષ્ટ આપતા નરકકુંડમાં અર્થાત્ દોજખના ખાડામાં જઈ પડશો."

આવી સ્પષ્ટ સમજ અને શિખામણ આપી માનવ-જાતિના આદ્ય પુરુષ અથવા માનવોના પિતામહ આદમ અલૈ. અને તેમનાં પત્ની હવ્વા અલૈ. નો પૃથ્વી ઉપર વસવાટ કરાવવામાં આવ્યો હતો. આથી કહી શકાય કે, આદ્ય ઈન્સાનનો જન્મ અજ્ઞાનતામાં કે અંધકારમાં થયો ન હતો. ખુદાએ માનવ-જીવનનો આરંભ પૂરા જ્ઞાન અને પૂરી રોશનીમાં કર્યો હતો. જીવનનો મુખ્ય હેતુ સ્વર્ગ કે મોક્ષ પ્રાપ્ત કરવાનો છે અને તેને પ્રાપ્ત કરવા માટે અલ્લાહની સંપૂર્ણ તાબેદારી કરવી ઘટે. સંપૂર્ણ તાબેદારી એટલે ઈસ્લામનો તરીકો અખત્યાર કરવો ઘટે. ઈન્સાનને ચેતવવામાં આવ્યો છે કે,

"અલ્લાહ શિર્કને (ઈશ્વરપણામાં ભાગીદારીને) કદી માફ કરતો નથી, તે સિવાયનાં પાપકર્મો જેનાં ચાહશે તેનાં તે માફ કરશે.' ૪:૪૮ આદમ અલૈ.મે પોતાની ઓલાદને આ વાત શીખવી હતી કે તેઓ અલ્લાહના સંપૂર્ણ તાબેદાર બનીને એટલે કે મુસ્લિમ બનીને રહે.

તેમના પછી કેટલાક સૈકાઓ સુધી તેમના વંશજો તૌહીદમાં એટલે કે એકેશ્વરવાદમાં માનતા રહ્યા અને એક જ ખુદાની બંદગી કરતા રહ્યા તથા સાચું આચરણ આચરતા રહ્યા. સમય જતાં તેઓ ખોટા માર્ગે પડી ગયા. બેદરકારીમાં કે પછી જાણીબૂઝીને સીધો માર્ગ ખોઈ બેઠા અને સાચા માર્ગને બગાડી મૂક્યો. તેમણે ફરિશ્તાઓ, જિન્નાતો અને કેટલાક ઈન્સાનો વગેરે સજીવોને તથા પહાડો, નદીઓ, ઝાડો, સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો વગેરે નિર્જીવોને ઈશ્વરપણામાં ભાગીદાર કરી મૂક્યાં. તે ઉપરાંત ખુદાએ બક્ષેલા સાચા અને નિર્મળ જ્ઞાનમાં ભાતભાતનાં વહેમો, દૃષ્ટિબિંદુઓ અને તત્વજ્ઞાનના વિચારો ભેળવી દઈને કેટલાયે ધર્મો ઉત્પન્ન કર્યા. અલ્લાહે બતાવેલ ન્યાયી આચાર-વિચારો અને સંસ્કારોને ત્યજી દઈ અથવા બગાડીને પોતાની વાંછનાઓ અને પોતાનાં વલણો પ્રમાણે જીવનના નવા તરીકાઓ, માર્ગો અને કાયદા-કાનૂનો તેમણે ઘડી કાઢ્યા; પરિણામે મૂર્તિપૂજા ખૂબ પાંગરી અને પ્રસરી, અન્યાય અને પાપ ખૂબ વધી ગયાં. તેથી પૃથ્વી ઉપર પાપનું ભારણ ખૂબ વધી ગયું.

પાપનું ભારણ નષ્ટ કરવાના ત્રણ માર્ગો છે: એક ખોટા માર્ગે જતાં ઇન્સાનોને સીધા માર્ગે મૂકી દેવાનો, બીજો શિક્ષા કે સજાનો અને ત્રીજો ઉપદેશ દ્વારા સીધા માર્ગે લઈ જવાનો. પોતાની સર્જન-શક્તિ અથવા અગાધ-શક્તિના બળે અવળે માર્ગે જતાં ઇન્સાનોને જબરદસ્તીથી સીધા માર્ગ પર મૂકી દેવાનું ઇન્સાનની મર્યાદિત ખુદ-મુખત્યારી કાયમ રાખવા સાથે સુસંગત નથી. આ જગતમાં ઇન્સાનોને કામ કરવા જે જિંદગીનો સમય આપવામાં આવ્યો છે તેની સાથે એ બાબત પણ સુસંગત નથી કે ઇન્સાનોની શિરજોરી કે બંડ દેખતાં જ તેમનો નાશ કરવામાં આવે. માનવ-જન્મ વેળા જ અલ્લાહે નિર્દેશ કર્યો હતો કે, "હે આદમના વંશજો! જો તમારી પાસે તમારામાંથી એવા રસૂલો આવે કે જેઓ તમને મારી આયતો (ઉપદેશ) સંભળાવે તો તમે તેનો સ્વીકાર કરી લેજો." ૭:૩૫ આ નિર્દેશથી ફલિત થાય છે કે ઇન્સાનોને જે સમય આપવામાં આવ્યો હોય તે સમય દરમ્યાન તેમને ઉપદેશ દ્વારા રાહ દેખાડવાનું તેમની મર્યાદિત ખુદ-મુખત્યારી કાયમ રાખવા સાથે સુસંગત છે.

આથી મનુષ્યોને ઉપદેશ આપવા માટે તેમનામાંથી કેટલાકને પસંદ કરવામાં આવ્યા. અલ્લાહે તેમને પોતાના પ્રતિનિધિ બનાવ્યા. પોતાના પયગામો તેમના ઉપર મોકલ્યા; તેમને અદ્વિતીય જ્ઞાન આપ્યું, જીવન જીવવાના સાચા કાનૂનો બતાવ્યા અને જે માર્ગ મનુષ્યોએ છોડી દીધો હતો તેના ઉપર ફરીથી આવી જવા નિમંત્રણ પાઠવવાનું કાર્ય પણ તેમને સોંપ્યું. આ ઉપદેશ આપનારા રસૂલો, નબીઓ કે પયગંબરો જુદી જુદી પ્રજાઓ અને જુદા જુદા દેશોમાં પેદા થતા ગયા. કેટલાંયે વરસો સુધી તેમનો ક્રમ ચાલુ રહ્યો. આ ક્રમમાં સૌથી પહેલા રસૂલ નૂહ અલે. હતા; જ્યારે સૌથી છેલ્લા રસૂલ હજરત મુહમ્મદ સલ્લ. હતા. આ બંને રસૂલોના સમય દરમ્યાનના લાંબા ગાળામાં હજારો પયગંબરો થઈ ગયા. આ બધા પયગંબરોનો એક જ ધર્મ હતો. એટલે કે અલ્લાહની તાબેદારી અંગેનો જે રસ્તો તેમને શરૂઆતથી બતાવવામાં આવ્યો હતો તે ધર્મનો પ્રચાર કરવાનો હતો. તેમાંના કેટલાક રસૂલો ઉપર આકાશી પુસ્તકો મોકલવામાં આવ્યાં હતાં. બધાં જ પુસ્તકોમાં અલ્લાહની તાબેદારી અને તેની ઈબાદત પ્રાધાન્યપદે હતી. એટલે જ સઘળા પયગંબરોનું મિશન કાર્ય એક સરખું જ હતું.

પવિત્ર કુરાન બોધપાઠનો ગ્રંથ છે; અને તે સૌથી છેલ્લું ઈશ્વરદત્ત પુસ્તક છે. તેમાંથી બધા જ ઇન્સાનોને બોધ મળી રહે તે માટે જુદી જુદી પરંતુ અદ્ભુત અને ચમત્કારીક શૈલીમાં ઘણી રીતો અખત્યાર કરવામાં આવી છે. તેમાંની એક રીત પ્રજાઓમાં બનેલા બનાવો, તેમનાં સારાં-નરસાં કામો અને પાછળી નિપજેલાં પરિણામોની રજૂઆત છે. આ પ્રજાઓ તેમને હિદાયત કે બોધ આપવા માટે મોકલેલા પયગંબરોની સાથે સંકળાયેલી હોવાથી પવિત્ર કુરાનમાં એવા પયગંબરોની કહાણીઓ આપવામાં આવેલી છે. છતાં તેમાં કોઈ પયગંબર કે કોઈ પ્રજાનો કડીબદ્ધ ઇતિહાસ આવતો નથી. કહાણી ખાતર કહાણી કહેવામાં આવી નથી. કહાણીઓમાંથી એવા પ્રસંગો વીણી ચૂંટીને અપૂર્વ અને અસરકારક શૈલીમાં એવી રીતે વર્ણવવામાં આવ્યા છે કે જેથી પવિત્ર કુરાનનો ઉપદેશ આપવાનો મૂળભૂત ઉદ્દેશ જળવાઈ રહે. કહાણીની બીજી વિગતો છોડી દેવામાં આવી છે. કોઈક કહાણીને જુદા જુદા હેતુ માટે રજૂ કરવામાં આવેલ હોય તો પ્રત્યેક હેતુને સુસંગત હોય તે પ્રસંગ અથવા તે બાબતની વિગતોનું વર્ણન કરવામાં આવ્યું છે. લોકોએ ઉપદેશ સાંભળ્યો જ નહીં, ઊલટું પયગંબર તરીકે જાકારવામાં આવ્યા; તેથી શું પરિણામ આવ્યું તે દર્શાવવા માટે નૂહ અલે.ની

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ આવૃત્તિમાં ઘટતા સુધારા વધારા કરવામાં આવ્યા છે. ખાસ કરીને સૃષ્ટિનું સર્જન શા માટે? અને જિન્નાતો આ પૃથ્વી પર ક્યારે અસ્તિત્વમાં આવ્યા. એ બે પ્રકરણો ઉમેરવામાં આવ્યા છે. આ પુસ્તકો સર્વમાન્ય અને પ્રમાણિત છે. આમ છતાં આ પુસ્તકમાં ભૂલો રહી ગઈ હોય તો સુજ્ઞ વાચકો દરગુજર કરશે એવી આશા છે.

આ પુસ્તક છપાવવામાં હાલ જીણુતી જાંબિયામાં રહેતા હાજી ઈબ્રાહીમ સુલેમાન જસાત અને લુસાકાસ જાંબિયામાં રહેતા હાજી ઈબ્રાહીમવલી પટેલ, બંનેએ મને સારી એવી મદદ કરી છે તે માટે હું તેમનો આભારી છું અને તેમના માટે દુઆ ગુજાર છું.

લી.

**અબુઝિયા**

૧ રમજાન, ૧૪૦૭

તા. ૧-૫-૮૭



# સંક્ષેપોની સમજ

૧. ૨:૨૫૫ એટલે પવિત્ર કુરાનની બીજી સૂરાની ૨૫૫મી આયત.

૨. ૩૭:૧૮૧ એટલે પવિત્ર કુરાનની ૩૭મા પ્રકરણની ૧૮૧ મી આયત. આ પ્રમાણે જ્યાં જ્યાં આવી નોંધ કે લખાણ આવે ત્યારે પહેલો આંક સૂરા કે પ્રકરણ દર્શાવે છે અને બીજો આંક તે સૂરા કે પ્રકરણની આયત અર્થાત્ વાક્ય દર્શાવે છે. આ પ્રમાણે તૌરાત ઇંજિલનું પણ સમજવું.

૩. સલ્લ. અથવા = સલ્લલ્લાહો અલયહે વસ્સલ્લમ એટલે કે સલઅમ મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસ્સલ્લામ અર્થાત્ એમના ઉપર અલ્લાહના સલામ અથવા શાંતિ હોજો.

૪. આપ સલઅમ = હજરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસ્સલ્લમ.

૫. અલૈ. = અલૈહિસ્સલાતો વસ્સલ્લમ = એમના ઉપર સલામ અર્થાત્ શાંતિ હોજો.

૬. રઝી = રઝી અલ્લાહ અનહો=અલ્લાહ તેમનાથી ખુશ રહે.

૭. આદમ અલૈ.નાં = આદમ અલૈહિસ્સલાતો વસ્સલ્લામ એમ વાંચવું.

૮. પવિત્ર કુરાનની આયતનો તરજુમો ,, ,, અવતરણના ચિહ્નમાં આપ્યો છે અને તેની સાથે તે ક્યાં આવેલી છે તેની સૂરા અને આયતનો નંબર આપેલો છે; "ઈબ્રાહીમ પર સલામ હોજો." ૩૭:૧૦૯.

૯. અનુવાદવાળી આયતોમાં પયગંબરોનાં નામ આવતાં હોય ત્યાં સલ્લ. કે સલઅમ અને અલૈ. માનાર્થે વપરાય છે તે મૂક્યા નથી; કારણ આયતોમાં તેવું હોતું નથી.

૧૦. આયતોના અનુવાદમાં કૌંસમાં અર્થાત્ (...) આ ચિહ્નો વચ્ચે આવેલા શબ્દો અસલ ભાષામાં નથી, પણ અર્થ સ્પષ્ટ કરવા સારુ ભાષાંતરમાં ઉમેરવામાં આવેલા છે.

૧૧. આયત = વાક્ય અને આયતો = વાક્યો.

૧૨. કેટલીક વેળા મૂળ શબ્દોની સાથે તેમના ગુજરાતી શબ્દો આપેલા છે. જેમકે મખલૂક અર્થાત્ કૃતિઃ મોહતાજ કે ગરજવાન : શિર્ક અથવા ઈશ્વરપણાની ભાગીદારી–વગેરે.

૧૩. મુવાહિબ = મુવાહિબુર–રહેમાન નામની તફસીર–કુરાનનું ભાષ્ય. જસ્ટીસ અમીર અલી. પ્રકાશક : નવલકિશોર પ્રેસ–લખનૌ.

૧૪. ઈબ્ને કસીર = ઇબ્ન કસીરે મૂળ અરબીમાં લખેલી તફસીર છે.
પ્રકાશક : કુતુબખાનાએ તિજારત, કરાંચી : હાફેઝ અમાઉદ્દીન.

૧૫. તફસીરે અઝીઝી=મૌલાના શાહ અબ્દુલ અઝીઝ, મુહદ્દીસ દહેલવીએ લખેલ તફસીર–પ્રકાશક : કુતુબખાના રહીમીઆ દેવબંદ. યુ. પી.

૧૬. ગુજરાતી કુરાન–રાંદેર=કુરાનનો ગુજરાતી તરજુમો–મૌલવી અબ્દુર્રહીમ સાદિક, સાદિક બુક ડીપો : રાંદેર.

૧૭. હિન્દી કુરઆન મજીદ–રામપુર=અનુવાદક–મૌલવી ફતેહમુહમ્મદ
પ્રકાશક : મકતબા અલ–હસનાત : રામપુર, યુ. પી.

૧૮. મઆરિફુલ કુરાન=તફસીર છે. લેખક : મૌલાના મુફતી મુહમ્મદ શફી
પ્રકાશક : અદારાએ અલ–મારિફ, કરાંચી.

૧૯. કુરઆને મજીદ=ગુજરાતી અનુવાદથી હબીબ ઇસ્માઈલ મેમોરિયલ ટ્રસ્ટ પાયધુની–મુંબઈ.

૨૦. Translation of the Holy Quran — Abdullah Yusuf Ali Published by The Muslim World League–Mecca.

૨૧. તફસીરે હક્કાની. લેખક : અબ્દુલ હક સાહેબ હક્કાની દહેલવી.
પ્રકાશક : કુતુબખાના, નઈમિયા દેવબંદ.

૨૨. તફસીરે કાદરી. તરજુમો કરનાર : મૌ. ફખરુદ્દીન.
પ્રકાશક : મુન્શી તેજકુમાર લખનૌ.

૨૩. કસસુલ કુરાન–મૌ.હફીઝુર્રહમાન–પ્રકાશક : નદવતુન મુસીદ્દીન દીલ્હી.



# કુરાનિક કહાણીઓ

## મણકો પહેલો : સૃષ્ટિનું સર્જન

### પ્રકરણ પહેલું

## સૌથી પહેલું શું ?

એ તો ઉઘાડું સત્ય છે કે, અલ્લાહ તો હતો જ : તે અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેવાનો છે. તે એકલો જ અમર છે. આ અંગે પવિત્ર કુરાનની ૨ : ૨૫૫ની આયતમાં ફરમાવવામાં આવેલું છે કે, "અલ્લાહ સિવાય બીજું કોઈ પણ પૂજ્ય નથી. તે ચિરંજીવી કે સજીવ (Alive) અને ચિરસ્થાયી છે, ન તો તેને ઝોકું આવે છે કે ન તો તેને ઊંઘ આવે છે; જે કંઈ આકાશો અને ધરતીમાં છે તે બધું તેનું જ છે." તે આદિ અને અનાદિ છે. પોતાના અસ્તિત્વ માટે તે કોઈનો મોહતાજ કે ગરજવાન નથી. તે જાતે જ અસ્તિત્વમાં હતો અને સદાય રહેવાનો છે. જેને પણ હયાતી કે જિંદગી મળે છે તે તેનાથી જ મળે છે. સારીયે સૃષ્ટિને અસ્તિત્વમાં લાવનાર તે એકલો જ છે. વળી પવિત્ર કુરાનની ૫૭ : ૨–૩ ની આયતોમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, "આકાશો અને પૃથ્વીનું રાજ્ય તેનું જ છે. તે જ જીવન અર્પે છે, તેમ મૃત્યુ પણ આપે છે; અને તે જ દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે. તે જ (સૃષ્ટિમાં) સૌથી પહેલો અને સૌથી છેલ્લો છે; અને (પોતાની કુદરતી શક્તિના કારણે) તે જાહેર કે વ્યક્ત છે અને (પોતે અંગત રીતે) ગુપ્ત કે અવ્યક્ત છે, અને તે દરેક વસ્તુથી સંપૂર્ણપણે જ્ઞાત છે." આમ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જ્યારે કશું ન હતું ત્યારે તે એકલો જ હતો અને જ્યારે સર્વસ્વ નાશ પામશે ત્યારે પણ તે એકલો જ રહેશે.

હજરત મુહમ્મદ સલ્લ. સૂતી વેળા દુઆ માગતા ત્યારે અલ્લાહને કહેતા કે, "તું આદિ છે, તારા પહેલાં કશું ન હતું, તું જ અનંત છે, તું જ સદા સર્વદા રહેવાનો છે, તું જ જાહેર કે વ્યક્ત છે, તારાથી ઊંચે કોઈ વસ્તુ નથી. તું જ ગુપ્ત કે અવ્યક્ત છે; પરંતુ તારાથી કોઈ વસ્તુ છૂપી નથી."[૧]

---

૧. હિન્દી કુરઆન મજીદ–રામપુર. પૃ. ૧૦૦૮ નોંધ ૧.

કહેવાનું તાત્પર્ય એ છે કે અલ્લાહ આદિ–અનાદિ છે, એટલે સૌથી પહેલો તે હતો અને સૌથી છેલ્લો તે રહેવાનો છે. અહીં આ પ્રકરણના મથાળે જે પ્રશ્ન કરવામાં આવ્યો છે તેનો મૂળ ભાવ તો એ છે કે અલ્લાહે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી. રદી.એ એક વેળા આપ સલ. અ. વ. સ મને પૂછ્યું, "યા રસૂલુલ્લાહ! મહેરબાની કરી મને કહેશો કે અલ્લાહ તઆલાએ સૃષ્ટિમાં સૌથી પહેલાં શું પેદા કર્યું?"

આપ સ. અ. એ જવાબમાં કહ્યું કે, "હે જાબિર! અલ્લાહ તઆલાએ સૌથી પહેલાં પોતાના નૂરમાંથી તમારા નબીનું નૂર પેદા કર્યું." આ નૂર એક હજાર આકાશી વર્ષ વરસો સુધી અલ્લાહની સર્વ શ્રેષ્ઠતા, સર્વ વ્યાપકતા અને પરમ પવિત્રતા નિહાળતું રહ્યું તથા સાથે સાથે તેનો મહિમા અને યશોગાન ગાતું રહ્યું. અર્થાત્ અલ્લાહની સ્તુતિ અને એના નૂરના ગુણોની તસ્બીહ જપતું રહ્યું, તેમ જ તે નૂર અલ્લાહને સિજદા કરતું રહ્યું. યાદ રહે કે તે સમયે આકાશો, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ગ્રહો કે નક્ષત્રો ઇત્યાદિ કશું પણ ન હતું; એટલે કે ત્યારે રાત-દિવસ અસ્તિત્વમાં ન હતાં. એથી તમે પ્રશ્ન ઉઠાવશો કે ત્યારે રાત-દિવસ કેવી રીતે ગણાતાં થયાં?

તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે,[૨] "અને દેવે કહ્યું, કે અજવાળું થાઓ ને અજવાળું થયું. અને દેવે અજવાળું જોયું કે તે સારું છે અને દેવે અંધારું તથા અજવાળું જુદા પાડયાં. અને દેવે અજવાળાને દિવસ અને અંધારાને રાત કહી." આથી એવું અનુમાન બાંધી શકાય કે, શૂન્ય અર્થાત્ અવકાશમાં અજવાળું અંધારે થતું હોવું જોઈએ. અને તે પ્રમાણે આજે પણ આકાશી દિવસોની ગણતરી થતી હોવી જોઈએ.

આ નૂર ક્યારે પેદા કરવામાં આવ્યું તેની ચોક્કસ માહિતી મળતી નથી. એનો ઇશારો નીચેની હદીસમાંથી મળે છે:

એક વેળા આપ સલ્લમે જિબ્રીલ(અલૈ)ને પૂછ્યું, 'તમારી ઉંમર કેટલી થઈ હશે?" તેમણે જવાબ આપ્યો કે, "ચોથા આસમાન પર એક સિતારો છે તે ૭૦,૦૦૦ વરસે ઊગે છે. તેને મેં આજ સુધીમાં ૭૦ વાર જોયો છે. આથી સ્પષ્ટ થાય છે કે ૭૦,૦૦૦ × ૭૦ = ૪૯,૦૦૦૦૦ આકાશી વરસની હતી. તે સાંભળી આપ સલ્લમે કહ્યું કે તે સિતારો હું જ હતો.

---

૨. વધુ માટે જુઓ કુરાન ૩૨:૫
તૌરાત ઉત્પત્તિ પ્રકરણ ૧:૩ થી ૫.

આકાશી દિવસ સંબંધી પવિત્ર કુરાનની ૨૨:૪૭ની આયતમાં કહેવામાં આવ્યું છે કે, "તારા પરવરદિગાર પાસે એક આકાશી દિવસ ગણો છો તે પ્રમાણે તમારાં એક હજાર વરસ બરાબર થાય છે. એક આકાશી વરસ = ૩,૬૦,૦૦૦ પૃથ્વી વરસ. તેથી કહી શકાય કે જિબ્રીલ અલૈની ઉંમર ૧૮૦૦/૨૦૦૦ કરોડ પૃથ્વી વર્ષ જેટલી થાય. આથી વૈજ્ઞાનિકો માને છે કે પૃથ્વીની ઉત્પત્તિને કરોડો વર્ષ થયાં છે. એ વાતને ઉપરોક્ત હદીસથી ટેકો મળે છે. જિબ્રીલ અલૈનો જન્મ થયો હશે તે પહેલાં અલ્લાહ અને ત્યાર પછી હજરત મુહમ્મદ સ. અ.નું નૂર એ બે જ હતાં.

વળી આપ સલ્લમે ફરમાવેલું છે કે, "હું અલ્લાહના નૂરમાંથી પેદા થયો છું અને મારા નૂરમાંથી (સકળ સૃષ્ટિની) સઘળી વસ્તુઓ પેદા કરવામાં આવી છે."[૩] વળી આપ (સલ્લ.)નું કહેવું છે કે, "અલ્લાહે મારા નૂરના ચાર ભાગ પાડચા. તેવા એક ભાગમાંથી મહાન અર્શ અર્થાત્ અલ્લાહના સિંહાસનનું સર્જન કર્યું. બીજા ભાગમાંથી કલમ (લેખણી) બનાવી. ત્રીજા ભાગમાંથી જન્નત એટલે કે સ્વર્ગના બાગોનું અને ચોથા ભાગમાંથી જીવાત્માઓ અને વસ્તુઓનું એટલે કે સજીવ અને નિર્જીવ વસ્તુઓનું સર્જન કર્યું. જીવાત્માઓમાં ફરિસ્તાઓ, જિન્નાતો, માનવો અને પ્રાણીઓ, પક્ષીઓ અને જીવ-જંતુઓનો સમાવેશ થાય છે. જિન્નાતો અગ્નિ, હવા અને પ્રકાશના મિશ્રણથી બનાવવામાં આવ્યા. માનવો અને સર્વ પ્રાણીઓ-પંખીઓ પાણી, હવા, માટી અને નૂરના મિશ્રણથી બનાવવામાં આવ્યાં. ત્યારપછી દરેક ભાગમાંથી એકેક હિસ્સો લીધો અને તેનું મિશ્રણ બનાવી તેમાંથી બુદ્ધિ, શરમ અને પ્રેમના ગુણો ઉત્પન્ન કર્યા. ચોથો હિસ્સો બાકી રહ્યો હતો તેમાંથી 'એહલે બેત' અર્થાત્ મારા ઘરનાં માણસો અને નિકટનાં સગાંસંબંધીઓને પેદા કર્યા."

મહાન અર્શ અને કલમને પેદા કર્યા પછી અલ્લાહે અર્શની ઈંસ ઉપર "લાઈલાહા ઈલ્લલ્લાહો મુહમ્મદ રસૂલુલ્લાહ"નું દીક્ષા વાક્ય લખવાનો આદેશ કલમને આપ્યો. કલમે આકાશી સો વરસમાં "લાઈલાહા ઈલ્લલ્લાહો" સુધી લખ્યું ત્યારે કલમને વિચાર સ્ફૂર્યો કે અલ્લાહના પરમ-પૂજ્ય અને પરમ-કૃપાળુ નામ સાથે કોનું નામ જોડયું છે? આ

---

૩. આ હદીસનું વાક્ય છે. હદીસ એટલે આપ સલ્લ.નાં પ્રસંગોપાત્ત કહેલાં વચનો કે ફરમાનોનો સંગ્રહ.

બાબત જાણવા માટે કલમે અલ્લાહને અતિ નમ્રતાપૂર્વક પૂછ્યું, "ઓ મારા માલિક! તું તો અવિનાશી છે. તું તો અજોડ છે. નથી તારે પત્ની કે નથી પુત્ર-પુત્રીઓ. નથી તારે માતાપિતા કે નથી તારે ભાઈભાંડુઓ. તું તો 'અસ્સમદ' છે અર્થાત્ તારે કોઈ ખપ નથી : તું કોઈનો ગરજવાન નથી. તો પછી અહીં તારા પવિત્ર નામ સાથે કોનું નામ જોડવામાં આવ્યું છે?" કલમને આકાશવાણી સંભળાઈ કે, "અય કલમ! એ તો મારા પરમપ્રિય મિત્રનું નામ છે. મને તેનાથી વધુ પ્રિય બીજું કોઈ નથી : એટલે જ મારા નામ સાથે મેં પોતે એ નામ જોડ્યું છે. માટે મારા નામ સાથે 'મુહમ્મદ રસૂલુલ્લાહ' પણ તું લખ." આથી કલમે મહાન અર્શની ઈસ ઉપર આ દિવ્ય અને દીક્ષા વાક્ય "લાઈલાહા ઇલ્લલ્લાહો મુહમ્મદ રસૂલુલ્લાહ" લખ્યું.

હજરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદી. નામના કુરાનના મહાન ભાષ્યકાર અને હદીસોના જાણકાર કહે છે કે, આપ(સલ.)નો પ્રાણ અથવા આત્મા કે રૂહ મહાન અર્શની એક કંદીલમાં અલ્લાહના યશોગાનની તસ્બી પઢતો હતો. તે કંદીલમાંથી અંકનું અર્થાત્ પ્રવાહી સ્વરૂપ પામેલું નૂરનું એક ટીપું મદીનામાં આપ(સલ.)ની જ્યાં કબર છે ત્યાં પડ્યું. સ્વાભાવિક લાગે છે કે આ બનાવ પૃથ્વીના સર્જન પછી બન્યો હોવો જોઈએ. અલ્લાહની આજ્ઞાનુસાર હજરત જિબ્રાઈલ(અલૈ.)એ ત્યાંથી થોડી માટી લીધી. તે માટી સાથે અંબર અને કસ્તૂરી જેવા સુગંધિત પદાર્થો ભેળવી હજરત આદમ અલૈ.ના કપાળ ઉપર માલિશ કરી હતી ત્યારે આદમ અલૈ.ની મુખમુદ્રા અતિશય તેજસ્વી બની ગઈ. કહેવામાં આવે છે કે આદમ અલૈ. અને યૂસુફ અલૈ. બંને ખૂબ જ તેજસ્વી અને સ્વરૂપવાન હતા. જો તેમને આપ સલ્લઅમનું તેજ જોવાનો પ્રસંગ મળ્યો હોત તો તેઓ છક થઈ ગયા હોત, કારણ કે તેમનામાં આકાશી તત્ત્વો ભરપૂર હતાં.[૪]

અલ્લાહે જયારે દોજખનું સર્જન કર્યું ત્યારે તેના રખેવાળો તરીકે ફરિશ્તાઓને પેદા કર્યા હતા. અલ્લાહ ફરમાવે છે કે, "અમે જહન્નમના રખેવાળો ફરિશ્તાઓ સિવાય (બીજા કોઈને) બનાવ્યા નથી." ૭૪:૩૧ "તેના પર (અર્થાત્ જહન્નમ પર) ૧૯ ફરિશ્તાઓ છે." ૨ ૭૪/૩૦ પવિત્ર કુરાનની આ આયતોથી સ્પષ્ટ થાય છે કે દોજખનો કારભાર

૪. મુવાહિબ. Vol. VIII ૧૨ : ૪ની તફસીર પૃ. ૧૭૭

અથવા તેના વહીવટ પર દેખરેખ રાખવા માટે ૧૯ ફરિશ્તાઓ અલ્લાહે નિયુક્ત કર્યા છે.[૫] આ કામ કરવા માટે તેમને દોજખની આગમાં જ હરવા ફરવાનું રહે છે. પ્રચંડ અને ધગધગતી આગ જોઈ તેઓ અલ્લાહને અરજ કરવા લાગ્યા કે, "ઓ અમારા પરવરદિગાર! દોજખની આવી પ્રચંડ ભઠ્ઠીની ધગધગતી આગમાં પડવાની અમારી હિંમત ચાલતી નથી. અમે તેનો વહીવટ કેવી રીતે સંભાળી લઈએ?" તેથી અલ્લાહે જિબ્રીલ અલૈ.ને સ્વર્ગમાંથી "લાઈલાહા ઈલ્લલ્લાહો મુહમ્મદ રસૂલુલ્લાહ"નું વાક્ય કોતરેલ હોય તેવી વીંટી લઈ આવવા ફરમાન કર્યું. જિબ્રીલ અલૈ. તેવી એક વીંટી લઈ આવ્યા અને બધા ફરિશ્તાઓના કપોલપ્રદેશ પર તેને ઘસી. આ કલમાના પ્રતાપે પેલા ફરિશ્તાઓ દોજખની ધગધગતી આગમાં—પૃથ્વીની આગથી એક હજાર ગણી ધગધગતી છે—જઈ શક્યા. વળી તેમાં તેઓ કયામત સુધી હરીફરી શકશે, છતાં તેમને ઊની આંચ આજે પણ આવતી નથી અને આવવાની પણ નથી.

આ પ્રસંગ ઉપરથી એવું કહેવામાં આવે છે કે જે લોકોનાં અંતઃકરણોમાં આ દિવ્ય કલમા માટે સંપૂર્ણ શ્રદ્ધા અર્થાત્ ઈમાન હશે તેમને દોજખની આગથી લગીરે દુઃખ થવાનું નથી. બીજી રીતે કહીએ તો આ કલમાના પ્રતાપે દોજખથી છુટકારો મળવાનો પૂરેપૂરો સંભવ છે.

એ વાત તમે જાણતા હશો અને જો ન જાણતા હો તો હવે પછી જાણશો કે આદમ અલૈ. અને તેમનાં પત્ની હવ્વાને સ્વર્ગમાંથી કાઢી મૂકવામાં આવ્યાં ત્યારે તેમને પૃથ્વી ઉપર એક જ સ્થળે સાથે ન ઉતારતાં જુદા જુદા સ્થળે મૂકવામાં આવ્યાં. પોતાની ભૂલ માટે બંને પ્રાયશ્ચિત્ત કરતાં હતાં અને ભારે વિલાપ કરતાં હતાં. છેવટે ૪૦ વરસે બંનેનો મેળાપ મક્કાથી ૬ માઈલ દૂર આવેલ અરફાતના મેદાનમાં આવેલી 'જબલે રહેમત' નામની એક પહાડી ઉપર થયો; ત્યારે બંને હૈયાફાટ રડ્યાં. આ સમયે તેઓ આકાશ તરફ મીટ માંડીને ક્ષમા યાચતાં હતાં. તે વેળા અલ્લાહના મહાન અર્શની ઈસ ઉપર લખેલા કલમા "લાઈલાહા ઈલ્લલ્લાહો મુહમ્મદ રસૂલુલ્લાહ" પર તેમની નજર પડી. બંને કરગરીને

---

૫. આ ૧૯ ફરિશ્તાઓ દોજખના અમલદારો છે. બીજા અનેક ફરિશ્તાઓ દોજખના વહીવટમાં મદદ કરનારા હોય છે. દોજખના વડા ફરિશ્તાનું નામ માલિક છે.

કહેવા લાગ્યાં, "ઓ અમારા પરવરદિગાર ! આ કલમાના પ્રતાપે તું અમારો થયેલો અપરાધ માફ કર."

થોડીવારમાં જ જિબ્રીલ અલૈ. ત્યાં પધાર્યા અને તેમનો બંનેનો અપરાધ માફ કરવાના શુભ સમાચાર તેમને સંભળાવ્યા. આ વેળા જિબ્રીલ અલૈ.થી એવું બોલી જવાયું કે, "હે આદમ અને હવ્વા ! તમે ભૂલ કરી તે સમયે આ કલમાનો આશ્રય લઈ અલ્લાહ પાસે ક્ષમા યાચી હોત તો તે જ વેળા અલ્લાહ તમને માફી આપ્યા વિના રહેત નહીં, અને તમારે પૃથ્વી ઉપર ઊતરવાનું થાત નહીં." આ પ્રસંગ ઉપરથી એવું અનુમાન તારવવામાં આવે છે કે આ કલમાનો અર્થાત્ મુહમ્મદ સલ્લ.નો વસીલો રાખી જે કોઈ પોતાના ગુનાહોની અલ્લાહ પાસે ક્ષમા યાચશે તેને તે માફી આપશે જ.

જ્યારે આદમ અલૈ.નાં હવ્વા સાથે લગ્ન થયાં ત્યારે નિકાહનો ખુતબો ખુદ અલ્લાહે જાતે પઢ્યો હતો. આ પ્રસંગે સઘળા ફરિશ્તાઓ હાજર હતા. નિકાહ વેળા મહેર અર્થાત્ પલ્લું આપવાની આદમ અલૈ.ને આજ્ઞા થઈ, ત્યારે તે બોલી ઊઠ્યા, "ઓ મારા પરવરદિગાર ! મારી પાસે તો કશુંયે નથી. પલ્લું હું કેવી રીતે આપી શકું ?" અલ્લાહે ત્યારે ફરમાવ્યું, "દસ વખત મુહમ્મદ ઉપર દરૂદ પઢો અર્થાત્ સલામ મોકલો." આ નામ સાંભળતાં જ તેમને મુહમ્મદ સલ્લ.ને પ્રત્યક્ષ જોવાની ઉત્કંઠા થઈ. તે અરજ કરવા લાગ્યા, "ઓ મારા માલિક ! મુહમ્મદના તું મને દર્શન કરાવ." જવાબ મળ્યો, "અય આદમ ! તારા અંગૂઠાના નખોમાં તને મુહમ્મદનું સ્વરૂપ જોવા મળશે." તરત જ આદમ અલૈ. પોતાના અંગૂઠાઓના બંને નખોને ભેગા રાખી જોવા લાગ્યા એટલે તેમાં તેમને મુહમ્મદ સલ્લ.નાં સ્વરૂપનાં દર્શન થયાં. ત્યારપછી તેમણે દસ વાર દરૂદનું પઠન કર્યું એટલે હવ્વાને આપવાની મહેર અર્થાત્ પલ્લું ચૂકવી દીધેલું ગણાયું. ત્યાર પછી જ તેમનાં હવ્વા સાથે નિકાહ થયા. આ છે આપ અર્થાત્ મુહમ્મદ સલ્લ.ના નામનો મહિમા.

પવિત્ર કુરાનની ૩૭:૧૮૧ની આયતમાં "સર્વ રસૂલો પર સલામ" પાઠવવામાં આવેલી છે. તે ઉપરાંત વ્યક્તિગત રીતે પણ કેટલાક પયગંબરો પર સલામ પાઠવવામાં આવેલા છે, જેમકે, "બંને જગતમાં (આલોક તથા પરલોકમાં) નૂહ પર સલામ હોજો." ૩૭:૭૯; "ઇબ્રાહીમ

પર સલામ હોજો." ૩૭:૧૦૯; "મુસા તથા હારૂન પર સલામ હોજો." ૩૭:૧૨૦; "ઈલ્યાસ પર સલામ હોજો." ૩૭:૧૩૦; પરંતુ હજરત મુહમ્મદ સલ્લ. પર વિશિષ્ટ રીતે સલામ પાઠવવામાં આવેલા છે.

આ અંગે પવિત્ર કુરાનની ૩૩:૫૬ ની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "ખરેખર અલ્લાહ અને તેના ફરિશ્તાઓ નબી ઉપર (એટલે કે હજરત મુહમ્મદ સલ્લ. ઉપર) આશીર્વાદ અને સલામ મોકલતા રહે છે. માટે હે શ્રદ્ધાળુજનો (અર્થાત્ ઈમાનવાળા લોકો) તમે પણ તેમના ઉપર આશીર્વાદ (દરૂદ) અને સલામ (વંદના) મોકલતા રહેજો."

આથી એવું સૂચિત થાય છે કે હજરત મુહમ્મદ સલ્લ. પર અલ્લાહની વિશેષ કૃપાદૃષ્ટિ અને પ્રેમ છે તથા અલ્લાહ તેમને એવા આશીર્વાદ આપે છે કે તેમનું નામ સદાય આદરણીય અને ગૌરવવંતું રહે. ફરિશ્તાઓ પણ તમને પ્રેમ અને માનથી જુએ છે અને તેઓ પણ અલ્લાહના જેવા જ આશીર્વાદ અને સલામ મોકલતા રહે છે. તેવા આશીર્વાદ અને સલામ મોકલવાનો માનવજાતિને, ખાસ કરીને શ્રદ્ધાળુજનોને અલ્લાહ આદેશ આપે છે એટલે આપણા માટે તેમના પર આશીર્વાદ અને સલામ મોકલવાનું ફરજિયાત થઈ પડે છે. આ ઉપરથી પણ જોઈ શકાશે કે એમના નામનો ભારે મહિમા છે.

એવું ઠરાવવામાં આવ્યું છે કે જ્યારે મુહમ્મદ સ. અ. નું. નામ લેવામાં આવે ત્યારે એમના ઉપર દરૂદ અને સલામ મોકલવામાં આવે એ દુરૂદ અને સલામ આ પ્રમાણે છે:

"અલ્લા હુમ્મા સલ્લેઅલા સૈયદના મુહમ્મદીવ વ અલા આલેહી સૈયદના મુહમ્મદીવ વબારીક વસલ્લીમ."

★

## પ્રકરણ બીજું

# સૃષ્ટિનું સર્જન શા માટે ?

આ પ્રશ્નનો જવાબ આપવો અતિ વિકટ અને મુશ્કેલ છે. આમાંથી પ્રથમ પ્રશ્ન એ ઊભો થાય છે કે સૃષ્ટિનું સર્જન કોણે કર્યું હશે ?

એકેએક વ્યક્તિ પુરુષ કે સ્ત્રી એવું માને છે કે યાસે કે અનાયાસે કોઈક એક સર્જનહાર છે. વિમાનો, સ્ટીમરો, પુલો, ફેક્ટરીઓ, ઇમારતો વગેરેને બનાવનાર એક જ જણ હોતો નથી. ઘણા જણ હોય છે. સૃષ્ટિનાં અનેક અંગો છે. તેવી જ રીતે શું સૃષ્ટિને બનાવનાર અનેક વ્યક્તિઓ નહીં હોય ! તેને બનાવનારા ઘણાં બધા નથી. એક જ જણ છે. તે એકલો જ સર્જનહાર છે. સર્જન કરવા માટે તેનો કોઈ સાથી કે મદદગાર હોતો નથી. તેનામાં એવી તે કઈ શક્તિ હશે કે તે એકલો સૃષ્ટિ રચી શક્યો ?

તેનામાં અનેક શક્તિઓ હોય છે.

તેની સર્વથી મોટી શક્તિ 'કુન'ની છે, એટલે કે તે કહે છે કે, કુન અર્થાત્ થઈ જા તો તરત જ 'ફયકુન' એટલે કે તેવું જ થઈ જાય છે. તૌરાત અને કુરાનમાં તેની આ શક્તિનો ઉલ્લેખ થયેલો છે. કોઈ ભગવાન પાસે માગે છે કે ભગવાન તું મને એક પુત્ર આપ. ભગવાન પ્રસન્ન થાય તો કહે છે કે તથાસ્તુ. આથી તેને ઘેર પુત્રનો જન્મ થાય છે. (તથાસ્તુ) એટલે કે એવું થઈ જાય છે. સુદામા શ્રીકૃષ્ણ ભગવાન પાસે તાંદુલ લઈ પોતાનું દારિદ્રય મટાડવાની માગણી કરવા દ્વારકા જાય છે. ત્યારે કૃષ્ણ ભગવાન 'તથાસ્તુ' કહી તેના ઘેર પોરબંદરમાં બધું જ આપી દે છે. આથી આપણે એવા નિર્ણય પર આવી શકીએ કે અલ્લાહમાં 'કુન'ની શક્તિ છે.

આ ઉપરાંત એ સૃષ્ટિનો કારભાર એકલે હાથે ચલાવે છે અને તે એટલો નિયમિતતાથી ચલાવે છે કે પળભર પણ આઘુંપાછું થતું નથી. જેમ કે સૂર્યોદય અને સૂર્યાસ્તમાં ક્ષણભરનો પણ ફેર પડતો નથી.

વળી તે જગતનો પરવરદિગાર છે, પાલનહાર છે. દરેકનું પોષણ કરે છે. તે જ કીડીને કણ અને હાથીને મણ આપે છે. આ જ કારણે જગતના સર્વ લોકો તેનો આદર કરે છે, અને તેની ઇબાદત કે પૂજા કરે છે. આમ હોવાના કારણે જગતના લોકો તેને જુદા જુદા નામે ઓળખે છે. યહૂદીઓ

તેને 'યહોવાહ' નામે ઓળખે છે. ખ્રિસ્તીઓ તેને ગોડ કે Lord તરીકે ઓળખે છે. હિન્દુઓ તેને ભગવાન કે ઈશ્વર તરીકે ઓળખે છે, જ્યારે મુસલમાન તેને 'અલ્લાહ' કહી યાદ કરે છે.

તે એકલો જ સર્જનહાર હોવા છતાં કેટલાક લોકો તેના સર્જનમાં તેનો ભાગીદાર ઠેરવે છે. જેમકે ખ્રિસ્તીઓ 'ત્રેય'ના સિદ્ધાંતમાં માને છે. એવું માને છે કે ગોડ, માતા મેરી અને પુત્ર ઈશુ એ ત્રણ જણ સૃષ્ટિનો કારભાર ચલાવે છે. એમાં મુખ્ય માન્યતા એવી છે કે,

મનુષ્યના પાપ–કર્મોની મુક્તિ પુત્ર ઈશુ અપાવશે. આ સિદ્ધાંત ગળે ઊતરે એવો નથી. કારણ પરમેશ્વરને પુત્ર હોય શકે નહિ. તેને પત્ની નથી. વળી તેને માતા નથી કે પિતા નથી. તે એકલો જ છે. આ માટે જુઓ પવિત્ર કુરાનનું ૧૧૨ મું પ્રકરણ. ફારસી ભાષાનો શબ્દ ખુદા પણ ખુદ એટલે જાતે આવેલો એની શાખ પૂરે છે. હિન્દુઓ તેને સર્જનહાર માને છે. બ્રહ્માએ વિશ્વકર્માને પેદા કર્યો. વિશ્વકર્માએ બે બાળાઓને પેદા કરી. અને તેમની સાથે લગ્ન કરી મનુષ્ય જાતિ પેદા કરી. જગતની વ્યવસ્થા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કરે છે. એવું હિન્દુઓ માને છે. આ સિદ્ધાંત પણ 'ત્રેય'ને મળતો આવે છે.

આથી હિન્દુઓનો આ સિદ્ધાંત એટલો ખોટો છે જેટલો ખ્રિસ્તીઓનો 'ત્રેય'નો સિદ્ધાંત ખોટો છે.

સૃષ્ટિનો સર્જનહાર એકલો 'યહોવાહ' કે 'અલ્લાહ' છે. અલ્લાહ તેનું પોતાનું નામ છે બીજા બધા તેના ગુણવાચક નામ છે.

સર્જનહાર રબ્બુલઆલમીન, બન્ને દુનિયાનો માલિક, કયામતના દિવસનો માલિક, રહેમાન, દયાળુ, રહીમ, માયાળુ, ગફુર, ક્ષમા આપનાર, રઝઝાક, રોજી રોટી આપનાર વગેરે સિફાતી અર્થાત્ ગુણવાચક નામો છે. એનામાં એટલી સિફાતો છે, એટલા ગુણો છે કે તેનું વર્ણન જેટલું કરીએ એટલું ઓછું છે. આ બાબતની શાખ કુરાનની આયત ૧૮:૧૦૯ અને ગીતા પૂરે છે.

આમ હોવા છતાં નાસ્તિકો અને વ્યવહારમાં રહી વાંકું બોલનારાઓ એક જ અલ્લાહને કે ઈશ્વરને સર્જનહાર માનતા નથી. તેઓ એવું માને છે કે સૃષ્ટિ આપ મેળે અસ્તિત્વમાં આવેલી છે. માટે તેઓ નીચેની દલીલો રજૂ કરે છે:

અને (અ) શું પાણીમાં પોરા આપમેળે પેદા થતા નથી? ઝાડ આપમેળે ઊગતાં નથી? જંતુઓ આપમેળે પેદા થતા નથી? લીલ, સેવાળ પાણીમાં આપમેળે પેદા થતા નથી? બાળકો આપમેળે વૃદ્ધિ પામતાં નથી? એવી જ રીતે સૃષ્ટિ આપમેળે અસ્તિત્વમાં આવેલી હોવી જોઈએ. (બ) પાણીના પોરા આપમેળે પેદા થતા નથી. ન જોઈ શકાય એવા જંતુઓ પાણીમાં સર્જનહાર પેદા કરે છે, એ જંતુઓ વિકાસ પામીને પોરા બને છે. આથી તમે પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે ચોખ્ખા પાણીમાં કે ઉકાળેલા પાણીમાં સમય જતાં કેમ પોરા પેદા થાય છે? શું તે આપમેળે પેદા થતા નથી? પાણી હાઈડ્રોજન અને ઓકિસજનનું બનેલું છે. આ અંશોમાં કુદરતે નર-માદાનાં જોડાં મૂકેલાં હોવા જોઈએ. એ નર-માદાના સંયોગથી બારીક જીવાત પેદા થતાં હોવા જોઈએ અને પોરા બનતા હોવા જોઈએ. તમે પ્રશ્ન પૂછશો કે પાણીના હાઈડ્રોજન અને ઓકિસજનનાં મિશ્રણમાં નર-માદાના જોડાં ક્યાંથી આવ્યાં? એવા અનેક નર-માદાના જોડાં કુદરતે અનેક વસ્તુઓમાં ઉત્પન્ન કરેલા છે.

"કુરાનનું ૩૬મી આયાત એની શાખ પૂરે છે." તેમાં એમ કહેવામાં આવ્યું છે કે તે પાક પવિત્ર જાત છે, જેણે 'નર-માદા'ના અનેક જોડાં પેદા કર્યાં છે. જમીનમાંથી ઊગતી વસ્તુઓના તથા બીજા નર-માદાનાં જોડાં બનાવ્યાં પરંતુ તે તમે જાણતા નથી. અહીં સ્પષ્ટતાથી કહેવામાં આવ્યું છે કે આપણે જાણતા નથી એવાં અનેક જોડાં અલ્લાહે બનાવ્યાં છે. પાણીના હાઈડ્રોજન અને ઓકિસજનના અંશમાં નર-માદાના જોડાં અલ્લાહ તઆલાએ પેદા કર્યાં, એમ માનવાને કારણ મળે છે. અત્રે ધાતુઓનું વિભાજન કરતાં નર-માદાનાં જોડા વૈજ્ઞાનિકોને મળી આવ્યાં છે. એ વિભાજિત થયેલા અણુઓના અંશોને પ્રોટોન અને ન્યૂટ્રોન કહે છે. આ અંશો મૂળભૂત અથવા પ્રાથમિક દશાના છે. એવા અંશોમાંથી અનેક વસ્તુઓ બને છે કે જન્મે છે. આથી કહી શકાય કે કોઈ પણ વસ્તુ આપમેળે અસ્તિત્વમાં આવતી નથી.

કોઈ પણ વસ્તુને અસ્તિત્વમાં લાવનાર કોઈક હોય છે. એટલે કે અસ્તિત્વમાં લાવવાં માટે કોઇક વ્યક્તિ કે શક્તિની આવશ્યકતા હોય છે.

આવડી મોટી સૃષ્ટિમાં સમાયેલ મહાન સૂર્ય, પૃથ્વી, મોટા મોટા ગ્રહો, અગણિત તારાઓ, અનેક સૂર્યમંડળો, બધે જ ફેલાયેલું આકાશ અને જેની હદ નથી એવું અવકાશ વગેરે આપમેળે અસ્તિત્વમાં આવે

એ વાત આપણી કલ્પનામાં આવે એમ નથી. સૃષ્ટિ એટલી વિશાળ અને વિરાટ છે કે આજના અવકાશયાત્રીઓ પણ એને આંબી શક્યા નથી. આથી એવું તારણ નીકળે છે કે સૃષ્ટિને અસ્તિત્વમાં લાવનાર કોઈક તો હોવો જ જોઈએ. આથી આપણે બધા એ નિર્ણય પર આવીશું કે સૃષ્ટિ આપમેળે અસ્તિત્વમાં આવી નથી. એને અસ્તિત્વમાં લાવનાર 'અલ્લાહ' છે. પવિત્ર કુરાનમાં ઘણી જગાએ કહેવામાં આવ્યું છે કે, "મેં" 'પૃથ્વી અને આકાશો છ દિવસમાં સર્જ્યાં.' એ માટે એનો કોઈક હેતુ હોવો જોઈએ.

(અ) અલ્લાહ પરાપૂર્વથી એકલો હતો. ત્યાર તે ક્યાં હતો? શું કરતો હતો? સૃષ્ટિના સર્જન પહેલાં કશુંય ન હતું. એ શૂન્ય અવકાશમાં તે એકલો જ અને સર્વવ્યાપી હતો. ત્યારે તે શું કરતો હતો? તેની કલ્પના કરવી આપણી શક્તિ બહારની વાત છે. શૂન્ય અવકાશમાં કેટલાં વરસ રહ્યો તેની કલ્પના પણ થઈ શકે એમ નથી. તેનામાં બીજી અનેક શક્તિઓ હતી અને છે. સર્વથી વિશેષ શક્તિ તેની 'કુન'ની છે.

શૂન્ય અવકાશમાં તે એકલો હતો. બધે વ્યાપેલો હતો ત્યારે તેનું તેજ પણ બધે વ્યાપેલું હતું. આ પરિસ્થિતિમાં તેણે કંઈક સર્જન કરવાનું વિચાર્યું હશે એમ આપણે કહી શકીએ.

આસ્તિકો અને નાસ્તિકો સૃષ્ટિના સર્જન માટે ઘણી વાતો કહે છે: (૧) શૂન્ય અવકાશમાં તેને એકલા રહેવું અટૂલું લાગ્યું હશે. (૨) તેને એકલા રહેવાનું ગમ્યું નહીં હોય. (૩) એકલા રહેવામાં કંટાળો ઊપજ્યો હશે. તેથી તેણે સર્જન કર્યું હશે. અલ્લાહ તો આજે પણ એકાંતમાં રહે છે. તેને કોઈ જોઈ શકતું નથી. આથી એવું ફલિત થાય છે કે એકાંતમાં રહેવાનું તેને અગમ્ય અને કંટાળાજનક લાગતું ન હતું. તેને કોઈ જીવનસાથીની કે પોતાની સેવા કરાવવાની જરૂર પડી હશે. તેથી તેણે સૃષ્ટિ બનાવી હશે.

તેને પહેલેથી પત્ની ન હતી, અને આજે પણ નથી. જીવનસાથીની તેને મુદ્દલે જરૂર નથી. એ નથી ખાતો કે પીતો કે નથી ઊંઘતો કે ઝોકાં ખાતો. એ નથી થાકતો. એટલે સેવા કરનારાઓની એને જરૂરત રહેતી નથી.

તેને પોતાની અગાધ શક્તિઓનો પરિચય કરાવવાની જરૂર પડી હશે. તે શક્તિઓને પ્રદર્શિત કરવા માટે કોઈ ક્ષેત્રની જરૂર પડી.

તેથી તેણે જગતની રચના કરી હશે. આમાં ઘણું એવું તથ્ય લાગે છે. એ તો ઉઘાડું સત્ય છે કે અલ્લાહ સર્વ શક્તિમાન છે. તેનામાં

મહાન સર્જનશક્તિ છે. એ તો એ ઉપરથી પણ જોઈ શકાય છે કે તેણે આકાશ થાંભલા વિનાનું અને ગાબડા વિનાનું બનાવ્યું છે. સૂર્ય, તારાઓ, ગ્રહો વગેરે અનેક આકાશી પદાર્થોને ચલાયમાન કર્યાં છે. તેમાં ગુરુત્વાકર્ષણની શક્તિ જોઈ શકાય છે. જો તેણે સૃષ્ટિનું સર્જન કર્યું ન હોત તો તેની અગાધ શક્તિઓનો કોઈને પરિચય થાત નહીં. તેની અસંખ્ય શક્તિઓ કે ગુણોને પ્રદર્શિત કરવા માટે તેણે સૃષ્ટિ રચી હશે. આ બાબતમાં પણ ઘણું તથ્ય લાગે છે. આ બાબતની શાખ નીચેની હદીસ[1] પૂરે છે :

અલ્લાહ તઆલાને એક વેળા પૂછવામાં આવ્યું કે, "મારા પરવરદિગાર તેં સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું ?" અલ્લાહ તઆલાએ કહ્યું કે, "હું એક અમૂટ ખજાનો હતો અને છું. મને એવું ગમ્યું કે હું ઓળખાતો થાઉં, તેથી મેં સૃષ્ટિનું સર્જન કર્યું."

એમ પણ કહેવામાં આવે છે કે અલ્લાહને પોતાનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા થઈ આવી. તેથી તેણે પોતાના નૂરમાંથી મુહમ્મદ (સ. અ. વ.)નું નૂર પેદા કર્યું; અને તેમના નૂરમાંથી આ સૃષ્ટિ સર્જી, એ સૃષ્ટિમાં અલ્લાહે પોતાનું પ્રતિબિંબ જોયું. તેથી સૃષ્ટિનું સર્જન થયું.

અલ્લાહમાં મહોબ્બતનો ગુણ રહેલો છે. તેને પ્રદર્શિત કરવા રસૂલુલ્લાહનું નૂર પોતાના નૂરમાંથી પેદા કર્યું અને પછી રસૂલુલ્લાહના નૂરમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરી. આ વાત ઘણાં વરસોથી માન્યતા પામેલી છે, પણ અત્રે કેટલાકનું કહેવું છે કે અલ્લાહ પોતાના નૂરમાંથી કોઈ વસ્તુ પેદા કરે તો તેમાંથી ઉત્પન્ન થતી દરેક વસ્તુ સુંદર અને નેક જ હોય. પરંતુ સૃષ્ટિમાં અનેક વસ્તુઓ નેક નથી, ખરાબ પણ છે. આ વાત અંગે કેટલાકનું કહેવું છે કે પ્રથમ નૂર અલ્લાહનું હતું અને તેમાંથી રસૂલનું નૂર પેદા થયું અને રસૂલુલ્લાહ તો નેક જ હતા. કોઈએ સાચું કહ્યું છે કે હે રસૂલ, "બાદ અઝ ખુદા તુમ્હી." એ દૃષ્ટિએ જોતાં અલ્લાહના નૂરમાંથી રસૂલુલ્લાહનું નૂર પેદા કર્યું એ તથ્ય છે. તે ખાલિક અથવા સર્જનહાર છે તેણે પવિત્ર કુરાનમાં ફરમાવ્યું છે કે, "મેં મનુષ્યો અને જિન્નાતોને અમસ્તા પેદા કર્યા નથી. તેઓ મારી ઈબાદત કરે તે માટે પેદા કર્યા છે." આ પણ સર્જનનું એક કારણ છે એમ ચોક્કસપણે કહી શકાય અહીં કરેલા વિશ્લેષણથી એવું કહી શકાય કે અનેક કારણોસર અલ્લાહે પૃથ્વીનું સર્જન કર્યું છે.

★

---

1. આ હદીસ કમજોર છે.

પ્રકરણ ત્રીજું

# અર્શે ઈલાહી

અર્શે ઈલાહીને આપણે અલ્લાહનું સિંહાસન કહી શકીએ; પરંતુ પવિત્ર કુરાનમાં તેનો અર્શ તરીકે જ ઉલ્લેખ થયેલો હોવાથી "અર્શે ઈલાહી" કહેવું વધુ યોગ્ય છે. પવિત્ર કુરાનમાં તેની વિગતો આપવામાં આવી નથી, કેવળ તેનો નીચેની આયતોમાં ઉલ્લેખ થયેલો છે :
૭:૫૪–૯:૧૨૯–૧૦:૩–૧૩:૨–૨૦:૫–૨૩:૮૬–૨૩:૧૧૬–૨૫:૫૯–૩૨:
૩૯:૭૫–૪૦:૭–૫૭:૪–૬૯:૧૭–૮૧:૨૦

પાછલા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે મુહમ્મદ સલ્લ.ના નૂરના ચાર ભાગ પાડવામાં આવ્યા હતા તે પૈકી એક ભાગમાંથી આ અર્શે ઈલાહીનું સર્જન કરવામાં આવ્યું હતું; એટલે આ અર્શ કેવળ નૂર અર્થાત્ તેજનું બનેલું છે, એમ કહી શકાય.

અલ્લાહનો સર્વસામાન્ય નિયમ એવો છે કે જયારે તે કોઈ સજીવ કે નિર્જીવ વસ્તુ પેદા કરવા અથવા બનાવવા ચાહે છે ત્યારે તે એટલું જ ફરમાવે છે કે, "થઈ જા: તે થઈ જાય છે."[1] તે વસ્તુ થઈ જતાં સમય લાગતો નથી, તરત જ થઈ જાય છે. તૌરાતમાં પણ આ સર્જનશક્તિનો એવો જ ઉલ્લેખ થયેલો છે.[2]

અલ્લાહની આવી અગાધ સર્જનશક્તિ હોવા છતાં તે કોઈ પણ ઉતાવળે પેદા કરતો નથી. એ તો આપણો જાતઅનુભવ છે કે માણસ કે જાનવરનું બચ્ચું વીર્યના એક ટીપામાંથી જન્મ પામે છે. પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવેલું છે કે, "તેણે જ (અલ્લાહે) માનવીને વીર્યમાંથી ઉત્પન્ન કર્યો." ૧૬:૪. ધરતીમાં આપણે બીજ વાવીએ છીએ તેમને ઊગતાં સમય તો લાગે જ છે. માનવીના બાળકને અને કેટલાંક જાનવરોનાં બચ્ચાંઓને જન્મતાં નવેક માસ જેટલો સમય લાગે છે. આથી આપણે કહી શકીએ કે કોઈ પણ બાળક કે બચ્ચાને અથવા કોઈ પણ સજીવ કે નિર્જીવ

---

૧. કુનફયકુન થઈ જા : તે થઈ જાય છે. પવિત્ર કુરાનમાં ૩:૫૮–૧૬:૪૦–૧૯:૩૫–૩૬:૮૨–૪૦:૬૮ વગેરે ઘણી આયતો, વાક્યો આવે છે.

૨. તૌરાત–ઉત્પત્તિ પ્રકરણ ૧ જુઓ.

વસ્તુને તે ઉતાવળે પેદા કરતો નથી. તે ધીમેધીમે અથવા ક્રમેક્રમે પેદા કરે છે અથવા બનાવે છે. "થઈ જા અને થઈ જાય છે," એ આયતથી એવું સાબિત થાય છે કે સર્જનકાર્ય તે કોઈને સોંપતો નથી. જ્યારે તેને એટલું જ કહેવાનું હોય કે "થઈ જા" તો પછી એ કાર્ય બીજાને શા માટે સુપરત કરે ?

જ્યારે અલ્લાહની કૃતિ–સજીવ હોય કે નિર્જીવ હોય–અસ્તિત્વમાં આવે છે ત્યારે તે કૃતિ સર્વ પ્રકારે સંપૂર્ણ હોય છે. તેમાં કોઈ પણ જાતની ખામી હોતી નથી. આ અંગે અલ્લાહ જાતે ફરમાવે છે કે, "(હે મનુષ્ય !) તું પરમ-કૃપાળુ(અલ્લાહ)ની રચનામાં કોઈ ખામી કે ત્રુટિ જોઈશ નહીં. (જો તને ખાતરી ન થતી હોય તો) ફરી (ધ્યાનપૂર્વક) નજર કરી લે. શું તેમાં તને કોઈ ખોડ કે ત્રુટિ દેખાય છે ? ફરી વારંવાર દૃષ્ટિ ફેરવી લે. તારી દૃષ્ટિ ખસિયાણી પડીને અને થાકીને તારા તરફ પાછી આવી જશે." ૬૭:૩–૪. કુદરતની કૃતિમાં જરા સરખી ખામી, ખોડખાંપણ કે ત્રુટિ હોતી નથી. આમ દરેક વસ્તુને સંપૂર્ણ, ખોડ-ખાંપણ વિનાની અને કોઈની પણ મદદ લીધા વિના બનાવે છે અથવા સર્જન કરે છે.

મહાન અર્શને તેણે ક્રમેક્રમે બનાવ્યું અને તેને સર્વ પ્રકારે સંપૂર્ણ બનાવ્યું. આપણી ધરતી અર્થાત્ પૃથ્વી ઉપર આકાશ થાંભલા વિનાનું છત સમાન છે; તેવી જ રીતે સકળ સૃષ્ટિ ઉપર, સારાયે બ્રહ્માંડ ઉપર અલ્લાહનું આ સિંહાસન અર્થાત્ અર્શ છત સમાન છે. તે અતિ સુંદર છે. તેનો આકાર મનને ગમી જાય તેવો છે અને તે દેખાવે પણ ભવ્ય છે.[3] કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "તે ભવ્યશાળી અર્શનો માલિક (સ્વામી) છે." ૨૩:૧૧૬

જે ચોથા ભાગનું નૂર (તેજ) હતું તેને ખુદાએ લાલ યાકૂત જેવું સ્વરૂપ આપ્યું, અને તેની એક સપાટી તૈયાર કરી. પછી તેના ઉપર અઢાર હજાર બુરજો બનાવ્યા. આવા દરેક બુરજ ઉપર ૧૮,૦૦૦ થાંભલા ઊભા કરવામાં આવ્યા. ગણતરી કરીએ તો એવા ૩,૨૪૦ લાખ થાંભલા થાય. એવા દરેક થાંભલા ઉપર એકેક હજાર કાંગરા બનાવ્યા. કેટલા કાંગરા થાય ? બત્રીસ હજાર ચારસો કરોડ કાંગરા થાય. તેવા બે કાંગરા વચ્ચેનું અંતર ૭૦૦ વરસનું થાય. પૃથ્વીની સપાટી ઉપરથી સાતમા આકાશ સુધીનું અંતર પૃથ્વીની સપાટી ઉપરની માનવ-ચાલની ગતિ પ્રમાણે પચાસ હજાર

૩. ઇબ્ને કસીર–૨૩ : ૧૧૬ ની તફસીરમાંથી

વરસના માર્ગ જેટલું થાય. આ બાબતનો ઇશારો ૭૦:૪ની આયતમાં આપવામાં આવેલો છે. તે આયતમાં અલ્લાહ ફરમાવે છે કે, "ફરિશ્તાઓ અને (નેક–પવિત્ર કે શ્રદ્ધાળુ) આત્માઓ તેના તરફ એક દિવસમાં ચઢે છે જેનું અંતર-દુનિયાના પચાસ હજાર વરસ જેટલું લાંબું છે." બે બુરજો વચ્ચેનું અંતર કેટલું હશે તે આપણે જાણતા નથી. જો બે કાંગરા વચ્ચેનું અંતર ૭૦૦ વરસના માર્ગ જેટલું હોય તો સ્વાભાવિક છે કે બે બુરજો વચ્ચેનું અંતર કેટલું હશે તે આપણે જાણતા નથી. જો બે કાંગરા વચ્ચેનું અંતર ઘણું જ મોટું હોવાનો સંભવ છે. આ ગણતરીએ અર્થાત્ બે કાંગરા વચ્ચેનું અંતર ૭૦૦ વરસના માર્ગ જેટલું આપણે લઈએ તો અર્શની વિશાળતા ૧૨૬૦૦ કરોડ વરસના માર્ગ જેટલી થાય.

તેની વિશાળતા વિશે એવું કહેવામાં આવે છે કે, સાતે આકાશો, સાતે પૃથ્વીઓ અને તેમની વચ્ચે જે કંઇ છે તે સર્વને અર્શે આવરી લીધાં છે. આ બધાંની ઉપર અર્શ એક છત સમાન છે. વળી કહેવામાં આવે છે કે અર્શની નીચલી સપાટીથી તેની ઉપરની સપાટી સુધીનું અંતર પૃથ્વીથી અર્શ સુધીના અંતર જેટલું છે. સાત પૃથ્વીઓનું અંતર સાત હજાર વરસના માર્ગ જેટલું છે અને સાત આકાશોનું અંતર પણ સાત હજાર વરસના માર્ગ જેટલું છે. આ હિસાબે સાતમા આકાશથી પૃથ્વીની નીચલી સપાટી સુધીનું અંતર ૧૪,૦૦૦ વરસના માર્ગ જેટલું થાય. સાતમા આકાશથી મહાન અર્શની નીચલી સપાટી સુધીનું અંતર છત્રીસ હજાર વરસના માર્ગ જેટલું છે. એ હિસાબે પૃથ્વીની નીચલી સપાટીથી અર્શની નીચલી સપાટી સુધીનું અંતર પચાસ હજાર વરસના માર્ગ જેટલું થાય. અર્શની પહોળાઈ પણ તેટલી જ છે અર્થાત્ ૫૦ હજાર વરસના માર્ગ જેટલી છે.[૪] બુરજના દરેક કાંગરા ઉપર અઢાર હજાર કંદીલો ગોઠવી દેવામાં આવેલ છે, તેથી ખ્યાલ કરો કે તે કેટલું ઝગમગતું હશે! વળી અલ્લાહની ખુરશી સાતમા આકાશ અને અર્શની વચ્ચે આવેલી છે. ખુરશી એટલી વિશાળ છે કે તેના પ્રમાણમાં એક સૌર્ય-જગત (વિશ્વ) એક કૂંડા જેટલું લાગે છે. "ખુરશી (એટલી વિશાળ છે કે તે) આકાશો અને પૃથ્વી ઉપર છવાયેલી છે." ૨:૨૫૫. આ બેસવાની ખુરશી નથી કે જેના ઉપર અલ્લાહ બેઠેલો હોય અથવા ખુરશી પગ મૂકવા માટેનું પાત્ર ગણીએ તો અર્શ ઉપર બિરાજમાન થઈ અલ્લાહ તેના ઉપર પોતાના પગ ટેકવે છે એવું નથી. એ તો અલ્લાહનું પ્રભુત્વ સૂચવે છે. "તેનું પ્રભુત્વ એવું છે કે

૪. ઇબ્ને કસીર ૭૦:૪ ની તફસીર.

આકાશો અને ધરતીની રક્ષા કરવાનું તેના માટે તણખલા જેટલું પણ દુષ્કર નથી." ૨:૨૫૫, અને અર્શ એટલું વિશાળ છે કે તેના પ્રમાણમાં ખુરશી એક કૂંડા જેવડી દેખાય છે.

અર્શની વિશાળતા અંગે બીજી રીતે વિચારીએ. પૃથ્વી કરતાં સૂર્ય ૧૨ લાખ ગણો મોટો છે અને પૃથ્વીથી સૂર્ય સાડા નવ કરોડ માઈલ દૂર છે. વિશ્વના વિરાટ વિસ્તારનો આ બાબતો પરથી અંદાજ બાંધો. આપણા સૌર્ય-જગતમાં કે સૂર્યમંડળમાં પૃથ્વી સમાવિષ્ટ થયેલી છે. આપણા સૌર્ય-જગતમાં નેપ્ચ્યૂન સૂર્યથી લગભગ ૨ અરબ ૭૯ કરોડ ૩૦ લાખ માઈલ દૂર છે. વળી એ પણ સાથે સાથે યાદ રહે કે આપણું સૌર્ય-જગત આકાશમાંના અનેક સૂર્યમંડળોમાંનું એક છે. અવકાશમાં આવા ૩ અરબ સૂર્યો છે. આ સૂર્યો પૈકી જે સૂર્ય આપણી પૃથ્વીથી પાસેમાં પાસે છે તે સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર ૪ વરસે આવે છે. પ્રકાશની ગતિ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઈલની હોય છે. આપણું સૌર્ય-જગત તો અલ્લાહના રાજ્યનો બહુ નાનો ભાગ છે. ઉપરોક્ત બાબતોથી વિશ્વના વિરાટ વિસ્તારનો ખ્યાલ આવી શકે છે. આવાં બધાં જ સૂર્યમંડળોને આવરી લેતું અર્શ ઈલાહી છે.

આ ઉપરથી તમે સ્વાભાવિક રીતે પ્રશ્ન પૂછશો કે આવડું મોટું અર્શ હોઈ શકે? માનવ ઉતરાણ ચંદ્ર પર થયું છે તેથી ચંદ્રના કદનો અને પૃથ્વીથી તેના અંતરનો સાચો ખ્યાલ આપણને આવ્યો છે. સૂર્યની સાથે સરખાવતાં ચંદ્ર કેવડો લાગે છે? ખૂબ જ નાનો. આકાશ કેવડું હશે કે જેમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહો, ઉપગ્રહો ફર્યા જ કરે છે. અનેક સૂર્યમંડળો તેણે બનાવ્યાં છે. આવડું મોટું આકાશ, આવડો મોટો સૂર્ય અને અનેક સૂર્યમંડળો બનાવવા શક્તિમાન હોય તો અર્શ બનાવવા તે શક્તિમાન ન હોઈ શકે?

અર્શની વિશાળતાનો ખ્યાલ પણ આવી શકે એમ નથી. આપણી છત પહેલું આકાશ છે. પહેલા આકાશની વિશાળતાનો ખ્યાલ આપણને આવતો નથી, તો પછી એવાં સાત આકાશો અને સાત પૃથ્વીઓની છત હોય તેવા અર્શની વિશાળતાનો ખ્યાલ તો કલ્પનામાં પણ આવી શકે એમ નથી; છતાં એવું વિશાળ અર્શ છે તેમાં શંકાને સ્થાન નથી.

આપણે જોયું કે આપ સલ્લ.ના નૂર પછી અર્શને પેદા કરવામાં આવ્યું એટલે કે આકાશો અને પૃથ્વી ઇત્યાદિ અસ્તિત્વમાં આવ્યાં ન હતાં.

તે પહેલાં અલ્લાહનું આવું મહાન સિંહાસન તૈયાર થઈ ગયું હતું. એક રિવાયતમાં એવું વર્ણન છે કે પાણી પણ અસ્તિત્વમાં આવ્યું ન હતું તે પહેલાં આ અર્શ બન્યું હતું. તેને ઊંચકવા માટે અલ્લાહે ચાર ફરિશ્તાઓ પેદા કર્યા. દરેકનાં મોં જુદા જુદા આકારનાં રાખવામાં આવ્યાં. એકનું મુખ માણસ જેવું હતું, તો બીજાનું મુખ વાઘના જેવું હતું. ત્રીજા ફરિશ્તાનું મુખ ગીધના જેવું હતું તો ચોથા ફરિશ્તાનું મુખ ગાયના આકારનું હતું. તે સમયે પૃથ્વી તો હતી નહીં; પરંતુ એવું કહી શકાય કે આ ફરિશ્તાઓના પગ પૃથ્વીમાં પાતાળ સુધી પહોંચે તેવા હતા, અને તેમના ખભા ઊંચે આકાશમાં મહાન અર્શને અડતા હતા. એક જ ડગલું સાત હજાર વરસનો માર્ગ કાપે એટલું મોટું હતું. આવા અતિ વિશાળ કાયાવાળા ચાર ફરિશ્તાઓને અર્શ ઊંચકવાનો આદેશ મળ્યો પરંતુ તેઓ અર્શને ઉપાડી શક્યા નહીં, એટલે ખુદાએ આકાશો તથા પૃથ્વીઓ અને તેમની વચ્ચે જે કાંઈ છે તે બધું ઊંચકી શકે, તેટલું બળ તેમને આપ્યું છતાં પણ તેઓ અર્શને ઉપાડી શક્યા નહીં. આ સમયે નીચેના યશોગાનની તસ્બી પઢી " ઉપાડશો તો જ અર્શ ઉપાડી શકશો." એવી આકાશવાણી તેમણે સાંભળી.[૫]

"હું તેના જ યશોગાન ગાઉં છું, જે ઈહલોકનો તેમ જ પરલોકનો માલિક (સ્વામી) છે; જે મહા ઇજ્જતવાળો તેમ જ મહા મહિમાવાળો છે; જે અતિશય હેબતવાળો તેમજ અતિશય બળવાળો છે; જે શ્રેષ્ઠમાંનો શ્રેષ્ઠ તેમજ પ્રૌઢમાંનો પ્રૌઢ છે; હું તેનાં જ યશોગાન ગાઉં છું, જે અવિનાશી છે, જે અમર છે, જે કદાપિ ઊંઘતો નથી, જે કદીયે મરણને શરણ થવાનો નથી; જે વર્ણવી ન શકાય તેવો પાક-પવિત્ર છે."

બીજી એક રિવાયત પ્રમાણે નીચેનાં ગુણગાન કરવાનો આદેશ મળ્યો હતો :

"હું અલ્લાહના યશોગાન ગાઉં છું અને તેની જ સ્તુતિ કરું છું કે જેના સિવાય બીજો કોઈ અલ્લાહ નથી. અલ્લાહ સૌથી મહાન છે; અલ્લાહ સિવાય બીજા કોઈનામાં પણ તેના જેવું બળ કે સામર્થ્ય નથી; કે નથી તેના જેવો કોઈ કુદરતવાળો."

---

૫. કસસુલ અંબિયા ઉર્દૂ પૃ. ૫.

જ્યારે ફરિશ્તાઓએ ઉપર જણાવ્યા પ્રમાણેનાં યશોગાન ગાયાં ત્યારે ઘણી સહેલાઈથી આ મહાન અને ભવ્ય અર્શને ઉપાડી શકયા અને પોતાના ખભાઓ પર મૂકી શકયા.

આ રિવાયતોથી એવું જણાય છે કે જ્યારે આકાશો, પૃથ્વી, હવા કે પાણી વગેરે અસ્તિત્વમાં આવ્યાં ન હતાં ત્યારથી આ ચાર ફરિશ્તાઓના ખભાઓ ઉપર આ મહાન અર્શને ઊંચકી રાખવામાં આવ્યું છે. હદીસમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં અર્શને ચાર ફરિશ્તાઓએ પોતાના ખભાઓ પર ઉપાડી રાખ્યું છે.[૬]

પવિત્ર કુરાનની ૧૧:૭મી આયતમાં અલ્લાહ ફરમાવે છે કે, "અને તે એવો છે કે જેણે આકાશો અને પૃથ્વીને છ દિવસમાં બનાવ્યાં અને તે સમયે તેનું અર્શ પાણી પર હતું." આ આયતથી તો એવું સાબિત થાય છે કે પાણી પેદા કર્યા પછી અર્શને પેદા કરવામાં આવ્યું હતું.

એ તો હકીકત છે કે પાણી અને હવા પેદા કર્યા પછી આકાશ અને પૃથ્વી પેદા કરવામાં આવ્યાં હતાં. તિરમીઝીની રિવાયત એવી છે કે, અર્શ પેદા કરતાં પહેલાં અલ્લાહે એક લીલમ નામનું રત્ન પેદા કર્યું. તેના તરફ અલ્લાહે હેબતભરી નજરે જોયું એટલે તેનું પીગળીને પાણી બની ગયું. ત્યાર પછી હવા પેદા કરી; અને ત્યાર પછી અર્શને બનાવી પાણી ઉપર મૂકવામાં આવ્યું.[૭]

આપણે જાણીએ છીએ કે પાણી હાઇડ્રોજન અને ઑકિસજન નામના બે વાયુ દ્રવ્યોનું બનેલું છે. આ આધારે પાણી પહેલાં હવા ઉત્પન્ન થયેલી હોવી જોઈએ. પેલું નિલમ આ બે દ્રવ્યોનું ઘનસ્વરૂપ હશે અને તેનું પ્રવાહી રૂપે પાણી બન્યું હશે.

લોકોક્તિ તો આપણામાં એવી પ્રચલિત છે કે, "નામ તેનો નાશ થવાનો છે." આ કહેવતમાં આડકતરી રીતે કયામતની માન્યતાનાં દર્શન થાય છે. ત્યારે સજીવ કે નિર્જીવ દરેક વસ્તુનો નાશ થવાનો છે: અર્થાત સારીયે સૃષ્ટિનો નાશ થશે, કેવળ અલ્લાહનો નાશ થવાનો નથી. કયામતના વિનાશ પછી અલ્લાહ એકલો જ રહેવાનો છે. પછી દરેક વસ્તુનું તે પુનઃસર્જન કરશે. અર્શનું પણ પુનઃસર્જન કરશે. "(કયામતના) તે દિવસે

૬. ગુજરાતી કુરાન–રાંદેર–પૃ. ૧૩૬૦ નોંધ–૨
૭. " " " પૃ. ૫૨૧ નોંધ–૨

તમારા માલિક (સ્વામી)ના અર્શ અથવા સિંહાસનને આઠ ફરિશ્તાઓ પોતાના (ખભાઓ) ઉપર ઊંચકી રાખશે." ૬૯:૧૭

આ આયતો વાંચતા એવું અનુમાન તારવી શકાય કે પાણીની ઉત્પત્તિ પહેલાં પોતાના રાજ્ય-સ્થાનના કેન્દ્રસમા અર્શને બનાવ્યું ત્યારે તેને ઊંચકનારા ચાર ફરિશ્તાઓ હશે. પછી જયારે પાણીની ઉત્પત્તિ થઈ ત્યારે પેલા ચાર ફરિશ્તાઓ પાણીમાં ઊભા રહી તેને ઉપાડી રહ્યા હશે. કયામત સુધી આ પરિસ્થિતિમાં અર્શ રહેશે. કયામત આવશે ત્યારે અર્શ અને ચાર ફરિશ્તાઓનો પણ નાશ થશે. કયામતના દિવસે અલ્લાહ રૌદ્ર સ્વરૂપમાં હશે એટલે અર્શને આઠ ફરિશ્તાઓ ઊંચકી રાખશે.

આ અર્શ અર્થાત્ રાજય સિંહાસનનો સ્વામી અલ્લાહ છે, તે સંબંધી પવિત્ર કુરાનમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે : "તે ભવ્યશાળી અર્શનો માલિક (સ્વામી) છે." ૨૩:૧૧૬. "તે જ મહાન અર્શનો માલિક (સ્વામી) છે." ૯:૧૨૯. આ હકીકતનો લોકો પણ સ્વીકાર કરે છે. તે અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે, "(અય રસૂલ !) તું પૂછ કે સાતેય આકાશો અને મહાન અર્શનો માલિક (સ્વામી) કોણ છે ?" ૨૩:૮૬

"તેઓ (લોકો) ઝટ કહેશે કે તે તો અલ્લાહનાં જ છે." ૨૩:૮૭

પવિત્ર કુરાનમાં જણાવવામાં આવ્યું છે કે, "વાસ્તવમાં તમારો માલિક (સ્વામી) અલ્લાહ જ છે જેણે આકાશો અને પૃથ્વીને છ દિવસોમાં પેદા કર્યાં અને પછી તે અર્શ ઉપર બિરાજમાન થયો."

તેવા આકાશના અસ્તિત્વનો ઇન્કાર કરનારાઓ ખાસ કરી પૌર-વાત્યવાદી પંડિતોનું કહેવું શું છે ? આવા લોકો આ પ્રકરણમાં વર્ણવેલ અર્શેઈલાહીનો ઇન્કાર કરે એ સાહજિક છે. વૈજ્ઞાનિકો દરેક બાબતમાં સાબિતી માગે છે. "એ ઘટિત નથી." અલ્લાહતાલાને કોઈએ જોયો નથી. છતાં તેના વજૂદનો પુરાવો કોઈ માંગતું નથી. તેના વજૂદની વાત સૃષ્ટિનો સર્જનહાર જાતે જ કરતો હોય ત્યારે તેના વજૂદને ન માનવાનું કોઈ કારણ નથી. પવિત્ર કુરાનમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે નર્યું સત્ય છે. અર્શેઈલાહીનો ઉલ્લેખ તેમાં ઘણી જગ્યાએ થયેલો છે. એટલે તેના અસ્તિત્વ માટે શંકાને કોઈ સ્થાન નથી. ધરમૂળથી જ અર્શના અસ્તિત્વનો ઈન્કાર કરવામાં વૈજ્ઞાનિકોને ઘણી ફાવટ આવે છે. "એક નન્નો સો દુઃખ ટાળે." એ કહેવતનો આશરો લેતા હોય એમ લાગે છે. એ નન્નામાં અર્શેઈલાહીના વિરાટ કદનો, તેની પાસે ફરિશ્તાઓનું

એકત્ર થવાનો અને હારબંધ ગોઠવાઈ જવાનો, તૌબા કે પ્રાયશ્ચિત કરનારાઓ માટે ક્ષમા કે માફી મેળવવા અલ્લાહતઆલાને ભલામણ કરવાનો અને વહીવટી આજ્ઞાઓ મેળવવા વગેરે બાબતોનો આપમેળે ઇન્કાર થાય છે. ટૂંકમાં અર્શેઈલાહી પાસે ફરિશ્તાઓનો દરબાર ભરાય છે એવી અતિ-અગત્યની બાબતનો આપ મેળે ઇન્કાર થાય છે.

૯ : ૧૨૯ ની આયતમાં અર્શે અઝીમ આવે છે. જેથી પુરવાર થાય છે કે તેનું કદ ઘણું વિશાળ અને વિરાટ છે. પવિત્ર કુરાનની ૪૦ : ૭ ની આયતમાં આવે છે કે, "જે ફરિશ્તાઓ અર્શને ઉઠાવી રહ્યા છે તેઓ અને જેઓ તેની આસપાસ હાજર થાય છે તેઓ અલ્લાહની પ્રશંસા કર્યા કરે છે. અને ઈમાનવાળાઓ માટે તેમના ગુનાઓની માફીની ભલામણ કરે છે."

પવિત્ર કુરાનની ૩૨ : ૪ ની આયતમાં આવે છે કે, "પૃથ્વી અને આકાશો સર્જ્યા પછી તે અર્શ ઉપર સત્તારૂઢ થયો." આથી પુરવાર થાય છે કે અર્શે ઈલાહી પાસે ફરિશ્તાઓનો દરબાર ભરાય છે.

આપણે પાછળ જોઈ ગયા કે સૌથી પહેલાં અલ્લાહે રસુલ્લુલાહ (સ. અ. વ.) નું નૂર પેદા કર્યું. પછી અર્શ અને તેના ઊંચકનારા ફરિશ્તાઓ પેદા કર્યા.

આથી કેટલાક લોકો પ્રશ્ન પૂછવા પ્રેરાય છે કે જ્યારે અર્શ સિવાય કશું જ ન હતું, ત્યારે અર્શને ઊંચકનારા ફરિશ્તાઓ પોતાના પગ ક્યાં ટેકવતા હશે ? ખરેખર એક માણસે મને આ પ્રશ્ન પૂછ્યો હતો. અવકાશી વિજ્ઞાન વિકસી રહ્યું છે અને અનેક અવકાશ યાનો ઘૂમી રહ્યાં છે. અવકાશમાં વાતાવરણનું દબાણ નથી. અવકાશયાત્રીઓ અવકાશમાં અદ્ધર રહીને ચાલી કે દોડી શકે છે. તેમને ટેકાની જરૂર રહેતી નથી. આવી જ રીતે અર્શને ઊંચકનારા ફરિશ્તાઓ અવકાશમાં રહેતા હોવાથી પગ ટેકવવાની જરૂર રહેતી નથી.

૭:૫૪ આજ ભાવ દર્શાવતી ૧૦:૩-૧૩:૨ અને ૫૭:૪ની આયતો છે. આ આયતો પરથી એવું જણાય છે કે આકાશો અને પૃથ્વી પેદા કર્યા પછી અલ્લાહ અર્શ ઉપર બેઠો. એથી એવું સમજવાનું નથી કે અલ્લાહ અર્શ ઉપર બેસી રહે છે. તે તો સર્વ-વ્યાપક છે. તે તો આદિ-અનાદિ છે. તમે પ્રશ્ન કરશો કે અર્શને બનાવવામાં આવ્યું ન હતું ત્યારે તે ક્યાં હશે ? તેને કોઈ જગાની જરૂર પડતી નથી. જેમ હવા અને પ્રકાશને કોઈ સ્થળ કે

જગાની જરૂર હોતી નથી, તેમ અલ્લાહને કોઈ સ્થળ કે જગાની જરૂર હોતી નથી. ત્યારે અલ્લાહ અર્શ ઉપર બિરાજમાન થયો, આરૂઢ થયો તેથી શું સમજવું ઘટે?

સકળ વિશ્વનો વહીવટ તે પોતાના ફરિશ્તાઓ મારફત ચલાવે છે. દરરોજ તેના હુકમો મેળવવા માટે તેમને અલ્લાહ સમક્ષ હાજર થવું પડે છે એટલે અલ્લાહના હુકમો મેળવવા કોઈક સ્થળે તેમને આવવું પડે. આ સ્થળ તે જ અર્શ: એટલે જ અર્શ કેન્દ્ર સમાન છે. ત્યાંથી ફરિશ્તાઓને સીધા કે અથવા બીજા ફરિશ્તાઓ દ્વારા તે હુકમો આપે છે અને ફરિશ્તાઓ ત્યાં આવી પોતે શું કરી આવ્યા તેનું વર્ણન કરે છે. અર્શની આજુબાજુ ઘણા ફરિશ્તાઓ ખડે પગે ઊભા રહેતા હોય છે. તે સંબંધમાં પવિત્ર કુરાનમાં ઉલ્લેખ થયેલો છે: "(હે રસૂલ!) તું જોઈશ કે ફરિશ્તાઓ અર્શને (ચોતરફ) ઘેરી વળેલા હશે અને પોતાના માલિકની સ્તુતિમાં તસબી (જપમાળા) જપતા હશે." ૩૯:૭૫.

વળી કહેવામાં આવ્યું છે કે, "જેઓ (ફરિશ્તાઓ) અર્શને ઊંચકી રહ્યા છે તથા જેઓ તેની આસપાસ છે, તેઓ સૌ પોતાના માલિક (સ્વામી)ની સ્તુતિ કર્યા કરે છે તથા તેના ઉપર ઈમાન (આસ્થા) રાખે છે. વળી જે લોકો ઈમાન લાવ્યા છે તેમના માટે એવું કહેતાં કહેતાં અલ્લાહ પાસે ક્ષમા ચાહે છે કે, 'હે અમારા પરવરદિગાર! તારી કૃપા તથા તારું જ્ઞાન દરેક વસ્તુ પર વ્યાપી રહ્યું છે, માટે જે લોકો પ્રાયશ્ચિત કરે અને તારા માર્ગ ઉપર ચાલે તેમને તું માફ કર તથા તેમને દોજખની શિક્ષાથી બચાવી લે." ૪૦:૭.

આથી સાબિત થાય છે કે કેટલાયે ફરિશ્તાઓ હુકમો મેળવવા, પોતાના અહેવાલો રજૂ કરવા અને માફીની ભલામણ કરવા મહાન અર્શની આજુબાજુ કાયમ રહે છે. આમ છતાં અલ્લાહ તો સર્વવ્યાપક છે. "તે તો તમારા ગળાની ધોરી નસ કરતાં પણ તમારી વધુ નજીક છે." ૫૦:૧૬. એટલે વિશ્વની દરેક વસ્તુનું તેને જ્ઞાન છે. અર્શ ઉપર બિરાજમાન થવાની હકીકતને સંપૂર્ણ રીતે સમજવી આપણા માટે ખૂબ જ મુશ્કેલ છે. આ અર્શને પોતાના મહા-વિશાળ રાજ્યનું કેન્દ્ર બનાવ્યું હોય એ સંભવિત છે અને ત્યાંથી અલ્લાહ સકળ વિશ્વ ઉપર પોતાની શક્તિ અને સત્તા ચલાવતો હોય. અર્શ એટલે વિશ્વ રાજસત્તા અને શાસનનું પ્રતીક પણ હોય.

★

## પ્રકરણ ૪ થું

# લોહે મહફૂઝ

લોહ એટલે લખવાની પાટી. આથી લોહે મહફૂઝ એટલે લખવા માટેની સુરક્ષિત પાટી એવો અર્થ નીકળે. વાસ્તવમાં લોહે મહફૂઝ શું છે તેનું જ્ઞાન તો કેવળ અલ્લાહને જ છે. આવી પરોક્ષ કે અદૃશ્ય વસ્તુનું જ્ઞાન આપણને સંપૂર્ણ રીતે મળી શકતું નથી. પવિત્ર કુરાનમાં "લોહે મહફૂઝ" શબ્દ એક જ વાર ૮૫:૨૨ની આયતમાં વપરાયેલો છે. બીજી આયતોમાં કિતાબ શબ્દ વપરાયો છે, જેમકે, "અમારી પાસે એક સુરક્ષિત કિતાબ છે." ૫૦:૪ "અને અમે દરેક વસ્તુ કિતાબમાં નોંધી રાખી છે." ૭૮:૨૯. આથી સમજી શકાશે કે સુરક્ષિત પાટી કે સુરક્ષિત કિતાબ બંને એક જ છે. બંને જુદી જુદી વસ્તુઓ નથી અને એ એવી રક્ષિત કિતાબ કે પાટી છે કે માનવો કે શયતાનો તેના લખવા-લખાવવામાં કે લખાયા પછીનાં લખાણોમા સહેજ પણ ફેરફાર કરાવી શકતા નથી.

પવિત્ર કુરાનમાં નીચેની આયતોમાં લોહ કે કિતાબ સંબંધીનો ઉલ્લેખ થયેલો છે.

૬:૩૮–૭:૩૭–૧૭:૫૮–૧૮:૪૯–૩૬:૧૨

૩૯ : ૬૯ — ૪૫ . ૨૯ — ૫૦ : ૪ — ૫૬ : ૭૮ — ૫૭ : ૨૨ — ૭૮ : ૨૯
૮૦ : ૧૩ — ૮૩ : ૭૮ — ૮૩ : ૧૮-૧૯ — ૮૫ : ૨૨

સારી શાહી વડે, સારા ઊંચા પ્રકારના કાગળ ઉપર લખેલું લખાણ કેટલાંયે વરસો સુધી જેવું ને તેવું રહે છે. દા. ત. ઇંગ્લંડના લોકોએ ત્યાંના રાજા જહોન પાસેથી ઈ. સ. ૧૨૧૫માં મેળવેલ હકોનું ખતપત્ર મેગ્નાકાર્ટા આજે પણ જેવું ને તેવું જ છે. સારી જાતનો હાથ બનાવટનો કાગળ વપરાયો હતો. એ તો તમારો પણ જાત અનુભવ છે કે ન્યૂઝ-પ્રિન્ટના કાગળ બહુ જલદી ખરાબ થઈ જાય છે. તેને આપણે પડીકાં બાંધવામાં વાપરીએ છીએ. આથી ઊલટું વેચાણ ખત માટે વપરાતા દસ્તાવેજ કરવાના કાગળો લાંબી મુદ્દત ટકી રહે છે. એથી પણ વધારે સમય જાળવી રાખવાનાં લખાણો તાંબાના પતરાંઓ ઉપર કે પથ્થરો ઉપર કોતરવામાં આવેલાં હોય છે. દા. ત. પુરાતન કાળમાં રાજાઓએ આપેલાં દાનપત્રોનાં લખાણો તામ્રપત્રો પર કોતરેલાં આજે પણ જોવા મળે છે. લોકોનો

બૌદ્ધ ધર્મનો ઉપદેશ મળતો રહે તે માટેનાં લખાણો મહાન અશોકે પથ્થરો પર કોતરાવ્યાં હતાં. તેનાં લખાણો આજે પણ મોજૂદ છે અને અશોકના શિલાલેખોના નામે ઓળખાય છે. એવો એક શિલાલેખ જુનાગઢ પાસે ગિરનારના પહાડની તળેટીમાં તમને જોવા મળશે. આજે પણ લોકો પોતાના બંગલાઓનાં નામ આરસની તખ્તીઓ પર કોતરાવે છે.

લોહ અથવા પાટી કિંવા આ કિતાબ સુરક્ષિત છે એટલે સ્પષ્ટ થાય છે કે તેના ઉપરનું લખાણ હંમેશના માટે જેવું ને તેવું રહે છે; આ લખાણ કદી બગડતું નથી કે કદી ભૂંસાઈ જતું નથી. વળી તે ઝાંખું પણ પડતું નથી, તો પછી તે નષ્ટ તો થાય જ કયાંથી? આથી આપણે સમજી શકીએ કે જે વસ્તુ પર આ લોહે મહફૂઝનું લખાણ કરવામાં આવતું હોય તે વસ્તુ એવી હોવી જોઈએ કે તે કદી પણ ભાંગે તૂટે નહીં, બલકે હજારો લાખો વરસ સુધી પોતાની અસલ સ્થિતિમાં રહે.

અલ્લાહ તઆલા પવિત્ર કુરાનની ૭:૩૭ની આયતમાં ફરમાવે છે કે, "જે કોઈ અલ્લાહ ઉપર જૂઠું આળ મૂકે છે અથવા જે કોઈ તેની નિશાનીઓને ખોટી ઠેરવે છે તેનાથી વધુ જુલમગાર અર્થાત પાપી બીજો કોણ હોઈ શકે? તેવા લોકોને પણ કિતાબ (લો.હે મહફૂઝ)માં લખેલો તેમનો હિસ્સો ત્યાં સુધી મળશે કે જયારે અમારા મોકલેલા ફરિશ્તાઓ તેમના પ્રાણ હરી લેવા આવશે." આ આયતના જેવું જ કથન ૫૭:૨૨ની આયતમાં પણ છે. "કોઈ પણ મુસીબત કે આપત્તિ ધરતી પર કે તમારી ઉપર આવી પડે તે એક કિતાબમાં તેને પેદા કરતાં પહેલાં લખાયેલી હોય છે". આ આયતોથી સ્પષ્ટ થાય છે કે ભલેને કોઈ નાસ્તિક હોય કે મુશ્રિક (બહુદેવવાદી) હોય, પરંતુ લોહે મહફૂઝમાં તેના ભાગ્યમાં જે પહેલેથી લખાયેલું હોય તેવું તેના માટે તેના મરણ સુધી થયા કરે છે. આપણું દુઃખ લોહે મહફૂઝ પર પહેલેથી લખાયેલું હોય તો જ આવી પડે છે.

આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે લોહે મહફૂઝ પર દરેકનું ભાગ્ય કયારે લખાતું હશે? આ અંગે એવું કહેવામાં આવે છે કે આકાશ અને પૃથ્વીનું સર્જન થયું તેના ૫૦ હજાર વરસ પહેલાં અને જયારે મહાન અર્શ પાણી ઉપર હતું ત્યારે દરેકનું ભાગ્ય લોહે મહફૂઝમાં લખાઈ ગયું હતું[1]. આ આયતો પરથી એટલું તો સાબિત થાય છે કે દરેકનું ભાગ્ય પહેલેથી

* ૧. ઇબ્ને કસીર ૫૭:૨૨ની તથા ૭:૧૭૯ આયતની તફસીર જુઓ.

લખાઈ જાય છે. પરંતુ ક્યારથી ? તેનો જવાબ ઉપરના કથનથી મળે છે. એમાંથી બીજો અર્થ એ નીકળે છે કે આકાશ અને પૃથ્વીના સર્જન પહેલાં ૫૦ હજાર વરસ પૂર્વે લોહે મહફૂઝ બનાવવામાં આવ્યું હશે, અને જ્યારે તે બન્યું ત્યારે જ તેના ઉપર દરેકનું ભાગ્ય લખાઈ ગયું હશે.

લોહે મહફૂઝ પર એકલું ભવિષ્ય લખાયું નથી, તેના ઉપર વર્તમાન પણ લખાય છે. ૧૮:૪૯ ની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "અને (કરણીના લેખની) કિતાબ (કયામતના દિવસે) સામે મૂકવામાં આવશે તે વેળા (હે રસૂલ) તું પાપીઓને એવી પરિસ્થિતિમાં જોઈશ કે કિતાબમાં જે કંઈ લખેલું હશે તેનાથી તેઓ ખૂબ જ ડરતા હશે અને કહેતા હશે કે: આ તો કેવી કિતાબ છે કે જેમાં કોઈ પણ નાની કે મોટી બાબત છોડી દેવામાં આવી નથી. કોઈ બીના એવી નથી જેને લખી લેવામાં આવી ન હોય." વળી ૬:૩૮ની આયતમાં પણ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, "અમે આ કિતાબમાં કોઈ પણ બાબત પડતી મૂકી નથી." આ આયતોથી સાબિત થાય છે કે આપણે જે કોઈ કૃત્ય, સારું કે નઠારું કરીએ છીએ તેની નોંધ આ કિતાબમાં કરી લેવામાં આવે છે, અને કયામતના દિવસે એ નોંધ આપણને આપવામાં આવશે. એથી આપણાં કૃત્યોના બે લેખિત પુરાવા મળે છે. એક પહેલેથી તમે શું કરવાના છો અને બીજો પુરાવો તમે શું કર્યું. જગતમાં જે કંઈ થવાનું છે, જે કંઈ થાય છે અને જે કંઈ થયું તે બધું લોહે મહફૂઝમાં લખેલું છે. આનું સમર્થન ઝબૂરમાં પણ કરેલું છે.[૨]

આ આયતો ઉપરથી એવું સ્પષ્ટ અને ચોક્કસ થાય છે કે સકળ સૃષ્ટિની સજીવ કે નિર્જીવ કોઈ પણ વસ્તુ એવી નથી કે તે શું કામ કરશે, કયા ખપમાં આવશે, કોના ખપમાં આવશે, તેનો સદુપયોગ થશે કે દુરુપયોગ થશે અથવા સજીવ વસ્તુના ભાગ્યમાં શું થવાનું છે તેની નોંધ તથા આ દુનિયામાં જન્મ લઈ અથવા અસ્તિત્વમાં આવ્યા પછી તેણે કયાં કયાં કામો કર્યાં અને તેવાં કામો કરવા પાછળ તેનો ઉદ્દેશ શું હતો તેની નોંધ લોહે મહફૂઝ પર કરવામાં આવી ન હોય તેના ભાગ્યની અને તેણે કરેલાં કાર્યોની નોંધ આ કિતાબ અથવા લોહે મહફૂઝમાં હોય છે. દરેકના ભાગ્યની નોંધ લોહે મહફૂઝનું સર્જન થયું ત્યારથી થયેલી છે. પહેલાં કહે-

---

* ૨. તું મારી રખડામણો ગણે છે:
મારાં આંસુઓ તારી કુપ્પીમાં રાખ:
શું તેઓ તારા પુસ્તકમાં નોંધેલાં નથી ? ઝબૂર-ગીત : ૫૬:૮

વાઈ ગયું છે તેમ ભાગ્યની નોંધ આકાશો અને પૃથ્વી બનાવવામાં આવ્યાં તે પહેલાં પચાસ હજાર વરસ પૂર્વે થયેલી છે. બીજી નોંધ અર્થાત્ આપણાં કરેલાં કૃત્યોની નોંધ રોજબરોજ થતી રહે છે. અલ્લાહે પ્રત્યેક વ્યક્તિના રક્ષણ માટે રક્ષકો અને તેનાં કૃત્યો લખવા માટે "કિરામીન અને કાતિમીન" નામના બે પ્રતિષ્ઠિત, પ્રમાણિક ફરિશ્તાઓ નિર્માણ કરી રાખ્યા છે.[૩] આ બે ફરિશ્તાઓ તમારાં કૃત્યોને પ્રમાણિકપણે, લેશ પણ વધઘટ કર્યા વિના લખતા રહે છે. તમારું કોઈ પણ કાર્ય તેમનાથી ગુપ્ત રહી શકતું નથી. આ બંને તમારા માટે ખુદાઈ રીપોર્ટરો છે; અર્થાત્ અલ્લાહના પ્રતિનિધિઓ છે. પ્રેસ-પ્રતિનિધિઓથી તમે ધારો તે બાબતો યુક્તિ-પ્રયુક્તિથી છૂપાવી શકો છો, પણ આ બે પ્રતિનિધિઓથી કંઈ પણ ગુપ્ત રાખી શકતા નથી. તેઓ હરહંમેશ તમારી સાથે રહે છે એટલે તમારી દરેક વાત સારી રીતે જાણી લે છે અને લખી લે છે. વળી અલ્લાહ સર્વવ્યાપક છે એટલે તે પણ આપણી પ્રત્યેક વાત જાણતો હોય છે. કોઈએ સાચું કહ્યું છે કે :

ભોંયમાં પેસી ભોંયરે કરીએ છાની વાત,
જગથી છાનું નવ રહે જાણે જગનો તાત.

દરરોજનું લખાણ દરરોજ અલ્લાહ પાસે રજૂ થાય છે એટલે પણ તેઓ બરાબર લખતા રહે છે. આપણાં કરેલાં કૃત્યોની નોંધોને 'આમાલ નામું' (કર્મપત્ર) કહેવામાં આવે છે. આપણા મૃત્યુ પછી કયામતના દિવસ સુધી આ કર્મપત્ર જાળવી રાખવાનું હોવાથી તેને લોહે મહફૂઝમાં રાખવામાં આવે છે; એટલે જ આ લોહ અર્થાત્ પાટી અથવા આ કિતાબનાં પાનાં એવાં હોવાં જોઈએ કે તેના ઉપરનાં લખાણો અથવા ત્યાં મૂકેલાં પાનાંઓની ફાઈલો સદાને માટે જળવાઈ રહે અને આ લોહે મહફૂઝ એટલું વિરાટ હોવું જોઈએ કે તેમાં દરેકની પહેલાંની નોંધ થઈ શકે અથવા કિરામીન-કાતિબીન ફરિશ્તાઓએ દરેકનાં કૃત્યોની કરેલી નોંધોનાં પાનાંઓની ફાઈલો રહી શકે. ટૂંકમાં તે અતિ-વિશાળ અને સદા ટકી રહે એવી વસ્તુની બનેલી હોવી જોઈએ.

એ તો તમે જાણી ગયા છો કે કોઈ પણ વસ્તુને પેદા કરવા માટે અલ્લાહને આપણી માફક મહેનત કરવી પડતી નથી. અલ્લાહ તો એટલું જ ફરમાવે છે કે, "થઈ જા અને થઈ જાય છે." મહાન અર્શને પેદા કર્યા પછી તેણે આ રીતે અર્શની નીચે એક વિશાળ લીલમ પેદા કર્યું. પછી

---

* ૩. જુઓ ૮૨ : ૧૦-૧૧ની આયતો.

તેને ફરમાવ્યું; 'લોહ બની જા' એટલે પેલું લીલમ લોહ અથવા પાટી જેવું સપાટ બની ગયું. આ લોહ કે પાટી મોતીની જેમ ચકચકિત અને સફેદ છે અર્થાત્ લોહે મહફૂઝ સફેદ મોતીમાંથી બનેલું છે.[૪] લોહની ચારે કોરો ઉપર લાલ લાલ યાકૂતો છે. આ લાલ લાલ યાકૂતોની વચમાં મોતીઓની સફેદ પટીઓ જડીને સુશોભિત બનાવવામાં આવેલું છે. આ લોહની લંબાઈ ૭૦૦ વરસની અને પહોળાઈ ૩૦૦ વરસની છે.[૫] માણસની ચાલવાની ગતિ એક દિવસની અર્થાત્ ૨૪ કલાકના દિવસની ૧૦૦ માઈલ ગણીએ તો લોહે મહફૂઝની લંબાઈ લગભગ ૨૫૦૦ લાખ માઈલની અને પહોળાઈ ૧૧૦૦ લાખ માઈલની થાય. નીચેની આયતો ઉપરથી તેની વિશાળતાનો ખ્યાલ આવશે. "નિઃસંશય, પાપીઓનાં આમાલનામાં (કર્મપત્રો) સિજ્જીનમાં રહેશે." ૮૩ : ૭ સિજ્જીન જગા સાતમી પૃથ્વીના કેન્દ્ર (અર્થાત્ પાતાળ)માં છે.[૬] જ્યારે "સદાચારીઓનાં આમાલનામાં (કર્મ-પત્રો) ઈલ્લીયીનમાં રહેશે." ૮૩ : ૧૮ ઈલ્લીયીનની જગા સાતમા આકાશમાં છે.[૭] આ આયતોથી ચોખવટ થાય છે કે લોહે મહફૂઝ સાતમા આકાશથી સાતમી પૃથ્વીના પાતાળ સુધી વિસ્તૃત થયેલું છે : અર્થાત્ તેની લંબાઈ આપણા આકાશથી પાતાળ કરતાં પણ સાત ગણી મોટી છે. તેની પહોળાઈ પૂર્વથી પશ્ચિમ જેટલી છે. આકાશની પૂર્વ–પશ્ચિમની હદોની વિશાળતાનો ખ્યાલ જ આપણી કલ્પનામાં આવી શકતો નથી. વળી એમ પણ કહેવામાં આવે છે કે લોહે મહફૂઝ અલ્લાહના મહાન અર્શની જમણી બાજુએ લટકાવેલું છે અને તેની નીચેની કોર એક પ્રમાણિક ફરિસ્તાના ખોળામાં મુકવામાં આવેલ છે.[૮]

જ્યારે લોહે મહફૂઝ તૈયાર થયું ત્યારે અલ્લાહ તઆલાએ કલમને આદેશ આપ્યો કે, "અય કલમ! આરંભથી અંત સુધી અર્થાત્ કયામત સુધી સઘળા જીવાત્માઓ તથા સઘળી વસ્તુઓ અંગેની ભવિષ્યવાણી અંગેના મારા હુકમો તું આ લોહે મહફૂઝ પર લખ." કહેવામાં આવે છે કે સૌથી પહેલું નીચે પ્રમાણેનું લખાણ હતું :

---

* ૪. ઈબ્ને કસીર ૫૫ : ૨૯ ની તફસીર જુઓ.
૫. કસસુલ અંબિયા–ઉર્દૂ પૃ. ૬
૬. ઈબ્ને કસીર ૮૩ : ૭ની આયતની તફસીર જુઓ.
૭. „ „ ૮૩ : ૧૮ „ „ „
૮. „ „ ૮૩ : ૨૨ „ „ „

પરમ કૃપાળુ અને મહાદયાળુ અલ્લાહના નામથી શરૂ કરું છું :

"અલ્લાહ સિવાય બીજો કોઈ પણ પૂજ્ય નથી. તેનો ધર્મ ઈસ્લામ છે. મુહમ્મદ તેનો બંદો અને તેનો રસૂલ છે. જે કોઈ અલ્લાહ પર ઈમાન લાવશે, તેનાં વચનો કે વાયદાઓને સાચા ગણશે તથા તેના રસૂલો (પયગંબરો)ની તાબેદારી કરશે, તેમને સૃષ્ટિનો સર્જનહાર સ્વર્ગમાં પ્રવેશ આપશે."[૯]

કેટલાક ઉલેમાઓનું કહેવું છે કે લોહે મહફૂઝ પરનું આરંભનું લખાણ આ પ્રમાણેનું છે :

પરમ કૃપાળુ અને મહાદયાળુ અલ્લાહના નામથી શરૂ કરું છું :—

"હું અલ્લાહ સૌનો સ્વામી છું : મારા સિવાય બીજો કોઈ ઈબાદત કે ઉપાસના કરવા લાયક નથી. જે કોઈ મારી ઈચ્છાને આધીન રહેશે, મારાં દીધેલાં દુઃખોને ધીરજપૂર્વક સહન કરશે અને તેને આપેલી મારી ન્યામતો માટે મારો આભાર માનશે તેને હું સત્યનિષ્ઠ ગણીશ : પરંતુ જે મારી ઈચ્છાની અવગણના કરશે, મારાં દીધેલાં દુઃખો માટે સહનશીલ નથી અને મારી બક્ષેલી ન્યામતો માટે કૃતજ્ઞી નથી, તેના માટે તો એ બાબત જ યોગ્ય છે કે તેણે મારા સિવાય બીજા કોઈ માલિક (સ્વામી)ને સ્વીકારી લેવો જોઈએ અને તેણે મારી છત્રછાયામાંથી, મારા રાજ્યમાંથી નીકળી જવું જોઈએ."[૧૦]

લોહે મહફૂઝનો ઉચ્ચ પ્રકારનો થતો ઉપયોગ જોઈ તથા કયામત સુધી તેની માનપૂર્વક જાળવણી થવાની છે એવું જાણી તે મનમાં ને મનમાં ફુલાવા લાગ્યું. તે કહેવા લાગ્યું, "મારા સમું બીજું કોણ માનવંત હશે? અહોહો! હું કેટલું ભાગ્યશાળી કે મારા ઉપર અલ્લાહનું જ્ઞાન લખવાનું હતું."[૧૧] અલ્લાહને એક તણખલા જેટલું પણ અભિમાન ગમતું નથી. અલ્લાહે તરત જ તેને સંભળાવી દીધું કે, 'હું જેને ચાહું તેને મોટાવી દઉં છું અને ચાહું છું તેને સાબદું રાખું છું. જરા અર્શ સામું નજર કર. મારા નામ સાથે કોનું નામ જોડાયેલું છે? જો હું તેના નૂરને પેદા ન કરત તો આ સકળ વિશ્વને પેદા ન કરત. તો પછી તને શા માટે બનાવ્યું હોત?" લોહે મહફૂઝને પોતાની ભૂલ સમજાઈ અને ક્ષમા માગી એટલે તેના પર લખવાનું ચાલુ રહ્યું.

---

* ૯. તફસીરે અઝીઝી ૮૫ : ૨૨ ની આયતની તફસીર પૃ. ૧૯૨
૧૦. કસસુલ અંબિયા (ઉર્દૂ) પૃ. ૬
૧૧. કસસુલ અંબિયા (ઉર્દૂ) પૃ.

દર ગુરુવારે સઘળી બાબતો લોહે મહફૂઝ પર લખવામાં આવે છે અથવા કિરામીન-કાતિબીન ફરિશ્તાઓએ લખેલાં કર્મપત્રો ને લોહે મહેફૂઝમાં ફાઈલે કરવામાં આવે છે. આ પાનાં દફતરે થતાં પહેલાં, પેલા ફરિશ્તાઓએ લખેલ બાબતોમાંથી એવી બાબતો હોય કે જે માટે કોઈ પ્રકારની શિક્ષા કરવાની ન હોય અથવા જે માટે કોઈ પ્રકારનો બદલો આપવાનો ન હોય, તેવી બાબત કાઢી નાંખવામાં આવે છે. દા.ત., આ સમયે જમ્યો, રાત્રે આરામ કરવા સૂઈ ગયો, કામ માટે દોડ્યો વગેરે : કેવળ ગુનાહિત કૃત્યો અથવા પુણ્ય કામોની જ નોંધ રાખવામાં આવે છે. કહેવામાં આવે છે કે અલ્લાહ દરરોજ લોહે મહફૂઝને ૩૬૦ વાર જુએ છે.[૧૨] આ લોહે મહફૂઝ મહાન ફરિશ્તાઓમાંના એક ઈસરાફીલ અલૈ.ની આંખો સામે જ રહે છે, પરંતુ અલ્લાહની આજ્ઞા વિના તેના તરફ આંખ ઉઠાવી જોતા નથી. ત્રણ પહોરની રાત બાકી હોય ત્યારે અલ્લાહની નજર તેના ઉપર પડે છે તે વેળા તે જેને ચાહે છે તેને જેવું ને તેવું રહેવા દે છે અને જેને ચાહે છે તેને મીટાવી દે છે. સુખ-દુઃખમાં, રોજી-રોટીમાં, આયુષ્ય-તંદુરસ્તી ઇત્યાદિ બાબતોમાં અલ્લાહ પોતાની મરજી મુજબનો ફેરફાર કરે છે.[૧૩] દરેક જીવાત્મા માટે તેણે નક્કી કરેલો અંદાજ હોય છે અર્થાત્ ફલાણો ઈસમ આટલા અંદાજને લાયક છે. તેમાં તે ફેરફાર કરતો નથી. દા. ત., એક ઈસમ વરસમાં ૫૦૦૦ રૂપિયાને યોગ્ય છે, તો તેને દરેક માસમાં સરખા ભાગે વહેંચી ન પણ આપે, કોઈ માસમાં વધુ તો કોઈ માસમાં ઓછા મળે તેવો પ્રબંધ કરે છે. મૂળ રકમમાં ફેરફાર કરતો નથી. આથી કહેવામાં આવ્યું છે કે, "અલ્લાહ જેને ચાહે છે તેને મીટાવી દે છે અને જેને ચાહે છે તેને કાયમ રાખે છે, અને તેની પાસે જ મૂળ કિતાબ (લોહે મહફૂઝ) છે." ૧૩:૩૯. આ કારણે આપણે સદીક બિન સલમા રદી.ની માગેલી દુઆ માગીએ કે, "યા અલ્લાહ! જો તેં મારી ગણતરી સદાચારીઓ-નેક લોકોમાં કરી હોય તો તે કાયમ રાખ અને જો પાપાચારીઓમાં મારી ગણતરી કરી હોય તો તેને તું મીટાવી દે." અથવા હજરત ઉમર રદી કાબા શરીફના તવાફ કરતી વેળા અશ્રુભીની આંખે દુઆ માંગતા હતા તે દુઆ માગીએ :

---

* ૧૨. ઇબ્ને કસીર ૮૫:૨૨મી આયતની તફસીર

૧૩. ,, ,, ૧૩:૩૯ ,, ,,

"અય અલ્લાહ ! જો તેં મારા માટે ખોટાં કામો અને પાપો નિર્માણ કર્યાં હોય તો લોહે મહફૂઝનું તે લખાણ મીટાવી દે."

સઘળાં આકાશી પુસ્તકો–સહીફાઓ, ઝબૂર, તૌરાત, ઇન્જિલ વગેરેને પૃથ્વી ઉપર ઉતારવામાં આવ્યાં તે પહેલાં તે બધાં લોહે મહફૂઝ પર લખાયેલાં હતાં. કહેવામાં આવે છે કે આદમ અલૈ.ના જન્મ પહેલાં ૪૦ વરસ પૂર્વે તૌરાત લોહે મહફૂઝ પર લખાયેલી હતી. આ સઘળાં આકાશી પુસ્તકો આજે પણ તેમની મૂળ સ્થિતિમાં ત્યાં મોજૂદ છે. પવિત્ર કુરાન તો ત્યાં લખાયેલું છે, તેનો પુરાવો કુરાન પોતે અર્થાત્ અલ્લાહ જાતે ૮૦:૧૩થી ૧૬ ની આયતોમાં આપે છે. "તે (અર્થાત્ કુરાન) તેનાં (અર્થાત્ લોહે મહફૂઝ) નાં માનવતા પૃષ્ઠોમાં (લખાયેલું) છે અને આ પૃષ્ઠો ઘણા ઉચ્ચ સ્થાને મૂકવામાં આવેલાં છે અને પાક–પવિત્ર છે. તે પૃષ્ઠો એવાઓના હાથે લખાયેલાં છે કે જેઓ સન્માનને પાત્ર છે અને સદાચારી પણ છે." આથી સાબિત થાય છે કે લોહે મહફૂઝના લહિયાઓ અને તે લખાણોને જાળવી રાખનારાઓ ઘણા જ પાક–પવિત્ર, પ્રમાણિક અને સદાચારી ફરિશ્તાઓ છે. તેઓ એ પૃષ્ઠોનાં લખાણોને ભારે કાળજીપૂર્વક જાળવી રાખે છે. કેટલાક ભાષ્યકારોનું કહેવું છે કે આ લોહ લીલમનું બનેલું છે; જ્યારે ૮૫:૨૨ ની આયતની તફસીરમાં ઇબ્ને કસીર તથા તફસીરે અઝીઝીના કર્તા શાહ અબ્દુલઅઝીઝ દહેલવી સાહેબનું કહેવું છે કે તે સફેદ મોતીમાંથી બનેલ છે. આમ સફેદ મોતીમાંથી બનેલા સફેદ કાગળનું બનેલું હશે એટલે તેના ઉપરનું લખાણ બહુ જ ચોખ્ખું અને સદા જળવાઈ રહે તેવું છે અથવા તેની ફાઈલો પણ સદા કાયમ રહે તેવી છે.

આમ આ લોહે મહફૂઝ અથવા કિરામીન–કાતિબીન લખે છે તે પૃષ્ઠો મોતી જેવાં સફેદ છે. તે કાયમ ટકી શકે તેવાં છે. તેની વિશાળતા પણ એટલી વિરાટ છે કે તેમાં સૃષ્ટિની પ્રત્યેક સજીવ કે નિર્જીવ વસ્તુની નાની–મોટી વિગત પહેલેથી લખાયેલી છે અને વર્તમાન વિગતો પણ લખાતી રહે છે.

✶

પ્રકરણ ૫ મુ

# આકાશ અને પૃથ્વીની ઉત્પત્તિ

પવિત્ર કુરાનમાં તો ઘણી જગાએ આકાશ અને પૃથ્વીનો ઉલ્લેખ થયેલો છે, અને દરેક વેળા તેમના વિશે કંઈકને કંઈક કહેવામાં આવ્યું છે. તેમને કેટલા દિવસમાં પેદા કર્યાં તે અંગેની હકીકત નીચેની આયતોમાં છે : ૭:૫૪-૧૦:૩-૧૧:૭—૨૫:૫૯—૪૧:૯—૪૧:૧૧—૫૦:૩૮-૫૭:૪

સાત આકાશો અને સાત ધરતીઓ બનાવવામાં આવી છે તે બાબત નીચેની આયતોમાં જોવા મળશે :

૨:૨૯—૧૭:૪૪—૨૩:૧૭—૨૩:૮૬—૪૧:૧૨—૬૫:૧૨—૭૮:૧૨

શા માટે પેદા કર્યાં ? તે સંબંધી નીચેની આયતો જુઓ :

૬:૭૩-૧૫:૮૫-૧૬:૩—૧૭:૪૪—૩૯:૫—૪૪:૩૮-૩૯

આકાશો એકની ઉપર એક આવેલાં છે. જુઓ નીચેની આયતો :

૬૭:૩—૭૧:૧૫

પૃથ્વીને પેદા કર્યા પછી તેને ફેલાવી તે માટે નીચેની આયતો જુઓ :

૧૩:૩—૫૦:૭—૫૧:૪૮—૭૯:૩૦—૮૮:૨૦

કયામત સમયે તેમનું શું થશે ? એ અંગે નીચેની આયતોમાં વર્ણન આવે છે:

૨૧:૧૦૪—૫૨:૯—૫૫:૩૭—૬૯:૧૬—૭૦:૮—૭૭:૯—૮૧:૧૧—૮૨:૧

૮૪:૩—૮૬:૧

આ વિગતો ઉપરાંત આકાશો ઘણાં ઊંચાં છે, છત સમાન છે અને તેમાં સૂર્ય, ચંદ્ર, તારાઓ વગેરે મૂકવામાં આવેલા છે વગેરે બાબતો નીચેની આયતોમાં છે.

ઊંચાઈ માટે: ૧૩:૨—૮૮:૧૮

નક્ષત્રો માટે : ૧૪:૩૩—૧૫:૧૬—૨૧:૩૩—૨૫:૬૧ ૬૭:૫—૭૮:૧૩

છત સમાન છે તે માટે : ૧૫:૧૪—૨૧:૩૨—૨૧:૩૦

આ ઉપરાંત ૨:૧૧૭-૧૪:૩૨-૩૧:૧૦-૪૦:૭-૪૬:૩૩-૫૦:૬ ઇત્યાદિ આયતોમાં પણ ઉલ્લેખ થયેલો છે.

એ તો આપણે જોઈ ગયા કે સૃષ્ટિની ઉત્પત્તિનાં મંડાણ આપ સલ્લ. નું નૂર પેદા કરવામાં આવ્યું ત્યારથી મંડાયાં. એક વેળા આપ સલ્લ.ને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, સૃષ્ટિની ઉત્પત્તિની શરૂઆત પહેલાં પરવરદિગાર ક્યાં હતો ?

આપ સલ્લ.મે જવાબ આપ્યો, "અમામાં" આપ સલ્લ.ના નૂરને પેદા કર્યા પછી અમાની નીચે હવા પેદા કરવામાં આવી, અર્થાત્ અલ્લાહનું પોતાનું નૂર તો હતું જ તેમાંથી આપ સલ્લ.નું નૂર જુદું પાડયું. ત્યાર પછી હવાને પેદા કરવામાં આવી.

અબ્બાસ રદી.થી રિવાયત છે કે પાણી હવાની પીઠ ઉપર હતું[1] અર્થાત્ હવાની ઉપર પાણી પેદા કરવામાં આવ્યું હશે. પવિત્ર કુરાનની ૧૧ : ૭ની આયતમાં એવો નિર્દેશ થયેલો છે કે અલ્લાહનું મહાન અર્શ "પાણી ઉપર હતું." ઉપરોક્ત બાબતો જોતાં એમ માનવાને કારણ મળે છે કે મહાન અર્શ પહેલાં પાણી હતું અને પાણી પહેલાં હવા હતી, એટલે એવું કહી શકાય કે હવા અને પાણીને પેદા કર્યા પછી અલ્લાહે અર્શને પેદા કર્યું હશે અને અર્શ પછી અથવા સાથોસાથ કલમ અર્થાત્ લેખણીને પેદા કરવામાં આવી હશે. એ તો ઉઘાડું સત્ય છે કે કોણ કોના પહેલાં અથવા પછી પેદા થયું તેની અગત્યતા નથી; કેવી રીતે અને કોણે પેદા કર્યાં તેની અગત્યતા છે. સૌનો સર્જનહાર અલ્લાહ છે એટલે તે એકલો જ પૂજવા યોગ્ય છે, એ બાબતની અગત્યતા છે.

એમ કહેવામાં આવે છે કે અર્શને બનાવ્યા પછી અલ્લાહે ખુરશી તૈયાર કરી. અર્શની જેમ ખુરશીને પણ પ્રકાશ (નૂરમાંથી બનાવેલી હોવી જોઈએ.) ખુરશી એટલે બેસવા માટેનું એક સાધન એવો અર્થ સામાન્ય રીતે આપણે બધા ઘટાવીએ છીએ. તેવો અર્થ આ ખુરશી માટે થતો નથી. અબ્બાસ રદી. તથા બીજા કેટલાક ઉલેમાઓ આ ખુરશી માટે એવું અર્થ-ઘટન કરે છે કે આ ખુરશી બે પગ મૂકવા માટેની છે.[2] અલ્લાહ તઆલા જાતે પવિત્ર કુરાનની ૨ : ૨૫૫ની આયતમાં ફરમાવે છે કે, "ખુરશી એટલી વિરાટ વિશાળ બની કે તેણે આકાશો અને પૃથ્વીને આવરી લીધાં." અર્થાત્ તેમને પોતાના વિસ્તારમાં સમાવી લીધાં. તેણે આકાશો અને પૃથ્વીને ઘેરી રાખ્યાં છે. ખુરશી અસ્તિત્વમાં આવી ત્યારે આકાશો અને પૃથ્વી ન હતાં. પાછળથી તેમનું સર્જન થયું એટલે તેમનું સર્જન થયું ત્યારથી જ ખુરશીના અંદરના ભાગમાં તે સમાઈ ગયાં અને તેમાં જ તેમને પરિભ્રમણ કરવાનું થયું. તેમનાથી ખુરશીની હદ બહાર જઈ શકાતું નથી. આ ખુરશી આકાશો અને પૃથ્વી ઉપર એક છત સમાન છે. ખુરશી એટલી વિશાળ

---

૧. ઇબ્ને કસીર : ૧૧ : ૭ની તફસીર.

૨. ઇબ્ને કસીર ૨ : ૨૫૫ની તફસીર ઘણા ઉલેમાઓનો આવો મત છે.

અને વિરાટ છે કે જો આકાશ અને પૃથ્વીને સપાટ બનાવી દેવામાં આવે તો પણ બંને ખુરશીના પ્રમાણમાં એક ગોળ પૈડાં જેવાં દેખાય. મહાન અર્શ એવડું વિશાળ કદનું છે કે તેના પ્રમાણમાં ખુરશી મેદાનમાં પડેલા પૈડાં જેવડી લાગે છે. ખુરશીને ચોતરફથી ઘેરી રહેલું અર્શ છે. આ રીતે તો આપણી પૃથ્વી ઉપર સાત આકાશો, તેમની ઉપર ખુરશી અને ખુરશી ઉપર મહાન અર્શ છે. અર્શ સારાયે વિશ્વ ઉપર છે અને વિશ્વને તેણે ઘેરી લીધું છે. અર્શ ગોળાકારમાં નથી, પરંતુ ઘુમટ આકારમાં છે.[3] એટલે તેના પાયા છે અને તેને ફરિશ્તાઓએ ખભાઓ પર ઊંચકી રાખ્યું છે.

એમ કહેવામાં આવે છે કે અલ્લાહે હવાના અવકાશમાં એક વિરાટ વિશાળ ગોળ માણેક ઉત્પન્ન કર્યું. આ માણેકનું કદ ૫૦૦ વરસના માર્ગ જેવડું હતું એટલે તે એક મહાન ગોળો હતું. માણેકના આ ગોળા તરફ અલ્લાહે હૈબતભરી અર્થાત્ ગુસ્સાભરી નજરે જોયું તો તે માણેક પીગળી ગયું અને તેનું પાણી બની ગયું. આ રીતે પાણીની ઉત્પત્તિ થઈ એમ કહેવામાં આવે છે. આપણે વૈજ્ઞાનિક રીતે જાણીએ છીએ કે પાણીમાં હાઈડ્રોજન વાયુનો એક ભાગ અને ઑક્સિજન અર્થાત્ પ્રાણવાયુના બે ભાગ હોય છે. પાણીમાં વીજળી દાખલ કરી પાણીના ભાગ પાડી શકાય છે, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે વાયુઓનાં તત્ત્વો લઈ તેમાંથી પાણી બનાવી શકયા નથી. આજે પાણીનું ઘનાકાર (બરફ) અને વાયુ (વરાળ) માં રૂપાંતર થઈ શકે છે, પરંતુ બનાવી શકાતું નથી. અલ્લાહની હૈબતભરી દૃષ્ટિથી તે આ રીતે અસ્તિત્વમાં આવ્યું.

જીવનનાં બે મૂળભૂત તત્ત્વો–હવા અને પાણી–અસ્તિત્વમાં આવ્યાં. પાણીમાંથી જીવસૃષ્ટિનું નિર્માણ થયું છે. વૈજ્ઞાનિકો પણ એવો જ મત ધરાવે છે. તેમનું કહેવું છે કે પાણીમાંથી પ્રથમ લીલ–સેવાળ ઉત્પન્ન થયાં. તેમાંથી વનસ્પતિ અને અમીબા (Amoeba) એટલે સતત આકાર બદલતો ઇન્દ્રિય વિનાનો પાણીમાં પેદા થતો પ્રાથમિક અવસ્થાનો અતિસૂક્ષ્મ જીવ ઉત્પન્ન થયાં પછી વિકાસ પામતાં હાલના સ્વરૂપની જીવસૃષ્ટિએ આકાર લીધો. પવિત્ર કુરાન એ વાતની સાખ પૂરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "દરેક વસ્તુને અમે પાણી વડે જીવતી બનાવી દીધી." ૨૧ : ૩૦ "અને અલ્લાહે દરેક પ્રાણીને પાણીમાંથી પેદા કર્યું છે." ૨૪ : ૪૫ મહાભારતમાં

૩. ઇબ્ને કસીર ૭૬ : ૩૮ની તફસીરમાંથી

ચાલીસ ગણી ઝડપ તેમની થાય. એ ગણતરીએ તેમનું બળ માનવબળ કરતાં ૪૦ ગણું થાય. આ કારણે એકલ દોકલ માણસને જંગલમાં તેઓ બહુ સતાવે છે. હા : જો માણસ સાથે બળદ હોય અથવા તે બળદગાડું હાંકી જતો હોય, તે ઘોડા પર સવાર થઈ જતો હોય અથવા મોટર કે મોટરસાયકલ પર જતો હોય તો તે એકલો હોય તો પણ જિન્ન તેને હેરાન પરેશાન કરી શકતો નથી; કારણ જાનવરોમાં અને આવાં યાંત્રિક વાહનોમાં જિન્ન કરતાં વિશેષ શક્તિ હોય છે. કદાચ એવું બનતું હશે કે સવારીઓ પર તેઓ ચઢી બેસતા હશે અને વાહનોની ઝડપ ઓછી કરી નાખતા હશે. કેટલાક લોકોનો અનુભવ છે કે મૃતદેહને લઈ જતા ગાડાના બળદ અથવા યાંત્રિક-વાહન જલદી ચાલતાં નથી.

જિન્નાતોનાં શરીર ગરમ હવાનાં બનેલાં હોવાથી સ્થૂલ હોતાં નથી, અતિ સૂક્ષ્મ હોય છે. આ કારણે તેઓ અતિશય સાંકડી જગાઓમાં પણ સહેલાઈથી આવજા કરી શકે છે. એમ કહેવામાં આવે છે કે આપણી ચામડીનાં છિદ્રો વાટે પણ તેઓ આપણા શરીરમાં પ્રવેશી શકે છે.[૧૮] સંકોચાવાની તેમની આવી શક્તિના કારણે તેઓ ગમે ત્યાં વાસો કરી શકે છે અને તેઓ પોતાના વસવાટ માટે આશ્રયસ્થાનો, ઘરો, મહેલો, ઈમારતો કે કિલ્લાઓ બાંધવા શક્તિમાન હોવા છતાં બાંધતા નથી. ખંડિયેર ઈમારતોમાં, સૂનાં પડેલા ઓરડાઓમાં કે ઘરોમાં, જંગલોમાં ઘટાદાર વૃક્ષોની છાયામાં કે પહાડોના ઢોળાવો પર કે તળેટીઓમાં તેઓ વસવાટ કરતા હોય છે. કેટલાક ગંદા અને અપવિત્ર જિન્નાતો ઉકરડાઓમાં કે જાજરૂઓમાં પણ રાતવાસો કરતા હોય છે. જિન્નાતોના વજીર ઈસ્માઈલનું કહેવું છે કે : 'બલિકે જિન્નાતો ખાડાઓ કે કોતરોમાં અને ઝરણાંઓ પાસે રહેતા હોય છે. શયતાન જિન્નાતો શહેરોમાં અને મકબરાઓમાં વસતા હોય છે. કેટલાક જિન્નાતો નોખી પડયું હોય ત્યાં પણ રાતવાસો કરી લે છે. કેટલાક જિન્નાતો અદ્ધર હવામાં રહેતા હોય છે. મોટા મોટા સરદાર શયતાન જિન્નાતો આગની અંગેઠીઓ કે ધૂણીઓ પાસે રહે છે. જે જિન્નાતો સ્ત્રીઓનું સ્વરૂપ ધારણ કરવા ટેવાયેલા હોય તેઓ મોટા

૧૮. તફસીરે અઝીઝી. સૂરાએ બકર. પૃ. ૧૦૦

મોટા ઝાડો તળે કે બાગ–બગીચાઓમાં રહેતા હોય છે. કેટલાક જિન્નાતો પહાડોમાં અને વેરાન પ્રદેશોમાં વસતા હોય છે.[૧૯]

તેમનામાં દોડવાની શક્તિ ખૂબ જ હોય છે. તેમની ચાલવાની ગતિ કલાકના ૧૨૫–૧૫૦ માઈલની હોય તો સમજી શકાય કે તેઓ વિમાન વેગે અર્થાત્ ૩૦૦–૪૦૦ માઈલની ગતિએ દોડી શકતા હોવા જોઈએ. સ્વાભાવિક છે કે તેઓ ઘડીભરમાં કયાંના કયાંય નીકળી જાય. આ કારણે પોતાના બચાવ માટે તેમને હથિયારોની જરૂર પડતી નથી.

આપણે જોયું કે જિન્નાતોનાં શરીર સૂક્ષ્મ તો હોય છે અને તેમાં અતિ-સૂક્ષ્મ આત્મા ભળે એટલે વધુ સૂક્ષ્મ બની જાય છે. આ કારણે જિન્નાતો જુદાં જુદાં સ્વરૂપો લઈ શકે છે. આપણાં શરીર સ્થૂલ હોવા છતાં ગભરાટમાં, બીકમાં, ક્રોધમાં કે ખુશી–આનંદમાં સ્વરૂપ બદલે છે. કદી રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે તો કદી હસતું મુખડું બની જાય છે. જિન્નાતો પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે સ્વરૂપ લઈ શકે છે.[૨૦] અને ખૂબી તો એ છે કે જેવું સ્વરૂપ તેઓ ધારણ કરે છે તેના જેવા જ તે આબેહૂબ બની જાય છે. તેના જેવી ચાલ ચાલે છે અને તેના જેવો અવાજ પણ કાઢે છે.[૨૧]

ઇસ્લામના ઉદય પહેલાંનો આ એક પ્રસંગ છે. એક માણસ પ્રવાસે ગયો હતો ત્યારે એક શયતાન જિન્ન તેનું સ્વરૂપ ધારણ કરી તેની પત્ની સાથે રહેવા લાગ્યો. પેલો માણસ પ્રવાસેથી પાછો ફર્યો ત્યારે તેની પત્નીએ તેની સરભરા ન કરી. આમ કરવાનું કારણ પૂછતાં તેણીએ જવાબ આપ્યો, “તમે પ્રવાસે ગયા જ કયાં હતા ?” આ વાતચીત ચાલતી હતી તેવામાં પેલો દુષ્ટ જિન્ન ત્યાં આવી પહોંચ્યો. તેણે કહ્યું, “તારી ગેર-હાજરી દરમ્યાન, તારા સ્વરૂપમાં હું તારી પત્ની પાસે આવતો જતો હતો. તારી પત્ની પર હવે હું ફિદા થઈ ગયો છું, માટે તારી પત્ની પાસે દરેકે ગાળવાનો સમય નક્કી કરવો જોઈએ.” છેવટે તેની પત્ની પાસે દરરોજ રાત્રિના સમયે જિન્નને રહેવાનું નક્કી થયું. પછી તો બંને મિત્રો જેવા બની ગયા. એક વેળા આ જિન્ન પેલા માણસને ગગનવિહાર

---

૧૯. જિન્નાત કે પુર ઈસરાર હાલાત, પૃ. ૨૨૨

૨૦. ,, ,, ,, ,, પૃ. ૨૧ તથા તફસીરે. પૃ. ૧૦૦

૨૧. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૧૯૨

કરવા લઈ ગયો ત્યારે તેણે ભૂંડનું સ્વરૂપ લીધું હતું.[22] ભૂંડ ઉપર બેસીને પેલા માણસે ગગનવિહાર કર્યો. જિન્નાતો સાપોના સ્વરૂપમાં રહે છે તે તમે જોઈ ગયા. ઘરોમાં નાના સફેદ સાપ અર્થાત્ બોળીબામણીઓ નીકળે છે તેમાં ઘણા જિન્નાતો હોય છે. જે જિન્નાતોએ મક્કાના નખ્લા નામના સ્થળે આપ સલ્લ.ને સવાર એટલે કે ફજરની નમાજના સમયે પ્રથમ વેળા કુરાન સાંભળ્યું હતું તેઓ ચેટાં બનીને બેસી ગયા હતા.[23] મદીનામાં હિજ્જૂનની ઘાટીમાં નિનવેહના જે જિન્નાતોને આપ સલ્લ.ના સાથીઓએ જોયા હતા, તે બધા માનવ-સ્વરૂપમાં હતા. કેટલાયે જિન્નાતો કૂતરાઓ બનીને હરે ફરે છે; ખાસ કરીને જે કૂતરું ખૂબ જ કાળું હોય તે કદાચ જિન્ન હોય. મદીનાની એક સ્વરૂપવાન સ્ત્રીના પ્રેમમાં એક જિન્ન હતો, તે પક્ષીનું રૂપ ધારણ કરતો હતો.[24] રામયુગમાં દેવો અને દૈત્યોની વાતો આવે છે. ઋષિ-મુનિઓના આશ્રમોમાં થતી પ્રાર્થના-ઓમાં કે યજ્ઞોમાં દૈત્યો માંસ, લોહી કે બીજી ગંદી અને અપવિત્ર વસ્તુઓ ફેંકતા અને ઋષિ-મુનિઓની પ્રાર્થનામાં અવરોધો ઊભા કરતા હતા. આ દૈત્યો બીજા કોઈ નહીં પણ શયતાન જિન્નાતો હોવા જોઈએ. ત્યારે માનવો અને જિન્નાતો સુલેમાન અલૈ.ના સમયમાં રહેતા હતા તેમ સાથે જ રહેતા હોવા જોઈએ. રાવણના મામા મારીચે સુંદર હરણનું સ્વરૂપ લીધું હતું એટલે કહી શકાય કે મારીચ જિન્ન હોવો જોઈએ. લંકાના યુદ્ધમાં રાવણ પક્ષના કેટલાક સૈનિકો ઊછળી ઊછળીને અને ઊડી ઊડીને રામના સૈનિકો ઉપર પ્રહારો કરતા હતા. તેઓ દૈત્યો એટલે કે જિન્નાતો હોવા જોઈએ. આથી એવું માનવાને કારણ મળે છે કે રામ-રાવણ વચ્ચેનું યુદ્ધ માનવો અને જિન્નાતો વચ્ચેનું યુદ્ધ હોવું જોઈએ. તેમાં માનવોને એ કારણે જીત મળી કે તેઓ એક જ ખુદાને એટલે એકેશ્વરવાદમાં માનતા હતા અને એક જ ઈશ્વરની બંદગી કરતા હતા. ત્યારે મોટા ભાગના જિન્નાતો શયતાન-દૈત્યો બની ગયા હતા. અલ્લાહ તઆલાએ તો ઈન્સાનો તથા જિન્નાતોને તેની બંદગી કરવા પેદા કર્યા છે, પરંતુ બંનેમાંથી મોટા ભાગના તેની ભક્તિ કરતા નથી. "અને મેં જિન્નાતો તથા ઈન્સાનોને અમસ્થા

૨૨. ,, ,, ,, ,, પૃ. ૧૫૪

૨૩. ઈબ્ને કસીર. ૪૬:૩૪ની આયતની તફસીર

૨૪. તફસીરે અઝીઝી, સૂરાએ જિન્ન, પૃ. ૧૧૨

પેદા કર્યા નથી; પરંતુ એ માટે પેદા કર્યા છે કે તેઓ મારી ઈબાદત કરે.'' ૫૧:૫૬

એમ કહેવામાં આવે છે કે જિન્નાતોને પણ ગુહ્ય ઇંદ્રિયો હોય છે. જિન્નાતણની યોનિ તેની ડાબી જાંઘમાં હોય છે જ્યારે જિન્નાતની ઇંદ્રી અર્થાત્ જિન્નાતનું લિંગ તેની જમણી જાંઘમાં હોય છે. માનવો કે જાનવરોની જેમ તેઓ બચ્ચાંઓનો જન્મ આપે છે કે કેમ તેની સ્પષ્ટતા નથી.[૨૫] જે જિન્નાતો માનવ સ્વરૂપના હોય તેમની ઇંદ્રિયો માનવો જેવી હોય એ સંભવિત છે અને તેથી તેમને ત્યાં બચ્ચાંઓનો જન્મ થતો હશે. કેટલાક દુષ્ટ જિન્નાતો ખાસ કરીને શયતાન ઈંડાં આપે છે તેમાંથી શયતાન જિન્નાતો પેદા થાય છે.

જિન્નાતોની આંખો માનવો, પશુઓ કે પક્ષીઓ જેવી આડી હોતી નથી, પરંતુ ઊભી હોય છે. તેઓ ફળફળાદિ ખાય છે. ત્યારે તેઓ ફળોની છાલ કાઢતા નથી. દા. ત. કેળાં, મોસંબી, નારંગી વગેરેને છાલ સાથે ખાય છે. સાધકો કે બાપુઓ તેમને બોલાવે છે ત્યારે કોઈ આયત કે મંત્ર ભણે છે વાયરલેસની જેમ ખબર પડે તે રીતે હાજર થાય છે.

એમ કહેવામાં આવે છે કે, અલ્લાહ તઆલાએ ઈબ્લીસને કહ્યું હતું કે. 'હું જેટલા માનવો પેદા કરીશ તેટલી જ તારી ઓલાદ પેદા કરીશ.''[૨૬] વળી હદીસમાં કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા દરેક માનવ સાથે એક શયતાન તેની સાથે રહેવા પેદા કરે છે. આ શયતાન દુષ્ટતા તરફ લઈ જવા પ્રયાસ કરતો રહે છે.[૨૭] મોહમ્મદ બિન કા'બ અલ-કરજીનું કહેવું છે કે શયતાનો મૂળમાં જિન્નાતો છે. તેમાંના ઈમાનદાર, નેક, પાક-પવિત્ર અને અલ્લાહની બંદગી કરનારા જિન્નાતો કહેવાય છે. જ્યારે તોફાની, નાસ્તિક, અધર્મી, દુષ્ટતા તરફ લઈ જનારા જિન્નાતો શયતાનો કહેવાય છે.

✶

૨૫-૨૬-૨૭ જિન્નાત કે ઈસરાર હાલસ. પૃ. ७४

પ્રકરણ ૭ મું

# જિન્નાતો : તેમની રહેણી–કરણી

વહબ બિન મુંબાનું કહેવું છે કે આરંભમાં જિન્નાતણની પ્રત્યેક પ્રસૂતિમાં એક નર અને એક માદા જિન્નાતનો જન્મ થતો હતો. જ્યારે પહેલ વહેલી તેમની સંખ્યા ૭૦ હજાર જેટલી થઈ ત્યાર પછી તેમની વસતિ કૂદકે ને ભૂસકે વધવા લાગી. ઇબ્લીસે પણ તરતુબા નામની એક જિન્નાતણ સાથે લગ્ન કરી લીધાં હતાં. તેની પણ પુષ્કળ ઓલાદ થઈ. પરિણામે જાન્નની ઓલાદ અર્થાત્ જિન્નાતો અને ઈબ્લીસની ઓલાદથી સારીયે પૃથ્વી ભરપૂર થઈ ગઈ અને રહેવા માટે જગાની તંગી પડવા લાગી એટલે અલ્લાહ તઆલાએ જિન્નાતોને પૃથ્વી અને પહેલા આસમાનની વચમાં હવામાં રહેવાની જોગવાઈ કરી આપી અને ઈબ્લીસની ઓલાદને પહેલા આસમાનમાં વસવા જગા આપી. આ સમયે પણ તેમને અલ્લાહની બંદગી અર્થાત્ ઉપાસના કરવાનો આદેશ અલ્લાહ તરફથી મળ્યો હતો.[1]

ઊંચે આકાશમાં કે અદ્ધર હવામાં રહેતાં રહેતાં તેઓ કંટાળી ગયા ત્યારે પૃથ્વી પર રહેવાની પરવાનગી આપવા તેમણે અલ્લાહ તઆલાને આજીજી કરી. પરિણામે પૃથ્વી પર વસવાટ કરવાની સંમતિ તેમને મળી. પરંતુ ઊંચે હવામાં તથા પહેલા આસમાનમાં ઉપાસના કરતા હતા તેવી જ રીતે પૃથ્વી પર પણ અલ્લાહ તઆલાની બંદગી કરતા રહેશે તેવી બાંયધરી[2] લેવામાં આવી હતી. આ બાંયધરી પ્રમાણે કેટલાક વરસો સુધી તેઓ અંતે ઉગ્રતા અલ્લાહની ઇબાદત કરતા રહ્યા : પરંતુ તેમના સ્વભાવમાં જ અહંકાર અને ઉગ્રતા ગળથૂથીમાંથી પડેલો હોવાથી તેઓ કુફ્ર અર્થાત્ અલ્લાહનો ઇનકાર કરવા લાગ્યા અને અધર્મી થઈ ગયા.

આ પ્રમાણે પૃથ્વી પર વસવાટ કર્યાને ૩૬ હજાર જેટલો લાંબો કાળ વીત્યો હશે ત્યાં તો તેઓ અલ્લાહનો ઇનકાર જ કરી બેઠા; તેને ઓળખતા જ અટકી ગયા અને તેની બંદગી કરવાનું જ માંડી વાળ્યું. આ લાંબા કાળમાં તેમની વસતિનું પ્રમાણ એટલું વધી ગયું કે આજના યુગમાં જેમ માનવ પ્રજાઓ, પોતાની પ્રજાને પોસવા એક બીજા સાથે લડયા ઝઘડયા

---

૧. જિન્નાત કે પુર ઈસરાર હાલાત–પૃ. ૨૨

૨. ૫૧:૫૬ ની આયત.

કરે છે તેમ, જિન્નાતોને રહેવામાં, હરવા ફરવામાં મુસ્કેલીઓ ઊભી થતી હોવાથી, તેઓ પણ માંહોમાંહે લડવાં–ઝઘડવા લાગ્યા અને ખૂનરેજીઓ કરવા લાગ્યા. આથી તેમનું જીવન વસમું અને આકરું થઈ પડયું એટલે અલ્લાહ તઆલાએ અહંકારી, તોફાની, અધર્મી અને નાસ્તિક જિન્નાતોનો નાશ કરી નાંખ્યો, અને નેક જિન્નાતોને બચાવી લીધા.

પછી તો નેક જિન્નાતોને હિદાયત આપવા તેમનામાંથી સૌથી પાક પવિત્ર જિન્નાતને તેમનો હાકેમ, રસ્તો દેખાડનાર રાહબર બનાવ્યો. આવા હાકેમો કે રાહબરોને બદમાશ જિન્નાતો મારી નાખતા હતા. બીજા ૩૬ હજાર વરસના ગાળામાં પહેલા ૩૬ હજાર વરસના જેવી જ પરિસ્થિતિ ઊભી થઈ એટલે બીજી વાર પણ કાફર, અધર્મી અને તોફાની જિન્નાતોનો અલ્લાહે નાશ કરી નાખ્યો. આ પ્રમાણે ત્રીજી વેળા પણ તેવું જ બન્યું. ચોથી વેળા એટલે કે એક લાખ ૪૪ હજાર વરસ થવા આવ્યાં ત્યારે તો પૃથ્વી પરના જિન્નાતો નાસ્તિક અને અધર્મી બની ગયા. આ વેળા તેમનો નાશ કરવાનો આદેશ પહેલા આસમાન ઉપર રહેતા ફરિશ્તાઓને આપવામાં આવ્યો. આ આકાશી ફરિશ્તાઓના સૈન્ય પૃથ્વી ઉપરના જિન્નાતોનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો. મોટા ભાગના જિન્નાતો નાશ પામ્યા જે બચી જવા પામ્યા તેમણે પહાડો, ખીણો, ગુફાઓ અને સરોવરો કે ટાપુઓમાં નાસી જઈ આશ્રય લીધો. એક લાખ ૪૪ હજાર વરસના સમયમાં તેમનામાં ૮૦૦ હાકેમો કે રાહબરો થઈ ગયા, પરંતુ તે સઘળા-ઓને જિન્નાતોએ મારી નાખ્યા.[3] અત્રે પણ જિન્નાતોની માનવો કરતાં વિશેષ વસતિ છે. તેઓ કયાં રહે છે તે તમે આગલા પ્રકરણામાં જોઈ ગયા.

આગળ આવી ગયેલા પ્રસંગમાં જે સફેદ સાપને હજયાત્રીએ દફન કર્યો હતો તેનું નામ "અમર" હતું. પેલા હજયાત્રીનો આભાર માનવા જે ચાર જિન્નાતણો આવી હતી તેમણે ખુદાના સોગંદ લઈ કહ્યું હતું કે, "એ સફેદ સાપ જિન્ન હતો. તે ઘણો જ ધર્મિષ્ઠ અને નેક હતો; એટલું જ નહીં તે પાકો નમાજી અર્થાત્ નિયમિત બંદગી કરનારો હતો તથા અપવાસનો પાબંદ હતો. તે ઉપરાંત આજથી ૪૦૦ વરસ પહેલાંથી હજરત મુહમ્મદ સલ્લ. મહાન પયગંબર તરીકે આવવાના છે તેમાં તે શ્રદ્ધાપૂર્વક

૩. જિન્નાત કે પુર ઈસરાર હાલાત. પૃ. ૨૬

માનતો હતો. આપ સલ્લ. પયગંબર તરીકે વ્યક્ત થયા અને ઇસ્લામ ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા ત્યારથી તે ઇસ્લામનો સાચો અનુયાયી બની ગયો હતો." આ પ્રસંગ સૂચવે છે કે પેલા "અમર" જિન્નની ઉંમર ૫૦૦ વરસની હશે. આપણામાં સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે જિન્નાતો સામાન્યપણે ૫૦૦–૬૦૦ વરસનું આયુષ્ય ભોગવે છે: તે માન્યતાને ઉપરોક્ત પ્રસંગ દૃઢ કરે છે.

જેમ પહેલાંના માનવો લાંબું આયુષ્ય ભોગવતા હતા તેમ પહેલાંના જિન્નાતો પણ લાંબું આયુષ્ય ભોગવતા હતા. હજરત ઉમર રદી. એક પ્રસંગનું વર્ણન કરતાં કહે છે કે, "હું અને બીજા કેટલાક સહાબા અર્થાત્ આપ સલ્લ.ના સાથીઓ નહામા નામની એક પહાડી ઉપર બેઠા હતા. ત્યાં એક અતિ વયોવૃદ્ધ જિન્ન માનવ સ્વાંગમાં લાકડી ટેકવતો ટેકવતો અમારી પાસે આવ્યો અને આપ સલ્લ.ને પ્રણામ કર્યા. આપ સલ્લ. મે પ્રણામનો ઉત્તર આપ્યો અને પૂછ્યું, "ભાઈ તું કોણ છે? તું મારી પાસે શા માટે આવ્યો છે? તારી બોલવાની ઢબ તો જિન્નની લાગે છે."

ઘરડો જિન્ન બોલ્યો, "યા રસૂલુલ્લાહ ! હું ઈબ્લીસનો પ્રપૌત્ર છું. મારું નામ હામ્મા બિન હીમ, બિન લાકીસ, બિન ઈબ્લીસ છે. જ્યારે કાબીલે હાબીલનું ખૂન કર્યું હતું ત્યારે હું પાંચ-છ વરસનો બાળક હતો; પરંતુ મને ત્યારે થોડી ઘણી સમજ હતી. યુવાનીમાં કેટલાંયે વરસો સુધી હું ઈન્સાનોને સતાવતો હતો અને આડે માર્ગે લઈ જતો હતો." આ સાંભળી આપ સલ્લ. મે ફરમાવ્યું : "જે કોઈ મનુષ્ય કે જિન્ન રાત-દિવસ નઠારાં કૃત્યો કરવામાં રચ્યો પચ્યો રહેતો હોય તેના જેવો નઠારો બીજો કોઈ હોઈ શકે નહીં."

વયોવૃદ્ધ જિન્ન બોલી ઊઠયો : "ઓ અલ્લાહના રસૂલ ! મહેરબાની કરી હવે મને ઠપકો ન આપો. મારાં તે સમયનાં દુષ્કૃત્યો માટે નૂહ અલૈ. સમક્ષ હાજર થઈ મેં અલ્લાહ તઆલાની માફી માંગી હતી. હું તેમના ઉપર ઇમાન લાવ્યો હતો અને તેમના ઉપદેશ પ્રમાણે વર્તતો હતો. ત્યારપછી જેટલા પયગંબરો થયા તેમને હું અંતઃકરણપૂર્વક માનતો હતો, એક જ અલ્લાહની બંદગી કરતો હતો અને ખોટાં કૃત્યોથી દૂર રહેતો હતો. મૂસા અલૈ.નો પણ હું અનુયાયી બન્યો હતો અને તેમણે મને તૌરાતની તાલીમ આપી હતી. તેમણે મને આદેશ આપ્યો હતો કે જો મારે ઈસા અલૈ.ને મળવાનું થાય તો તેમના અનુયાયી મારે બનવું અને તેમનો ધર્મ મારે

અંગિકાર કરવો અને મારા સલામ તેમને પહોંચાડવા. મૂસા અલૈ.ની આજ્ઞાનું મેં અક્ષરશઃ પાલન કર્યું છે. જ્યારે ઇસા અલૈ. સાથે મારી મુલાકાત થઈ ત્યારે તેમણે મને એવો ઉપદેશ આપ્યો હતો કે વિદ્યમાન પયગંબર એટલે કે દરેક કાળના પયગંબરના અનુયાયી મારે બનવું અને તે બનવાની ફરજ મેં બજાવી છે અને હવે સૌથી છેલ્લા પરંતુ સૌથી મહાન અને પયગંબરોનાં સરદાર હજરત મુહમ્મદ સલ્લ. આવશે ત્યારે મારે તેમનો ધર્મ અંગિકાર કરવો. આમ કરવાથી મારું જીવન સાફલ્ય થશે : પરંતુ તેમને મારા સલામ અવશ્ય પહોંચાડી દેજે. યા રસૂલુલ્લાહ ! આજે આપ સલ્લ.નો અનુયાયી બનવા, અને ઈસા અલૈ.ના સલામ પહોંચાડવા હું ઉપસ્થિત થયો છું. સૌથી વિશેષ તો પવિત્ર અને અનુપમ કુરાનના પાઠ શીખવા અત્યંત ઉત્સુક છું."[૪]

આપ સલ્લ.મે તેને ઈસ્લામ ધર્મ અંગીકાર કરાવી પોતાનો અનુયાયી બનાવ્યો, અને તેને કુરાનમાંથી કેટલીક આયતો સંભળાવી બોધપાઠ આપ્યો. માનવામાં ન આવે એવી આ વાત છે : પરંતુ આ વાત સાચી હોવાનો પૂરેપૂરો સંભવ છે, કારણ અબ્દુલ્લાહ બિન ઉમર રદી.એ આ વાત પોતાના પિતા પાસેથી સાંભળી હતી. આ જિન્નની ઉંમર કેટલી હશે તેની કલ્પના કરો. ઓછામાં ઓછી તેની ઉંમર દસ-પંદર હજાર વરસની તો હોવી જ જોઈએ. શરૂઆતમાં માનવોની ઉંમર હજાર-હજાર વરસની થતી હતીઃ જેમકેઃ આદમ અલૈ. અને નૂહ અલૈ. પૈકી દરેકની ઉંમર એકેક હજાર વરસ જેટલી હતી. આદ અને સમૂદ પ્રજાઓના લોકો ૩૦૦ થી ૧૦૦૦ વરસનું આયુષ્ય ભોગવતા હતા.[૫] સાલેહ અલૈ.મે ૨૮૦ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું, જ્યારે તેમના પછી થયેલા ઈબ્રાહીમ અલૈ.મે ૧૮૦ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું. આજે માનવ-આયુષ્ય સરેરાશ ૭૦ વરસનું લેખાય છે. આથી સ્પષ્ટ થાય છે કે વખત જતો ગયો તેમ તેમ માનવ વયમાં ઘટાડો થતો ગયો. તેવી જ રીતે જિન્નાતો પહેલાં ઘણું લાંબું જીવતા હશે, પરંતુ વખત જતાં જિન્ન-આયુષ્ય પણ માનવ-આયુષ્યની જેમ ઘટતું ગયું અને આજે તેમનું સરેરાશ આયુષ્ય ૪૦૦-૫૦૦ વરસનું રહ્યું છે.

તેમનું આવું લાંબું આયુષ્ય હોવાના કારણે તેઓ આપણી ૮ મી કે ૯ મી પેઢીના પૂર્વજોથી લઈ આપણી વિદ્યમાન પેઢીના લોકોને સારી રીતે

---

૪. તફસીરે અઝીઝી : સૂરાએ બકર-પૃ. ૧૧૬

૫. જુઓ આદ અને સમૂદ પ્ર. જાઓ કુરાનિક કહાણીઓ

પિછાણુતા હોય એ સ્વાભાવિક છે. આથી કોઈક નાસ્તિક કે તોફાની જિન્ન કોઈક માનવ કુમાર કે કન્યા અથવા કોઈક પુરુષ કે સ્ત્રી શરીરમાં પ્રવેશ કરી તે માનવના મુખ દ્વારા તેનાં વડવાઓનાં નામ અને કેટલાંક કામ કહી આપે એ પણ બનવા જોગ છે. આવી વળગાડવાળી વ્યક્તિ કઈ કઈ યોનિમાં જન્મી હતી તેવી મનઘડત વાતોનું પણ તે માનવ-મુખે વર્ણન કરાવે છે. આવી માનવવ્યક્તિ પોતાના પૂર્વજન્મની સઘળી બાબતો જાણે છે તેવી રીતે પેલો તોફાની જિન્ન તેની જ પાસે વર્ણન કરાવે છે. આ પ્રમાણે નાસ્તિક કે અધર્મી જિન્નાતો પુનઃજન્મના સિદ્ધાંતને સાચો ઠેરવવા પ્રયાસ કરે છે. હિંદુઓ પુનઃજન્મના સિદ્ધાંતને દઢપણે માને છે અને તેમાં કેટલીક વ્યક્તિઓ પોતાના પૂર્વજન્મની વાત, ઉપર કહ્યું તેમ જિન્નાતો દ્વારા કરે છે એટલે એ સિદ્ધાંત સાચો છે એમ સાબિત થયો એવું દઢપણે માનતા થઈ જાય છે. સાચા અલ્લાહ કે ખરા ઈશ્વરને ભૂલાવી દેવાની અને કુફ્રમાં અર્થાત્ અલ્લાહના ઈનકારમાં રાચતા રહે તેવી આ એક સરસ યુક્તિ છે.

વળી જિન્નાતોનું આયુષ્ય આવું લાંબું હોવાથી માનવ વ્યક્તિઓમાં પ્રવેશેલો જિન્નાતોને કાઢતાં ઘણા મોલવીઓ, સાધકો, મહાત્માઓ કે સંતપુરુષો ખચકાય છે. પહેલાંના સમયમાં ખૂબ જ તોફાની જિન્નાતોને વલી-ઓલિયાઓ કે સંતપુરુષો શીશાઓમાં ઉતારતા અને તે શીશાઓને જમીનમાં ખૂબ ઊંડે દફન કરાવતા હતા કે જેથી ભવિષ્યમાં કયારે પણ ફરીથી જમીન ઉપર આવે નહીં અને તોફાન મસ્તી કે સતામણી કરે નહીં. આજના યુગમાં એ પ્રમાણે કયાંય થતું આપણે જોતા નથી, કારણ જિન્નાતોને કાઢનારાઓને એવો ડર રહ્યા કરે છે કે બળજબરાઈથી માનવ શરીરમાંથી કાઢેલો જિન્ન, કાઢનારાના વંશ વારસો પર વેર લે અને તેમને દુઃખ આપે.

જિન્નાતોમાં સભાનતા, વાંછના અને સંભોગવૃત્તિ હોવાને કારણે તેમનામાં ક્રોધ પણ ઠીક ઠીક પ્રમાણમાં હોય છે. આપણે માટીના બનેલા છીએ. માટીનો મુખ્ય ગુણ નમ્રતા અને સહનશીલતા હોય છે, છતાં આપણી ઇચ્છા સંપૂર્ણ થવામાં કોઈ અવરોધ આવે છે ત્યારે આપણે પણ ખૂબ જ ગુસ્સે થઈ જઈએ છીએ. તે વેળા આપણી આંખો લાલ પીળી થઈ જાય છે અને ચહેરો બદલાઈ જઈને રૌદ્ર-સ્વરૂપ ધારણ કરે છે; જિન્નાતો તો અગ્નિની જવાળાઓના બનેલા છે. અગ્નિનું તત્ત્વ અહંકાર હોય છે એટલે જિન્નાતોની ઇચ્છા પૂર્ણ થવામાં સહેજ સરખો પણ અવરોધ ઊભો થાય

તો તેમનો ગુસ્સો આસમાને ચડી જાય એ સ્વાભાવિક છે; અર્થાત્ જિન્નાતો ઘણા જલદી ક્રોધાયમાન થઈ જતા હોય એ બનવા જોગ છે. પરિણામે તેઓ માંહોમાંહે ખૂબ લડતા ઝઘડતા રહે છે અને ખૂબ તોફાન પણ કરતા રહે છે. ઇન્સાનોને તો સતાવતા જ રહે છે.

તેમના સ્વભાવની એક ખાસ વિશિષ્ટતા તો એ છે કે તેમનામાં કલ્પનાશક્તિ પ્રાધાન્યપદે રહે છે. તેથી જે કોઈ વસ્તુના કલ્પનાના ઘોડાઓ તેઓ દોડાવે છે ત્યારે તે વસ્તુને ખરેખર પોતાની સન્મુખ ઉપસ્થિત થયેલી જ તેઓ માને છે. કેટલાક ઇન્સાનો પણ આવી રીતે દિવા–સ્વપ્ના–ઓમાં (day dreams) રાચતા રહે છે. તો પછી જિન્નાતોનાં આવાં સ્વપ્નાંઓનું તો પૂછવું જ શું ? તેઓ નાનાં બાળકો જેવાજ હોય છે. દાદાનો ડંગોરો લઈ તેનો ઘોડો કરતાં અથવા દેશી નળિયાંઓનું બળદગાડું બનાવતાં કે છૂક છૂક કરતી ગાડી આવી, ગાડી આવી એવી રમતો રમતાં નાનાં ભૂલકાં-ઓને તમે જોયાં હશે. દાદાના ડંગોરાને ખરેખર તેઓ ઘોડો માને છે અને પોતે સાચો ઘોડેસવાર છે એવું માની પોતે જાતે જ ખડ્ડૂક ખડ-ડૂક બોલતો બોલતો અને કૂદતો કૂદતો ઘોડાની જેમ દોડે છે. ગાડી આવીની રમતમાં એક છોકરો ગાડીનું એંજિન બને છે અને બીજા છોકરાઓ તેની પાછળ રહી આગગાડીના ડબ્બા બને છે. પછી એંજિન બનેલો છોકરો છૂક છૂક બોલતો જાય છે અને એંજિનનો પિસ્ટન (દાંડો) હાલે છે તેમ પોતાનો હાથ હલાવતો જાય છે અને બધા ગાડી ચાલે તેમ ચાલે છે.[૬] જિન્નાતો પણ નાનાં બાળકોની જેમ વર્તે છે. તેમનામાં આવી પ્રબળ કલ્પના–શક્તિ હોવાના કારણે કોઈ કામ પર મક્કમતાથી વળગી રહેવાની ચીવટ તેઓ રાખતા નથી. તેમના વિચારો તથા તેમનાં કામો તેમની કલ્પના સાથે વારંવાર બદલાતાં રહે છે એટલે તેમનાં કોઈ કામો સ્થાયી હોતાં નથી. તેમના આ સ્વભાવના કારણે તેઓ બહુરૂપી જેવા હોય છે.[૭] જે લોકોનો વેશ ભજવવામાં આવે છે તે લોકોનો બહુરૂપીઓની નજરમાં જે મોભો કે દરજ્જો હોય છે તેવો જ મોભો કે દરજ્જો જિન્નાતોની નજરમાં ઈન્સાનોનો હોય છે. આથી ફલિત થાય છે કે તેઓ ઈન્સાનોને માનની નજરે જોતા નથી. કલ્પનાઓમાં જ તેઓ રાચતા રહે છે અને કલ્પનાઓમાં તેઓ વસ્તુઓનો ઉપભોગ કે ઉપયોગ કરતા હોય છે, છતાં તેઓ તો ખાતરીપૂર્વક માને છે કે તેઓ જગતની વસ્તુઓનો ખરેખર ઉપયોગ કરે છે.

---

૬–૭ તફસીરે અઝીઝી સૂરાએ બકર પૃ. ૧૦૦

વળી તેમનામાં રહેલી અભિમાનવૃત્તિના કારણે તેઓ ભાગ્યે જ નમ્રતા કે વિવેકથી વર્તતા જોવામાં આવે છે. જગતમાં જે જે વસ્તુઓ પેદા કરવામાં આવી છે તેમનો અનેકવિધ પ્રકારે ઉપભોગ અને ઉપયોગ થતો રહે અને તે વસ્તુઓના સર્જનહાર અલ્લાહ તઆલાને ઓળખી લે અને તેની ઈબાદત થતી રહે તેવો ઉદ્દેશ સૃષ્ટિસર્જનમાં રહેલો છે, પરંતુ જિન્નાતોમાં તેવી કોઈ આવડત હોતી નથી. તેમના સ્વભાવમાં ઘમંડ હોવાથી બહુ થોડા અલ્લાહને ઓળખે છે અને તેની બંદગી કરે છે. માનવ-જન્મ પહેલાં દોઢેક લાખ વરસ જેટલો અથવા બે હજાર વરસ જેટલો સમય અલ્લાહે તેમને આપ્યો હતો, પરંતુ તેઓ જગતની વસ્તુઓનો સદુપયોગ કરી શકયા નહીં. આમ પૂરતી તક આપ્યા છતાં તેઓ અલ્લાહના નાયબ કે પ્રતિનિધિ બનવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકયા નહીં; પરિણામે અલ્લાહે તેમને પોતાનો ખલીફા કે પ્રતિનિધિ બનાવ્યા નહીં. એવું પણ બન્યું કે તેમનામાંના કેટલાકને પહેલા આસમાનમાં રહેવાની તક મળી છતાં અલ્લાહના ખલીફા બનવા યોગ્ય ન બન્યા. તેમની કોમના અઝાઝીલે ફરિશ્તાનો મહાન દરજ્જો પ્રાપ્ત કર્યો, પરંતુ તેનામાં કુફ્ર એટલે કે અલ્લાહનો ઇનકાર અને અનાદર કરવાની ખાસિયત હતી તે ગઈ જ નહીં, તેથી તે ખૂબ જ હેઠો પડયો અને ઇબ્લીસ અર્થાત્ શયતાન બની ગયો. એટલે તેણે પણ અલ્લાહનું નાયબપદ સદાને માટે ગુમાવી દીધું. છેવટે નાયબપદ આદમ અલૈ. અને તેમના વંશજોને અર્થાત્ ઈન્સાનોને મળ્યું અને તે માટે તેઓ યોગ્ય ઠર્યા.

જિન્નાતો આપણી જેમ જુદા જુદા ધર્મો અને પંથો પાળે છે. જિન્નાતોનાં ટોળેટોળાં આપ સલ્લ. પાસે ઇસ્લામ ધર્મ અંગિકાર કરવા અને ઉપદેશ સાંભળવા આવતાં હતાં. સૌથી પ્રથમ આકાશમાં મુકાયેલા પ્રતિબંધની તપાસ કરવા નિનવેહથી ૭ જિન્નાતો મક્કામાં આવ્યા હતા. મક્કાથી તાએફ જવાના માર્ગમાં આવતા નખલા નામના સ્થળે આપ સલ્લ. ને ઈશાં તથા ફજરની નમાજ વેળા પવિત્ર કુરાન પઢતાં તેમણે સાંભળ્યા હતા. આ ટોળાના સાતેય જિન્નાતોએ ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો. પોતાના વતનમાં પાછા ફર્યા પછી તેમણે બીજા જિન્નાતોને ઈસ્લામનો ઉપદેશ આપ્યો. આ બાબતનો ઉલ્લેખ પવિત્ર કુરાનના જિન્ન નામના પ્રકરણમાં થયેલો છે. પછી તો નસીબન પ્રદેશમાંથી ૧૫ જિન્નાતો અને મોસલ અર્થાત્ આજના ઈરાકની રાજધાનીના પ્રદેશમાંથી ૧૨ હજાર

જિન્નાતો ઈસ્લામનો ઉપદેશ સાંભળવા આપ સલ્લ. પાસે આવ્યા હતા. આ પ્રસંગોથી બે વાત ફલિત થાય છે : (૧) દુનિયાના દરેક દેશમાં જિન્નાતો વસેલા છે. અને (૨) તેઓ જુદા જુદા ધર્મો પાળે છે. ખ્વાજા હસન બસરી રહે.અ. નામના એક સંત ફરમાવે છે૮ કે જિન્નાતો મુસલમાન પણ હોય છે અને ખ્રિસ્તીઓ પણ, હિંદુઓ કે યહૂદીઓ પણ હોય છે. કેટલાક બૌદ્ધ ધર્મ પણ પાળતા હશે, તો કેટલાક પારસી ધર્મ પાળતા હશે. ઈન્સાનોમાં જેમ દરેક ધર્મમાં જુદા જુદા પંથો હોય છે તેમ તેમનામાં પણ એક ધર્મ પાળતા જિન્નાતો જુદા જુદા પંથો પાળતા હોય છે.

વળી તેઓ આપણી માફક જે તે પ્રદેશની ભાષાઓને માતૃભાષા તરીકે બોલતા હોય છે. વળગાડવાળી કોઈક અભણ અને ઉર્દૂભાષાથી વંચિત માનવ-વ્યક્તિ સુંદર ઉર્દૂ ભાષા બોલે છે ત્યારે આપણે દિંગ થઈ જઈએ છીએ. જિન્નાતોનાં બાળકો બાળ-માનવોનાં સ્વાંગ સજી આપણી શાળાઓ, કોલેજો કે મદરેસાઓમાં અભ્યાસ કરે છે. મરહૂમ મૌલાના હબીબુર્રહમાન એક રાત્રે દેવબંદના છાત્રાલયમાં રાત્રે ફરતા હતા ત્યારે એક બંધ ઓરડામાં સાપનાં બે બાળકો અર્થાત્ બે સાપોલિયાં ઝઘડતાં જોયાં. મૌલાનાએ તેમને ધમકાવતાં કહ્યું, "આ ઝઘડવાનો સમય છે કે અભ્યાસનો ?" આ સાંભળતાં જ બંનેએ માનવ-સ્વરૂપ લઈ લીધું અને માફી માગવા લાગ્યા અને ભવિષ્યમાં એવું કદી બનશે નહીં તેની ખાતરી આપી. મોટા ભાગે તેઓ ગેરહાજર રહેનાર તાલીમાર્થીઓના સ્વાંગમાં તાલીમ મેળવતા રહે છે.

ભવિષ્યની વાતો જાણી લેવી તે તો તેમના માટે સ્વાભાવિક છે. ૫૦–૧૦૦ માઈલની દૂરની ખબરો તેઓ જાણી જાય છે. તેમની ચાલવાની ઝડપના કારણે આવી વાતો જાણી લેવી તેમના મન રમત છે. તમારા ગજવામાં શું છે, તમે આજે શું ખાધું, તમારી પ્રિયતમા કોણ છે અથવા તમારો પ્રિયતમ કોણ છે, તમે મનમાં શું ધાર્યું છે ઇત્યાદિ હકીકતો તેઓ પોતાનું સૂક્ષ્મ શરીર હોવાના કારણે જાણી શકે છે. આવી બાબતો જાણી લેવાની શક્તિ હોવાથી તેઓ પોતાના સહધર્મી ઈન્સાનોને સ્વપ્નાં દ્વારા અથવા વસવસા કે અંદેશા ઊભા કરી છૂપી વાતો જણાવી દે છે. આ પ્રમાણે છૂપી અને ગુહ્ય વાતો પ્રગટ કરીને કે કરાવીને તે ધર્મ સાચો છે તેવું પ્રતિપાદન કરાવે છે.

---

૮. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૧૫૫

તદુપરાંત વેળાકવેળા પોતાના સહધર્મીઓને મદદ પણ કરતા રહે છે. તેમનાં દુઃખો દૂર કરવામાં અથવા તેમનાં મુશ્કેલ કામો હલ કરવામાં અથવા સખત મજૂરીનાં કામો કરી આપવામાં કેટલીક વેળા તેઓ સહાય પણ કરે છે. કોઈકને આર્થિક મદદ પણ છૂપી રીતે આપે છે. ઈન્સાનોના તકિયા નીચે તેઓ પૈસા મૂકી આપે છે. માનવ સ્વરૂપ સજીને મજૂરી કરી તેઓ પૈસા કમાઈ શકે છે. કોઈક મૂર્તિ દટાયેલી પડી હોય તો તેની જાણ વસવસા કે સ્વપ્ના દ્વારા કોઈક માણસને તેઓ કરી આપે છે. દટાયેલી મૂર્તિઓ શોધી કાઢવામાં કેટલાક નિષ્ણાત બની જાય છે. કોઈક મૂર્તિમાં પ્રવેશ કરી અથવા કોઈકના શરીરમાં પ્રવેશ કરી ભવિષ્ય–વાણીઓ કરાવે છે. આવા પ્રસંગે લોકો કહે છે કે તેને માતા આવે છે. આ રીતે મૂર્તિઓમાં પણ દૈવીશક્તિ હોય છે તેવી લોકોને ખાતરી કરાવે છે અથવા મૂર્તિ-પૂજામાં શ્રદ્ધા ઉપજાવે છે. આ પ્રકારે ભવિષ્ય–ભાખનારા જોશીઓ કે સંત–સાધુઓના નામે કેટલાક માણસોને તેઓ ખૂબ જાણીતા બનાવે છે આ રીતે શયતાન–જિન્નાતો અથવા અલ્લાહનો ઈનકાર કરનારા જિન્નાતો લોકોને મૂર્તિપૂજામાં રાચ્યા રાખે છે અને શિર્કની શ્રદ્ધાને એટલે કે ઈશ્વરપણાની ભાગીદારીની માન્યતાને દઢ કર્યા કરે છે.

જેમનામાં સંભોગવૃત્તિ હોય તેમને ખોરાક વિના ચાલતું નથી. જિન્નાતોમાં સંભોગવૃત્તિ હોવાના કારણે તેમને પણ ઈન્સાનોની જેમ ખોરાકની જરૂર પડે છે. અમ્રશ રદી. નામના એક સહાબીનું કહેવું છે કે, "મારી પાસે એક જિન્ન અવાર નવાર આવ્યા કરતો હતો. એક વેળા મેં તેને પૂછ્યું : 'તમને જિન્નાતોને કઈ ખાદ્ય વસ્તુ બહુ પ્રિય હોય છે ?' તેણે જવાબ આપ્યો; 'ચોખા.' એટલે હું (રાંધેલા) ચોખા લઈ આવ્યો અને પેલા જિન્ન પાસે મૂકી દીધા. મેં જોયું તો ભાતના કોળિયા ભરાતા જતા હતા. પરંતુ ખાનાર નજરે પડતા ન હતો." વળી આપ સલ્લ.મે જિન્નાતોના પ્રતિનિધિમંડળોને આપેલ ભેટ સોગાતથી સાબિત થાય છે કે જિન્નાતો તથા તેમનાં જાનવરોને ખોરાકની જરૂર પડે છે. આપ સલ્લ.ની દુઆથી, ત્યારથી હંમેશના માટે, દરેક હાડકું જિન્નના હાથમાં આવે અને તેના ઉપર પેલો જિન અલ્લાહનું નામ લે તો તે હાડકા ઉપર મૂળ માંસ જેટલું માંસ આવી જાય છે. તેવી જ રીતે જિન્નાતોના હાથમાં છાણ કે લીદ આવે અને તેના ઉપર અલ્લાહનું નામ લે તો તે છાણ અને લીદ ઉપર પહેલાં જેટલા દાણા હતા તેટલા દાણા

તેમનાં જાનવરો માટે તૈયાર થઈ જાય છે. આથી ફલિત થાય છે કે તેમનાં જાનવરો પણ અદ્દશ્ય રહે છે અને તેમને પણ ખોરાકની જરૂર પડે છે.

આપણે જમવા બેસીએ અને અલ્લાહનું નામ લીધા વિના અર્થાત્ બિસ્મિલ્લાહ બોલ્યા વિના જમવાનું શરૂ કરીશું તો જિન્નાતો આપણી સાથે જમવા મંડી પડે છે. આપ સલ્લ. સમક્ષ એક માણસ જમતો હતો. તે બિસ્મિલ્લાહ બોલવાનું ભૂલી ગયો. એટલે તેની સાથે તેનો સાથી શયતાન જિન્ન પણ જમવા મંડી પડયો. પેલા માણસને પાછળથી યાદ આવતાં તે બિસ્મિલ્લાહ બોલ્યો એટલે પેલા જિન્નને ઊલટી થઈ અને તેનું ખાયેલું નીકળી ગયું. જિન્નાતોના હાથ પડતાં જમણ હવાના સ્વરૂપમાં આવી જતું હશે અને ઊલટીમાં પણ હવાના સ્વરૂપમાં ખોરાક નીકળી જતો હશે, જે આપ સલ્લ. સિવાય બીજું કોઈ જોઈ શકયું નહીં હોય.

આપ સલ્લ.નું ફરમાન છે કે, જે માણુસ બિસ્મિલાહ બોલી જમવાનું શરૂ કરે છે તે વેળા તેનો સાથી શયતાન પોકારી ઊઠે છે કે હવે જમણમાં મને કશું પણ મળશે નહીં. જે કોઈ ઘરમાં અલ્લાહનું નામ લીધા વિના દાખલ થાય છે ત્યારે શયતાન સાથી જિન્ન કહે છે કે મને રાત્રિ ગાળવાનું સ્થળ મળી ગયું. બિસ્મિલ્લાહ બોલ્યા વિના જે કોઈ જમવાનું શરૂ કરે છે ત્યારે પેલો જિન્ન ખુશ થઈ પોકારી ઊઠે છે કે હવે હું તેની સાથે જ જમીશ.

એક પ્રસંગે એક નેક જિન્નનો કાફર જિન્ન સાથે ભેટો થઈ ગયો. નેક જિન્ન દૂબળો પાતળો હતો જ્યારે કાફર જિન્ન હૃષ્ટપુષ્ટ હતો. કાફર જિન્ને પૂછ્યું : "કેમ આટલો બધો દૂબળો પડી ગયો છે?" નેક જિન્ને જવાબ આપ્યો : "શું કરું! મારો માનવ સાથી ઘરમાં અલ્લાહનું નામ લઈ દાખલ થાય છે અને અલ્લાહનું નામ લઈ જમે છે અને પાણી પીએ છે, એટલે મને તો કશું જ ખાવાપીવાનું મળતું નથી. પેલો કાફર જિન્ન બોલી ઊઠયો : "મારે તો મજા છે, મારો માનવસાથી કદી પણ અલ્લાહનું નામ લેતો નથી એટલે તેના ઘરમાં રહેવાની તથા તેની સાથે ખાવાપીવાની મને તો ખૂબ મજા પડે છે."[૯]

કેટલાક જિન્નાતો આજીવિકા મેળવવા કેટલાક ઈન્સાનોનો માલ-સમાન, ખાદ્ય-પદાર્થો કે પૈસા ચોરી જાય છે. આબેઈ બિન કાબ રદી.

૯. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૯૩ થી ૫.

સંબંધી આગળ વાત આવી ગઈ છે. તેમના ઘરમાંના ખજૂરના વાઢિયામાંથી એક યુવાન જિન્ન મજૂર ચોરી જતો હતો. ઓબઈ રદી. એ તેને પકડયો અને પૂછયું: "આ પ્રમાણે ચોરી કરવાની તારી હિંમત કેમ પડી?" તેણે જવાબ આપ્યો: "આ સ્તામાં મારા જેવો બીજો કોઈ બલિષ્ઠ જિન્ન નથી એટલે મને બીક શાને લાગે? પરંતુ તમને દાન કરવાનું ગમે છે તો તે દાનમાં હું શા માટે બાકી રહી જાઉં? તેથી જ ચોરીથી હું ખજૂર લઈ જતો હતો." મેં તેને પૂછયું: "તમારી જિન્નાતોની ચોરી અટકાવવાનો કોઈ ઈલાજ ખરો?" તેણે કહ્યું, "હા! પવિત્ર કુરાનની આયતુલ કુરસી પઢતા રહેશો તો જિન્નાતો કે શયતાનો તમારા ઘરમાં કે તમારા શરીરમાં પ્રવેશી શકશે નહીં".[૧૦]

અબૂ હુરૈરા રદી. નામના ખ્યાતનામ સહાબાનું કહેવું છે કે "રમજાન માસમાં આવેલા જકાત અર્થાત્ નિર્ધન-વેરાના માલ ઉપર મારી દેખરેખ રહેતી હતી. એક રાત્રે એક જિન્ન આવ્યો અને પોતાની પછેડીમાં માલ બાંધવા લાગ્યો. મેં તેને પકડી લીધો. છોડી મૂકવા માટે તે બહુ કાલાવાલા કરવા લાગ્યો એટલે મેં તેને છોડી મૂકયો. આ હકીકત મેં આપ સલ્લ.ને કહી સંભળાવી. આપ સલ્લ.મે મને કહ્યું: "તે જૂઠો છે, ફરીથી આવશે." બીજી વાર તે પકડાયો ત્યારે પણ બહુ આજીજી કરી એટલે મને દયા આવી અને ફરીથી ન આવવાનું વચન લઈ તેને જતો કર્યો. આ સંબંધી પણ મેં આપ સલ્લ.ને વાત કરી ત્યારે મને ફરમાવવામાં આવ્યું કે, "તે જૂઠો છે: ફરીથી આવ્યા વિના રહેવાનો નથી." ત્રીજી વેળા પકડાયો ત્યારે મેં તેને કહ્યું: "હવે હું તને આપ સલ્લ. પાસે લઈ ગયા વિના રહેવાનો નથી." હાથ જોડી વિનંતી પર વિનંતી કરવા લાગ્યો, પરંતુ મેં ગણકાર્યું નહીં એટલે છેવટે તેણે મને કહ્યું: "આ વેળા તમે મને છોડી મૂકશો તો હું તમને જિન્નાતોની ચોરી અટકાવવાનો ઉપાય બતાવીશ." મેં તેને વચન આપ્યું કે જો તું ઉપાય બતાવીશ તો હું તને છોડી મૂકીશ." તેણે ઉપાય બતાવતા કહ્યું, "તમે આયતુલ કુરસી પઢશો તો તમારા ઘરમાં કે તમારા શરીરમાં જિન્નાતો પ્રવેશી શકવાના નથી." મેં તેને છોડી મૂકયો પરંતુ આ હકીકત આપ સલ્લ.ને કહી સંભળાવી. આપ સલ્લ.મે ફરમાવ્યું: "તે જાતે તો જૂઠો છે, પરંતુ તેણે જે ઉપાય બતાવ્યો છે તે સાવ સાચો છે."[૧૧]

---

૧૦. ઈબ્ને કસીર-Vol-I ૨: ૨૫૫ ની તફસીર.
૧૧. ઈબ્ને કસીર Vol-I ૨:૨૫૫ ની તફસીર

અબૂ અય્યૂબ અન્સારી રદી. નામના જાણીતા સહાબાનું પણ કહેવું છે કે, "મારા ઘરમાંથી કોઈક પૈસા ચોરી જતું હતું. આ બાબતની વાત મેં આપ સલ્લ.ને કહી સંભળાવી. તેમણે મને એક મંત્ર શીખવ્યો.[૧૨] તેની મદદથી પેલા ચોરને હું પકડી શકયો તો તે એક જિન્ન જણાયો ચોરી ન કરવાના વાયદા કરતો હતો પરંતુ અટકતો ન હતો. આ વાત મેં આપ સલ્લ.ને કહી સંભળાવી ત્યારે તેમણે મને કહ્યું, "તે જૂઠો છે, ફરીથી આવતો જ રહેશે." છેવટે મેં તેને કહ્યું, "આ વેળા હું તને આપ સલ્લ. પાસે લઈ ગયા વિના જંપવાનો નથી." આ સાંભળતાં જ તે ઢીલો-ઢસ થઈ ગયો અને રોકકળ કરવા લાગ્યો, પરંતુ મેં માન્યું નહીં. આખરે તેણે મને કહ્યું, "મને છોડી મૂકો તો જિન્નાતો તમારા ઘરોમાં આવે જ નહીં એવો એક સચોટ ઉપાય હું તમને બતાવું." મેં કહ્યું, "એવો ઉપાય જો બતાવીશ તો હું તને અવશ્ય છોડી મૂકીશ." તેણે કહ્યું, "આયતુલ કુરસી પઢી તમે સૂઈ જશો તો કોઈ પણ જિન્નાતથી તમારા ઘરમાં આવી શકાશે નહીં." મેં તેને શરત પ્રમાણે છોડી મૂકયો, પરંતુ આ હકીકત આપ સલ્લ ને કહી સંભળાવી. તેમણે ફરમાવ્યું: "તેણે ઉપાય તો સાચો બતાવ્યો છે."

એમ પણ કહેવામાં આવે છે કે મઆજ બિન જબલ રદી. નામના સહાબાને દાનમાં મળેલા માલની દેખભાળ રાખવા નીમવામાં આવ્યા હતાં. એક જિન્ન ચોરી કરવા આવ્યો. મઆજ રદી.ને બીવડાવવા હાથીનું સ્વરૂપ લઈ લીધું. તેમણે કહ્યું, "મારી સાથે ચાલ ચાલવા માંગે છે!" તેનો હાથ તેમણે પકડી લીધો એટલે પોતાની અસલ સ્થિતમાં બદલાઈ ગયો. કરગરવા લાગ્યો ત્યારે તેને તેમણે છોડી મૂકયો.[૧૩]

તેઓ રાંધેલો ખોરાક ખાતા હોવા જોઈએ એની સાબિતી સુલેમાન અલૈ.ની ઊંચકી ન શકાય તેવી દેગોમાં રંધાતા ખોરાકમાંથી મળી રહે છે. ઉપરોક્ત પ્રસંગોથી સાબિત થાય છે કે તેઓ મોટા ભાગે અદશ્ય રીતે અથવા ચોરી કરીને ઈન્સાનોનો રાંધેલો ખોરાક ખાતા રહે છે. વળી એવું પણ અનુમાન તારવી શકાય કે કોઈ કુદરતી રીતે પણ તમનો ખોરાક

---

૧૨. ઈબ્ને કસીર–Vol-I ૨:૨૫૫ની તફસીરમાં. જિન્નને પકડવા માટે

૧૩. મુવાહિબ. Vol-XIII ૩૪:૧૨ ની તફસીર પૃ. ૧૪૫

તયાર થતો હોવો જોઈએ. વનસ્પતિનો ખોરાક પાંદડાં તૈયાર કરે છે, એ તમે જાણતા હશો. મૂળિયાં જમીનમાંથી રસ પાંદડાંઓને પહોંચાડે છે અને પાંદડાં દિવસના સમયે હવામાંથી કાર્બોનિક એસિડ ગેસ નામનો વાયુ લઈને પેલા રસ સાથે મિશ્રણ કરે છે, પરિણામે શર્કરા નામનો ચીકણો પદાર્થ પાંદડાંઓ ઉપર તૈયાર થાય છે; જે વનસ્પતિનો આહાર છે. તેવી જ કોઈક અદૃશ્ય કુદરતી પ્રક્રિયા દ્વારા જિન્નાતોનો પણ ખોરાક તૈયાર થતો હોય એ બનવા જોગ છે. મીઠાઈની દુકાનોએથી મોટા ભાગની મીઠાઈઓ જિન્નાતો માનવ સ્વરૂપમાં આવી પૈસા આપી ખરીદે છે એવી લોકવાયકા બહુ પ્રચલિત છે. હાડકાં પર માંસ આવી જાય છે તે તમે જોયું. આથી કહી શકાય કે ઇન્સાનોની જેમ જિન્નાતો પણ માંસાહારી અને શાકાહારી હોય છે.

★

## પ્રકરણ ૮ મું

# જિન્નાતો–તેમનાં શયતાની કામો

નેક ઇન્સાનો બીજાઓને દુઃખ આપવાનાં કે તેમને સતાવવાનાં કામોને પાપી કૃત્યો ગણે છે. તેથી તેવાં કૃત્યો તેઓ કરતા નથી. તેવી જ રીતે નેક જિન્નાતો પણ દુષ્કૃત્યો કરતા નથી. આથી કહી શકાય કે ડાહ્યા અને નેક જિન્નાતો બનતાં સુધી ઇન્સાનોને સતાવતા નથી અને તેમને દુઃખ આપતા નથી. પરંતુ ઇન્સાનોમાં જેમ નઠારા, જુલમી માણસો હોય છે તેમ તેમનામાં પણ તોફાની, અન્યાયી કે પાપી જિન્નાતો હોય છે. એ બાબતમાં જિન્નાતો જાતે કહે છે કે, "અમારામાંથી કેટલાક નેક છે અને કેટલાક પાપી છે." ૭૨:૧૧ "હા! અમારામાંથી કેટલાક ફરમાનબરદાર અર્થાત્ અજ્ઞાધીન [મુસલમાન છે અને કેટલાક નાફરમાન (અધર્મી)] છે." ૭૨:૧૪ આવા નાફરમાન, પાપી કે નઠારા જિન્નાતો ઇન્સાનોને સતાવ્યા વિના રહેતા નથી. તેઓ કઈ કઈ રીતે સતાવે છે તે અહીં આપણે જોઈશું.

માનવ–જાતિની ઉત્પત્તિ પછી એટલે કે આદમ અલૈ.ના જન્મ પછી દસ યુગ સુધી અર્થાત્ આદમ અલૈ.થી લઈ નૂહ અલૈ.ના જન્મકાળ સુધી એટલે કે લગભગ બે અઢી હજાર વરસ સુધી લોકો તૌહીદ–પરસ્ત એટલે કે એક જ ઈશ્વરની બંદગી કરનારા હતા. આ સમય દરમ્યાન જિન્નાતોને ઇન્સાનોની બીક લાગતી હતી. કોઈક એકલ દોકલ માણસ જંગલમાં જઈ ચડતો તો ત્યાંના સઘળા જિન્નાતો તેને જોઈ રફૂચક્કર થઈ જતા હતા. આ પ્રતાપ હતો ઇન્સાનોની તૌહીદ–પરસ્તીનો અથવા એકેશ્વરવાદની માન્યતાનો, તેમજ એક જ ઈશ્વરની બંદગીનો, પણ નૂહ અલૈ.ના કાળમાં લોકો મૂર્તિપૂજા કરવા લાગ્યા અને ઈશ્વરપણામાં બીજાઓને ભાગીદાર બનાવવા લાગ્યા, તેમાંથી એક ફાંટો જિન્નાતોમાં દૈવી–શક્તિ હોય છે તેવું માનનારો નીકળ્યો. પરિણામે ઇન્સાનો જિન્નાતોનો સાથ અને આશ્રય શોધવા લાગ્યા. ત્યારથી તેઓ ઇન્સાનોથી ડરતા અટકી પડયા અને ઉપરથી તેમને સતાવવા લાગ્યા.

ઇન્સાનો કોઈક જંગલ કે વેરાન પ્રદેશમાં જઈ ચડતા અને કોઈક જગાએ પડાવ નાંખતા ત્યારે તેઓ જિન્નાતોનું શરણું શોધતા. મધ્ય-કાલીન યુગમાં વેપારીઓ કે પ્રવાસીઓ કોઈક શહેરમાં જઈ ચડતા તો તે શહેરના

હાકેમનો અથવા કાહેરનો આશ્રય મેળવતા. તેવી જ રીતે ઇન્સાનો પણ જંગલના સરદાર જિન્નાતનો "અમે આ જંગલના સરદાર જિન્નાતનો આશરો લઈએ છીએ" એવું મોટેથી બોલી આશ્રય લેતા હતા. આથી જિન્નાતો સમજી ગયા કે અત્યાર સુધી ખોટી રીતે તેઓ ઇન્સાનોથી ડરતા રહ્યા હતા. અહીં તો ઉલટી પરિસ્થિતિ છે. ઇન્સાનો જ અમારાથી ડરે છે એટલે હવે તેમણે ઇન્સાનોને અનેક પ્રકારે સતાવવાનું શરૂ કર્યું.[1]

ઇન્સાનો તેમનો આશ્રય શોધતા રહે તેવી યુક્તિ પ્રયુક્તિઓ કરવાનું પણ તેઓ ચૂકતા નહીં. એવો એક પ્રસંગ અહીં આપવામાં આવે છે. કરૂમ બિન અબૂ સાઈબ નામના એક અન્સારીનું કહેવું છે કે હું અને મારા પિતાશ્રી મદીનાથી બહાર ગયા હતા. રાત પડી જતાં અમે એક ભરવાડના ત્યાં ગયા. મધ્ય રાત્રિના સમયે એક વરૂ આવી ચડ્યું અને ભરવાડનું બકરું લઈ ચાલતું થયું. ભરવાડ તેની પાછળ તો પડયો, પરંતુ પકડાયું નહીં એટલે તે બૂમો પાડી કહેવા લાગ્યો, "જંગલને આબાદ રાખનાર હે જિન્ન! તારા આશ્રયમાં આવ્યો હતો છતાં હું લૂંટાઈ ગયો." તે વેળા એક અવાજ સંભળાયો કે: "હે વરૂ! આ બકરું છોડી દે." થોડીવારમાં પેલું બકરૂં દોડતું દોડતું આવીને વાડામાં ભરાઈ ગયું. આ બકરું જખ્મી થયું ન હતું. તેની ગરદન પર ક્યાંયે દાંત પડયા ન હતા. સંભવિત લાગે છે કે કોઈક જિન્ન વરૂનું સ્વરૂપ લઈને આવ્યો હોવો જોઈએ. ભરવાડની દુવાઈ પર તેણે બકરું છોડી મૂક્યું કે જેથી જિન્નાતોનો આશ્રય મેળવવાથી કોઈ નુકસાન થતું નથી તેની ખાતરી થાય.[2]

તોફાની અને પાપી માણસોથી રક્ષણ મળતું રહે તેવી વ્યવસ્થા દરેક રાજ્ય કરે છે. વળી દરેક ઈન્સાન પણ શક્ય હોય તેટલા પ્રમાણમાં પોતાનું રક્ષણ દુષ્ટ માણસોથી કરી લે છે. જિન્નાતોને ઇન્સાનો જોઈ શકતા નથી એટલે તેઓ માનવ-જાતિને કેવી રીતે હેરાન પરેશાન કરે છે ઈજા પહોંચાડે છે કે દુઃખ આપે છે તે ઇન્સાનો જોઈ શકતા નથી; એટલે જ જિન્નાતોથી કેવી રીતે રક્ષણ કરવું તે ઇન્સાનો માટે એક ભારે વિકટ અને વિષમ પ્રશ્ન છે. ઇન્સાનોને તેઓ કઈ કઈ રીતે સતાવે છે, ક્યાં ક્યાં દુઃખ કે ઈજા આપે છે તે જાણી લેવું રસપ્રદ છે અને તે જાણી લેવાથી જિન્નાતોની દુષ્ટતાથી બચવાનો ખ્યાલ આવી જશે.

---

૧. ઈબ્ને કસીર ૭૨ : ૧ થી ૭ ની તફસીર તથા મુવાહિબમાં પણ એ જ આયતોની તફસીરમાં.

૨. મુવાહિબ પૃ. ૭૨ : ૧ થી ૭ ની તફસીરમાં

આપણે જાણીએ છીએ કે અલ્લાહનું નાયબ-પદ ઇન્સાનને મળ્યું એટલે ઇબ્લીસ માનવ-જાતિનો ભયંકરમાં ભયંકર અને કટ્ટરમાં કટ્ટર શત્રુ બની ગયો : પરિણામે તેણે તેના વંશજો તથા તેના અનુયાયીઓએ ઇન્સાનોને અવળે માર્ગે લઈ જવા તથા અનેક પ્રકારનાં નુકસાન પહોંચાડવાનું જીવન-કાર્ય બનાવી લીધું. બીજી રીતે કહીએ તો શયતાન અને શયતાન જિન્નાતો ઇન્સાનો સામે યુદ્ધે ચઢયા. આ યુદ્ધ સદાય ઉગ્રસ્વરૂપમાં ચાલુ રહે છે અને અંતઃકાળ સુધી ઉગ્ર-સ્વરૂપમાં જ ચાલુ રહેશે. શયતાનના અનુયાયીઓમાં એકલા નાસ્તિક કે તોફાની જિન્નાતો છે એવું નથી. બદમાશ ઇન્સાનો, અધર્મી લોકો અને ઈશ્વરપણાની ભાગીદારીમાં માનતા મુશ્રિકો પણ તેના અનુયાયીઓ છે. આવા જિન્નાતો અને ઇન્સાનોને પવિત્ર કુરાનમાં શયતાનો કહેવામાં આવ્યા છે. આ બધાનો વડો ઈબ્લીસ શયતાન છે અને ખૂબી તો એ છે કે તેની પાસે કયામત સુધીનો અમર-પટો છે.

દરેક ઇન્સાન સાથે, ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી, પયગંબર હોય કે નાસ્તિક હોય, એક ફરિશ્તો અને એક શયતાન હોય જ છે.[૨] કહેવામાં આવે છે કે આપ સલ્લ.નો પણ એક શયતાન સાથી હતો, પરંતુ તે તેમના તાબે થઈ ગયો હતો અને કદી પણ ખોટી વાતો કે વસવસા ઉપસ્થિત કરતો ન હતો. દરેક ઇન્સાન સાથે જે શયતાન સાથી રહે છે તે તેના લોહીની જેમ તેના બદનમાં ફરતો ફરે છે અને તેના હૃદયમાં અનેક પ્રકારના વસવસા ઉત્પન્ન કરે છે. જ્યારે જ્યારે તમારા મનમાં, તમારા હૃદયમાં વસવસા અર્થાત્ અંદેશાઓ કે વિચારો બહુ આવતા હોય ત્યારે તમારે અલ્લાહની પનાહ માંગવી જોઈએ અર્થાત્ રક્ષણ માટે અલ્લાહનો આશ્રય શોધવો જોઈએ.[૩]

દરેક ઘરના બારણા આગળ શયતાન જિન્ન બેઠેલો હોય છે. જ્યારે ઘરની કોઈ વ્યક્તિ નઠારું કામ કરવા દા. ત., ચોરી કરવા, વ્યભિચાર કરવા, ચાડીચુગલી કરવા કે લડાઈ-ટંટો કરવા ઘરમાંથી બહાર નીકળે છે ત્યારે તરત જ પેલો શયતાન જિન્ન પેલી વ્યક્તિને પોતાની છત્રછાયામાં લઈ લે છે અને નઠારું કૃત્ય કરી ઘેર પાછો ફરે છે ત્યાંસુધી તેની સાથે રહે છે અને તે સમય દરમ્યાન તે કામ તેની નજરમાં તેના ખ્યાલ કે વસવસા દ્વારા ઊજળું દેખાડે છે. રાત્રે ઘરનાં બારણાં ઉઘાડાં રાખી સૂવું નહીં.

---

૨. ઈબ્ને કસીર તથા મુવાહિબ ૫૦:૧૨ની આયતની તફસીર
૩. "આઉઝો બિલ્લાહે મિનશ્શયતાનર્રજીમ અથવા આઉઝો બે રબ્બીન્નાશેની સૂરા પઢો."

બારણાં બંધ કરીને સૂવાનું રાખશો તો શયતાન જિન્નાતો તમારા ઘરમાં પ્રવેશ કરશે નહીં, તમારા ઘરમાં રાતવાસો કરશે નહીં અને તમને સતાવશે નહીં. રાત્રે અને દિવસે પાણીનાં વાસણો હંમેશાં ઢાંકેલાં રાખો કે જેથી શયતાન જિન્નાતો પાણી બગાડે નહીં. બંધ બારણાં અને ઢાંકેલાં વાસણો શયતાન જિન્નાતો ઉઘાડતા નથી. કેટલાક શયતાન જિન્નાતો તમારા નસકોરાંઓમાં સૂઈ જતા હોય છે, તેથી ઊંઘમાંથી ઊઠયા પછી હાથ મોં ધોવાં જોઈએ અને નાકનાં નસકોરાં પાણી વડે ધોવાં જોઈએ. અલ્લાહ તઆલાનું નામ લઈ સૂઈ જશો અર્થાત્ આયતુલ કુરસી પઢી સૂઈ જશો તો કોઈ પણ શયતાન જિન્નાત તમારા ઘરમાં પ્રવેશશે નહીં. તમારું રક્ષણ અલ્લાહ પેલા ફરિશ્તા દ્વારા અવશ્ય કરશે.

ભયંકર, નઠારાં કે બિહામણાં સ્વપ્નાં શયતાનો દ્વારા જ આવતાં હોય છે. આવાં સ્વપ્નાં આવ્યાં હોય તો બીજાઓને તેમની હકીકત કહી સંભળાવવી નહીં. ઓથાર તમને દબાવે છે તેમ બનવાનું કારણ કોઈક ભયંકર સ્વપ્નમાં કોઈ છાતી ઉપર ચડી બેઠું હોય તેવું લાગે છે અને તે ઉપસ્થિત કરનાર પણ શયતાન જિન્ન હોય છે. આવું બને ત્યારે તમે અલ્લાહનું શરણું શોધો.[૪]

ગંજાવર ઝાડોના છાંયડાઓમાં કે ખેતરોમાં પડતી તીરાડોમાં પેશાબ કરવો કે લઘુશંકાએ બેસવું ઉચિત નથી. એવી તીરાડોમાં જિન્નાતોનો વસવાટ હોવાનો સંભવ હોય છે, એટલે તેમની રહેઠાણની જગાઓ તમે ગંદી કરી મૂકો તો સ્વાભાવિક છે કે તેઓ તમારા ઉપર ગુસ્સે થાય અને તમને બે ચાર ધોલ મારી દે કે તમને ફેંકી દે અથવા કદાચ તમારા શરીરમાં પ્રવેશ કરી તમને હેરાન પરેશાન કરી મૂકે. પેશાબખાનાં અને જાજરૂઓમાં પણ કેટલાક મલિન જિન્નાતો રાતવાસો કરતા હોય છે, તેમાં ખાસ કરીને ઉકરડાઓમાં તેઓ અવશ્ય રાત ગુજારતા હોય છે.[૪] આવી જગાએ જાઓ તો તસ્મિયા અને નાઉઝ પઢો.[૫]

યાદ રાખો કે જે લોકો સૂર્યોદય સુધી સૂઈ રહે છે તેમના કાનમાં શયતાન જિન્નાતો પેશાબ કરે છે. તમે પ્રશ્ન કરશો કે તો પછી તેવા મોડા ઉઠનારાઓના કાન ભીના કેમ હોતા નથી? તેમનો પેશાબ હવાનો

---

* ૪. મુવાહિબ Vol. I પૃ. ૮૬

૫. તસ્મિયા એટલે "બિસ્મિલ્લાહ હિર્રહમા નીરરહીમ" અને નાઉઝ એટલે આઉઝો બીલ્લાહે મિનશ્શયતા નિર્રજીમ.

એક પ્રકાર હોવો જોઈએ તેથી તે ભીના થતા ન હોય. આ કારણે મોડા ઊઠનારે પોતાના કાન ધોવા જોઈએ.

મોડી રાત્રે એકલ દોકલ ક્યાંય જવું નહીં. બનવા જોગ છે કે તમે કોઈક જિન્ન સાથે ભટકાઈ પડો અને તમને બે ચાર છક્કડ મારી દે. અમારા ગામમાં બનેલો આ એક પ્રસંગ છે. એક ભાઈ રાત્રિના બે-ત્રણ વાગ્યાના શુમારે બીજા મહોલ્લામાં પોતાના બળદોને ઘાસનું નીરણ કરીને પોતાના ઘેર પાછો ફરતો હતો ત્યારે એક જિન્નાતે તેને ચૌટામાં જ બે ચાર છક્કડ લગાવી દીધી હતી. પરિણામે પેલો ભાઈ કેટલાક દિવસ અસ્વસ્થ રહ્યો હતો. આ બાબત હદીસોમાં પણ આવે છે. "સૂર્ય અસ્ત પામે ત્યારે શયતાનો ચોતરફ ફેલાઈ જાય છે તેથી તમારાં બાળકોને તથા જાનવરોને ઘરોમાં રાત્રિનો અંધકાર દૂર ન થાય ત્યાં સુધી રાખી મૂકો."

કેટલીક વેળા કેટલાક જિન્નાતો તમારી સાથે કુસ્તી કરવા તૈયાર થઈ જાય છે. આપણે પાછળ જોઈ ગયા કે તેમનામાં સામાન્ય માણસ કરતાં ૪૦ ગણું બળ હોય છે એટલે તેમને ભાગ્યે જ હરાવી શકાય, છતાં કેટલાક પહેલવાનો અને નેક પરહેજગાર માણસો તેમને પણ પછાડી દે છે. અમાર બિન યાસર રદી. નામના એક સહાબીનું કહેવું છે કે, "એક વેળા હું આપ સલ્લ. સાથે પ્રવાસમાં હતો. એક ઠેકાણે અમે પડાવ નાંખ્યો. પછી ડોલ-દોરડું લઈ જરાક દૂર દેખાતા એક કૂવા ઉપર પાણી ભરવા ઊપડયો. આપ સલ્લ.મે મને ચેતવણી આપતાં ફરમાવ્યું : 'હે અમાર ! કૂવા પરથી પાણી ભરતા તમને કોઈ અટકાવશે. પરંતુ ડરશો નહીં' કૂવા ઉપર હું આવ્યો ત્યારે હબસી જેવો એક કાળો કૂબડો મહાકાયી માણસ મારી પાસે આવ્યો અને મને પાણી ભરતાં પકડી લીધો. અલ્લાહનું નામ લઈ મેં પણ તેને બાથમાં જકડી લીધો અને તેને ભોંય પર પટકી માર્યો અને તેના માથા પર પથ્થર મારી તેનું નાક લોહી લુહાણ કરી નાંખ્યું. પછી પાણી ભરી હું આપ સલ્લ.ની તેહનાતમાં હાજર થયો ત્યારે આપ સલ્લ.મે મને પૂછ્યું, "હે અમાર ! પાણી ભરતાં તમને કોઈએ અટકાવ્યા હતા." મેં બધી હકીકત કહી સંભળાવી ત્યારે આપ સલઅમે ફરમાવ્યું, "તે શયતાન જિન્ન હતો."[૬] તે જિન્નનું નામ સમર હતું.

મારા એક હિંદુ મિત્રે મને વાત કરી હતી કે તે જયારે તરુણાવસ્થામાં હતો ત્યારે દરરોજ પરોઢિયે અખાડામાં જતો હતો. ઘેર પાછા ફરતાં એ

૬. જિન્નાત કે પુર ઇસરાર હાલાત પૃ. ૧૧૭ મુવાહિબ ૩૪:૧૨ની તફસીર

ચાર પ્રસંગોએ એક તરુણ તેની સામે આવતો અને કુસ્તી કરવાનું આહ્વાન આપતો હતો. તેની સાથે બે ચાર વાર કુસ્તી થઈ, પરંતુ તેને ચિત્ત કરવામાં મારો મિત્ર ફાવતો ન હતો.

ઇબ્ને મસૂદ રદી.નું કહેવું છે કે : "એક માણસને એક જિન્નનો ભેટો થઈ ગયો. જિન્ને કહ્યું : જો તું મારી સાથે કુસ્તી લડે અને મને હરાવી દે તો હું તને પવિત્ર કુરાનની એવી આયત બતાવીશ કે તે પઢીને જો તું ઘરમાં દાખલ થઈશ તો શયતાન તારા ઘરમાં પ્રવેશી શકશે નહીં. તે માણસે જિન્નાતને હરાવ્યો. જિન્નાતે "આયતુલ કુરસી"ની આયત બતાવી. આ માણસ બીજું કોઈ નહીં પણ મહાન ખલીફા હજરત ઉમર બિન ખત્તાબ રદી. હતા.

જિન્નાતોનું શરીર સૂક્ષ્મ હોવાના કારણે ગમે તેવી સાંકડી જગાઓમાં તેઓ પોતાનો સમાવેશ કરી શકે છે. આથી એવું પણ બને છે કે કોઈ પણ પુરુષ અથવા સ્ત્રીના શરીરમાં તેઓ છિદ્રો વાટે પણ પ્રવેશી શકે છે. એવું પણ જોવામાં આવ્યું છે કે એક જ માનવ-વ્યક્તિના બદનમાં ચાર જિન્નાતો પ્રવેશેલા હતા, પરિણામે તે વ્યક્તિને ચોવીસે કલાક તાવ રહેતો હતો. જ્યારે પણ ઇન્સાનના શરીરમાં કોઈક જિન્નાત પ્રવેશેલો હોય ત્યારે તેનું શરીર ગરમ રહે છે અને તે ગાંડા જેવો બની જાય છે. માનવ-શરીરમાં જિન્નાત હંમેશ રહેતા નથી. મરજીમાં આવે ત્યારે આવે છે અને શરીરમાં દાખલ થાય છે. મન ફાવે ત્યારે ચાલ્યો જાય છે. જ્યારે જિન્નાત માનવ-શરીરમાં દાખલ થાય છે તે વેળાને "જિન્નાત હાજરી આપે છે." એવું કહેવામાં આવે છે. જ્યારે તે હાજરી આપે છે ત્યારે માનવ-શરીરને તાણુ આવે છે, તેથી તેની નસો ઢીલી પડી જાય છે અને તેનું શરીર અશક્ત બની જાય છે. વળગાડવાળી વ્યક્તિના શરીરમાં જિન્નાત વાસો કરતો હોવાથી તે વ્યક્તિનું શરીર ગરમ રહ્યા કરતું હોય છે અને તેને તાવ લાગુ પડી જાય છે, પરિણામે તેનું સ્વાસ્થ્ય ખૂબ જ બગડી જાય છે. વળી વળગાડવાળી વ્યક્તિના શરીરમાં તે લોહીની જેમ ભ્રમણ કરે છે, તેથી તે વ્યક્તિના સઘળા અવયવો ઉપર કાબૂ મેળવી લે છે અને તે વ્યક્તિ પાસે ગમે તેવું કામ પણ કરાવે છે. પવિત્ર કુરાનની ૨:૨૭૫ મી આયતમાં આવે છે કે વ્યાજખાઉ માણસ કયામતના દિવસે પોતાની કબરમાંથી એવી રીતે ઊઠશે કે : "જેને શયતાન જિન્નાતે વળગીને ગાંડો બનાવી દીધો હોય." આ આયતથી પુરવાર થાય છે કે

જિન્નાતો માનવ-શરીરમાં પ્રવેશે છે અને તેને ગાંડો પણ બનાવી મૂકે છે. એવી વળગાડવાળી વ્યક્તિઓને ગાંડા માણસો જેવાં કામો કરતાં ઘણાએ જોઈ હશે. તેવી કેટલીક વ્યક્તિઓ અકરાંતિયું ખાય છે, કેટલીક વ્યક્તિઓ ભોંય પર નાખીને ગંદી રીતે ખાય છે. કેટલીક વ્યક્તિઓ શેરીઓમાં કે મોરીઓમાં આળોટે છે. તેવી કેટલીક વ્યક્તિઓની જીભ બંધ રહેતી નથી, બોલ્યા જ કરે છે. સારું નરસું ગમે તેવું બોલ્યા જ કરે છે. કોઈક વ્યક્તિ અતિ સુંદર ભાષામાં બોલે છે. આવી કેટલીક વ્યક્તિઓ ઠરીને કે જંપીને બેસતી નથી, તોફાન કર્યા જ કરે છે. કેટલીક વેળા એટલા તોફાને ચઢી જાય છે કે સાંકળથી બાંધવી પડે છે. વળગાડવાળી સ્ત્રીઓ ખૂબ જ ધૂણ્યા કરે છે.

શયતાન જિન્નાતો અંતિમ હદે પણ જાય છે. તેઓ માનવ-સ્ત્રીઓ સાથે સંભોગ પણ કરે છે. અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદી.ને એક વેળા એક માણસે પૂછ્યું : "મારી પત્ની સૂઈને સવારે જાગે છે. ત્યારે તેની યોનિમાં બળતરા થાય છે. આમ થવાનું કારણ શું હશે?" તેમણે જવાબ આપ્યો : "તમારી પત્ની સાથે કોઈક શયતાન જિન્નાત સંભોગ કરતો હશે તેથી આવી બળતરા થયા કરે છે."[૭] આ બાબતને પુષ્ટિ આપતી એક રિવાયત એવી છે કે, એક સ્ત્રીની યોનિમાં હંમેશાં બળતરા થયા કરતી હતી. તે સ્ત્રીએ ઈસ્લામ અંગિકાર કર્યો ત્યારે પોતાને થતી બળતરાની હકીકત આપ સલ્લ.ને કહી સંભળાવી અને તેવું થવાનું કારણ પૂછ્યું. આપ સલ્લ. મે ફરમાવ્યું : "જિન્નાત સાથેના સંભોગના કારણે આવું બનતું હતું."[૮]

જ્યારે પણ માનવ-સ્ત્રી સાથે માનવ-પુરુષ સંભોગ કરે અને જો બિસ્મિલ્લાહ બોલવામાં ન આવે અર્થાત્ અલ્લાહનું નામ ન લેવામાં આવે તો તે પુરુષના લિંગ ઉપર શયતાન જિન્ન પોતાનું લિંગ મૂકી દે છે અને પોતે પણ પેલા પુરુષ સાથે સંભોગમાં સામેલ થઈ જાય છે. કદાચ તમે પ્રશ્ન ઉઠાવશો કે આમ કેવી રીતે બને? જિન્ન-શરીર અગ્નિનું એટલે કે ગરમ હવાનું બનેલું છે તે તમે જાણો છો, એટલે તેનું લિંગ પણ ગરમ હવાનું જ બનેલું હોવું જોઈએ ને! આ કારણ ગરમ હવાનું લિંગ પુરુષ લિંગ ઉપર મૂકી શકાય અને સંભોગમાં સામેલ પણ થઈ શકાય. આપ

૭. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૧૬૫

૮. મુવાહિબ Vol. 1 પૃ. ૮૬

સલ્લ.નું ફરમાન છે કે જ્યારે તમે તમારી પત્ની પાસે સંભોગ માટે જાઓ તો બિસ્મિલ્લાહ બોલો અને આ દુઆ માંગો કે, "યા અલ્લાહ! તું મને શયતાનથી બચાવ તથા તું જે અમને પરિવારમાં આપે તેને પણ તેનાથી બચાવ."૯

એમ કહેવામાં આવે છે કે આપ સલ્લ. મક્કામાં હતા અને મદીનામાં તેમના પયગંબરપણાની જાણ હજુ થઈ ન હતી તે સમયનો આ એક પ્રસંગ છે. મદીનાની એક અતિ–સ્વરૂપવાન સ્ત્રીના મોહમાં એક જિન્ન પડયો હતો. તે જિન્ન દરરોજ રાત્રે પેલી સ્ત્રી પાસે આવતો અને કોઈક પક્ષીના સ્વરૂપમાં ઘરની ભીંતો પર બેસી જતો. પછી જ્યારે એકાંત મળતો ત્યારે માનવ સ્વરૂપ ધારણ કરી પેલી સ્ત્રી સાથે પ્રેમ ચેષ્ટા કરતો અને છેવટે તેની સાથે સંભોગ પણ કરતો. આ પ્રમાણે કેટલોક સમય ચાલ્યું. ત્યારબાદ કેટલાક દિવસ પેલો જિન્ન તે સ્ત્રી પાસે આવ્યો નહીં. એક દિવસ રાત્રે તે પક્ષીના સ્વરૂપમાં આવ્યો. તેને જોતાં જ પેલી સ્ત્રી તેને ઓળખી ગઈ અને કહેવા લાગી. "પ્રિયતમ પધારો! આટલા દિવસ કયાં ગયા હતા? કેમ પધારતા ન હતા?"

જિન્ને જવાબ આપ્યો, "હવે તમે મારાં પ્રિયતમા નથી, હવેથી હું તમારી પાસે આવીશ નહીં. હવે આપણે વિખૂટા પડીએ છીએ." પેલી સ્ત્રી બોલી ઊઠી, "પ્રિયતમ! એકાએક મિત્રતા શા માટે છોડી દો છો? આટલા સમયનો આપણો ગાઢો પ્રેમ સંબંધ કેમ તોડી નાંખો છો? શું મારાથી નારાજ થઈ ગયા છો?"

જિન્ન બોલ્યો, "એવું કાંઈ નથી, પરંતુ મક્કા શહેરમાં અલ્લાહના એક પયગંબર જાહેર થયા છે. તેમના ઉપર એક અજબ પરંતુ નેક હિદાયતનું પુસ્તક આવે છે. તેમનો હું અનુયાયી બન્યો છું. તેમણે વ્યભિચારને મહાપાપ ગણ્યું છે એટલે આપણી મિત્રતાનો અંત આવે છે."૧૦

હયાતુલ હેવાન નામના પુસ્તકમાં એવું કહેવામાં આવ્યું છે કે જિન્નાતોને માનવ–સ્ત્રીઓ સાથે પ્રેમ–ચેષ્ટા કરવાનું તથા સંભોગ કરવાનું ખૂબ

---

૯. યા અલ્લાહ શયતાનથી અમારું રક્ષણ કરજે, જે કંઈ તું અમને આપે તેનાથી તું શયતાનને દૂર રાખજે.
જુઓ ઇબ્ને કસીર ૧૭:૬૧ થી ૬૪ આયતોની તફસીરમાં

૧૦. તફસીરે અઝીઝી સૂરાએ જિન્ન પૃ. ૧૧૨

ગમે છે.[૧૧] આવા પ્રકારના ઘણા પ્રસંગો તમારા સાંભળવામાં કે જાણવામાં આવ્યા હશે, પુરુષો કરતાં સ્ત્રીઓને જિન્નાતો વધુ પ્રમાણમાં વળગે છે એ હકીકત તમારા લક્ષ બહાર નહીં હોય. આવા પ્રસંગો મારી જાણમાં પણ આવ્યા છે. તેમાંના એક બે ત્રણ પ્રસંગો આ રહ્યા :

એક માણસની પત્ની બહુ જ સુંદર હતી, પરિણામે તેણીની સાથે એક જિન્નનો પ્રેમ સંબંધ બંધાયો. પતિએ ભારે પ્રયત્નો કર્યાં છતાં પેલો જિન્ન ન ગયો. અત્રે તે સ્ત્રી ઘરડી થવા આવી છે છતાં તેમનો પ્રેમ સંબંધ ચાલુ છે, પેલો જિન્ન તે બાઈને કદી સતાવતો નથી કે કદી હેરાન–પરેશાન કરતો નથી. તેમજ ઘરમાં પણ કોઈ પણ પ્રકારનું તોફાન કરતો નથી. ત્રણે જણ પતિ, પત્ની અને જિન્ન શાંતિમય જીવન ગુજારે છે.

વળી અબ્દુલ અઝીઝ દેહલવી સાહેબના જીવન-વૃત્તાંતમાં એક પ્રસંગ વર્ણવેલો છે. તેમના એક શિષ્ય પાસે એક જિન્નાતણ રાતવાસો રહ્યા કરતી હતી. કેટલાક દિવસો પછી પેલી જિન્નાતણ પેલા શિષ્યને સૂવા દેતી નહીં અને તેની બહુ પજવણી કરતી હતી. છેવટે કંટાળીને પેલા શિષ્યે પોતાના ઉસ્તાદ એટલે કે ગુરુજીને આ સંબંધી ફરિયાદ કરી. શાહ સાહેબે એક તાવીજ પેલા શિષ્યને આપ્યું ત્યારે જ તે જિન્નાતણે તેની પાસે આવવાનું બંધ કર્યું.[૧૨]

આ હયાતુલ હેવાન પુસ્તકમાં બીજા એક પ્રસંગનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. એક નેક, પરહેજગાર અને કુરાન શરીફના જાણકારે ચાર જિન્નાતણો સાથે વારાફરતી લગ્ન કર્યાં હતાં. બીજા કોઈક માણસે આ વાત ઉપરોક્ત પુસ્તકના લેખકને કરી, પરંતુ તેની વાત પુસ્તકના લેખકને ગળે ઊતરી નહીં. સુક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર, આવા પ્રકારનાં શરીર કેવી રીતે ભેગાં થઈ શકે! પરંતુ થોડા સમય પછી તે માણસના માથામાં પાટા–પટીઓ બાંધેલી પુસ્તકના લેખકે જોઈ. પૂછતાં તે કહેવા લાગ્યો, “વાત સાચી છે. મેં ચાર જિન્નાતણો સાથે વારાફરતી લગ્ન કર્યાં હતાં, પરંતુ મારી ચોથી જિન્નાતણ પત્ની સાથે મારે કજિયો થયો એટલે તેણીએ મારું માથું ફાડી નાંખ્યું.”[૧૨]

---

૧૧. જિન્નાત કે પુર ઇસરાર હાલાત પૃ. ૧૫૨
૧૨. જિન્નાત કે પુર ઇસરાર હાલાત પૃ. ૧૫૨

આ બાબતોથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું જિન્નાત પુરુષો માનવ-સ્ત્રીઓ સાથે પ્રેમ સંબંધો બાંધી શકે? તેમની સાથે સંભોગ કરી શકે? સામો પ્રશ્ન એવો પણ ઊઠી શકે છે કે શું જિન્નાતણો માનવ-પુરુષો સાથે પ્રેમ ગોષ્ઠી કરી શકે? તેઓ સંભોગ કરી શકે બીજી રીતે પ્રશ્ન ઉઠાવીએ તો એમ પૂછી શકાય કે શું સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર એક બીજા સાથે પ્રેમ સંબંધો બાંધી શકે? શું તેવાં શરીર સંભોગ વેળા ભેગાં થઈ શકે? અદૃશ્ય અને દૃશ્ય મખલૂક કે કૃતિઓ કેવી રીતે એકત્ર થઈ શકે? એ તો આપણે જાણીએ છીએ કે દૃશ્ય મખલૂક અર્થાત્ માનવો પોતાનું શરીર બદલી શકતા નથી, જ્યારે અદૃશ્ય મખલૂક એટલે કે જિન્નાતો પોતાની મરજીમાં આવે તેવું સ્વરૂપ લઈ શકે છે. આ હકીકત છે એટલે જિન્ન જે માણસનું સ્વરૂપ ધારણ કરે તેના જેવો જ તે આબેહૂબ બની જાય છે. અવાજ, બોલચાલ ઈત્યાદિ બાબતોમાં તેના જેવો જ થઈ જાય છે, એટલે જિન્નાતો જો માનવ સ્વરૂપ લે તો બંનેના પ્રેમ સંબંધો બહુ સહેલાઈથી બાંધી શકાય.

એવું પણ કહેવામાં આવે છે કે આપ સલ્લ.ના આગમન પહેલાં એટલે કે બીજા પયગંબરોના સમયમાં જિન્નાતો અને ઇન્સાનો એક બીજા સાથે કદાચ અપવાદરૂપે લગ્નગ્રંથિથી જોડાતા હતા. આથી પ્રશ્ન એવો ઉદ્ભવે છે કે મુસ્લિમ સ્ત્રી પુરુષનાં લગ્ન જિન્નાત પુરુષ સ્ત્રી સાથે થઈ શકે? લગ્ન થઈ શકે છે, પરંતુ જિન્નાતોએ માનવ સ્વરૂપ ધારણ કરવું પડે અને લગ્ન વેળા બે શાહેદ અને એક વકીલ રજૂ કરવા પડે. અબૂ હુરૈરા રદી.નું કહેવું છે કે આપ સલ્લ.મે એક વેળા મને કહ્યું હતું કે સુલેમાન અલૈ.નાં પત્ની બિલ્કીસ અર્થાત્ સબાની રાણીનાં માતા એક જિન્નાતણ હતાં. [૧૩]તેણીની એડીનો પાછલો ભાગ ચોપાયાં જાનવરના ખર જેવો હતો. તેણીની માતાનું નામ રિફાઆ અને પિતાનું નામ શારજીલ હતું.

આપણી માફક જિન્નાતોમાં પણ કુટુંબ કબીલાઓ, સગાં વહાલાં, દોસ્ત-બિરાદરો અને વેરીઓ કે શત્રુઓ હોય છે. આથી એવું અનુમાન તારવી શકાય કે તેમનામાં પણ સામાજિક વ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થા હોવાં જોઈએ. જિન્નાતોમાં સરદારો હોય છે એ હકીકત તો આપણે તેમની પુત્રીઓ અલ્લાહની પત્નીઓ છે એવી ખોટી માન્યતાની ચર્ચા

---

૧૩. ઇબ્ને કસીર ૨૭: ૨૪ થા ૨૬ આયતોની તફસીરમાં

પહેલાં કરી તે ઉપરથી જાણીએ છીએ. તેમનામાં રાજ્ય-વહીવટ માટે લશ્કર, પુલિસ, ન્યાયતંત્ર વગેરે હોવું સંભવિત છે. તે બાબતની સાખ અલ્લામા મગરબી તિલસમાની પૂરી પાડે છે. જિન્નાતોનો બાદશાહ જે તે સમયનો "કુતુબ" હોય છે.[૧૪] અલ્લામા મગરબીની મુલાકાત તેમના સમયના હાકેમ અર્થાત્ બાદશાહ અને તેના વજીર ઈસ્માઈલ સાથે થઈ હતી. જિન્નાતો ઈન્સાનોને કેવી રીતે સતાવે છે તેની કેટલીક વિગતો આ નીચે આપવામાં આવી છે :[૧૫]

[૧] જિન્નાતનો માનવ-વ્યક્તિ ઉપર કોઈક પ્રકારનો છાયો પડે છે ત્યારે તે માનવ-વ્યક્તિ બેભાન બની જાય છે અને તેની સ્થિતિ વાઈ થઈ હોય તેવા માણસના જેવી થઈ જાય છે. જિન્નાતોની એક આવી અસર ઈન્સાનો પર પડે છે.

[૨] જવાબેઅ નામના બલિષ્ઠ જિન્નાતો નવોઢાઓ અર્થાત્ નવ-વધૂઓને ખૂબ હેરાન કરે છે. તે સમયે તેવી નવ-પરિણીત કન્યાઓને વાઈ થઈ જાય છે.

[૩] શયતાન જિન્નાતો સામાન્યપણે પતિ-પત્નીમાં ઝઘડા કરાવ્યા કરે છે.

[૪] કેટલાક શયતાન જિન્નાતો સુંદર સ્ત્રીઓને તથા જેમને હજુ બાળક થયાં ન હોય તેવી સ્ત્રીઓને બહુ પજવતા રહે છે.

[૫] સ્ત્રીઓ જ્યારે નાહીને સુંદર વસ્ત્રો પરિધાન કરે, માથાના વાળમાં સુગંધીદાર તેલ નાંખે અને બનીઠનીને બેસે ત્યારે કેટલાક જિન્નાતો તેમની પાસે આવે છે, તેમનો સ્પર્શ કરે છે, તેથી તેમના પર તેમનો છાંયો પડે છે. છાંયો પડયો હોય તેવી સ્ત્રીઓ ભાન ભૂલી જાય છે અને અજૂગતું વર્તન કરે છે.

[૬] તોફાની કે બલિષ્ઠ જિન્નાતો હદ વટાવી માનવ-સ્ત્રીઓને વ્યભિચાર કરવા ફરજ પાડે છે.

[૭] આવા તોફાની શયતાન જિન્નાતો ઘઉંવર્ણી, મધ્યમ કદની પરંતુ સુડોળ અને દેખાવડી સ્ત્રીઓના પેટ ઉપર કંઈક એવી ફૂંક મારી આપે છે કે જેથી કેટલીક વેળા તેવી સ્ત્રીઓના શરીરના જુદા જુદા

૧૪. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૧૫૨
૧૫. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૨૨૩-૨૨૪

અવયવો કે સાંધાઓમાં દરદ થાય છે, કેટલીક વેળા તેવી સ્ત્રીઓની જમવાની રુચિ નષ્ટ પામે છે.

[૮] પાંખોવાળા ઊડતા જિન્નાતો કે પરીઓ કોઈ સ્ત્રી ઉપર છાંયો કરે છે તેથી તે સ્ત્રીને દુઃખ થાય છે, તેના શરીરમાં બળતરા રહ્યા કરે છે અને તેનું શરીર સુસ્ત રહ્યા કરે છે.

[૯] પાણીમાં રહેતા જિન્નાતો કેટલીક વખત કોઈક સ્ત્રીના માથામાં કે તેની યોનિમાં કોઈક વસ્તુ મારી દે છે, પરિણામે તે સ્ત્રી સંભોગ માટે તૈયાર થતી નથી અને બળજબરાઈથી સંભોગ થઈ જાય તો તેને ઘણું દુઃખ દરદ થાય છે.

[૧૦] આવી રીતે અસર પડી હોય તેવી સ્ત્રીઓ નગ્ન-અવસ્થામાં રહે છે, ભોંય પર હાથ-પગ પછાડયા કરે છે અથવા પોતાનું ગળું જાતે જ દબાવ્યા કરે છે. તેને કયારે પણ ખોરાક પ્રત્યે રુચિ થતી નથી, મોટા ભાગે પથારીવશ પડી રહે છે.

દરેક માનવ-વ્યક્તિ સાથે એક ફરિશ્તો તો રહે જ છે.[૧૫] જે તેનું ઊંઘતાં, જાગતાં, બેસતાં એટલે કે દરેક સ્થિતિમાં જિન્નાતોથી અને જીવ-જંતુઓથી રક્ષણ કરે છે. સતાવે અથવા દુઃખ આપે તેવી કોઈ ચીજ આવી પડે તો પેલો ફરિશ્તો તેને દૂર હઠાવી દે છે. જો આવો-સાથી ફરિશ્તો તમારા રક્ષણ માટે મૂકવામાં આવ્યો ન હોત તો જિન્નાતો તમને ઉઠાવી લઈ જાત અને તમારું કાશળ કાઢી નાંખત.

★

૧૫. જુઓ, પવિત્ર કુરાનની ૩ ની ૮૬ આયત.

પ્રકરણ ૯ મું

# જિન્નાતો—તેમનો ઇસ્લામ સ્વીકાર

હઝરત હસન બસરી રહે.નું કહેવું છે કે, જેમ ઇન્સાનો જુદા જુદા ધર્મો અને પંથો પાળે છે તેમ જિન્નાતો પણ જુદા જુદા ધર્મો અને પંથો પાળે છે. એથી સ્પષ્ટ થાય છે કે જિન્નાતો પણ ઇસ્લામ ધર્મ પાળે છે. ઇસ્લામ ધર્મ તેમણે કેવી રીતે અખત્યાર કર્યો તે પણ એક રસપ્રદ કહાણી છે.

પુરાતન કાળમાં જિન્નાતોના કબીલાઓને આસમાનમાં બેસવા માટે પોતપોતાની જગાઓ નિયત થયેલી હતી. ત્યાં તેઓ ફરિશ્તાઓની વાતો સાંભળવા બેસતા હતા. આસમાનમાં એવી વ્યવસ્થા હોય છે[1] કે ઇન્સાનો કે જિન્નાતો માટે અથવા બીજી અન્ય પરિસ્થિતિ માટે મહાન અર્શ ઉપરથી અલ્લાહ તઆલા કોઈક આદેશ કે હુકમ આપે છે ત્યારે મહાન અર્શની આસપાસ રહેનારા ફરિશ્તાઓ તે હુકમ સાંભળી અલ્લાહના યશોગાનની તસબી પઢવા અર્થાત્ જાપ જપવા મંડી પડે છે. આ તસબી સાંભળી આસમાનો પર રહેતા અન્ય ફરિશ્તાઓ પણ તસબી પઢવા કે જાપ જપવા મંડી પડે છે, આ પ્રમાણે પૃથ્વી ઉપરથી આસમાન સુધીના ફરિશ્તાઓ અલ્લાહના યશોગાનની તસબી પઢતા થઈ જાય છે. તસબી પઢવાનું પૂરું થયા પછી ફરિશ્તાઓ માંહોમાંહે અલ્લાહના પેલા હુકમ સંબંધી વાતો કરે છે. તે વાતો પહેલા આસમાન પર બેસેલા જિન્નાતો સાંભળી લેતા હતા. જે જિન્નાતોએ આવી કોઈક આકાશી વાત ચોરીછૂપીથી સાંભળી લીધી હોય તે વાતમાં બીજી અનેક જૂઠી વાતો ભેળવી તેઓ પૃથ્વી પરના પોતાના કાહિન–મિત્રોને એટલે કે જોશીમિત્રોને કહી સંભળાવતા હતા. આ કાહિનો કે ભવિષ્યવેત્તાઓ ભેટ સોગાતો આપી જિન્નાતોને પોતાના મિત્રો બનાવી રાખતા હતા. કેટલાયે ભવિષ્ય–વેત્તાઓના જિન્નાતો પાકા મિત્રો બની જતા હતા, એટલે આકાશી વાતો જિન્નાતો પોતાના જોશી-મિત્રોને કહી સંભળાવતા હતા. પેલા ભવિષ્ય વેત્તાઓ અથવા જોશીબુવાઓ જિન્નાતોએ સંભળાવેલી સંમિશ્રણ આકાશી વાતોમાં પોતાના તરફથી પણ ઉમેરો કરી લોકો આગળ ભવિષ્યની વાતો તરીકે રજૂ કરતા. આવી અનેક વાતોમાંથી ફરિશ્તાઓ પાસેથી સાંભળેલી વાત તો સાચી જ પડતી એટલે લોકોને જ્યોતિષી પર સારી શ્રદ્ધા બેસતી. કોઈક દેવ કે દેવીની આરાધનાના

૧. જિન્નાત કે પુર ઈસરાર હાલાત પૃ. ૧૭૪

કારણે આવું બને છે એવું જ્યારે જ્યોતિષીઓ લોકોને કહેતા એટલે તે દેવ કે દેવીની પૂજા વિશેષ પ્રમાણમાં થતી.

આજના યુગમાં પણ જિન્નાતો આવી કોઈક શરારત કરવાનું ચૂકતા નથી. ગેબની અર્થાત્ ભવિષ્યની અમુક વાતો જાણી લેવી તે જિન્નાતો માટે સાહજિક છે. આવી કોઈક વાત જાણ્યા પછી તે વાતને અમુક વ્યક્તિને સ્વપ્ન દ્વારા કે શંકાકુશંકા દ્વારા જાણ કરી દે છે. તેમ કરવામાં તેમનો હેતુ પેલી વ્યક્તિ જે ધર્મ કે પંથ પાળે છે તે સાચો અને ઈશ્વર માન્ય છે તેવું દેખાડવાનો છે. મારો જાત અનુભવ છે કે એક કોળીભાઈના મનમાં મટકા-જુગારના બે નંબરો ઠસાવવામાં આવ્યા હતા. આ નંબરો ફલાણા દિવસે ચોક્કસ આવશે તેવો ખ્યાલ કોઈક શયતાની જિન્ને આપ્યો હશે. તે નંબરો પર તે કોળીભાઈ અને બીજો તેનો મિત્ર એમ બે જણ રમ્યા. બંને વખત નંબરો સાચા પડયા અને બંનેને સારી એવી રકમ મળી. પછી તો તેમણે કોઈક દેવીની દહેરી બંધાવી. આ રીતે આજે પણ શયતાન જિન્નાતો મૂર્તિપૂજાને ઉત્તેજના આપતા તથા તેને પોષતા રહ્યા છે.

આપ સલ્લ. પયગંબર તરીકે વ્યક્ત થયા ત્યારથી જિન્નાતોને આકાશમાં જવા ઉપર અને ફરિશ્તાઓની વાતચીત સાંભળવા ઉપર કડક પ્રતિબંધ મૂકાયો. આપ સલ્લ. પયગંબર વ્યક્ત થયા ત્યારથી પવિત્ર કુરાનની આયતો આવવા માંડી. આ આયતો અલ્લાહ તઆલા મહાન અર્શ ઉપરથી જીબ્રઈલ અલૈ.ને આપતા અને જીબ્રઈલ અલૈ. આ આયતો સાંભળ્યા પછી લોહે મહફૂઝ પર જોઈ સંપૂર્ણ ખાતરી કરી લેતા. ત્યાર પછી આપ સલ્લ. પાસે લઈ આવતા હતા. પવિત્ર કુરાનની કોઈ પણ આયતમાં રતી બરાબર પણ ફેરફાર ન થાય તે માટે જિન્નાતો પર કડક પ્રતિબંધ મૂકાયો. જો તેમ ન થયું હોત તો શયતાન જિન્નાતો તેમાં અનેક પ્રકારના ફેરફારો કે અનેક પ્રકારની મેળવણી કરી શકયા હોત. આ પ્રતિબંધ અંગે જિન્નાતો જાતે કબૂલ કરે છે કે, "અને જ્યારે અમે આકાશોને (ત્યાંની ખબરો જાણવા) ટટોળી જોયું તો તેને મહાશક્તિશાળી પહેરેગીરો અને અંગારાઓથી ભરપૂર જોયું." ૭૨:૮ જે જિન્નાતો આકાશ તરફ જાય છે તેમને ત્યાંના ચોકીદાર ફરિશ્તાઓ અંગારા મારે છે અને ત્યાંની વાત સાંભળવા દેતા નથી. બનતાં સુધી ચોકીદારો અંગારા ફેંકવામાં નિશાન ચૂકતા નથી. અંગારાઓથી ત્યાં ગયેલા જિન્નાતો બળીને ખાખ થઈ જાય છે. આકાશમાં આવી ગોઠવણ હોવા છતાં જિન્નાતો ઊંચે આકાશમાં એકની ઉપર એક એવી ઊભી હારમાં

ગોઠવાઈ જાય છે અને સાંભળવા સાહસ ખેડે છે. હવે તરતજ જિન્નાતો પર અંગારા ફેંકવામાં આવે છે. એ રીતે ફેંકાતા અંગારાને આપણે ખરતા તારા કહીએ છીએ. આમ આકાશમાંથી ખરતા તારાઓનું સાચું રહસ્ય પણ હવે તમને સમજાયું હશે.

ખરતા તારાઓની ચોખવટ પવિત્ર કુરાનમાં જિન્નાતો જાતે કરે છે. "ખરેખર અમે પહેલાં (એટલે કે આપ સલ્લ.ના વ્યક્ત થતા પહેલાં) આકાશના ખબરો સાંભળવા ત્યાં કેટલીક જગાઓમાં (છૂપી રીતે) જઈ બેસતા હતા; પરંતુ હવે જે કોઈ (એવી રીતે) સાંભળવા જાય છે ત્યારે તે પોતાના માટે એક અંગારો તૈયાર જુએ છે." ૭૨:૯ આવો કડક બંદોબસ્ત હોવા છતાં કેટલાક સાહસિક શયતાન જિન્નાતો ઊભી હારમાં ગોઠવાઈ જઈ આકાશની ખબરો મેળવવા ભારે સાહસ ખેડે છે. એ વિશે પણ પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવ્યું છે કે, "દરેક ફિટકાર પામેલા શયતાનથી અમે તેનું રક્ષણ કર્યું છે. છતાં જો કોઈક (શયતાન) ચોરીછૂપીથી કંઈક સાંભળી નાસી જાય તો એક પ્રજ્વલિત અંગારો તેની પૂંઠ પકડે છે." ૧૫:૧૭–૧૮ જિન્નાતો જૂઠી વાતો રજૂ કરે છે તે સંબંધી પણ પવિત્ર કુરાનમાં ચોખવટ છે: "તેઓ સાંભળેલી વાત લાવી રજૂ કરે છે અને તેમનામાંના ઘણાખરા જૂઠા હોય છે." ૨૬:૨૨૩ આ આયતથી પણ સાબિત થાય છે કે એકાદ સાચી આકાશી વાત સાથે અનેક જૂઠી વાતો ભેળવી તેઓ રજૂ કરે છે. એ તો ઉઘાડું સત્ય છે કે અલ્લાહ સિવાય બીજું કોઈ પણ ગેબની વાતો જાણતું નથી. તો પછી જિન્નાતો કયાંથી જાણે? સિવાય કે કોઈક આકાશી વાત તેમણે સાંભળી લીધી હોય. સુલેમાન અલૈ.ના મૃત્યુની ખબર જિન્નાતોને એક વરસ પછી પડી હતી અને તે કેવી રીતે તે હકીકત પવિત્ર કુરાનની ૩૪:૧૪મી આયતમાં જણાવવામાં આવેલી છે. તેમાં કહેવામાં આવેલું છે કે, "જ્યારે તે મૃત્યુ પામ્યા ત્યારે તેમનું મૃત્યુ (થયું છે તેવું) કોઈએ જણાવ્યું નહીં, પરંતુ તેમની લાકડી ખાતી હતી તે ઉધઈએ બતાવ્યું: પછી જ્યારે તે ઢળી પડયા ત્યારે જિન્નાતોને ખબર પડી ગઈ કે તેઓ ગેબની વાતો જાણતા નથી." આમ તેમની રૂબરૂ થયેલ મોતની વાત પણ જિન્નાતો જાણી શકયા નહીં તો પછી ભવિષ્યની વાતોની તો ખબર જ તેમને કયાંથી પડે? અને ઇન્સાનો તેમની પાસેથી ભવિષ્યની વાતો કયાંથી જાણી શકે?

આકાશમાં મૂકાયેલા આ પ્રતિબંધની વાત સઘળા જિન્નાતોએ

શયતાનને કહી. આ સાંભળી તે બોલી ઊઠયો : "શું આકાશમાં જવા–આવવા માટે તમને રોકવામાં આવે છે ? ત્યાંની તમારી બેસવાની છૂપી જગાઓ પણ છીનવી લેવામાં આવી ? ભૂલેચૂકે અથવા સાહસ ખેડીને તમે ત્યાં જાઓ છો તો તમને સળગતા અંગારા મારવામાં આવે છે ! ખચિત જ કોઈક મહા–પ્રસંગ બનવાની પ્રસ્તાવનારૂપે આવું બનતું હોય એમ જણાય છે. મારું તો એવું અનુમાન છે કે કોઈક પાક–પવિત્ર ભૂમિમાં કોઈક નબી પેદા થવાના કારણે આમ બનવાનું શરૂ થયું છે. તમે અત્રે જુદા જુદા દેશોમાં જાઓ અને આનું કારણ શોધી લાવો."

આકાશમાં મૂકાયેલા આ પ્રતિબંધની તપાસ કરવા શયતાને દરેક દેશમાં પોતાના અનુયાયીઓ મોકલી આપ્યા. આવું એક ટોળું મક્કા આવી પહોંચ્યું. આ ટોળામાં સાત જિન્નાતો હતા. આ સમયે આપ સલ્લ. કેટલાક સાથીઓ સાથે જ્યાં પ્રતિ વરસે મોટામાં મોટો મેળો ભરાતો હતો. ત્યાં એટલે કે ઉક્કાઝના મેળામાં જતા હતા. મક્કાથી ઉક્કાઝ જવાના રસ્તામાં નખલા નામની એક ખીણમાં એક મેદાન છે. ત્યાં આપ સલ્લ. પોતાના સાથીઓને ઈશાંની તથા સવારની નમાજ પઢાવતા હતા. આ નમાજમાં આપ સલ્લ. બહાર સાંભળી શકે તેવી રીતે કુરાન પઢતા હતા. પેલા સાત જિન્નાતો ત્યાં આવી ચડયા. કુરાનનો અવાજ આવતાં તેઓ બોલી ઉઠયા, "શાંત થઈ જાઓ" ૪૬:૨૯ અને ધ્યાન દઈ સાંભળો. કુરાન સાંભળી સાતે જિન્નાતોને ખાત્રી થઈ ગઈ કે આકાશમાં જવા માટે મૂકાયેલા પ્રતિબંધનું રહસ્ય આ જ છે.

પેલા સાતે જિન્નાતો ત્યાંથી વિના વિલંબે પોતાના વતનમાં પાછા ફર્યા અને પોતાની કોમના જિન્નાતોને કહેવા લાગ્યા : "અમે તો હેરત પમાડે તેવું અદ્‌ભુત કુરાન સાંભળ્યું. તે નેકીનો સદમાર્ગ બતાવે છે, તેથી અમે તો તેના પર ઈમાન લઈ આવ્યા અને હવેથી અમે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર માનીશું નહીં." ૭૨: ૧–૨ આ પ્રસંગથી આપ સલ્લ. અજાણ જ હતા.[૨] એટલે તેમને સંભળાવવા તેમણે મોટેથી કુરાન પઢયું ન હતું, પરંતુ ઈશાં અને સવારની નમાજ વેળા પવિત્ર કુરાનનું પઠન મોટેથી કરવામાં આવે છે તે પ્રમાણે રિવાજ મુજબ જ પઠન કર્યું હતું. પાછળથી અલ્લાહ તઆલાએ આ બાબતની જાણ વહી દ્વારા પવિત્ર કુરા-

* ૨. ઇબ્ને કસીર ૪૬ : ૨૯ ની આયતની તફસીરમાંથી

નના ૭૨ મા પ્રકરણ અર્થાત્ "સૂરાએ જિન્ન" દ્વારા કરી હતી. ત્યાં એવો ઉલ્લેખ છે કે: "(હે મુહમ્મદ!) તું કહી દે કે મને (વહી દ્વારા) ખબર આપવામાં આવી છે કે જિન્નાતોના એક ટોળાએ કુરાન સાંભળ્યું અને તેઓ પોતાની કોમના જિન્નાતોને કહેવા લાગ્યા......" ૭૨:૧ આ પ્રસંગ આપ સલ્લ. પયગંબર તરીકે વ્યક્ત થયા અને તેમના ઉપર પવિત્ર કુરાન વહી થવાના આરંભ કાળનો છે. આમ જિન્નાતોમાં સૌથી પહેલાં આ સાંત નસીબન અર્થાત્ નિનવેહના જિન્નાતોએ ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગ પછી કુરાન શરીફ આપ સલ્લ.ના મુખેથી સાંભળવા તથા તેમની પાસેથી પ્રત્યક્ષ જ્ઞાન અને હિદાયત મેળવવા જિન્નાતોનાં પ્રતિનિધિ મંડળો આપ સલ્લ. પાસે આવતાં હતાં. કહેવામાં આવે છે કે આવાં કેટલાંયે વફદ અર્થાત્ પ્રતિનિધિ-મંડળો આપ સલ્લ. ને મળવા આવ્યાં હતાં. પહેલું વફદ નસીબન પ્રદેશમાંથી આવ્યું હતું. તેમાં ૩૦૦ જિન્નાતો આવ્યા હતા. હિજ્જૂન નામના સ્થળે જે મક્કાના એક મહોલ્લામાં આવેલું છે ત્યાં રાત્રે મુલાકાત ગોઠવાઈ હતી.[૩] આ રાત્રિને પહેલી લયલતુલ-જિન્ન અર્થાત્ જિન્ન રાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. આપ સલ્લ. આ રીતે અબ્દુલ્લાહ બિન મસૂદ રદી.ને સાથે લઈ ગયા હતા. તેમને થોડે દૂર બેસાડી પગ વડે આપ સલ્લ.મે એક રેખા ખેંચી દીધી અને તેમાં જ બેસી રહેવાનું ફરમાન કરી આપ સલ્લ. જિન્નાતો પાસે એકલા ગયા હતા. જિન્નાતો તેમને વીંટાઈ વળ્યા હતા. રાત ભર આપ સલ્લ.મે તેમને કુરાનિક આયતો સંભળાવી ઉપદેશ આપ્યો અને વાતો પણ કરી. સવારની નમાજ વેળા જિન્નાતોના આગ્રહને વશ થઈ આપ સલ્લ.મે નમાજ પણ પઢાવી હતી. આ નમાજ વેળા તેમણે સૂરાએ તબારક-૬૭ મું પ્રકરણ અને સૂરાએ જિન્ન-૭૨ મું પ્રકરણ પઢી સંભળાવ્યાં હતાં. આપ સલ્લ.ને ઇબ્ને મસૂદ રદી.એ પૂછ્યું હતું કે, "યા રસૂલુલ્લાહ! આ લોકો કોણ હતા? શા માટે આવ્યા હતા?" તેના જવાબમાં આપ સલ્લ.મે ફરમાવ્યું હતું કે, "એ લોકો નસીબન-નિનવેહના જિન્નાતો હતા. કેટલાક મૂંઝવતા અને મતભેદવાળા પ્રશ્નોના ઉકેલ માટે તથા હિદાયત મેળવવા અને કુરાન સાંભળવા આવ્યા હતા.

વળી અબ્દુલ્લાહ બિન મસૂદ રદી. મોસલથી આવેલા બાર હજાર જેટલા જિન્નાતોનું વફદ બીજી લયલતુલ-જિન્નની રાત્રે આવેલું ત્યારે હાજર હતા. આપ સલ્લ.ના ઉમ્મે સલમા રદી. સાથે નિકાહ થયા પછી મદીનામાં

* ૩. તફસીરે અઝીઝી સૂરાએ જિન્ન પૃ. ૧૧૫

આવેલા બકી-ગરકદના મેદાનમાં આ વફદ આપ સલ્લ.ને મળ્યું હતું. આ સમયે ઝુબેર રદી. નામના સહાબી પણ ઉપસ્થિત હતા. તેમણે જિન્નાતોને જોયા હતા અને તેમની વાતો પણ સાંભળી હતી.[૪] તેમનાં ખજૂરીઓ જેટલાં ઊંચા ઊંચા કદ જોઈ ઇબ્ને મસ્ઊદ તો ખૂબજ બી ગયા હતા. આ વેળા પણ તેમની બંનેની ચોતરફ રેખા ખેંચવામાં આવી હતી. કામ પતી ગયા પછી ઇબ્ન મસ્ઊદ રદી.એ પોતાની બીકની વાત કહી સંભળાવી ત્યારે આપ સલ્લ.મે ફરમાવ્યું હતું કે, "જો તમે એ રેખાની બહાર નીકળી ગયા હોત તો જિન્નાતો તમને ઉઠાવી ગયા હોત અને આપણો ભેટો કયામતના દિવસ સુધી થાત નહીં."[૫]

એક વેળા ઈબ્ને મસ્ઊદ રદી.ને પૂછવામાં આવ્યું કે મક્કામાં બીજા કોઈ પ્રસંગે આપ સલ્લ. સાથે કોઈ ગયું હતું? તેમણે જવાબ આપ્યો. "એક રાત્રે કોઈને પણ જાણ કર્યા વિના આપ સલ્લ. મક્કાની બહાર ચાલ્યા ગયા હતા. રાતભર લોકો ખૂબજ ચિંતાતુર રહ્યા હતા કે કદાચ કોઈક શત્રુએ દગો કર્યો હોય! પરંતુ સવારમાં આપ સલ્લ. હીરા પર્વતની ગુફા તરફથી આવતા દેખાયા ત્યારે લોકોને શાંતિ થઈ. આપ સલ્લ.મે કહ્યું કે: "મારી પાસે ઓચિંતો જિન્નાતોનો ખેપિયો આવ્યો હતો એટલે કોઈને જાણ કર્યા વિના મારે એકદમ જવાનું થયું. હું તેમને કુરાન શરીફ સંભળાવવા અને ઉપદેશ આપવા ચાલ્યો ગયો હતો." આપ સલ્લ.મે પછી તો ખાત્રી માટે અમને જિન્નાતોનાં પગલાં અને તેમણે સળગાવેલી ધૂણીઓ ઇત્યાદી બતાવ્યું. આ જિન્નાતો જંઝીરાના હતા. તેમણે આપ સલ્લ.ને કંઈક ભેટ-સોગાત આપવા વિનંતી કરી. આપ સલ્લ.મે દુઆ કરીને ભેટ આપતાં કહ્યું, "જે હાડકાંને તમે હાથમાં લઈ અલ્લાહનું નામ લેશો એટલે તે હાડકાં ઉપર પહેલાંથી કંઈક વિશેષ માંસ આપમેળે તેના પર આવી જશે. તેવી રીતે લીદ અને છાણને હાથમાં લઈ અલ્લાહનું નામ લેશો તો તમારાં પશુઓ માટે પહેલાં જેટલા જ દાણા તેમાં આપમેળે આવી જશે."[૬] આ કારણે આ બંને વસ્તુઓને મળ-મૂત્રથી ખરાબ કરવાની મુસલમાનોને મનાઈ કરવામાં આવેલી છે. પહેલાં જિન્નાતો ઈન્સાનોનું અનાજ-પાણી ચોરી છૂપીથી ખાઈ જતા હતા અર્થાત્ હરામની રીતે ખાઈ જતા હતા, હવે મુસ્લિમ જિન્નાતોને હલાલની રોજી મળી.

---

૪. તફસીરે અઝીઝી-સૂરાએ જિન્ન પૃ. ૧૧૫.
૫. ઈબ્ને કસીર. ૪૬:૨૯ની તફસીરમાંથી.
૬. ઈબ્ને કસીર ૪૬:૨૯ની આયતની તફસીરમાંથી.

વળી એક પ્રસંગે ૧૫ જિન્નાતો આપ સલ્લ. પાસે આવ્યા હતા. તેઓ બધા પિતરાઈ અને ફોઈયાઈ ભાઈઓ થતા હતા. એક વેળા ૬૦ ઊંટો ઉપર બેસીને કેટલાક જિન્નાતો આવ્યા હતા. મદીનાના ગરકદના મેદાનમાં જે જિન્નાતો આવ્યા હતા તેઓ ગીધોની માફક તેમનાં પશુઓ ઉપરથી ઉતરતા હતા. જિન્નાતોનાં વફદ કેટલાં આવ્યાં તેનો ચોક્કસ આંકડો મળતો નથી, પરંતુ હદીસથી એવો પત્તો મળે છે કે ઓછામાં ઓછા ૬ પ્રતિનિધિ મંડળો તો એકલાં મક્કામાં જ આવ્યાં હતાં.[૭] આ ઐતિહાસિક પુરાવો છે. પવિત્ર કુરાનનો પણ પુરાવો ૪૬:૨૯–૩૦ અને ૭૨:૧થી ૧૪ની આયતોમાંથી મળી રહે છે. પવિત્ર કુરાનના કેટલાક અર્વાચીન ભાષ્યકારોનું માનવું છે કે જિન્નાતો બીજા કોઈજ નહીં પરંતુ પહાડો, ખીણો, જંગલો અને ટાપુઓમાં વસતા આદિવાસી જેવા અણઘડ લોકો જ છે. ઐતિહાસિક અને કુરાનિક પુરાવાઓ ઉપલબ્ધ થતા હોવાથી અર્વાચીન ભાષ્યકારોની માન્યતા પાયા વિનાની અને સાવ ખોટી છે. કુરાનિક પુરાવો આ રહ્યો :

"અને (તે પ્રસંગને યાદ કરો) જ્યારે જિન્નાતોમાંના એક ટોળાને અમે તારા તરફ કુરાન સાંભળવા આકાંક્ષિત બનાવ્યા અને જ્યારે તેઓ તે સ્થળે (તારી પાસે) આવી પહોંચ્યા ત્યારે તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા : ચૂપ થઈ જાઓ : પછી જ્યારે કુરાનનું વાચન પૂરું થઈ ગયું ત્યારે સચેત કરતારા બનીને પોતાની કોમમાં પાછા ફર્યા."[૮]

"હે જ્ઞાતિ ભાઈઓ ! અલ્લાહનું ઈજન આપનારની અર્થાત્ અલ્લાહ તરફ લઈ જવાનું આમંત્રણ આપનારની વાત સ્વીકારો અને તેના પર ઈમાન લઈ આવો, જેથી અલ્લાહ તમારા પાપી કામોને માફ કરશે અને તમને દુઃખદાયક આપત્તિઓમાંથી ઉગારી લેશે." ૪૬:૩૧.

આ આયતોથી પુરવાર થાય છે કે જિન્નાતો આપ સલ્લ. પાસે ઉપદેશ માટે અને પવિત્ર કુરાન સાંભળવા આવતા ત્યારે તેઓ ઈસ્લામ ધર્મ સ્વીકારી લેતા એટલું જ નહીં પરંતુ પાછા ફરીને પોતપોતાની જ્ઞાતિઓમાં ઈસ્લામનો પ્રચાર પણ કરતા હતા. જિન્નાતો જાતે પણ ઈસ્લામનો પ્રચાર કરતા હતા તેના ઐતિહાસિક પુરાવા આ રહ્યા :

હજરત ઉમર રદી. મદીનામાં મસ્જિદે નબવીમાં ખુતબો આપી રહ્યા હતા, તે વેળા તેમણે પૂછ્યું : "અહીં સવાદ બિન કારિબ હાજર છે ?"

---

૭. તફહીમુલ કુરાન IV ૪૬:૩૦ પૃ. ૬૧૯ નોંધ ૩૫

૮. આ પ્રસંગ મક્કાના નખલા નામના સ્થળે બન્યો હતો.

જવાબ મળ્યો: "હાજર નથી." બીજા વરસે તેમણે એ જ મસ્જિદમાં એ જ પ્રશ્ન ઉઠાવ્યો. કોઈક બોલી ઉઠયું : "યા અમીરુલ મોમિનીન! આ પ્રશ્ન ઉપસ્થિત કરવાનું પ્રયોજન શું છે?" તેમણે જવાબમાં કહ્યું: "તેમના ઈસ્લામ સ્વીકારની કહાણી અદ્ભુત છે." આ વાત ચાલતી હતી તેવામાં જ સવાદ બિન કારિબ રદી. આવી પહોંચ્યા. હજરત ઉમર રદી.એ તેમને પોતાના ઈસ્લામ સ્વીકારની કહાણી કહી સંભળાવવા ફરમાવ્યું.

સવાદ કહેવા લાગ્યા:[૯] "હું હિન્દુસ્તાનમાં હતો ત્યારે એક રાત્રે મારો એક જિન સાથી ઊંઘમાંથી જગાડી મને કહેવા લાગ્યો: "મક્કામાં લવી બિન ગાલિબના કુટુંબમાં[૧૦] એક પયગંબર જાહેર થયા છે. જો સાચો ઉપદેશ મેળવવો હોય તો વિના વિલંબે ત્યાં જા અને બનુ હાશિમના લાડક-વાયાનાં દર્શન કરી લે. પરંતુ હું તો ઝોકાં ખાતો સૂઈ જ રહ્યો."

"બીજી રાતે વળી પાછો મને જગાડીને કહેવા લાગ્યો, "મોક્ષ મેળવવાની ઇચ્છા હોય તો મક્કા જા." આ વેળા પણ મેં તેની વાત ગણકારી નહીં. ત્રીજી રાત્રે આવીને કહેવા લાગ્યો: અમે જિન્નાતો મુહમ્મદ સલ્લ. પાસે હિદાયત માટે જઈ રહ્યા છીએ. સાચો માર્ગ ગ્રહણ કરવા શા માટે તું તેમની પાસે જતો નથી? આ સમયે મેં જોયું તો જિન્નાતોનો એક કાફલો મક્કા જવાની તૈયારીમાં હતો. હું પણ તૈયાર થઈ ગયો."

"સાંઢણી પર સવાર થઈ હું પણ બનતી ઉતાવળે મક્કા આવ્યો. હું તો સીધો જ આપ સલ્લ. સમક્ષ હાજર થઈ ગયો. મને જોતાં જ તેઓ કહેવા લાગ્યા : ઓ સવાદ બિન કારિબ! ભલે પધાર્યા! તમે શા માટે આવ્યા છો તે હું જાણું છું. હું એ હકીકત પણ જાણું છું કે તમે કોના કહેવા-સમજાવ્યાથી આવ્યા છો."

પછી આપ સલ્લ.ની પરવાનગી મેળવી ઉપરોક્ત પ્રસંગને વણી લેતી કેટલીક પંક્તિઓ મેં ગાઈ સંભળાવી. તેનો સાર ભાગ એવો હતો કે : "અલ્લાહ સિવાય બીજો કોઈ પૂજ્ય નથી. તમે તેના રસૂલ છો. મરણ પછી કયામતના દિવસે અમારા છૂટકારા માટેની ભલામણનો આધાર-સ્તંભ તમે જ છો."

આ પંક્તિઓ સાંભળી આપ સલ્લ.મને હસવું આવી ગયું અને ફર-માવવા લાગ્યા: "ઓ સવાદ બિન કારિબ! તમને મુક્તિ મળી ગઈ." આમ

---

૯. ઈબ્ને કસીર: ૪૬:૨૯ની તફસીર તથા તફસીરે અઝીઝી સૂરાએ જિન્ન. પૃ. ૧૧૧

૧૦. ઈબ્રાહીમ અલૈ.થી ૬૨મી પેઢીએ લવી થયા. આપ સલ્લ.ની ૮મી પેઢીએ લવી પ્રપિતામહ થાય.

મારા સાથી જિન્નાતના સૂચનથી મેં ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો. તે પહેલાં હું કાહિન અર્થાત્ ભવિષ્યવેત્તા હતો. હવે પવિત્ર કુરાનનું પઠન કરું છું તેથી કોઈ જિન્નાત ભવિષ્યવાણી કહેવા મારી પાસે આવતા નથી. જ્યોતિષિનો ધંધો ખોટો છે અને તેનો મેં ત્યાગ કર્યો છે."

મદીનામાં આપ સલ્લ.ના પયગંબર તરીકે વ્યક્ત થવાની હકીકત મદીનાની એક ખૂબસૂરત સ્ત્રી સાથે એક જિન્નાતનો પ્રેમ સંબંધ તૂટ્યાની વાત પરથી પહેલવહેલી મળી હતી. એ વાત તમે ગયા પ્રકરણમાં વાંચી ગયા છો.

અદી ઈબ્ને હાતિમતાઈ એક પ્રસંગનું વર્ણન કરતાં કહેતા હતા કે, "જાનિસ બિન દગના નામે મારો એક નોકર હતો. એક દિવસ તે અસ્વસ્થ સ્થિતિમાં મારા ઘરની બહાર બેઠો હતો. મેં તેને પૂછ્યું : "કેમ ભાઈ દગના ! કંઈ તબિયત સારી નથી શું ?" તેણે કહ્યું : "તમારા ઊંટ લઈ લો. હું તમારી નોકરી કરવા માગતો નથી." મેં પૂછ્યું "કેમ આમ એકાએક નોકરી છોડી દે છે ? કંઈ મારો કસૂર થયો છે ?" તે કહેવા લાગ્યો. "ના, એવું કંઈ નથી. પરંતુ હું ઊંટ ચરાવતો હતો ત્યારે પહાડ જેટલો એક ઘરડો માણસ આવી ચડયો. તેનું મોં ઘૂવડ જેવું હતું. તે મને કહેવા લાગ્યો:" ઓ દગના ! મક્કામાં અહેમદ નામના એક પયગંબર જાહેર થયા છે. તેમનો ધર્મ સ્વીકારી લે. તે જ સાચો ધર્મ છે."૧૧

અબ્બાસ બિન મરવાસ નામના એક પ્રખ્યાત અરબ સરદારના ઈસ્લામ સ્વીકારની પણ આવી અદ્દભુત કહાણી છે. તેમના પિતાની વસિયત મુજબ તે પોતાની કૂળદેવી જમારની મૂર્તિની દરરોજ પૂજા કરતા હતા. એક દિવસે જંગલમાં નોકરો સાથે તે શિકારે ગયા હતા ત્યારે એક શાહમૃગ ઉપરથી જમીન પર ઉતર્યું. તેના ઉપરથી સફેદ કપડાં પરિધાન કરેલ કોઈક વ્યક્તિ પણ ઉતરી. તે વ્યક્તિએ તેમની પાસે આવી કહેવા માંડયું : "આકાશમાં જવા માટે જિન્નાતો ઉપર પ્રતિબંધ મૂકાયો છે. હવે મુસલમાનો અને મુશ્રિકો વચ્ચે યુદ્ધ થશે. તે યુદ્ધ સોમવારની રાત્રે જન્મેલા એક પયગંબર સામે થશે. તે પયગંબરની ઉંટણીનું નામ "કસ્વા" છે. માટે તમે સાવધ થઈ જાઓ." આ હકીકત તેમણે જમારની મૂર્તિ સમક્ષ રજૂ કરી. મૂર્તિમાંથી અવાજ આવ્યો : "વાત સાચી છે." આ પછી ખંદકની લડાઈના સમાચાર તેમને મળ્યા અને પેલી વ્યક્તિએ ફરીથી તેમને ચેતવણી આપી. આથી તેમણે ઈસ્લામનો સ્વીકાર કરી લીધો.૧૨

૧૧-૧૨. તફસીરે અઝીઝી સૂરાએ જિન્ન પૃ. ૧૧૩-૧૧૪

તમીમ નામના એક સહાબીનું કહેવું છે કે આપ સલ્લ. નબી તરીકે વ્યક્ત થયા ત્યારે આ સહાબી સિરિયામાં હતા. ત્યાં તેમને જંગલમાં જવાનું થયું. તે સમયના અરબોના રિવાજ પ્રમાણે તેમણે જંગલમાં પોકારીને કહ્યું, "આ જંગલના સરદાર જિન્નાતનો આશરો લઉં છું." જવાબ મળ્યો "જિન્નાતોની એ શક્તિ નથી. એવી શક્તિ તો અલ્લાહની જ છે. અરબસ્તાનમાં એક પયગંબર જાહેર થયા છે. તેમની પાછળ મક્કાના હિજ્જૂન નામના મહોલ્લામાં અમે જિન્નાતો ઈમાન લઈ આવ્યા હતા. તમારે પણ તેમના અનુયાયી બનવું ઘટે."[13]

આ ઉપરાંત કેટલીયે મૂર્તિઓમાંથી આપ સલ્લ.ના પયગંબર હોવાની અને તેમનો ધર્મ અંગિકાર કરવાના અવાજો નીકળતા હતા. આ અવાજો જિન્નાતો કાઢતા હતા. એક વેળા હજરત ઉમર રદી. અને બીજા કેટલાક કુરેશ લોકો કેટલીક મૂર્તિઓ પાસે બેઠા હતા ત્યારે તે મૂર્તિઓમાંથી "લાઈલાહા ઈલલ્લાહ"ના અવાજો સાંભળ્યા હતા. અમ્માનના પ્રદેશમાં માઝન તાઈ ત્યાંના પૂજારી હતા. તેમણે પણ એક મૂર્તિમાંથી આપ સલ્લ.ને પયગંબર તરીકે સ્વીકારી તેમના અનુયાયી બનવાના શબ્દો સાંભળ્યા હતા.

આમ જિન્નાતો આપ સલ્લ.નો સીધો સમાગમ સાધતા હતા. પછી ઈસ્લામ સ્વીકારી પોતાના વતનોમાં પાછા ફરતા ત્યારે બીજા જિન્નાતોમાં અને ઈન્સાનોમાં આપ સલ્લ.ના પયગંબર થયાનો, કુરાન ઉતરવાનો અને ઈસ્લામ સ્વીકાર કરવાનો પ્રચાર કરતા હતા. આ પ્રચારથી દરેક દેશમાં જિન્નાતોએ ઈસ્લામ સ્વીકાર કર્યો. આજે દુનિયાનો કોઈ પણ દેશ એવો નથી જ્યાં થોડા ઘણા પણ મુસલમાનો વસતા ન હોય. તેવી જ રીતે જિન્નાતોના પ્રચારના કારણે કોઈ પણ દેશ મુસલમાન જિન્નાતો વિનાનો નથી.

પાછળ વર્ણવેલા પ્રસંગોથી તેમજ અન્ય કુરાનિક આયતોથી એવું ફલિત થાય છે કે અલ્લાહને ઓળખનારા, તેની જ ઈબાદત કરનારા, બીજાઓને ઉપદેશ આપનારા અને ડરાવનારા તથા સચેત કરનારા નેક જિન્નાતો હોય છે. આ અંગે પવિત્ર કુરાનમાં જિન્નાતો જાતે કહે છે કે, "અમારામાંના કેટલાક નેક છે તો કેટલાક બીજા પ્રકારના (અર્થાત્ બદ) છે." ૭૨:૧૧ વળી પાછા તેઓ કહે છે કે, "અમારામાંના કેટલાક આજ્ઞાધીન અને કેટલાક

૧૩. તફસીરે અઝીઝી સૂરાએ જિન્ન પૃ. ૧૧૪.

અનાસ્થિક છે." ૭૨:૧૪ વળી એક આયતમાં તેઓ જાતે જ કહે છે કે, "હે જ્ઞાતિ ભાઈઓ ! અમે એક એવી કિતાબ (ની વાણી) સાંભળી છે જે મૂસા પછી આવેલી છે અને જે તેની પહેલાં આવેલી કિતાબોની સત્યતા પુરવાર કરે છે અને તે સત્યતાની તથા સન્માર્ગની હિદાયત કરે છે." ૪૬:૩૦ આ આયતથી એમ સાબિત થાય છે કે જિન્નાતો ઉપર કોઈ જુદું આકાશી પુસ્તક મોકલવામાં આવ્યું નથી. માનવ પયગંબરો ઉપર મોકલવામાં આવેલાં આકાશી પુસ્તકોનું જ તેમને પઠન કરવું પડતું હતું. તેવાં જ પુસ્તકો તેમનાં પણ ધાર્મિક ગ્રંથો ગણાતા હતા. તેમાં આપેલી હિદાયત અને શરિયત અર્થાત્ કાયદાઓ પ્રમાણે વર્તવાનું રહેતું હતું: એટલે તેમને માનવ પયગંબરોના જ અનુયાયી બનવું પડતું હતું. આથી પ્રશ્ન એવો ઉપસ્થિત થાય છે કે શું જિન્નાતોમાંથી પયગંબરો થયા જ નથી ?

બધા જ સહાબીઓ અને ભાષ્યકારો સહમત છે કે જિન્નાતોમાંથી પયગંબરો થયા જ નથી. તે માટે તેઓ નીચે જણાવેલ પવિત્ર કુરાનની આયતો પર આધાર રાખે છે.

"(હે મુહમ્મદ !) તારા પહેલાં જેટલા પયગંબરો અમે મોકલ્યા તે બધા જ વસ્તીવાળા સ્થળોમાં (અર્થાત્ શહેરોમાં) રહેનારા પુરૂષો હતા: અમે તેમના તરફ અમારા પયગામ વહ્ય કરતા હતા." ૧૨:૧૦૯

"અને તારા પહેલાં અમે ઘણા રસૂલો મોકલી ચૂક્યા છીએ. તેમને અમે પત્નીઓ અને બાળકો આપ્યાં હતાં." ૧૩:૩૮

'અને તારા પહેલાં અમે પુરૂષોને રસૂલો બનાવી મોકલ્યા હતા અને તેમના તરફ અમે અમારા પયગામ વહ્ય કરતા હતા, છતાં તમે (હે લોકો !) ન જાણતા હો તો અહેલે કિતાબ (પહેલાંની ઈશ્વરી કિતાબોને માનનારાઓને) પૂછી જુઓ. અને અમે તે રસૂલોને એવું શરીર આપ્યું ન હતું કે જેમને ખાવા પીવાની જરૂર ન પડે અને સદાસર્વદા જીવતા રહે." ૨૧:૨–૭

"તારા પહેલાં જેટલા પયગંબરો અમે મોકલ્યા હતા તે બધા જ ખાતા પીતા હતા, તેમજ વસ્તીવાળા સ્થળોમાં (શહેરોમાં) કે બજારોમાં હરતા ફરતા હતા." ૨૫:૨૦

"અને ખરેખર અમે નૂહ અને ઈબ્રાહીમને પયગંબર બનાવીને મોકલ્યા હતા તથા તે બંનેના વંશજોમાં જ પયગંબરી અને કિતાબો ચાલુ રાખી હતી." ૫૭:૨૬

લે નહીં એવું માની શયતાનની વાત તેમણે સાચી માની લીધી. સાચી પરિસ્થિતિ તો એવી હોય છે કે સામેની વ્યક્તિ પોતાની વાતને માનવાની નથી તેથી સોગંદ લેનારને મનમાં ખાતરી હોવાથી જ તે સોગંદ લે છે, એટલે મોટા ભાગે સોગંદ લેનાર અવશ્ય જૂઠો હોય છે. અલ્લાહના નામના ખોટા સોગંદ લેનાર સૌથી પ્રથમ ઇબ્લીસ હતો.[૪] નેક દિલનાં અને ભોળાં હૃદયનાં આદમ અને હવ્વા અલૈ.એ તેના સોગંદ સાચા માન્યા. આમ તેઓ શયતાનની જાળમાં ફસાઈ પડયા.

એક વાત એવી પણ કહેવામાં આવી છે કે આદમ અલૈ.એ તો ફળ ખાવાની ના પાડી, પરંતુ હવ્વા અલૈ.ને શયતાનની વાતોથી અથવા શયતાને ઊભાં કરેલા વસવસાથી મનમાં એવી દહેશત ભરાઈ ગઈ કે થોડા સમય પછી તેમને સ્વર્ગમાંથી કાઢી મૂકવામાં આવશે. એટલે જો આ અમર ફળ ખાઈ લઈએ તો જન્નતમાંથી જવાનું તો ન થાય ! આવા વસવસા અર્થાત્ અંદેશામાં હવ્વા અલૈ.મે ફળ ખાઈ લીધું. પછી આગ્રહ કરી અથવા બીજી એક રિવાયત પ્રમાણે શરાબ પિવડાવી પેલું ફળ તેમણે આદમ અલૈ.ને પણ ખવડાવી દીધું. આ કારણે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ એવું માને છે કે, "સ્ત્રી પાપની માતા અને દુરાચરણની જડ છે." માનવ-જાતિની સઘળી વિટંબણાઓ સ્ત્રીના કારણે જ ઉપસ્થિત થઈ છે. આ અંગે ટરટુલિયાન નામનો એક ખ્રિસ્તી ધર્મગુરુ કહે છે કે, "સ્ત્રી શયતાનને આવવા માટેનું દ્વાર છે. મનાઈ કરેલા વૃક્ષ તરફ લઈ જનારી, ખુદાઈ હુકમનો સૌથા પ્રથમ ભંગ કરનારી અને પુરુષને ડુબાડનારી સ્ત્રી જ છે."[૫] ફળ ખાવા માટે તથા ખવડાવવા માટે હવ્વા અલૈ.ને દોષ દેવો ખોટો છે, આવું વર્ણન તૌરાતમાં છે.[૬] પવિત્ર કુરાનમાં નથી.

પવિત્ર કુરાનમાં સ્વર્ગમાં દાખલ થવામાં મોર અને સાપે મદદ કરી એવો કયાંયે ઉલ્લેખ નથી. હજુ શયતાનને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યો ન હતો. એટલે જન્નતમાં આવવા જવા માટે તેના પર કોઈ પ્રતિબંધ મુકાયો ન હતો એટલે તે આવતો જતો હોવો જોઈએ. આ માન્યતા શંકાસ્પદ લાગે છે, કારણ અલ્લાહનો સિજદો કરવાના હુકમનો અનાદર કર્યો એટલે હુકમના અનાદર કરનારને જન્નતમાં આવવા જવાનું ન હોય એ સ્વાભાવિક છે. વાસ્તવિકતા તો એવી જણાય છે કે શયતાને આદમ-

૪. મુવાહિબ Vol. VI પૃ. ૧૦૧ ૭:૨૦ ની તફસીર
૫. મૌ. મૌદૂદી કૃત "પરદા" પૃ. ૧૯
૬. તૌરાતઃ પ્રકરણ ઉત્પત્તિ. ૩:૬

હવ્વા અલૈ.ના હૃદયોમાં વસવસા અર્થાત્ અંદેશાઓ ઉત્પન્ન કર્યા હોવા જોઈએ અને તેની સાબિતી આ આયતોમાંથી મળી રહે છે.

'શયતાને બંનેના કદમ ડગમગાવી દીધા અને તેઓ જે (સુખ અને આરામની) સ્થિતિમાં રહેતાં હતાં તેમાંથી (તેમને) કઢાવ્યાં.' ૨:૩૬.

'શયતાને બંનેના દિલમાં વસવસો ઉત્પન્ન કર્યો કે જેથી તેમના ગુપ્ત અંગો છુપાયેલાં હતાં તેમને ખુલ્લા કરી નાખે.' ૭:૨૦.

આ આયતોથી એવું પુરવાર થાય છે કે બંનેના હૃદયમાં અંદેશો ઉત્પન્ન થયો હતો કે તેમને જન્નતમાંથી જવાનું ન થાય અને કાયમ માટે ત્યાં જ રહેવાનું થાય એટલે ફળ ખાઈ લેવું ઉચિત છે. ફળ હવ્વા અલૈ.મે ખવડાવી દીધું એ વાત જ સાવ ખોટી છે. ઈન્સાનમાં અમર-જીવન પ્રાપ્ત કરવાની ઇચ્છા આત્મસાત થયેલી છે. તેનો લાભ લઈ અમર-જીવન મળશે એવી લાલચ શયતાને બંનેને આપી: આ બાબત ૭:૨૦ ની આયતમાંથી મળી રહે છે. તેમાં વધુ કહેવામાં આવ્યું છે કે, "તેણે (શયતાને) કહ્યું: તમારા પરવરદિગારે તમને બંનેને આ વૃક્ષથી એટલા માટે રોકયા છે કે તમે ફરિશ્તા ન બની જાઓ અથવા તમે અમર-જીવન પ્રાપ્ત ન કરી લો." ઈન્સાનની એ પ્રકૃતિ છે કે જાણી બૂઝીને તે દુષ્ટતા તરફ જવાનું કબૂલ કરતો નથી. તેને ફસાવવા માટે તેનું ભલું થશે અથવા તેની પ્રગતિ થશે એવી લાલચ આપવી પડે છે. શયતાને આ લાલચ આપી તે ઉપરોક્ત આયતથી સ્પષ્ટ જણાઈ આવે છે. વળી એ જ આયતમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "સોગંદ ખાઈને તેણે (શયતાને) તેમને બંનેને કહ્યું કે હું તો તમારો શુભેચ્છક છું." આમ તેમનું ભલું ચાહનારો બનીને શયતાન આવ્યો હતો. વળી ઈન્સાનમાં શરમ અને લજ્જાના ગુણો હોય છે. શયતાને આ ગુણો ઉપર પોતાની યુક્તિ અજમાવવાનું નક્કી કર્યું. તેથી તેમની નગ્ન અવસ્થા થઈ જાય તે માટે તેણે ફળ ખવડાવવાનું નક્કી કર્યું. આ વૃક્ષ પાસે પણ ન જવાનો આદેશ પહેલેથી આપવામાં આવ્યો હતો તથા શયતાનની જાળમાં ફસાઈ ન પડાય તેની ચેતવણી પણ પહેલેથી આપવામાં આવી હતી છતાં, 'પણ તે તેને વિસરી ગયો અને અમે તેનામાં દૃઢ નિશ્ચય જોયો નહીં.'' ૨૦:૧૧૫ ટૂંકમાં આદમ અને હવ્વા અલૈ. ઠોકર ખાઈ ગયાં અને શયતાન ફળિભૂત થયો. તેમને પૃથ્વી પર મોકલતાં પહેલાંની આ એક પરીક્ષા હતી તેમાં તેઓ ફક્ત ઠોકર જ ખાઈ ગયાં. તેવી જ રીતે દરેક ઈન્સાન શયતાનની જાળમાં ફસાય છે કે નહીં તેવી પરીક્ષા આ પૃથ્વીમાં રાખવામાં આવી છે.

એમ કહેવામાં આવે છે કે તે ઘઉંના ઝાડનું ફળ હતું અને તે ફળ બળદના ગુરદા અર્થાત્ મૂત્રપિંડ જેટલું મોટું હતું અને તેના અંદરનો ગર માખણ જેવો નરમ અને મધ જેવો મીઠો હતો[૭], "પછી તો બંનેએ તેમાંથી થોડુંક ખાઈ લીધું અને જેવું તે બંનેએ તે વૃક્ષ (નું ફળ) ચાખ્યું તેવું જ તેમના ગુહ્ય અંગો તેમના પર જાહેર (ઉઘાડા) થઈ ગયા." ૨૦:૧૨૧ ગુપ્ત અંગોને જોતાં જ તેઓ ઘણાં શરમિંદાં પડી ગયાં. શરમ અને લજ્જાના માર્યાં આમતેમ નાસભાગ કરવા માંડયાં અને "જન્નતનાં પાંદડાં પોતાના શરીર ઉપર ઢાંકવા લાગ્યાં." ૨૦:૧૨૧ આ પાંદડાં અંજીરના ઝાડનાં હતાં.[૮] "તેઓ જન્નતના પાંદડાં એક ઉપર એક એમ પોતાના બદન ઉપર ઢાંકવા લાગ્યાં." ૭:૨૨ તેઓ કેટલાં ઝંખવાણાં પડી ગયાં હશે તેનો ખ્યાલ આ આયતમાંથી મળી રહે છે. એક ઉપર એક એમ કેટલાંયે પાંદડાં ઢાંકયાં હશે પરંતુ મનને શાંતિ વળી નહીં હોય! આદમ અલૈ. ખૂબ ઊંચા હતા એટલું જ નહીં તેમના માથાના વાળ પુષ્કળ હતા તેમ જ ખૂબ લાંબા પણ હતા. તેમની દાઢીના વાળ તેમની નાભિ સુધી આવતા હતા.[૯] નાસભાગમાં તથા ગુપ્ત અંગોને પાંદડાં વડે છુપાવવાના કાર્યમાં રત થઈ જવાથી તેઓ પોતાના વાળ સંભાળી શકયા નહીં, પરિણામે તેમના વાળ એક ઝાડની ડાળીમાં લપેટાઈને ગૂંચવાઈ ગયા એટલે તેમનાથી ત્યાંથી ખસી શકાયું નહીં. આ સમયે "પરવરદિગારે તેમને પોકારીને કહ્યું : મેં તમને બંનેને ઝાડ પાસે જવાની શું મનાઈ નહોતી કરી? અને શયતાન તમારો ખુલ્લો દુશ્મન છે તેવું તમને જણાવી દીધું ન હતું?" ૭:૨૨. "અય આદમ! હવે મારાથી શા માટે દૂર ભાગે છે?"

આદમ અલૈ.મે ઉત્તર વાળ્યો 'મારા પરવરદિગાર! હું તારાથી કયાંય ભાગી જતો નથી. હું તો શરમનો માર્યો મોં છુપાવી આમ તેમ નાસું છું."

અલ્લાહે પૂછ્યું, "મેં તને જેટલું આપ્યું હતું તેટલું શું પૂરતું ન હતું?"

આદમ અલૈ.મે કહ્યું : "મારા માલિક! તેટલું પૂરતું હતું; પરંતુ અમર-જીવન મેળવવામાં અમને એવું ભાન ન રહ્યું કે તારા નામના સોગંદ ખાઈ કોઈ પણ જૂઠું બોલે નહીં."

---

૭. મુવાહિબ. ૨:૩૪ ની આયત પૃ. ૧૨૫

૮. તૌરાત. ઉત્પત્તિ. ૩:૭

૯. તફસીરે અઝીઝી. સુરાએ બકર. ૧૨૩

અલ્લાહે યાદ દેવડાવતાં પૂછ્યું, "શયતાન તમને ભરમાવે નહીં તેમ જ તમને સ્વર્ગમાંથી કઢાવી ન મૂકે તેની જાણ અગાઉથી શું મેં તમને નહોતી કરી ?"

આદમ અલૈ. બોલ્યા. "મારા પરવરદિગાર ! તેં તો જાણ કરી હતી."

અલ્લાહે પૂછ્યું, "તો પછી તે વાત તું કેમ વિસરી ગયો ? કેમ પેલું ફળ તેં ખાઈ લીધું ?"

આદમ અલૈ. બોલ્યા, "તારા નામના સોગંદ શયતાને ખાધા, તેથી અમે ભૂલથાપ ખાઈ ગયાં અને અમે સન્માર્ગથી ભટકી ગયાં."

આ વેળા બંને સાથે બોલી ઊઠયાં, "ઓ અમારા માલિક ! અમે બંનેએ અમારા ઉપર જુલમ કર્યો છે અને જો તું અમને ક્ષમા નહીં આપે તો, અમારા ઉપર દયા નહીં આવે તો અમે ખરેખર બરબાદ થઈ જઈશું." ૭:૨૩.

અલ્લાહે ફરમાવ્યું, "ક્ષમા તો તમને મળશે, પરંતુ આ ભૂલથાપ માટે શિક્ષા તો તમારે ખમવી જ પડશે. સ્વર્ગ જેવા ઉચ્ચ અને પવિત્ર સ્થાનમાં અનાદર કરનારા વસી શકે નહીં, "તમે બધાં ઊતરી જાઓ. તમે અન્યોઅન્ય એક બીજાના દુશ્મન બની રહેશો અને નિયત કરેલા સમય સુધી પૃથ્વી પર જ રહેવું પડશે અને ત્યાં જીવન જરૂરિયાતની વસ્તુઓ મેળવવા મહેનત કરવી પડશે." ૭:૨૪ "વળી (વધુમાં) ફરમાવ્યું : ત્યાં પૃથ્વી પર જિંદગી ગુજારશો, તેમાં જ મરણ પામશો અને તેમાંથી જ (કયામતના દિવસે) બહાર કાઢી ઊભા કરવામાં આવશે." ૭:૨૫.

તૌરાત પ્રમાણે હવ્વા અલૈ.મે ફળ ખવડાવી દીધું હતું તેથી અલ્લાહે ફરમાવ્યું : તારી પત્નીએ ફળ ખવડાવ્યું તે માટે તેણીને ગર્ભ ધારણ કર્યેથી ભાર ઊંચકવો પડશે અને પ્રસૂતિની વેદના સહન કરવી પડશે. "સ્ત્રીને તેણે કહ્યું કે હું તારો શોક તથા તારા ગરોદરપણાનું દુઃખ ઘણું જ વધારીશ; તું દુઃખે બાળક જણશે" તૌરાત-ઉત્પત્તિ પૃ. ૩:૧૭.

આ ભૂલથાપના કારણે તેમને જન્નતમાંથી પૃથ્વી પર ઊતરવું પડયું : તથા તેમની ઓલાદને પણ પૃથ્વી પર અનંત કાળ સુધી રહેવાનું ઠર્યું. સ્વર્ગનું સુખ છોડી આ જગતનાં દુઃખ અને મહેનત-મજૂરી માથે પડયાં. અંગ્રેજ કવિ મિલ્ટને આ પ્રસંગને આ પંક્તિમાં વર્ણવ્યો છે :

"આદમનો પ્રથમ અનાદર, અને પેલા નિષિદ્ધ વૃક્ષ પરનું ફળ-જેનો મત્ત સ્વાદ જગતમાં નોતરી લાવ્યો મૃત્યુને અને આપણા દુઃખ સર્વને."

સિજદો કરવાના અલ્લાહના આદેશનું ઉલ્લંઘન શયતાને કર્યું તે ઈરાદાપૂર્વકનું કાર્ય હતું. સજા સાંભળતાં માફી માગવાના બદલે આદમ અલૈ. અને તેમના વંશજો ઉપર વેર વાળવા તેણે અમર–જીવન માંગ્યું. જે તેને મળ્યું. આથી ઊલટું મનાઈ કરેલા ઝાડનું ફળ ન ખાવાના આદેશનું ઉલ્લંઘન આદમ અલૈ.એ ઈરાદાપૂર્વક કર્યું ન હતું. આ આદેશ તેઓ વિસરી ગયા હતા. તેમને તરત જ પોતાની ભૂલ સમજાઈ અને અલ્લાહ તઆલાની ક્ષમા યાચી, જે તેમને મળી. આમ અલ્લાહે તો બંનેની પ્રાર્થના સાંભળી અને બંનેને તેમણે માંગેલી વસ્તુઓ આપી. આદમ અલૈ.ને પછી તો, "તેના પરવરદિગારે પાછો સ્વીકારી લીધો, તેના પ્રશ્ચાતાપને માન્ય રાખ્યો અને સીધો માર્ગ બતાવી આપ્યો." ૨૦:૧૨૨

"પછી આદમે પોતાના પરવરદિગાર પાસેથી (પશ્ચાતાપ અને દુઆનો) થોડાંક વાક્યો શીખી લીધાં. હવે અલ્લાહે તેમના ઉપર દયા–દૃષ્ટિ કરી (અર્થાત્ તેમનો પશ્ચાતાપ સ્વીકારી લીધો) બેશક તે ઘણો જ દયાવાન અને દયાળુ છે." ૨:૩૭.

આદમ અલૈ.મે જે વાક્યો શીખી લીધાં હતાં તે ૭:૨૩ની આયતમાં આપવામાં આવેલાં છે ઉબૈદ બિન ઉમીર રદી.નું કહેવું છે કે ઉપરોક્ત ૭:૨૩ સિવાય પણ નીચે પ્રમાણે વાતચીત થઈ હતી :

આદમ અલૈ. કહેવા લાગ્યા, "હે મારા પરવરદિગાર! જે ભૂલથાપ અમે ખાઈ ગયાં તે શું અમારા જન્મ પહેલાં અમારા ભાગ્યમાં લખાયેલી હતી? અથવા હું જ તેને પ્રથમ આસ્તત્વમાં લાવ્યો?"

ઉત્તર મળ્યો : "તું તેને પ્રથમ અસ્તિત્વમાં લાવ્યો નથી, પહેલેથી તે ભૂલથાપ નિર્માણ થઈ ચૂકી હતી."

ખુશ થતાં આદમ અલૈ. કહેવા લાગ્યા : "ઓ મારા માલિક! તો પછી મને ક્ષમા આપો." પછી હવ્વા અને આદમ અલૈ. બંને બોલી ઊઠ્યાં : "હે અમારા માલિક! અમે અમારા ઉપર જુલમ કર્યો છે. જો તું અમને ક્ષમા નહીં આપે તો અમે ખરેખર બરબાદ થઈ જઈશું." ૭:૨૩ અમને ફરીથી અમારું અસલ રહેઠાણ અર્થાત્ સ્વર્ગ મળશે કે કેમ?"

ઉત્તર મળ્યો, હા! તમને મળશે પરંતુ "મારા તરફથી (ઉત્તરોત્તર) તમને–માનવોને–હિદાયત મળે તે પ્રમાણે જેઓ વર્તશે તેમને માટે કોઈ દુઃખ કે દીલગીરીનો પ્રસંગ આવશે નહીં અને જેઓ તે (હિદાયત)નો

ઈનકાર કરશે અને અમારી નિશાનીઓને જૂઠલાવશે તે લોકો (દોજખની) અગ્નિમાં પડશે અને ત્યાં તેઓ સદાસર્વદા રહેશે." ૨:૩૮-૩૯.

એમ કહેવામાં આવે છે કે આદમ અલૈ. તથા હવ્વા અલૈ. બંનેને જુમ્માના દિવસે પેદા કરવામાં આવ્યાં હતાં. જુમ્માના દિવસે જ બંનેને જન્નતમાં પ્રવેશ મળ્યો હતો અને જુમ્માના દિવસે તેમની બંનેની જન્નતમાંથી હકાલપટી થઈ હતી. તેઓ સાંજથી સૂર્યાસ્તના સમય દરમ્યાન આકાશી એક પહોર સુધી અર્થાત્ આપણી ગણતરી પ્રમાણે ૧૩૦ વરસ સુધી સ્વર્ગમાં રહ્યાં હતાં. આ કારણે જ જુમ્માનો દિવસ શુભ ગણવામાં આવે છે. ઇબ્રાહીમ અલૈ.મે પોતાના અનુયાયીઓ માટે અઠવાડિયાના ૭ દિવસો પૈકી જુમ્માના દિવસને સામૂહિક પ્રાર્થના માટે નિયત કર્યો હતો: પરંતુ મૂસા અલૈ.ના સમયમાં યહૂદીઓએ પોતાની આડા જવાની ટેવ પ્રમાણે મૂસા અલૈ. પાસે શનિવારનો દિવસ પ્રાર્થના માટે નિયત કરાવ્યો:[૮] તેવી જ રીતે ખ્રિસ્તીઓએ રવિવારનો દિવસ નિયત કર્યો. આમ મુસલમાનો માટે જુમ્માના દિવસને સામૂહિક પ્રાર્થનાનો ખાસ દિવસ નિયત કર્યો છે. યહૂદીઓ શનિવાર અને ખ્રિસ્તીઓ રવિવાર પાળે છે. ખ્રિસ્તીઓ તો ફક્ત રવિવારે જ પ્રાર્થના કરે છે.

## ૫. પૃથ્વી પર માનવ જીવનનાં મંડાણ

છેતરપીંડીના કારણે શયતાનથી ધોખો ખાઈ જતાં આદમ અને હવ્વા અલૈ. અલ્લાહના હુકમનો ભંગ કરી બેઠાં અને મનાઈ કરેલા વૃક્ષનાં ફળ ખાઈ લીધાં. શયતાનના ફરેબમાં સપડાઈ ભૂલ કરી ફળ ખાઈ લેશો તો, "તમે આપત્તિમાં આવી પડશો." ૨૦:૧૧૫ એવી ચેતવણી તેમને અગાઉથી આપવામાં આવી હતી. એટલે હવે તેમના ઉપર આપત્તિઓ પડવી શરૂ થઈ. તેમનો સુંદર, પવિત્ર સ્વર્ગીય પોશાક છીનવાઈ ગયો. તેઓ નગ્ન બની ગયાં. મહેનત-મજૂરી કર્યા વિના મળતી અણીશુદ્ધ સ્વર્ગીય રોજી બંધ પડી ગઈ. ત્યાં મળતાં આરામ અને સુખચેન ચાલ્યાં ગયાં. હવે ફિકરચિંતામાં પડી ગયાં. છેવટે સ્વર્ગનું ઉચ્ચ અને પવિત્ર રહેઠાણ છોડવું પડ્યું.

આદમ અલૈ.ના માથાના લાંબા વાળ એક ઝાડ સાથે ગૂંચવાઈ ગયા હતા તેથી તેમનાથી ક્યાંય જઈ શકાતું ન હતું. આ સમયે અલ્લાહે તેમને

---

૭. ઈબ્ને કસીર. ૨:૭૬ની તફસીર. પૃ. ૧૦૨

૮. કસસુલ કુરાન-હફીઝુર્રહેમાન-Vol. III પૃ. ૫૦

પડકાર કર્યો કે, "અય આદમ ! હવે મારાથી શા માટે દૂર ભાગો છો ?" આ સમયે તેમણે પોતાની ભૂલ કબૂલ કરી લીધી અને અલ્લાહ પાસે ક્ષમા યાચી હતી. ક્ષમા માગી હતી તે વેળા તેઓ ઝૈતૂન અર્થાત્ ઑલિવના ઝાડ નીચે હતાં. આથી એવું તારણ નીકળે છે કે તેમના વાળ આ ઑલિવના ઝાડની ડાળીઓમાં ફસાઈ ગયા હોવા જોઈએ. ક્ષમા યાચતી વેળા તેમને એવું સંભળાવી દેવામાં આવ્યું હતું કે અલ્લાહના હુકમનો અનાદર કરનારા અહીં સ્વર્ગમાં નિવાસ કરી શકે નહીં. તેમણે પૃથ્વી ઉપર જીવન ગુજારવું પડશે: ત્યાં જ મરણને શરણ થવું પડશે અને ત્યાં જ જમીનમાં ભસ્મ થઈ જવું પડશે અને કયામત સુધી રહેવું પડશે: એટલે કે "તમે તથા તમારા વંશજો જમીનમાં જીવશો, જમીનમાં મરશો અને જમીનમાંથી પુનઃ જીવન પામી બહાર નીકળશો."[૧]

તેમને બંનેને ભૂલથાપ ખવડાવવામાં સાપ અને મોર શયતાનના સહાયક બન્યા હતા એટલે પાંચે જણ અલ્લાહના હુકમનો અનાદર કરનારા બન્યા હતા. તેમને અલ્લાહે ફરમાવ્યું: "તમે સૌ પૃથ્વી પર ઊતરી જાઓ. તમે એક બીજાના દુશ્મન છો અને નિયત કરેલા સમય સુધી તમારું જમીનમાં જ સ્થાન રહેશે અને ત્યાં જીવન ગુજારવું પડશે."[૨] ૭:૨૪. આ આયતમાંથી એવું ફલિત થાય છે કે તેઓ એકબીજાના દુશ્મન રહેશે એટલું જ નહીં, તેમના વંશજો પણ એકબીજાના દુશ્મન રહેશે. જ્યારે તેમને પૃથ્વી પર ઉતારી પાડવામાં આવ્યા ત્યારે મોરને સયસ્તાનમાં, સાપને ઈરાનના ઈસ્ફહાન શહેરના સ્થળમાં અને શયતાનને બસરા શહેરથી થોડા કિલોમિટરના અંતરે આવેલા દસ્તમીસાં નામના ગીચ જંગલમાં ફેંકવામાં આવ્યા હતા. હવ્વા અલૈ.ને જિદ્દામાં અને આદમ અલૈ.ને લંકાની મધ્યમાં આવેલા એક પહાડ પર ઉતારવામાં આવ્યાં હતાં. આ પહાડ આજે પણ તેમના નામ ઉપરથી "આદમનો પહાડ"ના નામે ઓળખાય છે. સાપને તે સમયે ઊંટના જેવા પગ હતા અને તેમના વડે તે ચાલતો ફરતો હતો. શયતાનને મદદ કરવામાં તેનો ફાળો વિશેષ હતો તેથી તેના પગ છીનવી લેવામાં આવ્યા અને તેને પેટે ચાલતો કરી મૂકવામાં આવ્યો. શયતાન પોતાના બંને હાથોની આંગળીઓમાં આંગળીઓ પરોવી આકાશ તરફ જોતો જોતો ઊતરતો હતો. આથી

---

૧. જુઓ પવિત્ર કુરાન ૭:૨૫ની આયત

૨. જુઓ પવિત્ર કુરાન ૨:૩૬

ઊલટું આદમ અને હવ્વા અલૈ. હાથ ગૂંઠણો પર મૂકી અને માથાં નમાવેલાં રાખી ઊતરતાં હતાં. આ પ્રસંગથી પણ એવું સાબિત થાય છે કે શયતાનનું હું૫દ હજુ ગયું ન હતું જ્યારે આદમ અલૈ. નમ્ર અને સહનશીલ હતા.

એ તો તમે જાણો છો કે સાપ મૂઝી અર્થાત્ કષ્ટપ્રદ પ્રાણી છે, તેથી જગતમાં તેના અનેક શત્રુઓ હોય છે. નોળિયો, સમડી અને ગીધ તેને માર્યા વિના જંપતાં નથી. સાપને જુએ છે ત્યાંથી તેની સાથે મોર લડે છે. લાગ મળે તો ચાંચ વડે તેની આંખો ફોડી નાંખે છે અને પછી તેને ઠાર માર્યા વિના રહેતો નથી. હદીસમાં એવું ફરમાવવામાં આવેલું છે કે: ઘરોમાં નીકળતા ચાંદીની દાંડી જેવા સફેદ પરંતુ નાના સાપો સિવાય બીજા સર્વ પ્રકારના સાપોને મારી નાંખો. આ સફેદ સાપ ખોડી–બામણીની જાતના હોય છે. આવા સાપ તમારા જોવામાં આવે તો કહો–તું આ પ્રમાણે નજરે પડે તે સામે મારો વાંધો છેઃ માટે ચાલ્યો જા–આમ ત્રણ વાર કહો અને છતાં પણ ન જાય તો તેને મારી નાંખો.[3] જિન્નાતો ઘણી વેળા આવા સાપના સ્વરૂપમાં રહેતા હોય છે.

શયતાનો અને ઈન્સાનો વચ્ચે ઉઘાડી શત્રુતા છે તે વિશે તમે આગળ વાંચી ગયા છો. પવિત્ર કુરાનની કેટલીયે આયતોમાં ચોખ્ખેચોખ્ખું કહેવામાં આવેલું છે કે: "નિઃસંશય શયતાન તમારો ખુલ્લો શત્રુ છે."[4] શયતાને જાતે અલ્લાહ તઆલાને કહ્યું હતું કે, "તું જો તો ખરો, મારા કરતાં તેં એને ચઢિયાતો રાખ્યો, શું તે માટે એ યોગ્ય હતો? જો તું મને કયામતના દિવસ સુધીની મહેતલ આપે તો બહુ થોડા લોકો સિવાય તેના વંશજોના સઘળા લોકોનાં મૂળ ઉખેડી નાંખીશ" ૧૭:૬૨. શયતાન ઈન્સાનોને પોતાના સકંજામાં લઈ સાચા માર્ગેથી ભટકતા કરી દેવા સતત મથામણ કરતો રહે છે. "શયતાન આપણી વચ્ચે કુસંપ કરાવે છે." ૧૭:૫૩ "તે શરાબ અને જુગાર દ્વારા માણસોમાં અંદરોઅંદર વિખવાદ અને દ્વેષભાવ ઉપસ્થિત કરે છે." ૫:૯૧. શયતાન કયામત સુધી જીવતો રહેવાનો છે તેથી માનવજાતિની દરેક પેઢી સાથે લડતો રહેવાનો છે, એ નિર્વિવાદ છે.

વળી શયતાન ઈન્સાનોમાં પણ માંહોમાંહે ધિક્કાર, ઘૃણા, દ્વેષ, લડાઈટંટા, વિખવાદ વગેરે ઉપસ્થિત કર્યા કરે છે. કોઈપણ ગામ એવું નહીં

---

૩. મુવાહિબ Vol. I પૃ–૧૨૭–૨:૩૪ની આયત

૪. વધુ માટે જુઓ ૨:૧૬૮; ૭:૨૨; ૧૭:૫૩; ૨૨:૧૧૭; ૨૮:૧૫.

હોય જ્યાં બે પક્ષો લડતા ઝઘડતા ન હોય. એક જાતિ બીજીને ધિક્કારતી હોય છે, પરિણામે જાતિ–ઝઘડા પણ જોવા મળે છે. એક જ રાજ્યમાં પ્રાદેશિક ઝગડા પણ હોય છે : જેમ કે નર્મદાના બંધ માટેનો ઝગડો, મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે સીમાનો ઝગડો. દેશદેશના ઝગડા તો પરાપૂર્વથી ચાલ્યા કરે છે. એક દેશ બીજા દેશને હડપ કરી જવા માંગતો હોય છે અથવા એક દેશ બીજા દેશ પર પોતાનું વર્ચસ્વ સ્થાપવા માંગતો હોય છે. દા. ત., અમેરિકા લોકશાહીના નામે અને રશિયા સમાજવાદના નામે પોતાનું વર્ચસ્વ સ્થાપવા બીજા દેશોને મદદ કરતા રહે છે. એક જ દેશમાં રાજકીય પક્ષો સામસામે આક્ષેપો કરતા રહે છે. રાજસત્તા મેળવવા બધા રાજકીય પક્ષો આખડતા રહે છે. "ચૂંટણી લડવાની" એ શબ્દો જ સૂચવે છે કે લોકશાહીમાં આ પ્રકારની લડાઈ થતી રહે છે. ક્યાંય શાંતિ હોતી નથી. રોજી–રોટી માટે માલિકો અને મજૂરો વચ્ચે, સરકાર અને કર્મચારીઓ વચ્ચે ઝગડા થતા જ રહે છે. જગતનો ઇતિહાસ સાખ પૂરે છે કે એક જ ધર્મ પાળતા લોકો પણ માંહોમાંહે લડતા રહે છે. દા. ત., પ્રોટેસ્ટંટો અને કેથલિકો, શિયા અને સુન્નીઓ. જુદા જુદા ધર્મો વચ્ચેના ઝઘડાઓમાંથી ભારે લડાઈઓ થઈ હતી. દા ત., યહૂદીઓ અને પારસીઓ, બૌદ્ધો અને બ્રાહ્મણો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ, ખ્રિસ્તીઓ અને મુસલમાનો, યહૂદીઓ અને મુસલમાનો વચ્ચે અનેક લડાઈઓ થઈ હતી. ભારતમાં સ્વરાજ આવ્યા પછી આ યુદ્ધે તેનું સ્વરૂપ બદલી હુલ્લડોનું સ્વરૂપ લીધું છે. ભારતમાં આઝાદી પછી ૩૦૦–૪૦૦ કોમી હુલ્લડો થયાં છે. જગતમાં ક્યાંય સુખચેન અને શાંતિ નથી. આમ એક બાજુ શયતાન અને ઈન્સાન વચ્ચેના વૈમનસ્યનો આરંભ આદમ અલૈ.ના જન્મકાળથી થયો હતો તે જેવો ને તેવો જ આજે પણ છે અને કયામત સુધી કાયમ રહેશે. બીજી બાજુ ઈન્સાન અને ઈન્સાન વચ્ચેના વૈમનસ્યનો આરંભ હાબિલ–કાબિલના પ્રસંગથી થયો હતો અને તે આજે પણ તેવી જ પારસ્થિતિમાં છે અને અંતઃકાળ સુધી રહેશે. આથી સમજાશે કે આદમ–હવ્વા અલૈ.ને આનંદમય, આરામદાયક રહેઠાણમાંથી કાઢી મૂકી શ્રમજીવી પરિસ્થિતિમાં તથા દુશ્મનીભર્યા વાતાવરણમાં મૂકી દેવામાં આવ્યાં. ટૂંકમાં પૃથ્વી પર માનવ–જીવનનાં મંડાણ દુશ્મનીભર્યાં વાતાવરણમાં થયાં હતાં.

સ્વર્ગમાંથી બહાર કાઢી પૃથ્વી પર પહોંચાડી દેવાનું કાર્ય અલ્લાહે જીબ્રઈલ અલૈ.ને સોંપ્યું હતું. આ સમયે આદમ અલૈ મે જન્નતના ઝાડની

એક લાકડી અને એક ચકચકિત સુંવાળો સફેદ પથ્થર પોતાની સાથે લઈ લીધાં હતાં. આ લાકડી પાછળથી મૂસા અલૈ.ના ચમત્કારિક ડંગોરા તરીકે ખ્યાતિ પામી. પેલા પથ્થરનો ચળકાટ અને સુંવાળાપણું જેવાં ને તેવાં જ આજે પણ છે, પરંતુ તેનો રંગ કાળો પડી ગયો છે. અત્રે તે પવિત્ર કાબાના મકાનમાં પૂર્વ–ખૂણામાં ગોઠવાયેલો છે અને મુસ્લિમ હજયાત્રાળુઓ તવાફ અર્થાત્ પ્રદક્ષિણા કરી તેને ચૂંબન આપી બહુમાન આપે છે. તે "હજરે અસ્વદ"ના નામે જગ–વિખ્યાત છે. ઉપરોક્ત એ વસ્તુઓ ઉપરાંત તેમના માથા ઉપર પાંદડાંઓનો ગૂંથેલો તાજ હતો અને શરીરે વીંટાળેલ પાંદડાં-વાળી નાની નાની ડાળીઓ હતી. વાટસામગ્રી માટે મુઠ્ઠીમાં સમાય તેટલાં ફળ અને અનાજ વગેરે હતું. તે ઊતરતા હતા ત્યારે લંકા તરફ જતાં કેટલીક પાંદડાંવાળી ડાળીઓને ભારતમાં આમ તેમ ફેંકી. પરિણામે તે ડાળીઓમાંથી એલચી, તજ, સુખડ, બોરસલી, ચંપો, ચંબેલી, ગુલાબ, મોગરો, જુઈ જેવાં સુગંધિત ઝાડ અને છોડ ઊગી નીકળ્યા. આ કારણે બીજા દેશો કરતાં ભારતમાં અને ખાસ કરીને દક્ષિણ ભારતમાં આવાં અનેક પ્રકારનાં સુગંધિત ઝાડ, છોડ અને વેલા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.[૫]

આ સમયે પૃથ્વીના ખંડો અને મહાસાગરોની રચના જુદા પ્રકારની હતી. દક્ષિણના ઉચ્ચ પ્રદેશનું અસ્તિત્વ તો ત્યારે પણ હતું. એની પશ્ચિમે આવેલો આજનો અરબી સમુદ્ર ન હતો તથા પૂર્વમાં આવેલો બંગાળાનો ઉપસાગર પણ ન હતો. દખ્ખણ ત્યારે પશ્ચિમમાં આફ્રિકા સાથે અને પૂર્વમાં બ્રહ્મદેશ, મલેશિયા, ઈંડોનેશિયા વગેરે દેશો સાથે ભૂમિથી જોડાયેલો હતો. ઉત્તરમાં ગંગા–જમનાના મેદાનની જગાએ સમુદ્ર ઘૂઘવતો હતો, પરંતુ દક્ષિણમાં તે લંકા સાથે એકત્ર હતો. તેના અવશેષરૂપે આજે દક્ષિણ–ભારત અને લંકા વચ્ચે કન્યાકુમારી આગળ સમુદ્રમાં કેટલીયે નાનીમોટી પહા-ડીઓ છે. આ પહાડીઓને જોડતો સેતુ અર્થાત્ પૂલ પોતાના સૈન્યના લંકામાં ઉતરાણ માટે રામે બાંધ્યો હતો. આથી એમ કહી શકાય કે રામ રાવણનો સમય આદમ અલૈ. પછીનો હતો. રામ–રાવણનો સમય ઈ. સ. પૂર્વે ૩ થી ૪ હજાર વરસનો ગણાય છે. ઈબ્રાહીમ અલૈ. આજથી પાંચ–છ હજાર વરસ પહેલાં થઈ ગયા એટલે ઈબ્રાહીમ અલૈ. પછી રામ–રાવણ યુગ થયો હોવો જોઈએ. ઈબ્રાહીમી સહીફાઓ એટલે કે ઈબ્રાહીમ અલૈ. પર આવેલ ખુદાઈ આજ્ઞાઓ–વૃત્તાંતોમાંથી વેદો ઉપસ્થિત થયા એમ કહેવામાં

૫. મુવાહિબ. vol. I પૃ. ૧૨૭. ૨:૩૬ની તફસીર

આવે છે. આથી પણ રામ–રાવણ યુગ ઇબ્રાહીમ અલ. ના પછી થયો હશે એમ માનવાને કારણ મળે છે. ભૂપૃષ્ઠની આવી રચના પાછળથી "કારાએ મવ"ના નામથી ઓળખાઈ.[૬] આ કારણે આદમ અલૈ. લંકાથી પગે ચાલીને મક્કા જતા આવતા હતા.



પ્રાગૈતિહાસિક કાળનો ખંડ - કારાએ મવ

આદમ અને હવ્વા અલૈ. બંનેને પૃથ્વી પર એક બીજાથી વિખૂટાં પાડી દેવામાં આવ્યાં હતાં, એ હકીકત આપણે પાછળ જોઈ ગયા. પૃથ્વી પર આવ્યા પછી બંનેએ એક બીજાની તપાસ આદરી હશે. કઈ તરફ પ્રયાણ કરવું તેનો ગૂંચવાડો તો હતો જ. લંકાથી દક્ષિણમાં મહાસાગરનાં પાણી દૂર દૂર ક્ષિતિજ સુધી નજરે પડતાં હતાં એટલે તે તરફ જઈ શકાય તેમ ન હતું. પૃથ્વી પર ઊતરતી વેળા શયતાન, સાપ, મોર અને હવ્વા અલૈ.ને ઉત્તર તરફ ઉતારવામાં આવેલાં તેવો ખ્યાલ તેમને હતો. તેથી તેમણે હવ્વા અલૈ.ની શોધ માટે ઉત્તર દિશા પસંદ કરી. તેમનું કદ ઘણું મોટું હતું એટલે તેમનાં ડગલાં મોટાં પડે એ સ્વાભાવિક હતું. કેટલાક વિદ્વાનોનું કહેવું છે કે આ શોધમાં તેમને ૪૦ વરસ લાગ્યાં હતાં. ગમે તેટલો સમય વિત્યો હશે પરંતુ પગે ચાલતા ચાલતા મક્કા પાસે આવેલા અરફાતના મેદાનમાં આવી પહોંચ્યા.[૭] ત્યાંની એક પહાડી ઉપર થાક ખાવા બેઠા હતા તેવામાં દૂર હવ્વા અલૈ. નજરે પડયાં. સામે દોડતા ગયા અને તેમને પહાડી ઉપર લઈ આવ્યા. ત્યાં પોતાની ભૂલ યાદ કરી બંને પોકે-પોક મૂકીને રડયાં. તેમનું કરૂણ રુદન સાંભળી આસમાનના ફરિશ્તાઓ પણ રડી પડયા. બંને ઊંચે આસમાન તરફ જોઈ કલ્પાંત કરતાં હતાં એટલે અલ્લાહને પણ દયા આવી ગઈ. અને "તેમણે દુઆ માગવાનાં

૬. કસસુલ કુરાન–હફીઝુર્રેહમાન–Vol. I પૃ. ૪૨
૭. ઉર્દૂ કસસુલ અંબિયા પૃ. ૧૭

કેટલાંક વાક્યો શીખી લીધાં અને પ્રાયશ્ચિત કર્યું. જેનો અલ્લાહે સ્વીકાર કર્યો. કારણ તે દયાવાન અને દયાળુ છે." ૨:૩૭ આ પહાડી ઉપર તેમના ઉપર રહેમત અર્થાત્ દયાની વર્ષા થઈ તેથી તે પહાડીનું નામ "જબલે રહેમત" પડયું.

ત્યાંથી બંને જણ હાલ જ્યાં મક્કા છે તે સ્થળે આવ્યાં. અહીં જે સ્થળે કાબા છે તે સ્થળે તંબુ આકારનું ઈંડા જેવા સફેદ પથ્થરની ગુફા જેવું મકાન જોયું. ત્યાં તેમણે અસંખ્ય ફરિશ્તાઓને પેલા મકાનની ચોતરફ તવાફ એટલે કે પ્રદક્ષિણા કરતા અને અલ્લાહના યશોગાન ગાતા જોયા. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે બે હજાર વરસથી તેઓએ ઘરની પ્રદક્ષિણા કરે છે. એ ઘર ત્યારે "બૈતુલ મઅમૂર"ના નામે ઓળખાતું હતું. પછી ફરિશ્તાઓના બતાવ્યા પ્રમાણે બંનેએ તે ઘરની પ્રદક્ષિણા કરી અને અલ્લાહનાં ગુણગાન ગાયાં. આમ સૌથી પહેલી હજયાત્રા આદમ–હવ્વા અલૈ.મે કરી.

હજ-યાત્રા પૂરી કર્યા પછી તેઓ વિચાર કરવા લાગ્યાં કે, "ક્યાં જવું? અને ક્યાં વસવાટ કરવો?" પૃથ્વી પરનું જીવન તેમને ઘણું જ કષ્ટદાયક લાગ્યું. સ્વર્ગની જેમ પેટભરીને ખાવા–પીવાનું મળે નહીં. ત્યાંના જેવી સુખશાંતિ અને ત્યાંના જેવો આરામ મળે નહીં, ટાઢ-તડકો વેઠવો પડે. જમીનનો કોઈ પણ ટુકડો સ્વર્ગની તોલે આવી શકે તેવો ન હતો, જો કે જમીન સર્વ પ્રકારની સામગ્રીથી ભરપુર થઈ ગઈ હતી. પણ કયાં ફળ ખાવાં, કયું પાણી પીવું, અનાજ પાણી કેવી રીતે મેળવવું તેની સમજ પડતી ન હતી. એકલાં બે જ જણ કોની સલાહ કે મદદ મેળવે? ત્રાહીત્રાહી પોકારી ઊઠયાં. તેમનું દુઃખ જાણી તેમને મદદ કરવા જીબ્રઈલ અલૈ.ને અલ્લાહે મોકલ્યા. તેમણે તેમને કહ્યું, "તમે બંને પતિ–પત્ની લંકામાં જઈ વસવાટ કરો."[૮] બંને પગપાળા લંકા આવ્યાં. તેમણે બંનેએ પોતાના વસવાટ માટે "આદમના પહાડ" પાસેની કોઈક ફળદ્રુપ તળેટીની એવી જગા પસંદ કરી જ્યાં ઝરણાં વહેતાં હોય, જ્યાં વનસ્પતિ પુષ્કળ હોય; ફૂલોના તખ્તાઓ હોય અને પક્ષીઓના સૂરીલા અવાજ સાંભળવા મળતા હોય.

ખાડાઓમાં ભરાયેલાં કે ઝરણાનાં પાણીનો ઉપયોગ તેમણે જાતે કર્યો હશે. પાંદડાંના પડિયા બનાવી તે વડે પાણી પીધું હશે. શરૂઆતમાં કંદમૂળ કે ફળ ખાધાં હશે, પરંતુ તેથી તેનાથી ક્ષુધા બરાબર તૃપ્ત થઈ નહીં હોય, તેમ માનવાને કારણ મળે છે, કારણ જીબ્રઈલ અલૈ.મે તેમને ખેતી અને

૮. કસસુલ અંબિયા પૃ. ૧૯

ઢોર-ઉછેરનાં કામો શીખવ્યાં. ખેતીનાં ઓજારો તૈયાર કરવા લોઢા અને આગની જરૂર પડે છે. લોઢું જીબ્રઈલ અલૈ. લઈ આવ્યા અને તેને મેળવવાની રીત બતાવી. તેનાં ઓજારો બનાવવા અગ્નિની જરૂર પડી. દોજખની આગ મંગાવી પરંતુ તે અતિશય તેજ હોવાથી તેનો ઉપયોગ કરી શકાયો નહીં, એટલે ચકમક વડે અગ્નિ પાડતાં જીબ્રઈલ અલૈ.મે તેમને શીખવ્યું.[૯] પછી તો કુહાડી, હથોડા, ચપ્પુ, હળના ફેણા વગેરે ખેતી–ઉપયોગી લોઢાનાં ઓજારો બનાવતાં શીખવ્યું. કુહાડી વડે ઉપયોગમાં આવે તેવાં લાકડાં કાપ્યાં, તેમાંથી હળ, ધૂંસરી, ગાડું ઇત્યાદિ ખેતીનાં લાકડાંનાં ઓજારો બનાવતાં પણ શીખવાડ્યું. જમીન ખેડવા માટે બળદો પકડ્યા. તેમને પાળતાં, નાથતાં અને હળે જોડતાં પણ શીખવ્યું. સૌથી પ્રથમ તેમણે ઘઉંનું વાવેતર કર્યું. જે એક કલાકમાં પાકીને તૈયાર થઈ ગયું. ઘઉં તૈયાર થયા ત્યારે પથ્થર પર વાટતાં કે દળતાં હવ્વા અલૈ.ને બતાવ્યું. લોટ બાંધી રોટલી વણતાં અને શેકતાં પણ શીખવ્યું.

સ્વર્ગમાં નગ્ન સ્થિતિમાં શરીરને પાંદડાં વડે ઢાંકવાની સમજ તેમને આપમેળે આવી હતી, પરંતુ તે દુઃખદાયક હતી. તેથી ઘેટાં બકરાંના વાળ કે ઊનને કાંતતાં વણતાં શીખવાડ્યું. આ બાબતનો ઇશારો પવિત્ર કુરાનની ૭:૨૬મી આયતમાંથી મળી રહે છે. "અય આદમની ઓલાદ! અમે તમારા માટે પોશાક પેદા કર્યો છે, જે તમારી નગ્નતાને ઢાંકે છે અને તમારા શરીરને શણગારે પણ છે." આમ કપડાં માટે તથા દૂધ, દહીં, છાશ, માખણ અને માંસ મળી રહે તે માટે ઘેટાં–બકરાં, ગાય–ભેંસ વગેરે જાતનાં જાનવરો પાળતાં શીખવ્યું. શરદી–ગરમીથી બચવા માટે ઘટાદાર વૃક્ષો કે ગુફાઓનો ઉપયોગ કરતાં આપમેળે અથવા બતાવ્યાથી આવડ્યું હશે. જંગલી જાનવરોથી રક્ષણ કરવા માટે હથિયારો બનાવતાં અને તેમનો ઉપયોગ કરતાં જીબ્રઈલ અલૈ.મે તેમને શીખવ્યું હતું.

આપણી શાળાઓ અને મહાશાળાઓમાં એવું શીખવવામાં આવે છે કે માનવ પ્રથમ જંગલી અવસ્થામાં હતો, તેના આખા ડીલે વાળ હતા, તેને બોલતાં પણ આવડતું ન હતું. શિકાર કરી પેટ ભરતો હતો. ગુફાઓમાં રહેતો હતો. જરૂર પડતી ગઈ તેમ ક્રમે ક્રમે તે પથ્થરનાં ઓજારો બનાવતાં, ઝૂંપડાં બાંધતાં, પશુઓ પાળતાં અને ખેતી કરતાં શીખ્યો. આ બાબતો ખોટી છે. ઉપજાવી કાઢેલી બાબતો છે. તેના સમર્થનમાં પુરાતન માનવી-

---

૯. કસસુલ અંબિયા પૃ. ૧૯

ઓની ખોપરીઓ, પથ્થર-યુગનાં કે કાંસા-યુગનાં હથિયારો અને વાસણો ઇત્યાદિ રજૂ કરવામાં આવે છે. આદમ અલૈ.ના સમયમાં લોઢું મોટા પ્રમાણમાં મળતું નહીં હોય, તેથી તેમના પૌત્ર-પૌત્રીઓએ જ્યારે અન્ય સ્થળોએ વસવાટ કર્યો હશે ત્યારે સહેલાઈથી મળી શકે તેવી વસ્તુઓમાંથી તેમણે ઓજારો બનાવ્યાં હશે. જેઓ ધ્યાનપૂર્વક આદમ અલૈ.ના તથા તેમના કોઈક હોંશિયાર પુત્રો પાસેથી હથિયારો બનાવતાં શીખ્યા. તેઓના વંશજો પ્રગતિ કરતા રહ્યા. જેમણે લક્ષ આપ્યું નહીં હોય અને જેમને દૂર દૂરના પ્રદેશોમાં જવાનું થયું હશે તેમના વંશજો જંગલી અવસ્થામાં રહ્યા હશે. આજના યાંત્રિક-યુગમાં પણ તમે આદિવાસીઓને જંગલી અવસ્થામાં જીવન ગુજરતા જુઓ છો. જંગલી અવસ્થામાંથી પ્રગતિ કરતાં કરતાં માનવ આજની દશાએ પહોંચ્યો એ વાત બહુ માનવા જેવી નથી. હથિયારો, ધાતુઓનો ઉપયોગ, વાહન-વ્યવહારનાં સાધનો, રહેઠાણો ઇત્યાદિ બાબતોમાં ક્રમે ક્રમે માનવ-જાતિએ પ્રગતિ કરી છે. પરંતુ મૂળભૂત બાબતોનું જ્ઞાન તો આદમ અલૈ.ને જન્મની સાથે જ આપવામાં આવ્યું હતું.

એ તો તમે જાણો છો કે આપણા આદ્ય-પિતામહ આદમ અલૈ.ને પ્રત્યેક વસ્તુનું નામ, ગુણ-દોષ, તેનો ઉપયોગ અને ઉપયોગમાં લેતી વેળા કરવાની પ્રક્રિયાઓ વગેરે પ્રથમથી જ અલ્લાહે શીખવાડયું હતું. તેમને બોલતાં પણ પહેલેથી જ અલ્લાહે શીખવાડયું હતું. આ બાબતનો પુરાવો ૨:૩૩ની આયતમાંથી મળે છે. "પછી અલ્લાહે આદમને કહ્યું: તમે આમને આ વસ્તુઓનાં નામ બતાવી દો. અને તેણે તેમને તે બધાનાં નામ બતાવી આપ્યાં." એટલે આદમ અલૈ.ને વસ્તુઓનું તથા ભાષાનું જ્ઞાન જન્મથી જ હતું. પછી જીવનની શરૂઆતમાં જ જીવનની મૂળભૂત જરૂરિયાતો મેળવવાની સહેલી-સાદી તરકીબો તેમણે જીબ્રઈલ અલૈ. પાસેથી શીખી લીધી હતી. પવિત્ર કુરાનમાં ચોખ્ખેચોખ્ખું કહેવામાં આવ્યું છે કે, "તેણે (અલ્લાહે) કલમ વડે વિદ્યા શીખવી અને ઈન્સાનને એવી વાતો શીખવી કે જેમને તે જાણતો ન હતો." ૯૬:૪-૫ આમ જન્મથી જ આદમ અલૈ.ને મૂળભૂત બાબતો શીખવી દેવામાં આવી હતી. તેના પાયા પર જેમ જરૂરિયાતો ઊભી થતી ગઈ તેમ નવી બાબતોનું જ્ઞાન માનવી મેળવતો ગયો. આજે એવી સામાન્ય માન્યતા છે કે, "જરૂરિયાત શોધખોળની માતા છે." જરૂરિયાતમાંથી માણસ જાતે શીખ્યો, વળી જ્યાં શક પડયો ત્યાં તેના નિવારણ કાજે વિચાર કરતો થયો અને તેમાંથી તે આપમેળે પણ ઘણું શીખ્યો. આ બાબતમાં તથ્ય

છે પરંતુ જીવનની પાયાની બાબતો જેવી કે ખોરાક, કપડાં, રહેઠાણ, વાણી અને બંદગી વગેરે તો પ્રથમથી જ અલ્લાહે સીધી રીતે શીખવાડી હતી. એ પણ હકીકત છે કે જ્ઞાનમાં માનવીએ ઘણી પ્રગતિ કરી છે; પરંતુ એ ભૂલવું ન જોઈએ કે આજના પ્રગતિની આખી ઈમારત પાયાની બાબતોના જ્ઞાન પર ખડી થયેલી છે. જ્ઞાન કેટલું વિશાળ છે તેનો અંદાજ આપણને આવી શકતો નથી. જ્ઞાનની અનેક શાખાઓ છે પરંતુ તેની પણ મૂળભૂત બાબતો અલ્લાહે પયગંબરો દ્વારા માનવ-જાતિને શીખવી છે. આપણું કાયમનું જીવન તો પરલોકમાં છે એટલે પરલોકમાં સુખ-શાંતિ મેળવવા આ જીવન કેવી રીતે જીવવું તેનું સંપૂર્ણ જ્ઞાન પણ આપણને અલ્લાહે પયગંબરો અને આકાશી પુસ્તકો મારફત આપ્યું છે. આથી ડાર્વીનના મત પ્રમાણે માણસ વિકાસ પામતાં પામતાં ઈન્સાન બન્યો : પ્રથમ જંગલી અવસ્થામાં હતો અને પછી પ્રગતિ કરતાં કરતાં આજની દશાએ પહોંચ્યો છે એ માન્યતા સાવ ભૂલભરેલી અને તદ્દન ખોટી છે.

અલ્લાહ તઆલાએ આપણા આદ્ય પિતામહ આદમ અલૈ. ને માટીમાંથી પેદા કર્યા છે. તેથી જ કહેવામાં આવ્યું છે કે "મનુષ્ય ઉત્પત્તિનો આરંભ માટીથી કર્યો છે." ૩૨:૭ આદમ અલૈ. માંથી હવ્વા અલૈ. ને પેદા કરવામાં આવ્યાં હતાં, તે અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "અને તેમાંથી તેનું જોડું બનાવ્યું[૧૦] અને આ બંનેમાંથી ઘણા સ્ત્રી-પુરુષો (પેદા કરી) પૃથ્વી પર ફેલાવી દેવામાં આવ્યાં છે." ૪:૧ વળી ૪૯:૧૩ની આયતમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, "હે લોકો ! ખરેખર અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા છે." આથી સ્પષ્ટ થાય છે કે સમસ્ત માનવ-જાતિ આદમ-હવ્વા અલૈ.ના જોડામાંથી પેદા થઈ છે.

એ તો આપણે જાણીએ છીએ કે આદમ-હવ્વા અલૈ.નો માટીમાંથી જન્મ થયો હતો. તેવી રીતે માનવોનો જન્મ થતો નથી. "તેણે જ (અલ્લાહે) મનુષ્યને વીર્યમાંથી પેદા કર્યો. '૧૬:૪ પુરુષની પીઠમાંથી વીર્યનું ટીપું સંભોગ કરતી વેળા, સરકીને સ્ત્રી-યોનિમાં જાય છે. તે સમયે સ્ત્રીની છાતીમાંથી આવતું સ્ત્રી-વીર્ય પેલા પુરુષના વીર્યના ટીપાને પોષણ આપે છે. આમ ૪૦ દિવસ સુધી થતા પોષણના કારણે તે વૃદ્ધિ પામતું જાય છે.

૧૦. તલમૂદમાં કહ્યું છે કે ડાબી બાજુની ૧૩મી પાંસળીમાંથી હવ્વા અલૈ.ને પેદા કર્યા હતાં.

પછી તેમાં લોહીનાં રજકણો ઉત્પન્ન થતાં જાય છે. તે રજકણો જામી જતાં પેલું ટીપું જામી ગયેલા લોહીનું સ્વરૂપ લે છે. તેને ગર્ભાશયમાં ૪૦ દિવસ સુધી પોષણ મળતું રહે છે. ત્યારે તે માંસના લોથડાનો આકાર લેવા માંડે છે. પાંચમા મહિનામાં પેલા લોથડામાં અલ્લાહ તરફથી જીવ મૂકવામાં આવે છે. પછી ધીમે ધીમે મોં, માથું, આંખ, કાન, જીભ, હાથ, પગ, છાતી અને શરીરના અંદરના અવયવો બંધાતા જાય છે. "અમે જ તમને પેદા કર્યા અને પછી તમારી મુખાકૃતિ ઘડી કાઢી." ૭:૧૧ ઈબ્ને અબ્બાસ રદી.નું કહેવું છે કે, "માનવીને પિતાની પીઠમાંથી પેદા કરવામાં આવે છે. અને માતાના પેટમાં આકાર આપવામાં આવે છે." છેવટે ૯–૧૦ મહિને બાળક બની અવતરે છે. આ બાબતનું વર્ણન ૨૨:૫ની આયતમાં કરવામાં આવ્યું છે. "જાણી લો કે અમે તમને માટીમાંથી પેદા કર્યા. પછી વીર્યના ટીપામાંથી, પછી લોહીના લોથડામાંથી, પછી માંસના ટુકડામાંથી. જેનો આકાર હોય છે અને નથી પણ હોતો."[૧૧] આમ એક જ રીતે સ્ત્રી કે પુરુષને પેદા કરવામાં આવે છે. "અને ખરેખર તેણે જ નર–માદાનાં જોડાં પેદા કર્યાં. એક વીર્યના ટીપાંમાંથી કે જ્યારે તેને ગર્ભાશયમાં પાડવામાં આવે છે." ૫૩:૪૫–૪૬

વીર્યના ટીપામાંથી આદમ–હવ્વા અલૈ. ને બાળકો જન્મ્યાં. પવિત્ર કુરાનની ૫૫:૧૪ તથા ૧૫:૨૬ ની આયતોમાં કહેવામાં આવેલું છે કે "અમે ઈન્સાનને માટીની સડેલી પરંતુ સૂકી ગારમાંથી બનાવ્યો." એટલે તમે પ્રશ્ન પૂછશો કે મનુષ્યને માટીમાંથી પેદા કર્યો છે. જ્યારે ઉપરોક્ત ઊલટસુલટ વાત કેમ? આદમ અલૈ.ને માટીમાંથી પેદા કરવામાં આવેલા છે જ્યારે તેમની ઓલાદને વીર્યમાંથી પેદા કરવામાં આવે છે. વીર્ય ખોરાક-માંથી ઉત્પન્ન થાય છે અને ખોરાક માટીમાંથી ઉત્પન્ન થાય છે. એટલે મનુષ્ય–રચનામાં માટીનો અંશ વિશેષ છે તેથી મનુષ્ય માટીમાંથી પેદા થયો એમ કહેવામાં લગીરે ખોટું નથી.

હવ્વા અલૈ.ને દરેક પ્રસૂતિ વેળા એક બાબો અને એક બેબી એમ બે બાળકોનો જન્મ થતો હતો. એમ કહેવામાં આવે છે કે તેમને કુલ ૧૨૦ પ્રસૂતિઓ થઈ હતી. પરંતુ તેમને ૧૨૦ પુત્રો અને પુત્રીઓનો જન્મ થયો હતો. ત્યારે ભાઈ બહેનો સિવાય બીજું કોઈ ન હતું : તેથી

૧૧. વધુ માટે જુઓ ૩૨:૯ની આયત.

ભાઈ બહેનનાં લગ્ન થતાં હતાં. એ લગ્નોમાંથી પ્રજા–ઉત્પન્ન થતાં થતાં આજે જગતની વસ્તી લગભગ ૪૦૦ કરોડ સુધી પહોંચી છે. વસ્તીનો આ વિસ્તાર ફક્ત આદમ-હવ્વા અલૈ. ના જોડામાંથી થયેલો છે. વળી અલ્લાહ તઆલાએ "માનવોને પૃથ્વી પર રહેવા માટે અનેક ઠેકાણાં આપ્યાં છે, અને તેમાં તેમના માટે અનેક પ્રકારની જીવન–સામગ્રીઓ તૈયાર કરી રાખી છે." ૭:૧૦. આથી સ્પષ્ટ થાય છે કે પહેલેથી જ પૃથ્વી ઉપર માનવ વસવાટ માટે પૂરતી સગવડ કરી આપવામાં આવી હતી. વળી અલ્લાહ તઆલાએ માનવોની "જુદી જુદી કોમો (પ્રજાઓ) તથા જુદા જુદા કુટુંબ–કબીલાઓ બનાવી દીધા છે કે જેથી એક બીજાને ઓળખી શકાય." ૪૯:૧૩.

## ૬. મિસાકે અઝલ અર્થાત્ આદ્ય–કરાર

મિસાક એટલે કરાર અને અઝલ એટલે આદ્ય અથવા પ્રારંભના કે મૂળના. એ કરારને Oath of allegiance એટલે વફાદારીના કરાર કહી શકીએ. એ તો આપણે જોઈ ગયા કે આદમ અલૈ. અને તેમના વંશજોને અર્થાત્ માનવ જાતિને અલ્લાહે પોતાના ખલીફા તરીકે પેદા કર્યા તેથી તેમને કેટલાક અખત્યારો આપવામાં આવ્યા છે. આ અખત્યારોની રૂએ ઈન્સાનોને જગતની વસ્તુઓનો ઉપભોગ પોતાની મરજીમાં આવે તેવી રીતે કરવાની છૂટ છે. ખલીફા હોય એટલે તેમનો કોઈ માલિક છે એ સ્પષ્ટ થાય છે. માલિક ખલીફા પાસેથી પોતે આપેલી સત્તા મોકૂફ રાખી શકે છે. આ કારણે ફરિશ્તાઓના સિજદાની વિધિ પછી સઘળા માનવ–આત્માઓ પાસેથી અલ્લાહે કબૂલાત લીધી કે અલ્લાહ સિવાય તેમનો બીજો કોઈ માલિક નથી, પૂજ્ય નથી.

એમ કહેવામાં આવે છે કે આદમ–હવ્વા અલૈ.ના સ્વર્ગમાં દાખલ થતાં પહેલાં અરફાતમાં આવેલા નોમાન નામના મેદાનમાં[1] આ કરાર કરવામાં આવ્યા હતા. અહીં આદમ અલૈ.ની પીઠ પર અલ્લાહના હાથનો સ્પર્શ થતાં પીઠમાંથી કીડીઓના સ્વરૂપમાં તેમની કયામત સુધીમાં પેદા થનારી સઘળી ઓલાદ ઉત્પન્ન થઈ. પવિત્ર કુરાનમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે; "તારા પરવરદિગારે આદમની પીઠમાંથી તેમની ઓલાદ ઉત્પન્ન કરી" ૭:૧૭૨. અલ્લાહે કયામત સુધી જેટલા લોકો પેદા થવાના હતા તેમને

---

૧. ઇબ્ને કસીર ૭:૧૭૨ ની તફસીરમાંથી.

કીડીઓના સ્વરૂપમાં આ મેદાનમાં ઉત્પન્ન કરી હાજર કર્યા. આથી કરોડો અને અબજોની સંખ્યામાં કીડીઓથી આખું મેદાન ઊભરાઈ ગયું. વળી તે વેળા સઘળા ફરિશ્તાઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા. આદમ અલૈ. પાસે જીબ્રઈલ અલૈ. ઊભા હતા. તેમણે જીબ્રઈલ અલૈ.ને પુછ્યું: "ફરિશ્તાઓ આવ્યા છે એ તો ઠીક, પરંતુ કીડીઓના સ્વરૂપમાં કોણ છે?"

જવાબ મળ્યો, "આ સઘળી કીડીઓ તમારા કયામત સુધીના વંશજો છે. માનવ શરીર પ્રાપ્ત કરશે ત્યારે જે આત્માઓ તે શરીરોમાં દાખલ થશે તે આત્માઓ અહીં હાજર છે.

આદમ અલૈ.મે આશ્ચર્યમાં પૂછ્યું: "આવડી મોટી સંખ્યાનો એકી સાથે પૃથ્વી પર કેવી રીતે સમાવેશ થશે?"

જીબ્રઈલ અલૈ.મે ઉત્તર વાળ્યો: "તેમને એકી સાથે પેદા કરવામાં આવશે નહિ; વારાફરતી ક્રમવાર પેદા કરવામાં આવશે. વળી તેમનું મરણ થતું રહેશે એટલે સંખ્યા ઓછી થતી રહેશે. પરિણામે પૃથ્વી પર તમારા વંશજોનો સમાવેશ થતો રહેશે."

આદમ અલૈ.મે પૂછ્યું: "અહીં આ પ્રમાણે હાજર કરવાનું પ્રયોજન શું? અને આ સ્વરૂપમાં ઉત્પન્ન કરવાનું કારણ શું હશે?"

જીબ્રઈલ અલૈ.મે જવાબ આપ્યો: "આ તેમના આત્માઓ છે. આત્માઓ સાથે કરાર કરવાના છે, તેથી એ સ્વરૂપમાં ઉત્પન્ન કરવામાં આવ્યા છે. તેમના શરીરના અવયવોને કરારમાં સામેલ રાખવાના નથી એટલે માનવ સ્થિતિમાં અહીં હાજર રાખ્યા નથી. અહીં તમારા એકેએક વંશજ સાથે એવી કબૂલત લેવાની છે કે તેમનો માલિક અથવા રબ એકલો અલ્લાહ જ છે. તે કરારમાં ફરિશ્તાઓ શાહેદ તરીકે રહેવાના હોવાથી તેમને પણ હાજર રાખવામાં આવ્યા છે."

આ સાંભળી આદમ અલૈ. બોલી ઊઠયા: "હું તો તૌહીદમાં અર્થાત્ એકેશ્વરવાદમાં માનું જ છું. અલ્લાહ તઆલા સાથે મારે તો વાતો પણ થઈ છે, તો પછી મારી આફક મારા જ લોહીમાંથી પેદા થનારી મારી ઓલાદ તૌહીદમાં માનશે જ ને! શું મારા વંશજો અલ્લાહ તઆલાની અવગણના કરશે?"

જીબ્રઈલ અલૈ. મે ટૂંકામાં પતાવ્યું: "એ બાબતની જાણ તમને હમણાં જ પડશે. તમે જાતે બધું જોશો."

આ સમયે અલ્લાહનો હુકમ થતાં સઘળી કીડીઓ પૂર્વ–પશ્ચિમની હારોમાં પોતપોતાના પેદા થવાના ક્રમમાં ગોઠવાઈ ગઈ. આદમ અલે.ની જમણી બાજુએ સફેદ કીડીઓ અને ડાબી બાજુએ કાળી કીડીઓ હતી.[૨] આ પ્રમાણે ગોઠવાઈ ગયા પછી અલ્લાહે પોતાની કુદરત વડે તેમનામાં બુદ્ધિ અને વાચા આપી કે જેથી તેઓ સમજીને વર્તી શકે.

ત્યાર પછી અલ્લાહ તઆલાએ તેમને પૂછ્યું : "શું હું તમારો રબ નથી ?" ૭:૧૭૨.

સઘળી કીડીઓએ અર્થાત્ સર્વ આત્માઓએ જવાબ આપ્યો : "હા ! તું જ અમારો રબ–માલિક–છે; અને અમે તેના શાહેદ છીએ." ૭:૧૭૨.

અહીં આત્માઓ બે પક્ષોમાં વહેંચાઈ ગયેલા હતા. સફેદ કીડીઓના આત્માઓ જન્નતી હતા જ્યારે કાળી કીડીઓના આત્માઓ દોજખી હતા. બંનેએ કબૂલ તો કર્યું પરંતુ પહેલા આત્માઓએ ખુશી થઈને અને બીજા આત્માઓએ કમને કબૂલ કર્યું હતું.[૨]

અલ્લાહનો અવાજ સંભળાયો : "આ બાબતમાં તમે પોતે સાક્ષી છો એટલું પૂરતું નથી : જુઓ તમારા પિતામહ આદમ પણ સાક્ષી છે. આ પૃથ્વી તથા સાતેય આસમાનો પણ સાક્ષીઓ છે. તે ઉપરાંત સઘળા ફરિશ્તાઓ પણ સાક્ષીઓ છે."

આ કરાર અથવા કબૂલાત એટલા માટે લેવામાં આવી હતી કે, "કયામતના દિવસે તમે એવું ન કહી દો : અમે આ વાતથી અજ્ઞાત હતા: અથવા એવું ન કહી દો કે શિર્ક (અર્થાત્ ઈશ્વરપણામાં ભાગીદારી કરવા)ની શરૂઆત તો અમારા પૂર્વજોએ અમારાથી પહેલા કરી હતી અને અમે તો પછીથી તેમની નસલમાં (ઓલાદમાં) પેદા થયા હતા. તેમણે જે ખોટાં કામો કર્યા તે માટેના ગુના અંગે અમને કસુરવાર ઠરવો છો." ૭:૧૭૩.

આ કરાર આજે આપણને યાદ નથી પરંતુ તેના વિશેનું જ્ઞાન અને તેની છાપ આજે પણ આપણા અંતરાત્મા અને અંતર્જ્ઞાન પર અંકિત થયેલ છે. અલ્લાહ માલિક છે, તેનો ઈકરાર માનવ–પ્રકૃતિમાં આત્મસાત થયેલો છે. અલ્લાહના પયગંબરો આ ઈકરાર આપણને યાદ દેવડાવતા રહ્યા છે. આ કરારની રૂએ અલ્લાહે ઈન્સાનોને પૃથ્વી પર તેના પ્રતિનિધિ બનાવ્યા અને ઈન્સાનોએ તેના સિવાય અન્ય કોઈની પૂજા કે બંદગી કરવાની નથી;

૨. મુવાહિબ. Vol. VI. પૃ. ૧૨૬. ૭:૧૭૨ની તફસીર.

તથા તેનો કોઈ સાથી કે ભાગીદાર બનાવવાનો નથી. આવા કરાર કર્યા હોવા છતાં તથા પ્રત્યેક માનવીનો અંતરાત્મા અલ્લાહને માનતો હોવા છતાં ઘણા લોકો અન્યની અને ખાસ કરીને મૂર્તિઓની પૂજા કરે છે. પ્રત્યક્ષ વસ્તુની એટલે કે સામે મૂર્તિ રાખવામાં આવે તો એક જ ઈશ્વરની પૂજામાં ધ્યાનમગ્ન થઈ શકાય છે એવી અર્થહીન દલીલ રજૂ કરે છે અને તેથી હિંદુઓ અનેક દેવી-દેવીઓના પૂજા કરે છે. જૈન લોકો તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપી પૂજા કરે છે. યહૂદીઓ પોતાની રીતે પૂજા કરે છે અને ઉઝૈરને ખુદાવંદનો પુત્ર ગણે છે. ખ્રિસ્તીઓ ઈશુને ખુદાનો પુત્ર માને છે. આમ બીજા ધર્મો અલ્લાહની શક્તિઓમાં બીજાઓને ભાગીદાર ઠેરવે છે. હિંદુઓ અલ્લાહની શક્તિઓને વિષ્ણુ, મહાદેવ અને બ્રહ્મા એ ત્રણ વિભૂતિઓમાં વહેંચી નાખે છે. પારસીઓ ખુદાઈ શક્તિને અહરિમન અને અહુરમઝદમાં વહેંચી નાખે છે. ઉપરોક્ત કોલ-કરારની રૂએ આમ કરવું વચનભંગ છે. ફક્ત અલ્લાહની જ ઈબાદત કરવી જોઈએ અને તે ગમે તેમ નહીં, પરંતુ તેના આખરી પયગંબર મુહમ્મદ સલ્લ. મારફત બતાવેલી રીત પ્રમાણે જ કરવી ઘટે.

કરાર થયા પછી બધા આત્માઓને અલ્લાહને સિજ્દો કરવાનો હુકમ મળ્યો. જમણી હરોળોની સઘળી ફ્રીડીઓએ સિજ્દો કર્યો, જ્યારે ડાબી હરોળની ફ્રીડીઓ યથાવત્ ઊભી રહી અને સિજ્દો ન કર્યો. પછી બીજી વેળા સિજ્દાનો હુકમ થયો ત્યારે જમણી હરોળોમાંથી થોડીક ફ્રીડીઓએ સિજ્દો ન કર્યો: ઊલટું ડાબી હરોળોમાંથી કેટલીક ફ્રીડીઓએ સિજ્દો કર્યો. આ દૃશ્ય જોઈ આદમ અલૈ. પૂછવા લાગ્યા. "હે રૂહુલ-અમીન! આ સિજ્દાનું રહસ્ય મને સમજાતું નથી. કૃપા કરી સમજાવશો?"

જીબ્રઈલ અલૈ. સમજાવવા લાગ્યા: "હે માનવોના પિતા! જમણી હરોળોમાં સૌથી મોખરે સઘળા પયગંબરોના સરદાર હજરત મુહમ્મદ મુસ્તુફા સલ્લ. છે. તેમના પછીની પહેલી હારમાં જગતના સઘળા પયગંબરો છે. જમણી બાજુની હરોળોમાં તમારી ઊભી રહેલી ઓલાદ ઈમાનદાર અને ધર્મિષ્ઠ પેદા થશે. બીજી વેળા તેઓ પૈકી જેમણે સિજ્દો નથી કર્યો તેઓ પાછળથી ફરી જશે અને અધર્મી કે કાફર થઈ જશે. જેઓ ધર્મિષ્ટ રહેશે તેમને અવશ્ય જન્નત મળશે અને તેમાં તેઓ સદા સર્વદા રહેશે."

ડાબી બાજુ ઊભી રહેલી તમારી ઓલાદ અધર્મી કે નાસ્તિક અથવા મુશ્રિક જન્મશે. તે પૈકી જેમણે બીજી વેળા સિજ્દો કર્યો તેઓ અધર્મી મટી

ધર્મિષ્ટ બની જશે. જેમણે સિજદો કર્યો નથી તેઓ નાસ્તિકો, મૂર્તિપૂજકો કે મુશ્રિકો રહેશે. મરણ પછી તેમનું ઠેકાણું દોઝખ રહેશે અને તેમાં તેમને સદા સર્વદા રહેવાનું થશે."

આદમ અલૈ. જ્યારે જમણી બાજુ તરફ જોતા ત્યારે ઈમાનદાર અને ધર્મિષ્ઠ લોકોને જોઈ આનંદમય બની જતા હતા. તેથી ઊલટું જ્યારે ડાબી બાજુ જોતા ત્યારે અધર્મી ઓલાદને જોઈ દુઃખી થતા હતા. આમ તેઓ વારંવાર આમતેમ જોતા હતા તેવામાં તેમની દૃષ્ટિ એક અતિ તેજસ્વી ચહેરા ઉપર પડી. તે જોઈ તેમણે પૂછ્યું : "હે જીબ્રઈલ ! પેલું તેજસ્વી મુખાકૃતિવાળું કોણ છે ?"

જીબ્રઈલ અલૈ. મે કહ્યું, "તે તમારાથી ઘણી દૂરની પેઢીમાં જન્મ લેશે, પરંતુ તે પયગંબર બનશે : તેમનું નામ દાઉદ છે."

આદમ અલૈ. મે પૂછ્યું : "તે કેટલા વરસ જીવશે ?"

જીબ્રઈલ અલૈ. મે જવાબ આપ્યો, "૬૦ વરસ."

આ સાંભળી આદમ અલૈ. લાગણી વશ થઈ એકદમ બોલી ઊઠયા : "આટલી થોડી ઉંમર ! એટલા વરસોમાં તે પોતાનું કર્તવ્ય કેવી રીતે બજાવશે ? મારી ઉંમરમાંથી હું તેને ૪૦ વરસ અર્પણ કરું છું. હે મારા માલિક ! મારી આ બક્ષિસ તું માન્ય રાખ."

આકાશવાણી સંભળાઈ : "અય આદમ ! તારી બક્ષિસ માન્ય રાખવામાં આવે છે."

મિસાકે અઝલના કરાર પૂરા થયા પછી કીડીઓના સ્વરૂપમાં ઉત્પન્ન થયેલ માનવ–આત્માઓને પાછા આદમ અલૈ. ની પીઠમાં દાખલ કરી દેવામાં આવ્યા. આ કરારની રૂએ જે લોકો અલ્લાહનો ઇનકાર કરશે તે માટે તેમણે કરાર ભંગ કર્યો એવું ગણાશે અને તેથી તેઓ તે માટે જવાબદાર ગણાશે. એના કારણે કોઈ પણ માનવને કરારથી અજ્ઞાત છે અથવા પોતાના પૂર્વજોનું સીધું અનુસરણ કર્યું છે તેવાં બહાનાં બતાવવાનાં રહેશે નહીં. આથી એવું કહી શકાય કે દરેક માનવ હૃદયમાં અલ્લાહ પૂજ્ય છે, રબ કે માલિક છે એવો ખ્યાલ આત્મસાત થયેલો છે.

આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ કરાર થયો છે કે કેમ તેનું ભાન અને તેનું જ્ઞાન કોઈ માણસમાં જોવા મળતું નથી : એ કરારને જાણે બધા જ ભૂલી ગયા છે : તો પછી કરારભંગનો ગુનો તેણે કર્યો છે તેમ કેવી રીતે કહી શકાય ?

આ કરારથી દરેક વ્યક્તિને સભાન અને જ્ઞાત રાખવામાં આવી હોત તો આ દુનિયામાં તેની પરીક્ષા છે એ મૂળભૂત વાતનો કોઈ અર્થ જ રહેવા પામત નહીં. અલ્લાહ એકલો જ પૂજવાલાયક છે. અલ્લાહ રબ અર્થાત્ માલિક છે એ ખ્યાલ દરેક માનવીના અંતરાત્મા અને અંતર્જ્ઞાન (Intiuition) પર અંકિત થયેલ છે. ગ્રામોફોનની રેકર્ડ કે કેસેટ પર બોલેલા કે ગાયેલા શબ્દો અંકિત થઈ જાય છે તેમ કોઈ પણ વિચાર કે આંખે દેખ્યો અકસ્માત આપણા Sud-conscious mind એટલે કે અર્ધ-જાગૃત મન ઉપર કોતરાઈ જાય છે. પ્રસંગ મળે ત્યારે તે ખ્યાલ જાગૃત-મન ઉપર આવે છે. અર્ધ-જાગૃત મન ઉપર કોતરાયેલો-અલ્લાહ એકલો આપણો રબ છે—ખ્યાલને બહાર લાવવાનું કાર્ય પયગંબરો કરે છે. એટલે આપણે પયગંબરોની હિદાયતનું અનુસરણ કરવું ઘટે.

આદમ અને હવ્વા અલૈ. ને સ્વર્ગમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા ત્યારે અલ્લાહે તેમને એવી જાણ કરી હતી કે, "પછી મારા તરફથી જે હિદાયત તમને મળે તેને અનુસરીને જેઓ ચાલશે તેમને ન તો કોઈ પ્રકારનો ડર રહેશે કે નહીં તેમને દીલગીર થવું પડશે. અને જેઓ તેને કબૂલ કરવા ઈન્કાર કરશે અને મારી દલીલોને નકારી કાઢશે તેઓ અગ્નિના સાથીઓ બનશે અને તેમાં સદા-સર્વદા રહેશે." ૨:૩૯. કરારથી જાણીતા કરવા અને તમને હિદાયત આપવા માટે પયગંબરો અને ઈશ્વરદત્ત પુસ્તકો મોકલવામાં આવેલ છે એ હકીકત આપણે જાણીએ છીએ. આથી એવું સ્પષ્ટ થાય છે કે જે લોકો કરારનો ભંગ કરશે નહીં તથા પોતાના સમયના પયગંબરો અને આકાશી પુસ્તકોને અનુસરી ચાલશે તેમને દુનિયામાં તેમના નસીબમાં હશે તેટલું તો મળશે જ, પરંતુ પરલોકમાં નિઃસંદેહ તેમને સ્વર્ગ મળશે અને ત્યાં સદા-સર્વદા રહેશે. આથી ઊલટું જે લોકો પોતાના સમયના પયગંબરો અને આકાશી પુસ્તકોને અનુસરશે નહીં અને કરારભંગ કરશે અને મૂળભૂત બાબતો જેવી કે ફરિશ્તાઓ, આકાશી-પુસ્તકો, પયગંબરો, એક જ અલ્લાહની ઈબાદત વગેરેમાં માનશે નહીં અને અન્યની પૂજા કરશે તેમને દોજખમાં જવાનું થશે અને ત્યાં અગ્નિમાં સદાને માટે સજા ભોગવવી પડશે. ઐતિહાસિક ગણતરીએ ઇતિહાસકારોએ હજરત મુહમ્મદ સલ્લ.ને મધ્ય-યુગમાં મૂકયા છે, પરંતુ ખરી રીતે તેમની ગણતરી અર્વાચીન-યુગમાં થવી જોઈએ. કારણ તે આખરી પયગંબર છે. તેમના પછી કોઈ પયગંબર થશે નહીં. તેમને મળેલું આકાશી પુસ્તક કુરાન છે, જે નવું

ાધથી ભરપૂર છે. તેમણે સ્થાપેલો ધર્મ "ઈસ્લામ" એટલે અલ્લાહને ંપૂર્ણ તાબે થઈ જીવન ગુજારવાનો ધર્મ છે. એ ધર્મમાં કોઈ ખામી થી, તે સંપૂર્ણ છે. એ બાબતની સાખ પવિત્ર કુરાનની ૫:૩ની આયત પૂરે . તેમાં ફરમાવવામાં આવેલું છે કે; "આજે તમારો ધર્મ તમારા માટે ામે સંપૂર્ણ બનાવી દીધો અને મારી ન્યામત (કૃપા દષ્ટિ) તમારા ઉપર ર્ણ કરી આપી અને તમારા માટે ઈસ્લામ ધર્મ પસંદ કરવામાં આવ્યો ." આથી પ્રત્યેક યુગમાં કુરાન અને હજરત મુહમ્મદ સલ્લ.ને અનુસર- ાની પ્રત્યેક માનવીની ફરજ થઈ પડે છે. અલ્લાહે શરૂઆતથી ૨:૩૯માં ર્શાવ્યા પ્રમાણેના સ્પષ્ટ આદેશ સાથે અને ૭:૧૭૨ પ્રમાણેના કરાર સાથે ાનવ–જાતિને પૃથ્વી પર વસવાટ કરવાનું ફરમાવ્યું છે.

## ૭. જગતનું પહેલું ખૂન

જગતમાં માનવ–વસવાટનો આરંભ થયો હતો. આદમ અને હવ્વા મલૈ.મે લંકાની મધ્યમાં આવેલા "આદમના પહાડ"ની કોઈક ફળદ્રુપ ાળેટીમાં વસવાટ કરી જીવનનાં પગરણ માંડ્યાં હતાં. ત્યાં હવ્વા અલૈ.ને ાળકો જન્મવા માંડ્યાં હતાં. તેમને દરેક પ્રસૂતિમાં એક પુત્ર અને એક ુત્રી એમ જોડકાંનો જન્મ થતો હતો. તેમને ૧૨૦ પ્રસૂતિઓ થઈ હતી.[૧] ે સમયે આ પ્રમાણે જન્મેલાં ભાઈ–બહેન સિવાય બીજું કોઈ ન હતું; એટલે ભાઈનાં લગ્ન બહેન સાથે કર્યા વિના છૂટકો ન હતો; પરંતુ આદમ અલૈ.મે પવિત્રતા જાળવવા એવો નિયમ કર્યો હતો કે એક પ્રસૂતિમાં જન્મેલા પુત્રના લગ્ન બીજી પ્રસૂતિમાં જન્મેલી પુત્રી સાથે અથવા બીજી પ્રસૂતિમાં જન્મેલા પુત્ર સાથે પહેલી પ્રસૂતિમાં જન્મેલી પુત્રી સાથે લગ્ન કરવાં. એક સાથે અર્થાત્ જોડકામાં જન્મેલાં ભાઈ–બહેનનાં લગ્ન કરવાનું હરામ અથવા નિષેધાત્મક હતું. જેમ જેમ પુત્ર–પુત્રીઓ લગ્ન અવસ્થાએ પહોંચતાં ગયાં તેમ તેમ તેમનાં લગ્ન કરી આપવામાં આવતાં હતાં.

સૌથી પહેલી પ્રસૂતિમાં હવ્વા અલૈ.ના પેટે કાબીલ અને અકલીમાના જોડકાનો જન્મ થયો હતો. તેના પછીની અર્થાત્ બીજી પ્રસૂતિમાં હાબીલ અને લબાઝાના જોડકાનો જન્મ થયો હતો. હાબીલની ઉંમર વીસ વરસની

૧. ૧૮૦ પ્રસૂતિ થઈ એવું પણ કહેવાય છે.

થઈ[2] ત્યારે આ ચારે ભાઈ-બહેનનાં લગ્ન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. લબાઝા રંગે શ્યામ અને કદરૂપી હતી; જ્યારે અકલીમા રંગે ગોરી અને દેખાવે સુંદર અને સ્વરૂપવાન હતી. આ કારણે કાબીલ પોતાની સાથે જન્મેલી પોતાની બહેન અકલીમાને પરણવા માંગતો હતો. નિયમ પ્રમાણે હાબીલે અકલીમા સાથે પોતાના લગ્નનો પ્રસ્તાવ મૂકયો, પરંતુ કાબીલે તે માન્ય ન રાખ્યો. નિયમ પ્રમાણે લબાઝા સાથે લગ્ન કરવા કાબીલને માતા-પિતાએ ઘણું સમજાવ્યો, પરંતુ તે એકનો બે ન થયો. તેણે સર્વત્ર એવી વાત ફેલાવી કે તે અકલીમા સાથે લગ્ન કર્યા વિના રહેવાનો નથી. આમ લગ્ન માટે પ્રથમ ઝઘડો ઉપસ્થિત થયો.

આ ઝઘડાનો નિવેડો લાવવા તથા બંને ભાઈઓનું મન રાજી રાખવા આદમ અલૈ.મે અલ્લાહના નામે કુરબાની અર્થાત્ બલિદાન આપવા કહ્યું. જેનું બલિદાન સ્વીકારાશે તેની સાથે અકલીમાના લગ્ન કરી દેવામાં આવશે એવું નક્કી થયું. બંને ભાઈ બલિદાન આપવા તૈયાર થયા. કાબીલ ખેતી કરતો હતો એટલે બલિ માટે અનાજની ડૂંડીઓનું પોટલું લઈ આવ્યો. આ પોટકામાંથી સારી સારી ડૂંડીઓ તેણે કાઢી લીધી અને હલકી કોટિનું અનાજ રહેવા દીધું. બલિદાન કે કુરબાની કરવાની તેની વૃત્તિમાં શ્રદ્ધા અને શુદ્ધતા ન હતાં. આથી ઊલટું હાબીલની કુરબાનીની વૃત્તિમાં શ્રદ્ધા અને શુદ્ધતા બંને હતાં તે ઘણા જ પરહેજગાર હતા. પિતાના આદેશોનું અક્ષરશઃ પાલન કરતા હતા. પોતે જાનવરો પાળી ગુજરાન ચલાવતા હતા. પોતાનાં ઘેટાં બકરાંમાંથી સૌથી મોટું, તાજું અને જુવાન ઘેટું લઈ આવ્યા. તેને ઝબે કરીને તેના માંસની પોટલી બાંધી બંને ભાઈ એકી સાથે એક મેદાનમાં થોડા થોડા અંતરે પોતપોતાની પોટલીઓ મૂકી આવ્યા. આદમ અને હવ્વા અલૈ. પણ ત્યાં આવ્યાં. આદમ અલૈ. મે અલ્લાહની બંદગી કરી અને દુઆ માંગી કે, "હે અમારા પાક પરવરદિગાર! જેણે સાચી ભાવનાથી તેમ જ સાચી શ્રદ્ધાથી પોતાનો બલિ રજૂ કર્યો છે તેને તું સ્વીકારી લેજે. સત્યનો જય થજો." થોડીવારે આકાશમાં વીજળી ઝબૂકી અને ગડગડાટ કરતી હાબીલના બલિ પર પડી અને તેને સ્વાહા કરી ગઈ. તે સમયે બલિદાનનો સ્વીકાર આમ આપણી નજર સમક્ષ થતો હતો. બલિ અથવા કુરબાની માટે મૂકેલી વસ્તુ પર આકાશમાંથી વીજળી પડતી અને તેને બાળી મૂકતી, ત્યારે તેનો સ્વીકાર થયેલો ગણાતો. હાબીલના બલિનો સ્વીકાર થયો. આ બાબતનો ઉલ્લેખ પવિત્ર કુરાનની ૫:૨૭ની આયતમાં કરવામાં આવેલો છે.

૨. મુવાહિબ Vol. V. પૃ. ૨૭ની તફસીર

"અને (હે રસૂલ!) લોકોને આદમના બે પુત્રોનો કિસ્સો સત્યતા-પૂર્વક કહી સંભળાવ. જ્યારે તેમણે બંનેએ પોતપોતાના બલિ (અર્થાત્ કુરબાનીની વસ્તુઓ) રજૂ કરી ત્યારે તે બંને પૈકી એકની કુરબાનીનો સ્વીકાર થયો અને બીજાની કુરબાનીનો અસ્વીકાર થયો."

પોતાની કુરબાનીનો સ્વીકાર ન થયો તેથી કાબીલ ખૂબ ચિડાયો અને ગુસ્સે થઈ કહેવા લાગ્યો. 'અલ્યા હાબીલ! તારી કુરબાની કબૂલ થઈ એટલે બધાં તને માનની દૃષ્ટિએ જોશે. તારી ઈજ્જત કરશે અને તું છાતી કાઢીને ફરતો ફરીશ. મારી કુરબાની કબૂલ ન થઈ એટલે બધાં મને હલકો ગણશે અને મારે નીચું જોવું પડશે. પણ જોઈ લેજે! "હું તને (જરૂર) મારી નાખીશ" ૫:૨૭ અને પછી અકલીમાને તો હું જ પરણીશ."

હાબીલે નમ્રતાથી કહ્યું: "એમાં મારો શું વાંક–ગુનો છે?" "કુર-બાની તો અલ્લાહ પરહેજગારોની જ સ્વીકારે છે." ૫:૨૭.

આ સાંભળી કાબીલ વધુ બગડ્યો અને કહેવા લાગ્યો: "શું હું તારાથી વડીલ નથી? બાવાજી બહાર જાય છે ત્યારે શું ઘરનું બધું કામકાજ મને સુપરત કરતા નથી? મારી જ કુરબાની કબૂલ થવી જોઈતી હતી. બાવાજીએ તારા માટે ખુદા પાસે દુઆ માંગી એટલે જ તારી કુરબાની કબૂલ થઈ. મારે તો હવે નીચું જોવાનું જ થયું ને?"

હાબીલે નમ્રતાથી જવાબ વાળ્યો, "મને મારી નાખવાના ઈરાદાથી જો તું તારો હાથ મારા ઉપર ચલાવીશ, તો પણ હું તો તને મારી નાખવા મારો હાથ તારા ઉપર ચલાવીશ નહીં. હું જગતના ઈશથી ડરું છું." ૫:૨૮

વધુ આવેશમાં આવી કાબીલ બરાડ્યો, "હવે તો હું મારા માર્ગ-માંથી તારો કાંટો દૂર કરીને જ જંપીશ."

હાબીલે શાંતિથી કહ્યું: "કાબીલ! તું એવું ન માનતો કે હું તને પહોંચી શકું તેમ નથી. હું તારા કરતાં વધુ બળવાન છું. હાલના ધાર્મિક કાનૂન પ્રમાણે તારો સામનો કરવાનો નથી, પરંતુ 'હું તો એવું ઇચ્છું છું કે તું તારા પોતાના ગુના ઉપરાંત મારું ખૂન કરવાનો મહાન ગુનો પણ માથે લે અને તું નર્કવાસી બને: જુલમગારો અર્થાત્ પાપીઓને એવી જ શિક્ષા થાય છે." ૫:૨૯

હાબીલ શરીરે ખૂબ જ બળવાન હતા. પરંતુ ભાઈનું ખૂન કરી

માતા–પિતાની તથા અલ્લાહની નારાજગી વહોરવા તૈયાર ન હતાં. કાબીલને તેમણે કુરબાની કબૂલ થવાનું કારણ સમજાવ્યું, જે તેના ગળે ન ઊતર્યું. પછી તેમણે તેના કૃત્યનું શું પરિણામ આવશે તે પણ સમજાવ્યું : આમ છતાં "કાબીલનું મન પોતાના ભાઈનું ખૂન કરવા તત્પર થઈ ગયું." પ:૩૦ પોતાના ભાઈનું ખૂન કરવા તે કૃતનિશ્ચયી બની ગયો. હાબીલનું કાસળ કેવી રીતે કાઢી નાખવું તેની વિમાસણમાં પડ્યો.

હાબીલ તે પોતાના નિયમ પ્રમાણે રોજ સવારે જંગલમાં પોતાના જાનવરોને લઈ ચારવા જતા અને સાંજે પાછા લાવી તેમને એક વાડામાં ગોંધી દેતા હતા. પછી તે વાડામાં બાંધેલી ઝૂંપડીમાં સૂઈ રહેતા હતા. તે ઝૂંપડીમાં જઈ મારી નાખવાની હિંમત કાબીલને પડતી ન હતી. તે કંઈક યુક્તિ ખોળતો હતો. જંગલમાં હાબીલનાં જાનવરો ચરતાં હતાં ત્યાં તે જઈ ચડ્યો. ત્યાં હાબીલને એક જગાએ સૂતેલા જોયા. આ પરિસ્થિતિમાં ખૂન તો કરી શકાય એમ તે સમજી ગયો. પરંતુ ખૂન કરવું કેવી રીતે તેની સૂઝ તેને પડતી ન હતી. તેવામાં ઈબ્લીશ–શયતાન માણસના સ્વરૂપમાં આવી પહોંચ્યો. પૂછવા લાગ્યો "કેમ ભાઈ! કંઈ વિમાસણમાં પડ્યા હોય તેમ લાગો છો? કહો! શું વાત છે? હું તમને મદદ કરી શકું છું?"

કાબીલ બોલ્યો : "આ અહીં સૂતો છે ને! તે મારો ભાઈ છે, તેને મારી નાખ્યા વિના મારી ખૂબસુરત બહેન અકલીમાં સાથે મારાં લગ્ન થાય તેમ નથી. તમે કોઈ રસ્તો બતાવો."

શયતાને જવાબ વાળ્યો, 'ઓહો! એમાં આટલો બધો ગભરાય છે શા માટે? હું તને એક રસ્તો બતાવું. હું જેમ કરૂં તેમ તું કરજે એટલે તારી રૂપાળી બહેન અકલીમાને પરણવાનો તારો માર્ગ મોકળો થઈ જશે." શયતાને એક મોટો પથ્થર લીધો પછી બે હાથ વડે ઉંચકીને એક ઘેટાના મોં ઉપર જોશથી માર્યો એટલે ઘેટાનું મોં છૂંદાઈ ગયું અને તે મરણ પામ્યું.

કાબીલે પણ એક પથ્થર લીધો. બે હાથ વડે ઊંચકીને હાબીલના માથામાં જોશથી માર્યો એટલે તેમનું મોં છૂંદાઈ ગયું અને તે મરણ પામ્યા. પવિત્ર કુરાનમાં તો આ અંગે એટલું જ કહેવામાં આવ્યું છે કે "પછી તો તેણે પોતાના ભાઈને મારી નાખ્યો, જેથી તે નુકસાન ભોગવનારા માંહેનો થઈ ગયો." પ:૩૦

જગત પર આ સૌથી પહેલું ખૂન હતું : સૌથી પહેલું મરણ હતું. શયતાન તો ત્યાંથી પલાયન થઈ ગયો. લાશને જોઈ કાબીલ ડરી ગયો.

લાશને પડતી મૂકી નાસી ગયો. ચેન પડ્યું નહીં એટલે પાછો લાશ પાસે આવ્યો. લાશનું શું કરવું તેની તેને સૂઝ પડતી ન હતી. વળી માતા–પિતા આવી ચડે તો તેની કેવી વલે કરે તેની બીક પણ તેને લાગતી હતી. તે ખૂબ મૂંઝાયો. આખરે લાશનાં કપડાં ઉતારી લીધાં અને તેના વડે લાશની ગાંસડી બાંધી પીઠ પર લાદી ચાલતો થયો. કેટલાયે સમય સુધી[3] પીઠ પર લાશ લઈ આમ તેમ ખૂબ રઝળ્યો, રખડયો છતાં લાશનું શું કરવું તેની સૂઝ તેને પડતી ન હતી.

એક વેળા એક ઝાડના છાંયડે થાક ખાવા બેઠો હતો ત્યારે ત્યાં એક કાગડો આવી ચડયો. પવિત્ર કુરાનમાં એ બાબતનો ઉલ્લેખ એવો આવે છે કે, "પછી અલ્લાહે એક કાગડાને ત્યાં મોકલ્યો. તે ભોંય ખોતરવા લાગ્યો કે (જેથી) તેને બતાવે કે તે પોતાના ભાઈના મૃતદેહને કેવી રીતે છુપાવે."
પ:૩૧ એક રિવાયતમાં ઉપરોક્ત આયતનું એવું અર્થઘટન કરવામાં આવેલું છે કે ત્યાં બીજો કાગડો આવી ચડયો. બંને કાગડા ખૂબ લડયા.[4] એકે બીજાને મારી નાખ્યો. ત્યારપછી પેલા જીવતા કાગડાએ પોતાની ચાંચ અને પંજા વડે જમીનમાં ખાડો કર્યો અને તેમા પેલાં મરેલા કાગડાને દાટી દીધો. આ દશ્ય જોઈ કાબીલ બોલી ઊઠયો. "હાય અફસોસ! આ કાગડાએ જેવું કર્યું તેવું પણ હું ન કરી શકયો! મારા ભાઈની લાશને પણ હું છુપાવી ન શકયો! પછી તેને ઘણો પ્રશ્ચાતાપ થવા માંડયો."
પ:૩૧ ભાઈનું ખૂન કર્યું તે માટેનો આ પ્રશ્ચાતાપ હોય કે પછી કાગડા જેટલું પણ તેને ન આવડયું અને નગ્ન લાશની ગાંસડી બાંધી ફરતા ફર્યો અને મુસીબત ઉઠાવી તે માટેનો પ્રશ્ચાતાપ થયો હોય!

કાગડા પાસેથી દફન કરવાની ક્રિયા જાણી લીધા પછી તેણે પણ એક ખાડો ખોદ્યો અને તેમાં હાબીલની નગ્ન લાશને દફન કરી દીધી. આમ અલ્લાહે કાગડા મારફત મૈયતોને દફન કરવાનું માનવ–જાતિને શીખવ્યું. આથી એવો પણ બોધ ગ્રહણ કરી શકાય કે શબને ચિતા સળગાવી બાળી મૂકવાની અથવા ભસ્તામાં મૂકી પક્ષીઓને ખલડાવી દેવાની ક્રિયા યોગ્ય નથી. એમાં બંનેમાં આડકતરી રીતે અલ્લાહનો પડકાર છે કે રાખ થઈ ગયેલા અથવા જેના માંસના ટુકડેટુકડા જુદાં જુદાં પક્ષીઓ ખાઈ ગયેલાં

---

૩. કેટલાક આ સમયને એક વરસનો કહે છે.
૪. આ બંને કાગડાઓ પણ ભાઈ હતા.

ાય તેવાં શબને કયામતના દિવસે સજીવન કેવી રીતે કરવામાં આવશે? રોડરજ્જુની નીચેનું એક નાનું સરખું હાડકું છે જે કદી પણ નાશ પામતું ાથી. તેને પાયારૂપે લઈ અલ્લાહ પોતાની કુદરત વડે તેની આસપાસથી ાાનવ શરીર ફરીથી બનાવશે અને પ્રત્યેક માનવીને સજીવન કરશે. વળી ાહીદ થયેલાઓને તેવી જ સ્થિતિમાં કફન વિના દફન કરવાનો પણ બોધ ળે છે. આજે દુનિયાના મોટા ભાગના લોકો જેવા કે યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસલમાનોએ દફનક્રિયા સ્વીકારી છે.

જગતમાં આ પહેલું મોત હતું અને તે ખૂનથી થયું હતું. ત્યાર ાછી ખૂનની વાત જાણી બીજાઓ ખૂન કરવા પ્રેરાયા અને ખૂનો થવા ાાંડયાં. એથી વિના કારણે એકનો પ્રાણ લેવો સૌના પ્રાણ લેવા સમાન ગેખાયું. પવિત્ર કુરાનમાં એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ છે. "જે કોઈ માણુસ બીજા કોઈનો પ્રાણ લે તો જાણે તેણે બધા જ માણસોને મારી નાખ્યા." ૫:૩૨ એટલે એ આયતમાંથી એવું ફલિત થાય છે કે આજ સુધી જેટલાં ાાહકનાં અર્થાત્ વિના કારણે ખૂન થયાં છે અને હવે પછી થશે તે સૌના અપરાધમાં કાબીલ પણ દોષિત ઠરે છે, કારણ તે જાણીને તેમ કરવા બીજા પ્રેરાયા છે.

માતા-પિતાની બીક લાગવાથી તેને નાસી જવું પડયું. તેનું મુખ નિસ્તેજ થઈ ગયું અને બદન કાળું પડી ગયું. અકલીમાને લઈને તે એડનમાં જઈ વસ્યો.[૫] તે બંને શાપિત બનેલાં હોવાથી તેમની જે ઓલાદ પેદા થઈ તે રંગે હબ્સીઓના જેવી શુદ્ધ કાળી પેદા થઈ. આથી કહેવાય છે કે હબ્સીઓ તેમના વંશજો છે. કાબીલ તો ગાંડો થઈ મરણ પામ્યો. તેના વંશજોમાં અગ્નિ-પૂજા શરૂ થઈ હતી. તેનાથી છઠ્ઠી પેઢીએ તેના વંશજ યૂબલે બીન અર્થાત્ વીણા અને વાંસળી જેવાં વાજિંત્રો પ્રથમ બનાવ્યાં.[૬] કાબીલના વંશજો અગ્નિની પૂજા કરવા લાગ્યા અને રંગરાગમાં પડતાં દારૂ અને વ્યભિચારમાં પડી ગયા. આમ તેઓ સર્જનહારને ભૂલી ગયા અને જુદા પંથે પડી ગયા. છેવટે નૂહ અલૈ.ના સમયમાં થયેલા જળ-પ્રલયમાં કાબીલની આખી કોમ નાશ પામી અને પૃથ્વીના પટ ઉપરથી તે ભૂંસાઈ ગઈ.

ખૂન જોઈ શયતાન તો ત્યાંથી ભાગીને પરભાર્યો હવ્વા અલૈ. પાસે

---

૫. તૌરાત : ઉત્પતિ ૩:૧૬. ૬. તૌરાત, ઉત્પતિ ૩:૨૨.

આવ્યો અને તેમને હાબીલના મરણની વાત કહી સંભળાવી. હવ્વા અલૈ. કહેવા લાગ્યાં, "મરણ શું ? તે કેવું હોય ?"

શયતાન સમજાવવા લાગ્યો "બાઈ સાહેબા ! હાબીલ હવે બોલતો નથી, ચાલતો નથી, ખાતો નથી, પીતો નથી, હરીફરી શકતો નથી. અરે ! બેઠો પણ થતો નથી. હાલ્યા ચાલ્યા વિના ભોંય પર જ પડી રહે છે. તેનું શરીર ઠંડુ પડી ગયું છે. તેના શરીરમાંથી પ્રાણ પંખેરુ ઊડી ગયું છે."

આ હકીકત સાંભળી હવ્વા અલૈ. પોક મૂકીને રડવા લાગ્યાં. રડવાનો અવાજ સાંભળી આદમ અલૈ. ત્યાં આવ્યા અને રડવાનું કારણ પૂછવા લાગ્યા; પરંતુ કોઈ જવાબ ન મળ્યો. બીજી વાર પણ પૂછ્યું છતાં કશો જવાબ ન મળ્યો. હવ્વા અલૈ. તો રડતાં જ રહ્યાં. તેથી આદમ અલૈ. ચિડાયા અને બોલી ઊઠ્યા : "ઓ હવ્વા ! તું અને તારી પુત્રીઓ હંમેશાં આંસુ સારતી જ રહેશો." તેમના આ શાપના પ્રતાપે હોય કે સ્ત્રી-સ્વભાવના પ્રતાપે હોય આજે પણ સ્ત્રીઓ વાતવાતમાં રડી પડે છે અને સહજ ભાવે આંસુ પાડે છે.

હવ્વા આખરે શાંત પડ્યાં ત્યારે તેમણે હાબીલના મરણની વાત કહી સંભળાવી. તરત જ બંને હાબીલની શોધમાં નીકળી પડ્યાં. ક્યાંય પત્તો લાગ્યો નહીં ત્યારે ખુદા પાસે દુઆ માગવા લાગ્યાં કે તેમને હાબીલનો પત્તો મળે. જીબ્રઈલ અલૈ. તેમની પાસે આવ્યા અને દફન કરેલી જગા બતાવી. ત્યાંથી મૈયતને કાઢીને ઘેર લાવ્યા અને આંગણામાં એક કોરે જીબ્રઈલ અલૈ.ના બતાવ્યા પ્રમાણે કબર ખોદી મૈયતને દફન કરી દીધી. હાબીલના આવા ક્રૂરતાભર્યા થયેલા ખૂનથી આદમ અલૈ.ને એટલું દુઃખ થતું હતું કે તેઓ સોએક વરસ સુધી હસ્યા ન હતા. ઈન્સાનોમાં સૌથી પહેલો ગુનેગાર કાબીલ છે. તેથી નાહકનાં થતાં ખૂનોના ગુનામાં તેનું નામ પણ લખવામાં આવે છે.[૭] આથી એવું ફલિત થાય છે કે કોઈ પણ ગુનાહિત કૃત્યનો જે આરંભ કરે છે તે કૃત્યમાં આરંભ કરનાર પણ ભાગીદાર ગણાય છે. શરિયત અર્થાત્ કાનૂનનો ભંગ કરનાર સૌથી પહેલો કાબીલ ગણાય છે.[૮]

---

૭. ગુજરાતી કુરાન-રાંદેર પૃ. ૨૬૧

૮. આખી વાર્તા માટે જુઓ ઈબ્ને કસીર અથવા મુવાહિબ ૫:૨૭-૩૨ની આયતોની તફસીરમાં.

## ૮. શું આદમ અલૈ. નબી નહોતા ?

આજે જગતની કેટલીયે પ્રજાઓ ઈન્સાનનો અલ્લાહ સાથે કેવો સંબંધ હોવો જોઈએ તેને ધર્મ ગણે છે. અર્થાત્ ધાર્મિક માન્યતાઓ અને ક્રિયાકાંડોને ધર્મ ગણે છે. એટલે લોકો ધર્મને માનવ-જીવનનાં બીજાં પાસાંઓથી જુદો પાડે છે. ખાસ કરીને લોકો માને છે કે રાજકીય-જીવનને ધર્મ સાથે કાંઈ લેવાદેવા નથી. આથી ઊલટી માન્યતા મુસલમાનો ધરાવે છે. Religion is a way of living a life એવી વ્યાખ્યા મુસલમાનોમાં વ્યાપક છે. જીવન કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન ધર્મ આપે છે, એવું મુસલમાનો માને છે. એટલે તેમનું માનવું છે કે ધર્મ જીવનના દરેક પાસાને સ્પર્શે છે પછી ભલેને તે રાજકીય હોય, આર્થિક હોય કે સામાજિક હોય.

પવિત્ર કુરાનની ૨:૨૧૩ની આયતમાં કહેવામાં આવ્યું છે કે, "શરૂઆતમાં સઘળા લોકો એક જ પંથના હતા. પછી (આ પરિસ્થિતિ ન રહી અને મતભેદો પડવા માંડ્યા ત્યારે) અલ્લાહે પયગંબરોને મોકલ્યા. તેઓ ખુશ-ખબરો આપનારા તથા ચેતવણીઓ આપી ડરાવનારા હતા. વળી તેમની સાથે સાથે સાચી કિતાબો મોકલી કે જેથી તે પ્રમાણે લોકોના મતભેદનો નિકાલ કરવામાં આવે." આ આયતથી સમજી શકાશે કે પયગંબરો લોકોને જીવનનો સાચો માર્ગ દેખાડતા હતા અને ખોટા માર્ગે જતાં ખીવડાવતા હતા. અર્થાત્ જીવન જીવવાના સાચા અને ખોટા માર્ગો દેખાડતા હતા તથા લોકોને બીજા અનેક પ્રકારનું જ્ઞાન આપતા હતા. આવું જ્ઞાન તેમને પ્રથમ અલ્લાહ તરફથી મળતું અને પછી તેઓ જેવું ને તેવું લોકોને આપતા હતા. પોતે પણ તે જ્ઞાન પ્રમાણે જીવન જીવતા એટલે પ્રત્યક્ષ રીતે જીવન-જીવવાનો સાચો માર્ગ બતાવતા હતા. કહેવામાં આવે છે કે આજ સુધીમાં ૧,૩૫,૦૦૦ પયગંબરો થયા છે. આ પયગંબરો પૈકી જેમને આકાશી પુસ્તકો આપવામાં આવ્યા તેઓ રસૂલો કહેવાય છે. એવા ૩૧૩ રસૂલો થઈ ગયા. પવિત્ર કુરાનમાં ૨૮ પયગંબરોનું વર્ણન આવે છે. તેમાં આદમ અલૈ.નું પણ વર્ણન આવે છે, એટલે તેઓ પણ પયગંબર કે નબી હતા એમ કહી શકાય. આદમ અલૈ.ના સમયના તેમના વંશજો એક પંથના હતા. આદમ અલૈ.ને જરૂરી જ્ઞાન પહેલેથી જ આપવામાં

આવ્યું હતું. આ જ્ઞાન સાથે તેમણે જીવનનાં મંડાણ માંડ્યાં હતાં. તે જ્ઞાન તેમણે પોતાની ઓલાદને આપ્યું. એ દૃષ્ટિએ પણ તેઓ નબી હતા એમ કહી શકાય.

આદમ અને હવ્વા અલૈ. બંને મા–બાપ વિના પેદા થયાં હતાં એટલે તેઓ બાળક તરીકે જન્મ્યાં ન હતાં. એટલે તેમનો જન્મ નવાઈ પમાડે તેવો છે. સંપૂર્ણ માણસ તરીકે જ પેદા થયાં હતાં એટલે પેદા થતાં જ સૃષ્ટિની વર્તમાન અને ભાવિ વસ્તુઓનાં નામ, તેમના ગુણદોષ, તેમનો ઉપયોગ વગેરેનું જ્ઞાન અરબી ભાષામાં તેમને અલ્લાહે આત્મસાત કરી દીધું હતું. પછી આ નામો ઇત્યાદિ તેમણે ફરિશ્તાઓને શીખવાડયાં હતાં.[1] આ પ્રસંગથી એવું પુરવાર થાય છે કે નામો ઇત્યાદિ સંભળાવતી વેળા તેમણે વાતચીત પણ કરી હશે. તેમને શરૂઆતથી જ ભાષાજ્ઞાન હતું. વળી હવ્વા અલૈ.ને પણ જરૂર પૂરતું શીખવાડતા હશે. જન્નતમાં બંને પતિ–પત્ની ૧૩૦ વર્ષ સાથે રહ્યાં હતાં તે સમય દરમ્યાન હવ્વા અલૈ.એ પોતાના પતિ પાસેથી વસ્તુઓનું જ્ઞાન તથા ભાષા વગેરે સંપાદન કરી લીધું હશે.

પછી જ્યારે બંને પૃથ્વી પર સ્થાયી થયાં ત્યારે ખોરાક, ઘર કે રહેઠાણ, કપડાં અને રક્ષણ એ ચાર જીવનની મૂળભૂત જરૂરિયાતો પ્રાપ્ત કરવાનું જ્ઞાન તેમને જીબ્રઈલ અલૈ. મારફત આપવામાં આવ્યું હતું. ખેતી કરતાં તથા તે માટે જોઈતાં ઓજારો બનાવતાં તેમને શીખવાડવામાં આવ્યા પછી એક વેળા મોટેથી બૂમ પાડીને સઘળાં પ્રાણીઓને તેમણે બોલાવ્યાં "હે પૃથ્વીના પ્રાણીઓ ! અલ્લાહે મને પૃથ્વી ઉપર, ખલીફા તરીકે મોકલ્યો છે. તમે બધાં મને આધીન થઈ જાઓ." જળચર પ્રાણીઓએ સમુદ્રોમાંથી પોતાનાં માથાં બહાર કાઢી આદમ અલૈ.ની તાબેદારી સ્વીકારી લીધી. ભૂચર પ્રાણીઓ અને પક્ષીઓ તેમની પાસે ભેગાં થઇને તાબેદારી સ્વીકારી લીધી. પછી આદમ અલૈ. એ જેમના માથા ઉપર તથા પીઠ ઉપર હાથ ફેરવ્યા તે બધાં પાળેલાં બની ગયાં.[2] જેવાં કે ઘોડા, ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઊંટ, કૂકડાં, બતક વગેરે. પછી જાનવરો–પક્ષીઓ તેમણે પાળ્યાં હશે. એટલે ઘેટાં–બકરાંના ઊન અને વાળને કાંતતાં અને તેમાંથી કપડાં વણતાં પણ તેમને

---

૧. પવિત્ર કુરાન ૨:૩૧ ની આયત

૨. તફસીરે અઝીઝી–સૂરાએ બકર પૃ. ૧૨૨.

જીબ્રઈલ અલૈ. એ શીખવ્યું હતું. તેમની પાસેથી કુહાડી વતી ઝાડની ડાળીઓ કાપી ઝૂંપડાં બનાવતાં પણ શીખ્યા હતા. તેમણે સોના-ચાંદીના સિક્કાઓ પણ ઢાળ્યા હતા અને તેમને ચલણમાં મૂકી વસ્તુઓની કિંમત સિક્કાઓમાં દર્શાવવાની શરૂઆત પણ કરી હતી. આમ જીવન-જીવવા માટેની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવાનું જ્ઞાન તેમને શરૂઆતથી જ અલ્લાહે જીબ્રઈલ અલૈ. મારફત આપ્યું હતું. તેઓ સંપૂર્ણ માનવ તરીકે જન્મ્યા હતા. શરૂઆતથી જ સારું જ્ઞાન, સમજદારી અને આવડત હતાં એટલે વિકાસ કરતાં કરતાં માનવ બધું શીખ્યો એ સિદ્ધાંત સાવ ખોટો ઠરે છે. ખરી રીતે તો માણુસે ખોટી બાબતો અને નુકસાન કરનારી વસ્તુઓની જ શોધખોળ વધારે પ્રમાણમાં કરી છે. જેમ કે સંગીતનાં ઓજારો, યુદ્ધનાં હથિયારો, દારૂગોળો, વ્યાજ અને અન્યની ખાસ કરીને મૂર્તિઓની પૂજા. પોતાને મળેલું સઘળું જ્ઞાન તેમણે પોતાની ઓલાદને આપ્યું તે કારણે કાબીલને ખેતી કરતાં અને ખેતીનાં તથા બીજાં લોઢાનાં ઓજારો બનાવતાં આવડતું હતું.[3] હાબીલ પશુ-પાલનનો ધંધો કરતા હતા એટલે તેમને કાંતતાં, વણતાં આવડતું હતું. આ જ્ઞાન તેમને પોતાના પિતા પાસેથી મળ્યું હતું. આમ આદમ અલૈ. આદ્યગુરુ પણ હતા એટલે પ્રથમ નબી હતા, એમ પુરવાર થાય છે.

આદમ અલૈ.ના ખોળિયાને અલ્લાહે પોતાના હાથ વડે બનાવ્યું હતું અને તેમાં પોતાના પ્રાણુમાંથી પ્રાણ પૂર્યા હતા. એટલે તેમનામાં પ્રથમથી જ દિવ્ય જ્ઞાન હતું. જેના કારણે જીવનની પ્રાથમિક જરૂરિયાતો પ્રાપ્ત કરવાનું જ્ઞાન અને અલ્લાહની જ બંદગી કરવાનું ભાન તેમણે પોતાના વંશજોમાં પહોંચાડયું. અલ્લાહ તરફથી જે જ્ઞાન મળે તેને સમાજમાં આપે તેવા સત્પુરુષો નબી કે રસૂલો કહેવાય છે, પછી ભલેને આ જ્ઞાન સામાજિક, આર્થિક, રાજકીય કે ધાર્મિક બાબતોને લગતું હોય. આથી આપણે કહી શકીએ કે આદમ અલૈ. જગતના પ્રથમ માનવી હતા. એટલું જ નહીં પણ પ્રથમ નબી પણ હતા.

મિસાકે અઝલ થયા પછી અલ્લાહ સાથે નબીઓના કરાર થયા હતા. તે વેળા "અલ્લાહે નબીઓ પાસેથી વચન લીધું કે હું તમને આકાશી પુસ્તક અને જ્ઞાન વડે નવાજિશ. પછી કોઈ નબી તમારી પાસેની વસ્તુઓનું સમર્થન કરતો આવે તો જરૂરથી તમે તેના ઉપર ઈમાન લાવજો અને તેને

૩. "Caen and Abel" નામનું અંગ્રેજી કાવ્ય જુઓ.

મદદ પણ કરજો ત્યારપછી અલ્લાહે તેમને પૂછ્યું : શું તમે આ વાત કબૂલ રાખો છો ? મારા તરફથી આ વચનની જવાબદારી સ્વીકારો છો ? સઘળા (નબીઓ) બોલ્યા : અમને કબૂલ મંજૂર છે. એટલે અલ્લાહે ફરમાવ્યું: તો હવે તમે સાક્ષી રહેજો અને હું પણ તમારી સાથે સાક્ષી છું.'' ૩:૮૦ આ કરારની રૂએ પયગંબરોને આકાસી પુસ્તકો અને દિવ્યજ્ઞાન મળે છે અને પોતપોતાના સમાજમાં તેમને પુસ્તકો અને દિવ્યજ્ઞાનનો પ્રચાર કરવાનું રહે છે. એક જ સમયમાં બે નબીઓ સમકાલીન હોય તો અનુગામી નબીએ પુરોગામી નબીને માન્ય રાખવા અને મદદ કરવી એવું વચન પણ આ કરારની રૂએ લેવાયું છે. આદમ અલૈ.ની હયાતિમાં તેમના પુત્ર શીષ અલૈ. નબી થયા હતા. આ કરારની રૂએ પોતે નબી હોવા છતાં શીષ અલૈ.ને તેમણે નબી ગણ્યા અને તેમને મદદ કરી. આ કારણે તથા નબીઓનો કરાર થયો ત્યારે આદમ અલૈ. પણ સામેલ હતા. એટલે તેઓ નબી હતા એમ પુરવાર થાય છે.

અલ્લાહે આદમ અલૈ.ને વહી દ્વારા નીચેની બાબતોનું ફરમાન કર્યું હતું.[૪]

[૧] મારા સિવાય અન્ય કોઈની ભક્તિ, બંદગી કે પૂજા કરવી નહીં.
[૨] ઈન્સાનો મારી પાસે દુઆ મારફત જે કંઈ માગશે તે તેમને હું આપીશ.
[૩] ઈન્સાનો જેવાં કામો કરશે તેવાં તેમને ફળ મળશે.
[૪] જે બાબત અથવા જે વસ્તુ પોતાને પસંદ પડતી ન હોય તો તે બાબત કે તે વસ્તુ બીજા માટે પસંદ કરવી નહીં.
[૫] દરરોજ સવારે અને સાંજે મારી ઉપાસના કરવાનું રાખવું.

ઉપાસના અથવા બંદગી માટે કેટલીક આયતો શીખવાડવામાં આવી હતી. ફરિસ્તાઓએ તેમને સિજદો કર્યો હતો. તથા મિસાકે-અઝલ વેળા તેમની ધર્મિષ્ઠ ઓલાદે સિજદો કર્યો હતો. અને ત્યારે પોતે પણ કર્યો હશે. એટલે સિજદો કરવાની રીત તે જાણતા હતા. આથી કહી શકાય કે ત્યારથી અર્થાત્ આરંભથી જ બંદગીની રીતમાં સિજદો અનિવાર્ય હોવો જોઈએ. ઉપરોક્ત નિયમોનું તેમની ઓલાદ પાલન કરતી હતી. કદાચ કોઈથી શરતચૂક થઈ જતી તો તેઓ તકેદારી રાખતા હતા. આ અંગેની વિગતો ઉપર તેઓ બધાંને બોધ આપતા હતા, આથી પણ પુરવાર થાય છે કે તેઓ નબી હતા.

૪. તફસીરે અઝીઝી–સૂરાએ બકર પૃ. ૧૨૨

મનાઈ કરેલા ઝાડનાં ફળ ખાવાથી બંને પતિ–પત્ની નગ્નાવસ્થામાં મૂકાઈ ગયાં હતાં એટલું જ નહીં પણ તેમનાં શરીર નિસ્તેજ અને શ્યામ પડી ગયાં હતાં. તે ભૂલના પશ્ચાતાપ માટે તેમને પૃથ્વી પર આવવાનું થયું. અને પૃથ્વી ઉપરનું કષ્ટમય જીવન સમગ્ર માનવ–જાતિ માટે નિર્માણ થયું. અહીં પૃથ્વી પર પોતાના શરીરની કાળાશ અને નિસ્તેજતા દૂર કરવા દરેક માસની ૧૩, ૧૪ અને ૧૫મી તારીખોએ તેઓ અપવાસ રોજા પાળવા લાગ્યા, પરિણામે તેમના શરીરનો રંગ પહેલાંના જેવો થઈ ગયો. પછી તો અલ્લાહે આ ત્રણ અપવાસ પાળવાનું ફરજિયાત કર્યું. આથી કહી શકાય કે માનવ–જીવનનાં મંડાણ થયા ત્યારથી એક જ અલ્લાહની બંદગી અને અપવાસ નિર્માણ થયેલ છે. આ બાબત પણ તેમના નબી હોવાની સાખ પૂરે છે.

જ્યારે શયતાનને પૃથ્વી પર ઊતરવાનું થયું ત્યારે તેણે અલ્લાહ તઆલાને અરજ ગુજારી કે, "ઓ મારા માલિક! આદમના કારણે જ તેં મને સ્વર્ગમાંથી કાઢી મૂક્યો છે ને! તો હવે તેના ઉપર તથા તેની ઓલાદ પર મારું વર્ચસ્વ રહે તેવું કરી આપ."

અલ્લાહે ફરમાવ્યું : "જા તારું માનવો પર વર્ચસ્વ રહેશે."

શયતાને વધુ માગણી મૂકી : "ઓ મારા માલિક! વર્ચસ્વ ભોગવવાની શક્તિ મારામાં ક્યાં છે? તેવી શક્તિ પણ તું મને આપ."

અલ્લાહે ફરમાવ્યું : "જેને તું બહેકાવી શકતો હોય તેને તું તારા અવાજ વડે બહેકાવી લેજે." ૧૭:૬૪ કેટલી ભારે શક્તિ શયતાનને માનવોને બહેકાવવા અને આડે માર્ગે લઈ જવા મળી છે તેનો ખ્યાલ આ આયત ઉપરથી આવી શકે છે. શયતાનની આ માગણીનો સ્વીકાર થયો એટલે આદમ અલૈ. પણ ગભરાયા અને અરજ ગુજારવા લાગ્યા :

"ઓ મારા પાક પરવરદિગાર ! મારા ઉપર તેમ જ મારા વંશજો ઉપર વર્ચસ્વ ભોગવવાની આટલી મહાન શક્તિ તેં શયતાનને આપી, મને તો તેં તારા આશરા સિવાય કંઈજ આપ્યું નહીં. મને પણ કંઈક આપ."

અલ્લાહે ફરમાવ્યું : "તારા વંશજોમાંથી જે કોઈ પોતાનું રક્ષણ પોતે જાતે કરશે તેને હું શયતાન પર વર્ચસ્વ ભોગવતો કરી દઈશ."

આદમ અલૈ. અરજ ગુજારવા લાગ્યા : "હે મારા પૂજ્ય ! (માબૂદ) આ તો ભારે કપરું કામ છે. એથી કંઈક વધારે આપો તો ઉપકાર થશે."

અલ્લાહે ફરમાવ્યું : "તારા વંશજોને એક નેકી અર્થાત્ એક ભલાઈના કાર્યનો અવેજ દસ ગણો મળશે, જ્યારે એક બદી અર્થાત્ એક [illegible] કાર્યનો બદલો તેટલો જ મળશે, નહીં વધારે, નહીં ઓછો."

આદમ અલૈ. વિનવવા લાગ્યા, "હે મારા માલિક ! હજુ પણ કંઈક વિશેષ આપો."

અલ્લાહે ફરમાવ્યું : "જ્યાં સુધી ઈન્સાનમાં પ્રાણુ હશે ત્યાં સુધીમાં તે જો તોબા અર્થાત્ પ્રાયશ્ચિત કરશે તો હું તેના ગુનાની માફી આપીશ. મારી દયાની ભાવનાથી કોઈ પણ ઈસમે કદી પણ નાઉમીદ થવું નહીં."[૫]

તમે જોઈ શકો છો કે શયતાનની માગણીમાં માનવ–જાતિને હાનિ પહોંચાડવાની વૃત્તિ સમાયેલી છે; જ્યારે આદમ અલૈ.ની માંગણીમાં માનવ–જાતિ માટેની ભલી લાગણીની વૃત્તિ સમાયેલી છે. આ પ્રસંગ પુરવાર કરે છે કે આદમ અલૈ. સાચા રાહ ચીંધનારા હતા અર્થાત્ નબી હતા. તદુપરાંત ફરિશ્તાઓને નામો કહ્યાં ત્યારે, ફળ ખાવાની ભૂલ માટે માફી માગી ત્યારે અને ઉપરના પ્રસંગે માનવ–જાતિનું ભલું થાય એવી માગણી કરી ત્યારે –ત્રણ વખત તેમણે અલ્લાહ તઆલા સાથે વાતચીત કરી હતી તેથી એવું પુરવાર થાય છે કે તેઓ નબી હતા.

આ ઉપરાંત અલ્લાહ સાથે વાતચીત કરવાનો બીજો એક પ્રસંગ બન્યો હતો. તેમનું આયુષ્ય ૯૬૦ વરસનું થયું ત્યારે મલેકુલ મોત અર્થાત્ યમદૂત તેમના પ્રાણુ હરી લેવા આવ્યો. તે બોલી ઊઠ્યા, "હે મલેકુલ મોત ! હજુ તો મારા આયુષ્યમાં ૪૦ વરસ ખૂટે છે. શા માટે તમે વહેલા પધાર્યા છો?"

યમદૂતે જવાબ આપ્યો : "મને તો અલ્લાહનો આદેશ મળ્યો એટલે હું આવ્યો."

આ સાંભળી આદમ અલૈ. અલ્લાહને અરજ કરવા લાગ્યા : 'હે મારા સર્જનહાર ! મારી વયમાં ૪૦ વરસ ઘટાડવાનું કારણ શું ?"

અવાજ સંભળાયો : "હે આદમ ! તેં તારી વયમાંથી ૪૦ વરસ દાઉદને આપ્યા હતા તે બાબત તું શું વિસરી ગયો ?"

આદમ અલૈ. નમ્રતાથી કહેવા લાગ્યા : "હે મારા રબ ! મને તે વાત સાંભરતી નથી."

આકાશવાણી સંભળાઈ : "અય આદમ ! અરફાતના મેદાનમાં આવેલી નોમાનની ખીણમાં મિસાકે અઝલ થયા ત્યારે તેં તારી સમગ્ર ઓલાદને કીડીઓના સ્વરૂપમાં શું જોઈ નહોતી ?"

તે બોલી ઊઠ્યા : "હા ! હા ! તે પ્રસંગ મને સાંભરી આવ્યો. ત્યારે મારા આયુષ્યમાંથી ૪૦ વરસ મેં દાઉદને અર્પણ કર્યાં હતા. તે ૪૦ વરસ દાઉદના આયુષ્યમાં રહેવા દે, પરંતુ મને મારી ઉંમર પૂરી કરી આપ."

---

૫. મુવાહિબ Vol. IX પૃ. ૧૩૯. ૧૭:૬૫ આયતની તફસીર

આકાશવાણી સંભળાઈ : "તથાસ્તુ."

આ માગણી મંજૂર થવાથી દાઉદ અલૈ.ના આયુષ્યના સો વરસ જેમના તેમ રહ્યા અને આદમ અલૈ. નું ૧૦૦૦ વરસનું આયુષ્ય પણ યથાવત્ રહ્યું.૬ તેમનું આયુષ્ય પૂરું થવા આવ્યું ત્યારે તે માંદા પડયા અને એટલા અશક્ત થઈ ગયા કે તેમનાથી ઊઠી શકાતું પણ ન હતું. આ પ્રસંગે તેમને જન્નતનાં ફળ ખાવાનું મન થયું. તે સમયે હાલ કાબા છે ત્યાં જઈ જે કોઈ પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી દુઆ માંગતો તો તેની ઇચ્છા ખુદા પૂર્ણ કરતો હતો. તેથી તેમના પુત્ર શીષ અલૈ.મે ત્યાં જઈ દુઆ માંગી એટલે તેમને સ્વર્ગીય ફળ ફરિસ્તાઓ મારફત મળ્યાં. આ ફળ લઈ તે પોતાના પિતા પાસે આવ્યા અને તેમને તે ફળ ખવડાવ્યાં. આ બધું જોઈ હવ્વા અલૈ. સમજી ગયાં કે આદમ અલૈ. નો અંતિમકાળ આવી ગયો છે. તેથી તેઓ આદમ અલૈ.ની પથારીની ચોતરફ પ્રદક્ષિણા ફરવા લાગ્યાં. આથી આદમ અલૈ. જરા ચિડાઈ ગયા અને કહેવા લાગ્યા : "ઓ હવ્વા ! હવે બહુ થયું. આજદિન સુધી જે કંઈ મળ્યું છે તે બધું તમારા પ્રતાપના કારણે જ ને !"૭

આદમ અલૈ.ની ઇચ્છા જાણી હવ્વા અલૈ.મે પ્રદક્ષિણા કરવાનું માંડી વાળ્યું. આમ પ્રદક્ષિણા ફરવામાં તેમનો હેતુ યમદૂતને આદમ અલૈ.નાં પ્રાણ હરી લેતાં રોકવાનો હતો. હવે તો આદમ અલૈ. નું મૃત્યુ થયું. પછી ફરિસ્તાઓ બોરડીનાં પાન લઈ આવ્યા. તેમને પાણીમાં નાખી મૃતદેહને નવડાવ્યો, કોરા કાપડનું કફન આપ્યું. તેમાં ખૂશબોદાર મસાલો પણ નાખ્યો. આમ મૃતદેહનો જનાજો તૈયાર કર્યો. કહેવામાં આવે છે કે તેમની ઓલાદમાંથી ૧૫૦ નેક માણસો જનાજાને વારાફરતી ઊંચકીને મીનામાં આવેલી ખૈફની મસ્જિદના ચોગાનમાં લાવ્યા હતા. સાથે હવ્વા અલૈ. પણ આવ્યાં હતાં. ચોગાનમાં બગલીવાળી કબર ખોદવામાં આવી. ત્યાં જીબ્રઈલ અલૈ. ની પાછળ બધાએ જનાજાની નમાજ પઢી પછી દફન કરવામાં આવ્યા.૮ ત્યાં તેમના કુટુંબીજનોએ બે વરસ સોગ પાળ્યો. હવ્વા અલૈ. મે તો ૭ દિવસ સુધી રડયા જ કર્યું. ખૈફની મસ્જિદમાં કોઈ પણ કબરનો આજે પત્તા મળતો નથી પરંતુ લોકવાયકા

૬. તૌરાતમાં તેમનું આયુષ્ય ૯૩૦ વરસનું જણાવ્યું છે. ઉત્પત્તિ ૫:૬.

૭. તફસીરે અઝીઝી–સૂરાએ બકર પૃ. ૧૨૨

૮. તફસીરે અઝીઝી–સૂરાએ બકર પૃ. ૧૨૩

એવી છે કે ત્યાં ઘણા પયગંબરો આદમ અલૈ.ની કબર પર ફાતિહા પઢવા આવ્યા છે. અને કેટલાક પયગંબરો ત્યાં દફન થયા છે. આદમ અલૈ.ને આજે "બાવા આદમ." "દાદા આદમ" "અબુ બશર" અર્થાત્ "માનવોના પિતામહ" કે "Father of Mankind" તરીકે ઓળખે છે. જન્નતમાં દરેક વ્યક્તિને તેના નામથી બોલાવવામાં આવશે, પરંતુ આદમ અલૈ.ને "અબુ મુહમ્મદ"થી બોલાવવામાં આવશે. જેથી આદમ અલૈ.નું માન વધશે તથા આપ સલ્લ.નો પણ માન-મરતબો જળવાઈ રહેશે. સીરતે હલબિયા ભા. ૧ માં પ:૬૮

ત્યારપછી હવ્વા અલૈ. પણ ગુજરી ગયાં એટલે એમ જણાય છે કે તેમનું આયુષ્ય આદમ અલૈ. કરતાં વધારે હોવું જોઈએ. પરંતુ તેમને પાછળથી પેદા કરવામાં આવ્યાં હતાં. સ્વર્ગમાં આદમ અલૈ. ૧૩૦ વરસ રહ્યાં હતા એટલે હવ્વાના કંઈક ઓછા વરસ હોવાં જોઈએ. એ રીતે ગણતરી કરીએ તો બંનેના આયુષ્ય લગભગ સરખા હશે. એવો સંભવ જણાય છે. હવ્વા અલૈ.ની કબર જિદ્દામાં છે અને આજે પણ ફાતિહા માટે ઘણા હજ-યાત્રીઓ ત્યાં જાય છે.

આદમ અલૈ. અને હવ્વા અલૈ. બંનેએ લગભગ એકેક હજાર વરસનું આયુષ્ય ભોગવ્યું છે. આટલા લાંબા કાળમાં તેમના વંશજોની કેટલી પેઢીઓ થઈ તેનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ થતો નથી. તૌરાતમાં તેમના વંશજોના આપેલા આયુષ્ય પ્રમાણે[૯] જો ગણતરી કરીએ તો તેમની આઠમી પેઢીએ જન્મેલા "અલ-મલેક" નામના તેમના પ્રપૌત્ર એટલે કે નૂહ અલૈ.ના પિતાના સમયમાં તે બંને ગુજરી ગયાં હશે એવું જણાય છે. તેમની હયાતિ સુધી હાબીલ સિવાય કોઈનું મરણ થયું ન હતું એ ઉપરથી તથા તેમના વંશજોનાં આયુષ્ય તૌરાતમાં આપ્યાં છે તે ઉપરથી તે સમયના લોકો ઘણું લાંબુ આયુષ્ય ભોગવતા હતા એમ જણાય છે. એમ કહેવામાં આવે છે કે તેમના મૃત્યુ વેળા જગતની વસ્તી ૪૦,૦૦૦ જેટલી થઈ હતી[૧૦] આમ હોવા છતાં બધા એક જ પંથના હતા. અલ્લાહની બંદગી કરતા હતા. આથી પુરવાર થાય છે કે ધર્મમાં તૌહીદ અર્થાત્ એકેશ્વરવાદ ક્રમે ક્રમે વિકસિત થતો આવ્યો નથી: શરૂઆતથી તે માન્યતા હતી. ઊલટું ક્રમેક્રમે તેમાં બગાડ થયો અને અનેકની પૂજા શરૂ થઈ. અન્યની પૂજાની શરૂઆત કેવી રીતે થઈ તે હવે પછી જોઈશું.

---

૯. તૌરાત-ઉત્પત્તિ પ્રકરણ ૫ જુઓ.
૧૦. તફસીરે અઝીઝી. સૂરાએ બકર. પૃ. ૧૨૩

વહદાનિયત ઐશ્વર્યની ઓળખ માટે,
માનવજાતિને માર્ગદર્શન મેળવવા માટે,
બાળકોમાં સંસ્કાર સીંચવા માટે,
માનવ–ઉત્પત્તિની કથા જાણવા માટે,
અંતિમ–ધ્યેય સ્વર્ગની પ્રાપ્તિ માટે,
પયંગબરોના જીવન પ્રસંગો જાણવા માટે,

હરેક ઘરમાં વસાવવા લાયક

# કુરાનિક કહાણીઓ

જે પાંચ ભાગમાં મળે છે.

(૧) સૃષ્ટિનું સર્જન કિં. રૂા. ૮ (૨) વિધ્વસ્ત પ્રજાઓ : Destroyed Nations (૩) માનવ–પેશવા ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (૪) ઈસરાઈલી પયગંબરો (૫) ઇન્સાનિયતના–રાહબર હજરત મુહમ્મદ સલઅમ:

પ્રાપ્તિ–સ્થાન

**એ. એસ. પટેલ એન્ડ કંપની**
ગાયકવાડની હવેલી પાસે,
૧૨૩૩, રાયખડ,
**અમદાવાદ–૧.**

**હાજી એહમદ સુલેમાન પટેલ**
મુ. પો. **દેવલા**
તાલુકે–જંબુસર,
જિલ્લે–**ભરૂચ.**